॥ ૐ ॥

જ્ઞાનોદય પદ સંગ્રહ.

સંગ્રહ કરનાર,

ભગત કેવળરામ કાલુરામ—સુરત.

પ્રસિદ્ધ કરનાર,

નાનજી અરજણ. બાગાતળાવ—સુરત.

પ્રથમ આવૃત્તિ—પ્રત ૧૦૦૦.

સને ૧૮૯૪ સંવત ૧૯૫૦

નોછાવર રૂ. ૧-૦-૮

સુરત ખપાટીઆ ચકલા પર આવેલા ખુબચંદઅમચંદ ના
"સુરત જૈન પ્રીન્ટિંગ પ્રેસ"માં મટુભાઈ ભાઈદાસ છાપી.

પ્રસ્તાવના.

આ જ્ઞાનોદય પદ સંગ્રહમાં વેદ ધર્માનુસાર ભક્તિ વિષય મુખ્ય ત્વે રાખેલો છે, એમાં ઇશ્વરના ગુણો, સાકાર-નિરાકાર, કર્તા-અકર્તા, એકદેશી-સ્વદેશી, સગુણ-નિર્ગુણ વિગેરે સ્પષ્ટ રીતે વર્ણન કરેલુ છે. તે શિવાય પાતંજલીનો યોગ સંબંધીનો મત છે, તેનુ પણ સારી રીતે આ "**જ્ઞાનોદય પદ સંગ્રહ**" માં સગ્રહ કરેલો છે, આ અનંતકોટી બ્રહ્માંડ કર્તા સર્વ પ્રાણી માત્રના સ્થાવર જંગમના હેતુ રૂપ ઇશ્વર કોઇ અમુકજ ગુણે વ્યાપ્ત છે. એવો નિર્ણય કરવો એ અજ્ઞાનતા કેહેવાય તે અગમ અગોચર સર્વ વ્યાપી છે. તેની સત્તાથી વિશ્વ રહેલ છે. તો પ્રપંચ રૂપી બાજીમાંથી અલગ રહેવાને જે સત્ય છે, તેનેજ ગ્રહણ કરવું એ અતિ ઉત્તમ સાધન છે. નાના પ્રકારના સંકલ્પવિકલ્પ કરવા એ મનનો જાતી સ્વભાવ છે તો તે વિષે નિર્ણય થઇ આગળ તરંગો ઉઠવા ફેરા નહિ તેમ આ કલીયુગને વિષે સત્ય રસ્તો સુઝવો એ ઘણુંજ મુસ્કેલ છે, અને આ ભવસાગરમા અનેક તરેહના વિષયમા આ જીવના સ્ફુરણા સ્થિર થવી એ પણ સ્હેલ નથી અને વળી કલી કાળને વિષે અલ્પ આયુષ હોવાથી યોગ, યજ્ઞ, તપ, આદિ કોઇ કાર્ય થઇ શકતા નથી કારણ કે આપણું આયુષ્ય ઘણું ઓછું હોવાથી ફક્ત ઉત્તમમા ઉત્તમ નામ સ્મરણનો મહિમા ઘણો છે આ પુસ્તકમાં નજર દોષથી કોઇ ઠેકાણે અશુદ્ધ ગભીર ભુલ રહી ગઇ હોય તો સાક્ષર મંડળે તે સુધારીને વાચવુ અથવા શુદ્ધિ પત્રિકામા જોઇ લેવું તેમ છતા કોઇ ઠેકાણે ભુલ રહી ગઇ હોય તો અમોને લખી જણાવવા મહેરબાની કરવી તો બીજી આવૃત્તિમા સુધારવામા આવશે. અખાડ સુદ ૧૧ ને શનીવાર.

લી૦ નાનજી અરજણ.

ભાગતળાવ—સુરત.

વિનંતી.

અમો આ પુસ્તકનો સંગ્રહ કરીને અમારી રાજી-ખુશીથી આ ગ્રંથ પ્રસિદ્ધ કરવા સારૂ નાનજી અરજણને આપ્યો છે. મારા હાથના પદ લખેલા હોવાથી કોઇ સ્થળે ભુલ રહી હોય તો વાચક વર્ગ સુધારી વાંચશે, એવી નમ્ર વિનંતી છે.

લી૦ ભગત કેવળરામ કાલુરામ—સુરત.

પુસ્તક મળવાના ઠેકાણા.

નાનજી અરજણ-ભાગતળાવ—સુરત.

ભગત કેવળરામ કાલુરામ-દુધારા શેરી, બેગમપુરા-સુરત.

સાંકળીયું.

શુદ્ધ પત્રીકા.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨	૭	ઉપાસ	ઉપાય.
૧૪	૧૨	આપોચું	આપોયુ.
૨૪	૧૨	મમર્શન	મર્મના.
૮૨	૨	નીવાંત	નીરાંત.
૧૦૪	૧૬	તુટે	છુટે.
૧૨૦	૧૪	કહેધસ	કહેદાસ.
૧૨૪	૧૮	કામઠાનું	કામકાનું.
૧૪૯	૫	ધાતમા	ધામમાં.
૧૫૬	૧૩	ફવ	ફળ.
૧૯૯	૯	ગદીબ	ગરીબ
૨૧૬	૪	માશે	મલે.
૨૨૨	૧૮	રુબહે	સબહે.
૨૪૬	૧	વીત્રરે	પવીત્રરે.
૩૧૨	૫	વાધાદ	વાપદ.
૩૨૧	૮	કીરયા	કરયા.
૩૨૨	૮	યાભ	ગ્રભ.
૩૨૨	૧૧	નાસ	નામ
૩૩૧	૨	યષનેકી	પદનેકી.
૩૭૦	૧૦	ગગક	ગગન.
૩૭૨	૮	નેતે	તેને
૩૭૭	૫	મિરમલદાસ	નિરમળદાશ.
૪૦૫	૧૫	અવતાર	આતવાર.

૩૬૮ થી પદની સંખ્યા ફીગર મુકતા ભુલ રહી ગઇ છે પદનો ફેર-ફાર નથી.

અગાઉથી આશ્રય આપનાર સદગ્રહસ્થોના મુબારક નામ.

પ્રત.	નામ
	દુધેરજ.
૧૦	મહંતશ્રી રઘુવરદાસ ગંગારામ
	અમરેલી.
૫	મહંતશ્રી કવિવર ઓધવદાસ ગુરૂ મોતીરામ
૫	કંટ્રાકટર મેઘજી લક્ષ્મણ મંડોરા
૫	મીસ્ત્રી અરજણ લક્ષ્મણ કંટ્રાકટર
૫	મીસ્ત્રી ભુરાભાઇ જેરામભાઇ લુવાર
	કુકાવાવ (કાઠીયાવાડ)
૫	મહેરબાન ત્રીભોવનદાસ રેવાશંકર
	નવા વાઘણીયા (કાઠીયાવાડ)
૫	મહેરબાન પટેલ કાળાભાઈ દહાભાઇ
	સાપર (કાઠીયાવાડ)
૫	દરબાર રાવતભાઇ રાણીંગભાઇ
	રાજકોટ (કાઠીયાવાડ)
૫	મરાઇ ભગત હકાલવા
૧	મોચી પ્રેમજી મેઘજી ભગત
	જામનગર (કાઠીયાવાડ)
૧	ભાઇ જીણાનકા
૧	મેરાઇ ખીમજી ઘેલા

પ્રત.	નામ
	બોટાદ (કાઠીયાવાડ)
૫	ગાંધી વાડીલાલ સુખલાલ
	ધામણ
૩	ધીરજરામ ગોરધન
	ઉધના
૧	જીણાભાઇ ગોવનદાસ
	તરસાડી
૧	લલુભાઇ નારણ
૧	રણછોડ દયારામ
૧	કાળાભાઇ નરસીંહદાસ
	બીલખા (કાઠીયાવાડ)
૧	દરબાર શ્રીરામવાળા આલાવાળા
	ખારા (કાઠીયાવાડ)
૧	મહારાજ જાનકીદાસ ગત્રીદાસ
	બુઢણા (કાઠીયાવાડ)
૧	ભગત રવજી ગોવીંદ તેજાણી
	ગોંડળ (કાઠીયાવાડ)
૧	પટેલ નાનજી દેવરાજ દફતરદાર
	સુરત
૨	ભગત કેવલરામ કાલુરામ
૧	મીસ્ત્રી ત્રીભોવન નાથા
૧	સેવાદાસ જાનકીદાસ
૧	મોતીરામ વનમાળી

પ્રત નામ

૧ જેકીશન પરાગ
૧ ભુલાદાસ રણછોડદાસ
૧ જમનાદાસ દુર્લભદાસ
૨ બાવાજી કરશનદાસ ગુરૂ માધવદાસ
૧ સુથાર જવેર કરશન
૧ નગીનલાલ રાજારામ બ્રહ્મચારી
૧ છબીલદાસ નાનાભાઇ
૧ ચુનીલાલ આદિતરામ
૧ પરભુભાઇ કાળીદાસ
૧ લલ્લુભાઇ ગજ્જર
૧ ભગત નથુ રધા
૧ ભગત નથુ ભાયા
૧ મોચી કરશન ઠાકરશી
૧ મોચી પીતાંબર ધુધા
૧ સુથાર મોહનલાલ રણછોડ ભગત
૧ હરગોવનદાસ પરસોતમદાસ
૧ મહેતા મોહનલાલ કાળીદાસ
૧ મોચી નાનજી ભોજા
૧ છબીલદાસ હીમતરામ કચ્ય કડાવાળા
૧ ચંદુલાલ અંબારામ

મુંબઈ બંદર.

૧ મોચી જાદવ વેલા (લાઠી)
૧ મોચી નારણ જીણા
૧ મોચી નરસી રામજી
૧ મોચી મુળજી લક્ષમણ

પ્રત. નામ

ભાવનગર.

૧ મોચી મીઠા સામજી
૧ મોચી ભાણા નાથા

ચાકોરી (જંબુસર)

૧ શીવલાલ બાપુલાલ

અનઘડ.

૧ સાધુ દેવીદાસ જીવણદાસ
૧ મોચી ગોરખ તલસી

ભરૂચ બંદર.

૧ મોચી ઠાકરશી બેચર
૧ પ્રાગા લીંબા
૧ મોચી મોનજી હામા
૧ ભગત ભાણજી કલ્યાણ

ગામ નાહાર

૧ મોરી પરમાર મથુર નરોતમ

વડોદરા.

૧ મોચી તુલશી હરી
૧ મોચી પરશોતમ વાલજી

દામનગર.

૧ લુવાર પુજા ભગત

ગારી આધાર (કાઠીયાવાડ)

૧ મહારાજ ભગવાનદાસ

ભમોદરા (કાઠીયાવાડ)

૧ મહારાજશ્રી સુખરામ

કરલા (કાઠીયાવાડ)

૧ મહતશ્રી દયાલદાસ કાલીદાસ

વઢવાણ.

૧ ભક્તશ્રી દેવજી ભીમજી

છપાઈ છે   નગીન વાણી વિલાસ   છપાઈ છે.

પ્રેમી ભજનાનંદીને આનંદમાં આગળને આગળ વધવા નગીન વાણી વિલાસ નામનું પુસ્તક છપાય છે. જેમાં ભક્તિ નિતિ સગુણ નિર્ગુણ યોગ વેદાંત વિગેરે વિષયને સમાવેશ કરેલ છે. ભાષા સરળ રાખવામાં આવી છે. જેથી બાળક સ્ત્રી જુવાન તેમજ વૃદ્ધને પણ આનંદ થયા વીના રહેશે નહિ. ભક્ત જનોને એક વખત વાંચવાથી વધારેને વધારે રસમય થશે. પુસ્તક આશરે દસ ફારમનું થશે તેમજ ઉત્તમ બાંધણી તથા સારા કાગળ વાપરવામાં આવશે હમારી પ્રશંસા હમારે મુખે કરી મુર્ખ બનવાની નથી પણ પ્રેમી ભકતો તથા વિદ્વાનો જે પ્રશંસા કરે તે ખરી.

નગીન વાણી વિલાસ આવતા અશ્વિન માસમાં છપાય બહાર પડશે. માટે જે ગ્રહસ્થોને પુસ્તક ખરીદવાની ઇચ્છા હોય તે ઓયે નીચે લખેલ સીરનામે ગામ. નામ, ઠામ, સહિત લખી જણાવવું, અથવા સમક્ષ મળી નામ નોધાવવું. અગાઉ ગ્રાહક થનારનું અમર નામ પુસ્તકમાં છપાવવામાં આવશે અગાઉથી ગ્રાહક થનાર સુરત શહેરવાળા પાસેથી કીમત ૦-૮-૦ આઠ આના લેવામાં આવશે. તેમજ દેશાવરવાળાને ટપાલ ખર્ચ જાદુ આપવું પડશે, અને પાછળથી ખરીદ કરનાર પાસેથી પુસ્તકમાં છાપ્યા પ્રમાણે કીમત ૦-૧૨-૦ લેવામાં આવશે દેશાવરવાળાએ ટપાલ ખર્ચ જુદુ સમજવું

સીરનામું

નગીનલાલ રાજારામ બ્રહ્મચારી.

મુ. સુરત ઠેકાણું સોનીફળીઆ કાશી વિશ્વેશ્વર મહાદેવમાં

ૐ

જ્ઞાનોદય પદ સંગ્રહ.

અથ નીરાંતના પદ.

પદ ૧.

(રાગ) ધોળ.

સતનામ તો નૌતમ સ્હાર ॥
સમજ સંત સાનમાં ॥ ટેક ॥
રહીએ તે નામને આશરે ॥
આંન તજીએ કર્મ અપાર ॥ ૧
નીરવાંણી પદારથ નીરખ્યું ॥
અનુભવીઆનો એ ઉપગાર ॥ ૨
અણ છતી ઉપાધી તું આદરે ॥
ધોંખે ધોંખાયો દોહદશ ધાય ॥ ૩
ઉદે થયો તારે ન્હોતું આટલું ॥
પંડ પડતા તે સરવે પલાય ॥ ૪
ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનું તારે ॥
વડી વારતા એહી વીચાર ॥ ૫
બીજી સુક કલ્પના છે બાદલી ॥
એ તે ઉગારે તે ઉચ્ચાર ॥ ૬
કર્મ જોગે કમાયો તું કેટલું ॥
જાતી વેળાએ જયાંનું ત્યાંય ॥ ૭

કુલ્યો ફેમ વીનાનોરે શું કરે ॥
કરમાતાં તે રહે નહીં કાંય ॥ ૮
મુકી મોટમને તું મન થકી ॥
સત વસ્તુરે શોધી કાંહાડ ॥ ૯
ડાહાપણુ તજને તું નાહીંડ નીત્ય ડોલતો ॥
પદ પ્રીછી મંન સાંતી પમાડ ॥ ૧૦
કહ્યું માને તો કોટી કલ્યાણ છે ॥
નહી માનો તો નરક નીદાંન ॥ ૧૧
અભે નીરાંત નામના અધીકારી ॥
ભલા ભુલી ન જાશો ભાંન ॥ ૧૨ ॥

પદ ૨.

(રાગ) ધોળ.

સાચુ સગપણ સામળીઆનું, બીજું સૌ પરહરીયેરે,
મન મરજાદા તજી મનમોહન, હેતે હરીવર વરીયેરે. ૧
જે સુખ સ્વપને નહિ શંભુને, તે સુખ દાયક દાતારે,
વાત નથી એ ઘર ખુણાની, જશ જગમાં વીખ્યાતારે. ૨
અલ્યા પલટ ભઇ ગૌતમનારી, અધમ ઓધારણ કહાવેરે,
અજામેલ સુત નામે ઓધારયો, શ્રુતી સમ્રતી ગાવેરે. ૩
સંબંધ કરે તેને સંબંધ સાચો, પોતાનો કરીને સ્થાપેરે,
નીરાંત ભલો સુહેતી, મન વાંચ્છીત ફલ આપેરે. ૪

પદ ૩.

(ધોળ)

ધન ધન વંદુ હું તો આરે અવસરને,
જેણે ગોવીંદના ગુણ ગાયા ગવાય છે.
મનના મનોરથ માહારે પુરણ થયાછેરે. ટેક
મનુષ્યા દેહનો મહીમા છે મોટો,
ગુરૂજી મલે તો લાહવો લેવો લેવાય છે. ૧
વેહેવારે સરખી જાણુ વાત વલી છે,
જીવન મુક્ત થાવો થવાય છે. ૨
આપમાં આપ અંતર જામીને ઓલખો,
દેવના દેવને દરસાયો દરસાય છે. ૩
મન કર્મ વચને માંગો તેવું મલ્યું છે,
પુરણ પદને પામો પમાય છે. ૪
હરીને મલશો ને ભવદુખ ટળશે,
જન્મ મરણ તો મેટ્યો મેટાય છે. ૫
મનુષ્ય થયો ને હરીનામ ન જાણ્યું,
તે પશુંને તોલે કહ્યો કહેવાય છે. ૬
ફરી ફરીને અવસર આવો નહિ આવે,
નીરાંત નામને નીરખ્યો નીરખાય છે. ૭

પદ ૪.

(ધોળ)

વાહાલાની વાત મુને લાગે વાહાલેરી,
બીજું તે શું સોહાય શું વર્ણવુ. ટેક.
સુરત સ્નેહી સાહેબો નામની વેશી,
વાણી એતે વર્ણવ્યો ન જાય શું વર્ણવું. ૧
જ્યાં જોઉ ત્યાં જીવણ જોવા સરખા,
આત્મ દ્રષ્ટી એ દેખાય ૨
અંતર જામી મારા ઉરમા વશ્યા છે.
અદઘડી અલગા ન થાય. ૩
ક્ષણ રે વારે વાહલો નથીરે વીસરતા.
મનની તે કોઇને ના કહેવાય. ૪
સાધન વીના માહરે સુલભ થયું છે,
આનંદ ઉર ન સમાય. ૫
નામ રૂપ ગુણ એને રે નહિ,
ગુરૂ ગમથી ઓલખાય. ૬
મોટા મોટા જેને કાજે મથે છે.
અનેક કરે છે ઉપાય. ૭
શમ દમ કરતાં સ્વામી સ્વપને આવે.
નીગમ નેતી [illegible]. ૮

અગમ અગોચર વાહાલો વાણી વદે છે.
લક્ષણ ગુણનાં દોવાય. ૯
નીરાંત નામનો દેશ છે ન્યારો.
તે પુરા ગુરૂથી પમાય. ૧૦

પદ ૫.

(ધોળ)

ધન ધન જીવ્યું રે તેનું જાણવું, જેણે ગોવિંદના ગુણ ગાયા.
સેવા સમરણ તેનું સઉ કરે, પરમેશ્વર પેં તે પુંજાયા–ધન ૧
દેહ જાવાનોરે જુઠો જાણીને, મોહ માયા માનવ બંધાયા,
જીવન મુક્ત તેને જાણવા, આપ આપમાં ઉલટ સમાયા–ધન ૨
આવો અવસર ફરી ફરી નહિ મલે, મનુષ્યા દેહનો મહિમા મોટો,
સુરનર સરખા તેને સહાય છે, સ્વપનાવત સંસાર ખોટો–ધન ૩
જનમ મરણનું જોખમ જીવને, લખ ચોરાસી ફેરા ફરવા,
ઉંચ નીચ યોની અવતરવું, મહાદુઃખ જાણીને હરિવર વરવા–ધન ૪
વલી વલી વંદુ રે સદગુરૂ દેવને, અંતરજામીને ઓલખાવ્યા,
ક્ષણું એક વાહલો મનથી ના વીસરે, ભાવે ભુધરજી ઘણું ભાવ્યા–ધન ૫
મન કર્મ વચને માગો તે મળે, સંત સમાગમ કરતાં કરતાં.
નીરાંત નીરખો હરીના નામને, નીરભય થાશો નામ સમરતાં–ધન ૬

પદ ૬.

(ધોળ)

મહિમા મોટો હરિના નામનો, વાણીના વર્ણવ્યામાં નાઆવે.
બ્રહ્મા સરખા કોઈ નવ કહી શકે, નેતી નેતી નીગમ ગાવે, ટેક
સાધન કરવા કાંઈ ન સંભવે, જપ તપ કરણીથી છે ન્યારૂં,
જોગ સમાધિ કોઇ જાણે નહિ, એવું અગમનું અંધારૂં. ૧
કોઇ નવ જાણે એવું જાણવું, સદગુરૂ મળતા સુલભ થાશે,
બીજું કરવાનું કાંઇ ના મળે, એવું અંતરમાં ઓળખાશે. ૨
અધમ ઓધારણ એવું નામ છે, ભવ તરવાનું એ પણ કહીયે,
બીજો આરો એકુ ના મળે, વીસરસો નહિ હરીવર હઇયે. ૩
નર ને નારી સઉ કોઇ સાંભલો, અવસર આવ્યો દુલભ હાવે,
નીરાંત નીરખો હરીના નામને, હદ થઈ શું કહિએ હાવે. ૪

પદ ૭.

(ધોળ)

અનેક ઉપાયે બીજાથી ના ઓધરે રે,
એક હરીના નામતણો આધાર.
સાધન બીજું શું કરે રે,
જે કરીયે તે વ્રથા સ્વપન વેહેવાર. ૧
મુરખ મનને કહીયે પણ માને નહિ રે,
પ્રપંચનો કાંણુ ના આવે પાર. ૨

લક્ષણવંતો લેવાયો અણુ લાભમાંરે,
દુરમતીમાં ડાહ્યો ડાહાપણદાર. ૩
ઉપાસનામાં અંજાયો થઈ આંધળોરે,
સત્ય વસ્તુનો શોધીના કાઢયો સાર. ૪
પોથી પુસ્તક પઢયો પણ પ્રીછયા નહિરે,
કાચા પયનો કરે વલોણાવાર. ૫
માખણ ન મળે પણ અમથો મથેરે,
ભુતળમાં વેહે ગર્ધવ જેમ ભાર. ૬
તત્વમાંથી તત્વ લેતાં રવીરે,
ગુરૂ વીના ગોથા ખાય ગમાર. ૭
અંતરજામી અંતરમાં ના ઓળખ્યારે,
સાચા જુઠામાં કુટાયો સંસાર. ૮
અન્ય દેવની ઉપાસનામાં આથડેરે,
ઘર દહાડાનો ધોખે ધોખ ધાય. ૯
પરવશ થઇને બેઠા પામર પ્રાણીયોરે.
વાંદૂલ પણામાં ભુલ્યો સત્ય વિચાર. ૧૦
અસલમાં તો નોહોતી ઉપાધી આટલીરે,
નકલમાં તો ભુલ્યા નરને નાર. ૧૧
નીશંત નીરખો નીજ નામનું નાવ છેરે.
તેમાં બેસોતો ગુરૂ ઉતારે પાર. ૧૨

પદ ૮.

(ધોળ)

વાહાલ હરિનું હરદામાં વિલાસ્યું રે,
પોત પોતાનું પરખી જુઓ પાસ;
વીસંભર નથી વેગલા રે. ટેક
બ્હાર ભીતર બીજો નથી બોલતો રે,
અન્ય દેવની મીથ્યા મુકો આસ. ૧
પ્રભુને પ્રીછો તો એવા પ્રીછજો રે,
અંતરમાં ઓળખી લેવું આપ. ૨
જન્મ મરણનું જોખમ ટાળે જીવનું રે,
ત્રીવિધીનો ટળશે તાપ. ૩
નરને નારી નીરખો હરિના નામને રે,
લઈ શકાય તો લ્યો અવસરનો લાહાવ. ૪
ક્ષણું ભંગુર તો દેહ છે માનો ખરેખરૂં રે,
દેખાતો છે પરપોટાનો દાવ. ૫
વણુસ્યાનો છે નથી વાયદો ગેગળો રે,
ટપ લેઇને ટુટી જાશે તાર. ૬
શ્વાસોશ્વાસે સમરો સેવો સંતને રે,
પુરા ગુરૂથી આવે પંથનો પાર. ૭
સંસારમાં કોઈ નથી સગું સાગવું રે,
મ્હારૂં મીથ્યા મનની માયા મેહેલ. ૮

મન માને તો મનડાને મનાવીએરે,
રેહેણી રેહેતો થાશે રંગની રેલ. ૯
આવ્યો અવસર ફરીને કયાંથી આવશેરે,
સમજુને શું કહીયે સોસોવાર. ૧૦
નીરાત નરખો નારાયણના નામનેરે,
વીસરશો નહિ વસ્તુનો વીચાર. ૧૧

પદ ૯

(ધોળ)

ધન ઘડી ધન દહાડો મારે આજનો રે,
હેલી મારે હઇડે હરખ ન માય.
વીસંભર માહરે મન વસ્યારે. ટેક.
અલબેલોજી આવ્યા મંદીર માહરે,
પુરણ કરી છે સત ગુરૂએ કીરપાય. ૧
વેહુવ સરખા અવસર માહરે આવીઓરે.
લક્ષણવંતીને થઇ છે લીલા લેહેર રે. ૨
નીરમળ થઈ છઉ નરખી હરીના નામને રે,
અડસઠ તીરથ આવ્યા માહરે ઘેર. ૩
આન્ય દેવની ભાંગી મનની ભ્રમણા રે,
અંતરમા ઓળખાયા આત્મરામ. ૪

ગુરૂજીને પ્રતાપે ગોવીંદ ઓળખયા રે.
ઉપાસનામાં આવે એવું નામ. ૫
આદ અનાદિ અદ્વૈત સહુની ઉપરે રે,
સચરાચરમાં સુત્ર મણી જેમ તાર. ૬
ન્યારા ભીતર નરખ્યા નોતમ નાથને રે,
પુરૂષોતમજી પ્રાણુ તણા આધાર. ૭
માહારા મનમાં હતું તે હાથે થયું રે,
સંપુરણ છે સતગુરૂથી સાહે. ૮
આનંદ વ્રતી આઠે પોહોર ના ઉતરે રે,
કેવલ પદનું સુખ કહ્યું ના જાય રે. ૯
ભાવટ ભાંગી ભુધર વરને ભેટતા રે,
સબળ મળ્યો છે સ્વામીનો સંજોગ. ૧૦
નીરાંત નારી પામી પ્રભુના નામને રે,
અંત ના પામુ આનંદના છે ઓઘ. ૧૧

પદ ૧૦.

(ધોળ)

હરીનામ સુધારસ પીજીએ. પીતા જન્મ મરણ મટી જાય.
સુધારસ પીજીએ.
રશ પીધાની પેર કેમ પ્રીછયે, પેર પ્રીછયા વિના ના પીવાય. ૧
પેર પ્રીછો તો સઉથીરે સેહેલા છે, નથી કરવો પડતો શ્રમ. ૨

પીતાં અધરા મધે છેરે એટલું, ગુરૂદેવ પાસે છે મરમ. ૩
ગુરૂદેવ સુધાના સમુદ્ર છે, ગુરૂદેવ છે દીન દયાળ. ૪
ગુરૂદેવ સમોવડ કોઈ નહિ, ગુરૂદેવ સો દેવ કૃપાળ. ૫
ગુરૂદેવ પરમાર્થ રૂપ છે, ગુરૂ ગઉરે પીવાનો ઘાટ. ૬
સુખ ગાદીનું વ્હાલા રે પુત્રને, જેમ પીતારે બેસાડે ઘાટ. ૭
એવા પીતા ગુરૂને પ્રીછવા, કરજોડીને લાગવું પાય. ૮
રસ રીત પ્રીત કહી પ્રીછવે, જેનો મહિમા કહ્યો નવ જાય. ૯
સુધા પીતા અમર પદ પામીએ, કોટી કલ્યાણથી અધીકાયે. ૧૦
જન નીરાંત મહિમા નામનો, નેતિ નીગમ નીરંતર ગાયે. ૧૧

પદ ૧૧

(ધોળ)

ધન્ય સદગુરૂ દેવ દયાળ, દયા કરી દીનને, સેવકપર
સદા સહાય. દયા કરી દીનને. ટેક
કરી કરૂણા કહ્યું કાનમાં, સત્ય વસ્તુની કીધી છે સાન. ૧
ટાળ્યો તાપ ત્રીવીધી તેતો સમે, વાંણીનું વાળ્યું છે વાન. ૨
સંભવતું સઉ સોહોવરાવીયું, મુકયો મસ્તક ઉપર હાથ. ૩
અંતરની ઉઘાડી આંખડી, નીરખાવ્યાં નૌતમ નાથ. ૪
વાણી રહીત પદારથ પ્રીછવ્યું, જેને નથી રૂપ ગુણને નામ. ૫
અદ્વૈત અનાદિ અનભળ્યું, આદી અંત તણો વીશ્રામ. ૬

થયો જીવન મુકત જ'જાળથી, પામ્યો વીધવીધ કર્મના ફ'દ. ૭
સમ્યો સાધન સ'સય સઉ વળી, ઉપજાવ્યો છે ઉરમાં આન'દ. ૮
એવા સદગુરૂ સ્વામીને વ'દવુ, કરજોડીને લાગવુ' પાયે. ૯
જ'ન નીરાંત નામ પ્રતાપથી, ગુરૂ ગોવીંદના જશ ગાયે. ૧૦

પદ ૧૨.

(ધોળ)

પોતે પોતાનો કરવો વીચાર, નીરખ નીજ નામને ટેક
ભુલો શીદ ભમે છે તુ' ભવ વીશે. નથી નામ સમોવડ સાર. ૧
કરે જપતપ જોગ આરાધના, કરે કરણીના કોટી ઉપાય. ૨
તેમ તેમ તપે તન તાહેરૂ'; ઝાઝી જુકતી નામલેરે બધાય ૩
જે જે કરવુ તે જુક્તી જા'ણવી, મુક્તી જાણવી સર્વે મુકાય. ૪
પડયો હેડમાં તે નીકલી નવ શકે, હાંસ હેડની કોને ન કહેવાય. ૫
ઉ'ચ નીચ કર્મ હાલ હેડનાં, ઇચ્છા ઉપની તે ખીલી રૂપ. ૬
સ'સય સ્વારથ પઢવુ' રે જાણવુ', પઢયા ભણ્યા રે પ'ડીત ભુપ ૭
હેડ ભાંગે–તે–હેલા માત્રમાં, સાચા સદગુરૂ ચરણે જાય. ૮
નીરબ'ધ લખાવે નીજ નામને. ગુરૂ બ'ધી છોડ કહેવાય. ૯
નામ નીરખે તે તદવત જાણવાં, તેમાં ભીન્ય નહિ લગાર. ૧૦
જન નીરાંત એવુ' રે જાણીને, રહીએ નામ તણો આધાર. ૧૧

પદ ૧૩.

(ધોળ)

મન વીંધાયું વાહાલાજીની સાથ,
મને વાહાલો વીસારયોના વિસરે.
આઠે પોહોર આરંભ ન માહારા ઉરમાં
બીજી વાહાલી ના લાગે વાત. ૧
જેમ રત્ન જડયું રે હોય રંકને,
તેમ સત થયું રે સાક્ષાત ૨
જેને કાજે દમેરે અતી દેહને,
તે તો આવ્યું છે મારે હાથ. ૩
વારે વારે ગુરૂને જાઉં વારણે,
જેણે નીરખાવ્યા નીજ નાથ. ૪
એની તોલે ના આવે ત્રણ લોકમાં,
જેની વીધ વીચીત્ર છેરે ભાત. ૫
માહરા મનમાં હતું તે માહારે થયું,
સગપણ પુર્વેનું થયું રે સાક્ષાત. ૬
ધંન ધંન દયા રે ગુરૂ દેવની,
નામે નીરાંત નીરખો અજાત. ૭

પદ ૧૪.

(ધોળ)

રટ લાગી છે રસીયાના રૂપની,
બીજીં કરવું તે ના સોહાય. ટેક
રૂપવંતો વશ્યો છે માહારા રૂદીયામા,
વાહાલ વંતો તે વર્ણંવ્યો ન જાય. ૧
બ્રહ્મા વેદ ભણે રે ભલી ભાતનાં,
દેવ ગાંધંવ ગુણીજંન ગાય. ૨
વીશ્નું વાહાલપણે તે ના વીસરે,
શીવ સરખા તે ધ્યાનમાં ધાય. ૩
મોટા મુનીતણાં રે મંન મોહી રહ્યા,
નરનારી તે નીશદીન ન્હાય. ૪
નામ રૂપને ગુણથી ન્યારૂં રહ્યું,
એવું આ પાચું ના ઓળખાય. ૫
સત ગુરૂજી મળે તો સત સંભવે,
બીજા કરવા તે મીથ્યા ઉપાય. ૬
અનુભવી આ અહોનીશ આદરે,
નામ નીરખે તે તદવત થાય. ૭
પ્રેમ વંતી પદારથ પામશે,
જેને સતગુરૂની છે સ્હાય. ૮
જન નીરાંત નીરખોરે નામને,
પુન્ય હોય તો એને પમાય. ૯

પદ ૧૫.

(ધોળ)

એવાં વરરે વીસંભર મેં વર્યાં,
જેના અનુભવી જન અધીકારી.
જોગી જોગ કરે બહુ જાગીસે,
બ્રહ્મ રૂપ ભલા ભેખ ધારી. ૧
તેને સ્વપ્નામાં દરશન દોહેલાં,
ભલાં ભલા ભણે બ્રહ્મચારી. ૨
જપીયા તપીયાંની તોલે આવે નહિ,
એવાં ઉંચા કુળની આચારી. ૩
વરણાશ્રમ નીયમ નીત્ય પાળતાં,
ખટ દરશનની બલહારી. ૪
શ્વાસોશ્વાસે સોહં સાધતાં,
ભુલ્યા આપાચું મેલ્યું વીસારી. ૫
સર્વાતીત પદારથ પ્રીછવું,
વાણી રહિત તે લેવું વિચારી. ૬
જંન નિરાંત મહીમાં નામનો,
ગાય વેદ પુરાણ પોકારી. ૭

પદ ૧૬.

(ધોળ)

એવા ગુણુને ગયોરે કેમ વિસરી,
નગણો થયો તું નાદાન.—૨, ટેક.
અપરાધી અંતરમાં વિચારને,
ઘેલા ગયું તારૂં ભાન. ૧
પુર્વે પશુ હતો તે તું પ્રીછની,
ગર્ધવ ગોલાને ઘેર.—૨,
ભાર વેહેતો તે ભુલી ગયો ભાવથી,
થયો મનુષ્ય કરી મેહેર. ૨
પશુ પરવશ થયો ને મરકત ભયો,
ઘાલી ગળામાં ફાંસ.—૨,
ઘેર ઘેર મારીને ભીખ મંગાવતો,
તેવો ટાળ્યો છે ત્રાસ. ૩
અંતે જાતી પશુ ઉંટ ઓળખ્યો,
બેઠો ભરવાને બોજ.—૨,
ત્યાંથી ઉઠવા કરે પણ ઉઠાય નહિ,
કરતો કેમ નથી ખોજ. ૪
સુખ શ્વાનતણું સેના સાંભરે,
તે દુઃખ દિલમાં વિચાર.—૨,
એવાં અનંત જન્મ તાહરાં ટળ્યા,
અતી કર્યો ઉપકાર. ૫

લખ ચોરાશી યોની રડવડયો,
દુઃખ પામ્યો અપાર.—૨,
તોએ મુરખ કહ્યું રે નથી માનતો.
ધીક તેનો અવતાર. ૬
નર નારી રે પામ્યા નર દેહીને,
હવે હરિને સંભારો.—૨,
નીકર પશુરે યોની ગતી પામશો,
આવ્યો તરવાનો આરો. ૭
કોઈ કહેતું રે નથી સગું સાગવું,
મીથ્યા મોહની છે જાળ.—૨,
જીવ જાળમાં પડયો તે નવ નીસરે,
કુટાયો કઈ કાળ. ૮
નથી રહેવાનું નીશ્ચય તું નિરખજે,
જાણજો જાવાનું જરૂર.—૨,
જોને જોતાં જોતાંમાં રે કાંઇ ગયા,
ઉડે આંકડાનાં તુર. ૯
ફરી મનુષ્ય દેહ નહિ મળે;
માટે હરીને સંભારો.—૨,
એવું સમજી નીરાંત ભજો નામને.
આવ્યો તરવાનો વારો. ૧૦

પદ ૧૬.

(ધોળ)

ધન ધન માહરે દહાડીરે, દરશન હરિવરનું,
હરખભરી ક્યારે, સુખ અલૌકિક નરનું. ૧
અરસ પરસ નહીં અલગાંરે, પીવ સાથે સજની,
સાધન સઘળું સમતાંરે રમતાં ગઈ રજની. ૨
અર્ક બ્રહ્મનો ઉગ્યોરે, ચોદશ અજવાળું,
અકળ સ્વરૂપ અનુભવીરે, આંખડીયે નિહાળું. ૩
નીરંતર નર નારીરે, નીશદિન સંજોગી,
પ્રેમ પલક નવ છાંડુરે, ભવ ભયના ભોગી. ૪
અનભે પદ અનુભવિયાંરે, જન જાણે કોઈ,
દાસ નીરાંત નીરવાંણુરે, પદ 'પુરણ સોઇ. ૫

પદ ૧૭.

(ધોળ)

આદી બ્રહ્મ નીરવાણીરે. નીરખીને કહીએ,
ઉલટ સુલટ ઘેર આવીરે. નીરંતર રહીએ. ૧
તન મન ધન અરપણુનીરે, અનહદ સેવા,
જન વીરલો કોઈ જાણેરે, જગત પતિ દેવા. ૨
નામ રૂપ ગુણુથી ન્યારૂંરે, દરશન છે દહાડી,
વારંમવાર કરૂ છુંરે, દરવાજે ઠાડી. ૩

સીતળતા શશી વરણુરે, ઘટ ઘટમાં પુરાં.
શીવ સદા સુખદાયકરે, નથી અકળ અધુરાં. ૪
મનસાં ટાણુ મોટુ રે, જાગીને જોતા,
અકળસ્વરૂપ અનુભવીયુ રે, ખટપટ સહુ ખોહોતાં. ૫
અવર પુરૂષની આશારે, હવેખી દીધુ.
આતમ વસ્તુ ઘરમાંરે, સમજીને લીધુ. ૬
લાભ થયો અણુ લેખુરે, સ્હેજે સુખ દીધુ,
નીરાંત સદગુરૂ મળતાંરે, સાધન સઉ સીધુ. ૭

પદ ૧૮.

(ધોળ)

લોક હસારત થાય છે,
રીતે પ્રીતે પ્રીતમ મળજો લાલ.
લોક હસારત થાય છે. ટેક
બોલવાયો નહિ ચાલે અધ ઘડી,
માટે મોહન આવી મળજો લાલ. ૧
સુંનુ તમો વીના સંસારમાં,
અન્યો અન્ય અઠળક ઢલજો લાલ. ૨
ગદ ગદ કંઠે કહુંછું કરગરી,
વીઠલ વાહારે બળજો લાલ. ૩
વીજોગ સંકટ સહેવાતુ નથી,
નીરાંતનાં સ્વામી સાંભળજો લાલ. ૪

પદ ૧૯.

(ધોળ)

હરિજન હોયતે હરીને લહે,
પ્રભુ છે અકળ ગતીના સ્વામી લાલ.
હરિજન હોય તે હરિને લહે. ટેક
કોઇ ના જાણે પ્રપંચમાં,
ઉદ ખુંદ ઠાણી થયા ઓહો નામીલાલ. ૧
જગતની જુઠી બાજી જોઇને,
માયા વણ રહયા મોહ પામી લાલ. ૨
આશા ત્રશનામાં તન તાણીયું;
કાળે કુટાયા બહુ કામી લાલ. ૩
પ્રેમે પરબ્રહ્મવાને સેવતાં,
ભરમે ભુલ્યા અંતરજામી લાલ. ૪
આતમ જ્ઞાની સત સંસારમાં,
નીવારણુ નીરાંતનાં વીશ્રામી લાલ. ૫

(પદ) ૨૦ મું.

સોરઠનો રાગ.

મને તો ઘણું ગમે છે જી, ગુરૂવાનો દેશ,
હાસ્ય ને વીનોદ હમેશ. ટેક.

મન વણી પોહુચે નહીરે, લક્ષણુ લાગે લેશ,
ભાવ ભલો પણ શું કરેરે, ધ્યાન ન આવે ધરેશ. ૧
સુખ સદાનો સોહલોરે, નહી કર્મ કલેશ,
ભાગ્ય ભલાંજો પામીયેરે, સતગુરૂ સાચા વરેશ. ૨
સર્વાતીતને સર્વની માંહે છે રે, નહી વરણુનો વેશ,
વસવું વણુ આધારનું રે, ઉલટું આપ લખેશ. ૩
પ્રેમ પદારથ પ્રીછવું રે, અનુભવીયાનું વીશેષ,
નીરાંત નીરખો નીજ નામને રે, સત પલ્લામાં શેષ. ૪

(પદ) ૨૧ મું.

(સોરઠનો રાગ)

મહાધન લાધ્યુંરે સરજનહાર, આદી તણો કીરતાર, ટેક
વીશ્વ રચી રહ્યો વીશ્વમાંરે, ન્યારો ને નીરાધાર;
ભીન્ન કમલ જલમાં રહ્યુંરે, એમ છે પ્રાણ આધાર. ૧
પ્રભુ પદારથ એક છેરે, તેના પાંચ પચીશ,
નામ રૂપ ગુણ અતીત છેરે, જગ દરશે જગદીશ. ૨
અજવાલે દીનકર તણેરે, વીશ્વ આરાધે કર્મ,
દીનકરને પરશે નહિરે, એમ રહયો છે પરીબ્રહ્મ. ૩
ભીન્ન ભાવ અલગો થયોરે, એકતા ઉપની લ્હેર,
નીરાંત પ્રભુ રસેરસ મલેરે, જેમ સીંધુમાં સેર. ૪

(પદ) ૨૨ મું.

(ચરચરીનો રાગ)

હમ હે જોગી અલખ અનાદી, પરી બ્રહ્મકે હે પારા,
નામ રૂપ ગુણ નહિ હમારે, કબહું ના ધરહું અવતારા. ટેક
હમ થે બ્રહ્મ બ્રહ્મ થેં માયા, માયા થેં સબ સંસારા,
ઈશ બીધ હમ હમ હે સબમેં, બીજ બરછપેં બીસ્તારા. ૧
તીન ગુણકે હમ હે ત્યાગી, પાપ પુન્યસેં હમ ન્યારા,
જાપ જાપકા ગુરૂ ગુરૂકા, જ્યોત જ્યોતકા ઉજીયારા. ૨
તુરીયાતીતા સબ જુગ રહીતા, સત મત પુરણ મતવારા.
નીરાંત નામ અભે સત સ્વામી, બુઝત હે બુજનહારા ૩

પદ ૨૩ મું.

(ઉપરનો) ચરચરીનો રાગ.

નારાયણનું નામ નૈતમ, ના ભજે નરને નારીરે,
ધીક ધીકજનુની તેની કહીએ, જન્મ્યો તે જખ મારીરે. ટેક
આઠ પોહોર આસકની વૃત્તી, નામ ના રાખ્યો હઇયેરે,
પુત્રહીણ તેં તો પ્રભુને ભજ્યો નહી. કુલ વાળ્યું છૈયેરે. ૧
હરીને મળવાનો આવ્યો અવસર, ઉંઘે અમથો ખોયેરે,
વાશીદામાં ગયું મુશલું, જુઠે જન્મ વગોવ્યોરે. ૨
પરમારથની પેર ના પ્રીછે, સ્વારથમાં છે શુરોરે,
નાક નથી નારાયણ ભુલ્યો, અર્થ રહ્યો છે અધુરોરે. ૩

એવા જનનો ભાર ભુતલમાં, ભારે ભુમી ધ્રુજેરે,
નીરાંત નામ નારાયણ લેતાં, પૃથ્વી પગલાં પૂજેરે. ૪

(પદ) ૨૪ મું.

(રાગ ઉપરનો)

વારંમવાર કહ્યું મેં કેહેતા, કહ્યાં કોઈના માને,
બેહેરા આગલ બહુ બીધ બાજા, રાઠ સુણે નહિ કાને. ટેક
પ્રામરને પ્રતીત ના આવે, વીષઈને વીખ જેવું,
મુમુક્ષુને મૃત્યુ બરાબર, કર્મ ત્યાગ ફળ લેવું. ૧
અભાવનો ઉપાય ન ચાલે, બુધી નવ બદલાયે,
રોગીને ભોજન નહિ રૂચે, ધરાયો તે નવ ખાયે. ૨
ઇસ બીધ ગાંઠ પડી બહુ ગાઢી, છોડી કબુ ના છૂટે,
કારીગરનું કંઇએ ના ચાલે, મંન મોટા વલકુટે. ૩
હરી ભજનનો ભાવ ના જાણે, સંતને મંદીર પધારે,
સોજન જાણે જીવત મશાણી, તે જંન જુગમેં હારે. ૪
મનક્રમ વચને માને મન મેરા, સંત કહે સો સાચું,
નીરાંત નામ ગુરૂ નહી ચીન્યા, નુગરાંનું મન કાચું. ૫

(પદ) ૨૫મું.

(રાગ ઉપરનો)

સાચું સગપણ સામળીયાનું, બીજું સઉ પરહરીયેરે,
મંન મર્યાદા તજી મંનમોહન, હેતે હરિવર વરીયેરે. ટેક

જે સુખ સ્વપને નાંહી શંભુને, ને સુખદાયક દાતારે,
વાત નથી એ ઘરખુણાની, જશ જગમાં વીખ્યાતારે. ૧
સલ્યા પલટ ભઈ ગૌતમનારી, અધમ ઓધારણ કહાવેરે,
અજામેલ સુત નામે ઓધાર્યો, શ્રુતી સ્મૃતી ગાવેરે. ૨
સંબંધ કરે સંબંધી સાચો, પોતાનો કરી થાપેરે,
ભણે નીરાંત ભલોસું હેતી, મન વાંછીત ફળ આપેરે. ૩

(પદ) ૨૬સું

(રાગ ઉપરનો)

પરમ ધામ પદ નામ રામકો, સતગુરૂ અલેખ લગાવેરે,
નથી સમોવડ કહેવા સરખું, આપે આપ દરસાવેરે. ટેક
શેષ શારદ મુની નારદ રટત હે, શીવ સમાધી સોહાવેરે,
વેદ આદી લેઈ વર્ણન કરતા, વર્ણાયામાં ન આવેરે. ૧
વર્ણાશ્રમ તો રહે વીમાશી, નીતકર્મ નીર માવેરે,
ખટ દરવર્ણાન મીલી ખોજ કરતહે, મુલ મમર્શન પાવેરે. ૨
સોજન જોગી જપે અજંપા, બીન રસના ગુણ ગાવેરે,
ક્ષર અક્ષર નીરખ નામકું, ઉલટ નીરંતર ધાવેરે. ૩
સોજનકી મેં જાઉં બલીહારી, સો મેરે મન ભાવેરે.
નીરાંત નામ નીરખ પદ પુરણ, સમરણ માંહી સમાવેરે. ૪

પદ ૨૭મું

(રાગ ઉપરનો.)

માયા મોટી મોહની, મોટા મુનીજંનના મન મોહ્યારે,
વેંધાયા તે કેમ વેરાશે, તારે મોતી પરોવ્યાંરે. ટેક

બ્રહ્માના મન ભોળવીયા ભાઈ, કરણી શુભ કરાવીરે.
પરમારથ રૂપે થઇ પોતે, બ્રહ્માને મ'ન ભાવીરે. ૧

શીવ સમાધી નીશદીન વાધી, તે માયાનું કરવુંરે.
અંતરમાં એ રીતે રહી છે, ધ્યાંન હરિનું ધરવુંરે. ૨

વીષ્ણું ને તે રીતે માયા, ઇચ્છા રૂપે અબલારે,
અબલાને વશ આપ થયા છે, સઉ વાતે છે સબલારે. ૩

આંન દેવને આદી રહીને, વીશ્વને વશ કીધુંરે.
દેવ દાનવને દશે દિશાઓ, કોઇ જાવા ના દીધુંરે. ૪

ખટ દરસણ વણ ખોજે બાંધ્યા, ફેલી રહી ચોફેરીરે.
જ્ઞાની પંડીત સઉ ગુંચાયું, ગુરૂ વિના મતી ઘેરીરે. ૫

આદી અંતને મધે માયા, ઉત્પતી પ્રલય માયારે,
રૂપ રંગ તે માયા જાણો, માયાને જગ જાયારે. ૬

માયાના મુખમાં ન આવે, આતમજ્ઞાની અલગારે.
નીરાંત ન્યારૂં નામ માયાથી, ન્યારે નામે વલગારે. ૭

પદ ૨૮મું.

(રાગ ઉપરનો.)

નામ સમોવડ નથી જાણજો, કહેવા સરખું કહીયેરે,
સ્થાવર જંગમ સભરભરાભર, સદગુરૂ શબ્દે લહીયેરે. ટેક
ઓળખીને અંતરમાં લાવો, પ્રેમે પકડી રાખોરે,
અરધ ઉરધના ઘાટમાં ભાઇ, એ અચબ્યો રસ ચાખોરે. ૧
જીભ વીનાની જુગતી જોટો, મહા મુક્તીને માણોરે,
મન કર્મ વચને માની લેશો, સોમાં કેઈ એક શાણોરે. ૨
નાશવંતનો નેડો મુકી, સંતચરણાંગત રહીયેરે,
મુરખના મનમાં ન આવે, માને તેને કહીયેરે. ૩
મન સમજાવે તે નર મોટા, સ્થીરતા પદમાં ઠરીયારે,
નીરાંત નામ ગુરૂતર તારણુ, તે ભવજલ તરીયારે. ૪

(પદ) ૨૯મું.

(રાગ ઉપરનો)

જેને મરૂં નામ છે વાહલું, તેને હું તો શું આલું. ટેક
તન મન ધન હું નામને આધીન છું, મને નામ છે વાહલુંરે,
એ સ્વામી હું સેવક એનો, હું તો નામના હુકમથી હાલુંરે. ૧
વીશ્વ ચરાચર વશી રહ્યા છું, ઠામ નથી કાંઈ ઠાલુંરે,
ચતુર્ધા મુક્તી માહરી પદવી, હું તો નામને પ્રતાપે મ્હાલુંરે. ૨

ત્રણ ભોવનને વૈકુંઠ નગરી, સત લોક સુખ ચાલુંરે,
એકવીસ બ્રહ્માંડ એનીરે માયા, એતો ખલકવિસ્તનું ખાલુંરે. ૩
આદી અંત ને મધ્ય સમોવડ, વીશ્વ પત પાલુંરે,
નીરાંત મહીમાં નીત્ય નામનો, ગાવે દેવ કૃપાળુરે. ૪

(પદ) ૩૦મું

(ઉપરનો રાગ)

રૂપ નહીં જેને ગુણ નહિ ને, નામ નહી છે એવુંરે,
કાંઇ નહી ને સર્વે તેનું, વૃક્ષ બીજ છે જેવુંરે. ટેક
વાણી વીવેક વિચાર ન પોહોંચે, કૈવલ પદ તે કેવુંરે,
સર્વાનીત ને સર્વની માંહે છે, સુવાટીકા સમજી લેવુંરે. ૧
મન પવન નહી તંતુ ને તેજુ, નીત્યપદદર્શન દેવુ રે,
વધે ઘટે નહી કો કાલે પદ, જેમનું તેમ છે તેવુંરે. ૨
સેષ વીરંચી શીવ સનકાદીક, સર્વ સુમરણ નીત્ય સેવ્યુંરે,
મંઝલકારીમાં હેમનો રથ, અનુભવ માંહી સમાવ્યુંરે. ૩
સત્ચીદાનંદ પદ સર્વનું સાક્ષવંત, સદગુરૂ શબ્દે લેવુંરે,
નીરાંત નામ નીરખ પદ પુરણ, અલખ આપ અભેવુંરે. ૪

(પદ) ૩૧મું.

(રાગ ઉપરનો)

સતગુરૂકો સમરણ કરલે, ચેત ચેત નર નારીરે,
હરદમ દોરી કાલ હલાવે, પલમેં લેગો મારીરે. ટેક.

ઘડી પલકકા નહીં ભરોસા, દલમેં દેખ વીચારીરે,
આખર એક દીન ઉઠ ચલેગા, મરના શીરપર ભારીરે. ૧
દો દીન જીવના મુંઢ સસજ લે, અવસર મંગલકારીરે,
મનસા તેરી આતસબાજી, જરા પલીતા જારીરે. ૨
જેસા સુપના હેંમ ધરાતી, એસા સુખ સંસારીરે,
નેન ખોલકર દેખ દીવાના, અંતે બડી ખુવારીરે. ૩
કંચન સરખી કાયા બનીહે, મંજન ખુબ સમારીરે,
કહે નીરાંત હરીનામ નહિ મુખમેં, વા મુખમેં રજ ડારીરે. ૪

સાખી

રામ નામ સબકો જપે, સોતો નામ અમીર,
અરજ અમર નામ એક હે, તાકું જપે કબીર.

(પદ) ૩૨મું.

(રાગ ઉપરનો)

શ્વાસોશ્વાસે સમરણુ કરને, તુંહી તુંહી કર તનમેંરે,
સાન ગુરૂકી એહી સત્યારથ, દેખો દીલ દરપનમેંરે. ટેક.
સચરાચરમેં સોહી બીરાજે, આપ આપ આપનમેંરે,
બાહેર ભીતર એક નીરંતર બાજે નાદ ગગનમેંરે. ૧
સોવત જાગત સુરતસે જાકી, ભીતર રહો ભજનમેં,
લહે લાગીસો તાર ના તુટે, ઉઠે બેસે આસનમેં. ૨
પુરણુ પરચા ભયા બ્રહ્મકા, નામ લક્ષા નીરગુનમેંરે,
દાસ નીરાંત દયા સદગુરૂકી, મગન ભયાહે મનમેંરે. ૩

(પદ) ૩૩મું

(રાગ ઉપરનો)

અધર કલામેં આસન કરલે, રામ નામ લ્હેલાઇરે,
આન દશા તું અલગી કરને, ભુલ ગયા તે ભાઇરે. ટેક
ભણ્યો ઘણું પણ ભેદ ન જાણ્યો, કરણી ઘણી કમાયોરે,
બીજ વૃક્ષની પેરે અર્વ તું, તે પુરણ નવ પાયોરે. ૧
હંસ બન્યો પણ ન મલે પાસે, ખીર નીરનર વેડારે,
ગુણ વિના તે ઘેલો કહીએ, ડાહાપણ દુર ખશેડારે. ૨
સ્થુલ સુક્ષ્મ ને કારણ કહીએ, મહા કારણને નરખોરે,
મહા કારણથી અલગું કહીએ, તે પદ પુરણ પરખોરે. ૩
જાગ્રત અવસ્થા સ્વપ્નાંતર ને, સુષુપ્તી ને તુરીયારે,
તુરીયાથી તે અલગું કહીએ, તે વીરલાજન વરીયારે. ૪
ભણ્યા ગણ્યામાં એ નવ આવે, અનામ વસ્તુ આઘીરે,
નીરંત નમ ગુરૂ તર તારણ, લ્હે નીરંતર લાગીરે. ૫

(પદ) ૩૪મું

(રાગ ઉપરનો)

દેખોરે દુનીયાકા મારગ, જુઠેકું કહે સચ્ચારે,
અવાચકકું આદર દેવે, વાચકકું કહે કચ્ચારે. ટેક
સાચા થાપણ ઉલટ સમાના, અબ કેસે દીલ માનારે.
સબહી જગતકું હલા ચલાવે, સોહી ખોજ ના આનારે. ૧

એક સ્વતંતર સબ ઘટ પુરન, આંનદેવ કહાં રેહેવેરે,
ગુરૂ હમારા સોહી બીરાજે, સાચી હકુમત કેહેવેરે. ૨
બેઠ કીતાબા પઠે નીશદીન, સાચા આપ ના પાવેરે,
હુવા દેખતા પણ મારગ ભુલ્યા, અંધા કીસ બીધ જાવેરે. ૩
અંધી દુનીયાકું કહા કહીએ, કાજી પંડીત અંધારે,
ખરે ખોટેકા નહી પારખું, પઢે ગનેસે ધંધારે. ૪
એક બીના કોઉ ઓર ન દુજા, આનદેવકું પુજેરે,
ખડી ભુલકી ગાંઠ પડી, કહે નીરાંત વીરલા બુજેરે. ૫

(પદ) ૩૫મું.

(રાગ ઉપરનો)

રામ નામ તું રાખ હૃદેહમાં, કાઢ કલ્પના કાચીરે,
આદી અંતને મધ્યે બેલે, તે વસ્તુ છે સાચીરે. ટેક
વીના મુલનો એ છે વેલો, મન વાંણીપર વાધ્યોર,
અનુભવીયાના અંતર માંહી, નેહ નીરંતર બાઢયોરે. ૧
વીના પંખનો એ છે પંખી, વણ ઇંદ્રિનો ભોગીરે,
વીના પંડનો એછે પ્રાણી, વીના જોગ સંજોગીરે. ૨
વાણીમાં આવે તે વણશે, નીર વાણી તે સાચુંરે,
નામ રૂપને ગુણથા ન્યારૂ, તે જાહેર પદ જાચુંરે. ૩
ઉતપત પ્રલે એને નાહી, અંદી અનાદી એવોરે,
નીરાંત નામ ગુરૂ તરતારણ, સદા ઉચ્યો તેને સેવોરે. ૪

(પદ) ૬૬મું
ઉપરનો (રાગ).

સમજીલે મન સુધી કલા, સદગુરૂ નીજ નામ લખાવેરે,
ટેક.

જોગ જગન વ્રત દાન આચરે, અડસડ તીરથ ફરી આવેરે,
વનમાં જઇને તપ આરાધે, તોહી ભુલમાં ભરમાવેરે. ૧
કષ્ટ કરી કાયાને પીડે, ભૈરવ જપ જપાવેરે,
ચાર ખાણુ ચોરાશી ભટકે, નીરભે પદ ન પાવેરે. ૨
નારદ શારદ વ્યાસ વીરંચી, અહીપતી નીશદીન ધાવેરે,
ચાર વેદ સરસ્વતી સનકાદીક. અગમ અગાધ બતાવેરે. ૩
ઇંગલા પીંગલા સાથે સુખમણાં, ભમર ગુફા ભાવેરે,
તેજતત્વનો કરે નીવડો, તોયે ઓલખ તણી લખ ના આવેરે. ૪
સઉમાં વ્યાપી સઉથી ન્યારો, એવું અગમ જ્ઞાન દરસાવેરે,
નીરાંત દાસ એ સતગુરૂ પુરા, જો જનમ મરણુ બીસરાવેરે. ૫

(પદ) ૬૭મું.
ઉપરનો (રાગ)

રામ નામ ભજ ભાવ કરીને, મુકી માન બડાઇરે,
ચઉરાશી જાતાં વાર ન લાગે, ચેતો ચોપમાં ભાઇરે, ટેક
કામ ક્રોધ લોભ મોહ મમતા, એહ સબ દુખદાઇરે,
રામ નામકા રે ગાન લાગે, જુઠો જન્મ ગુમાઇરે. ૧

ધન માલ કુલ કુટંબ કબીલો, જાણો જુઠી સગાઇરે,
અંતકાલે કોઇ રાખી શકે નહી, સબ દેખત ચલ જાઇરે. ૨
માન કહ્યા તું મન મત ભુલે, સાચુ કહું સમજાઇરે,
નીશંત નામ સદા સુખદાયક, મુઆ ન માને જાઇરે. ૩

(પદ) ૩૮મું

ઉપરનો (રાગ)

બાજીગરકા બડા તમાસા, સબ દેખનકું આઇરે,
બાજીગરકું કોઇ ના દેખે, ચીત બાજીસેં આઇરે. ટેક
ખેલ ખેલનકા ખુબ બન્યાહે, અચરત બરની ન જાઇરે,
નરનારી કોઉ નજર ન ચુકે, ખુશીપેં માન પાતી આઇરે. ૧
સાચી ને સાચી જુઠી હે, એસી જુગત બનાઇરે,
તીન લોક માંહી એહી તમાસા, રંક રાવ રીઝાઇરે. ૨
ખેલ ખુબમાં દુનીયા ખુશી, એસી ખેલ ખીલાઇરે,
તેતો સબહીં જુઠા જાનો, જાનત જગ ભરમાઇરે. ૩
તીન દેવ આદે સહુ દુનીયા, એ સબ બાજી બનાઇરે,
બાજીસેં સબકા મન માના, બાજીગર ના પાઇરે. ૪
જડ ચેતનકા એસા ખેલા, અટુટ ચાલ ચલાઇરે,
નીશંત નામ બાજીગર ન્યારા, બાહેર ભીતર પાઇરે. ૫

પદ ૩૯મું.

રાગ (દેશાખ)

નામ બીના કછુ ના મીલે, ગ્યાંની જંન ગત પાવે,
નામ મીલે જઈ નામમેં, નામે નામ લખાવે. ટેક
અગમ અગોચર નામહેં, નામ નીરગુણ કહાવે,
સીરગુણ સોહી સત નામહેં, નામે સબ ધ્યાવે. ૧
પીર પેગંબર ઓલીઆ, અલ્લા ઈસમ પઢાવે,
ઈસમ ઈસમકે આસરે, કાજી કલમા સુનાવે. ૨
ઇસમ નામ દોઉ ઉપરે, લઃલા વાહીકુ લહીએ.
નીશંત નીરમલ નામકું, કહો કેસા કહીએ. ૩

પદ ૪૦મું

દેશાખ (રાગ)

રામ નામકા પારખું, કહો કેસે પાવે,
હંસનકી છત કાંહા મીલે, બગ બહોત મીલ આવે. ટેક
કાજી પંડીત પઢે ગને, ધ્યાની સબ ધ્યાવે,
સીધ્ધાંતકું સમજે બીનાં, કછુ હાથ ન આવે. ૧
ખટ દરસણ મીલી ખોજહી, અજ એક ના પાવે,
ભીન્ન ભીન્ન ભેખી ભયે, ખટ રાહ ચલાવે. ૨
આદ અંત મધ એક હે, દુજી નહીં દરસાવે,
નીશંત નીરમલ નામ હેં, ગુરૂ દેવ લખાવે. ૩

પદ ૪૧મું

ઉપરનો (રાગ.)

સત ગુરૂકી મહીમાં બડી, ચ્યાંની જંન ગત પાવે,
જગત પાવન એ પ્રતમા, ગુરૂદેવ લખાવે. ટેક
આન દેવ ઉનથે ભયે, ભયે દસ અવતારા,
બ્રહ્મા આદે વીશ્વના, સ્વામી સરજનહારા. ૧
તીન દેવ તાસે ભયે, ભયે સકલ બ્રહ્મંડા,
ઈંડ પીંડ ઓથે ભયે, ગુરૂ આપ અખંડા. ૨
આદ અંત ગુરૂ દેવ હે, ગુરૂકી સબ માયા,
નીરાંત નીરમલ નામ હે, ગુરૂ દેવ લખાયા. ૩

પદ ૪૨મું

દેશાખ (રાગ.)

સહી બૈરાગી રામકા, મંછા ઘર લાવે,
આતમ દેવ નીરંજના, વાકું ઉલટા જગાવે. ટેક
મસ્ત હોઈ મનકું ગ્રહે, સબ ભ્રમ નસાવે,
પાચોકું પ્રમોદકે, નીરમલ જશ ગાવે. ૧
રાજસકા ગુણ મેટકે. તીમર બીસરાવે,
ત્રીજો ગુણ આસન કરે, ચોથે લહે લાવે. ૨
અભ્યંતર આસન કરે, નીજ તંત્ર નરતાવે,
કહે નીરાંત પદ પરશીને, પદ માંહી સમાવે. ૩

પદ ૪૩મું
ઉપરનો (રાગ)

સંતો સત્ય ચાલો દેશ બ્રહ્મને, છોડો જગત વહેવારા;
સીધે મારગ ચાલતાં, નીંહશે તને સંસારા. ટેક
આપ દાદા સેહેજે ચલે, એતો મારગ ખોટો,
એ વાતમેં તો થઈ જજો, જેમાં આવે ન ટોટો. ૧
કુલ મરજાદાની બદી, એ તો સંતને મેટી.
જેમ સર્વ વ્યસનને મુકીને, ગોપી જઇ કૃષ્ણને ભેટી. ૨
પંથ કે પ્રતીમા પાલતાં, મલે નહી બ્રહ્મ છેટો,
નીરાંત નામ જાણે નીરંજન મલે, દુઃખ સાએ મેટ્યો. ૩

—০০০—

પદ ૪૪મું
ઉપરનો (રાગ)

સાધો સાધન શું કરો, જેને મહાધન લાધ્યું,
દ્વૈત દુગ્ધા ટલી ગઇ. નીશ્ચલ મન બાધ્યું. ટેક
પુરણ પદ પોતે થયો, તેનું મન કયાં લાગે,
રાજકુંવર હસ્તી ચઢયો, તે કોડી શીદ માંગે. ૧
મેઘના ઇચ્છે નીરને, શશીને શીતલતાઇ,
દીનકરને દીપક કશો, સોનો શી શ્યાંમતાઈ. ૨
પારસમણી જોતાં જડયો, ઉદ્યમ સર્વે વાર્મ્યો,
કુપ ખોદાવી શું કરે, જળ જાહ્નવી પામ્યો. ૩

નવ નીધી નીર્માલ્ય છે, સીદ્ધી સામુ ના પેખે,
ચૌદ લોક વૈકુંઠ લગી, સરવે તૃણુ વત લેખે. ૪
નવધાથી નીર્મળ થયો, પુરણુ પદ જોતાં,
દાસ નિરાંત તદરૂપ છે, હું તું બેઉ ખોટાં. ૫

પદ ૪૫મું.

રાગ ડંડક.

ભક્ત વત્સલ સદા દેવના દેવ છો, તાહારા નામનો પ્રેમ રાચે,
જીવન તું જગતમાં બીજું જાણું નહીં, નામ સમોવડ નાથ જાચે.
ટેક
પ્રત્યક્ષ પરચો લહયો સંસય સઘલો ગયો ભ્રાંતી ભાંગી ગુરૂ
ભેવ પામ્યો,
દુરમતી પરહરી પાસે નરખ્યા હરી. કર્મની વેદના દુરવામી ૧
નીરગુણ ભાસતાં સગુણ ભાસ્યું બધું, અન્યો અન્ય તમો એક દીસો,
તમો વીના પ્રભુ ઠામ ઠાલો નહી, વીજોગ ટલ્યો પલ્યો મંનહીંસો. ૨
આશના પાશનો પ્રપંચ પેખીયો, લખ ચોરાશીનું માથે દેણું,
બુદ્ધી હીણા બાપડા બંધન ભોગવે, તૃષ્ણા તુટે નહીં દુખ સેહેણું. ૩
મહાદુખ ભે થકી સંસાર સેહ થકી, નાસીને સમરથ સરણે આવો,
આરો ઉગરવાનો અવર દીસે નહી, પ્રભુ ઉગારણ બીદ કહાવો. ૪
તમો કીરપા કરી માટે સુઝી ખરી, બલવંત વલગ્યા છે બાંહ્ય તાહારી,
નીર્બલ નીરાંતનો હાથ હેતે ગ્રહો, બાપજી સાંભલી બુમ માહારી. ૫

પદ ૪૬મું.

(રાગ ઉપરનો)

મનુષ્ય તન ધરી ઉતમ એટલું, શ્રીહરી શ્રીહરી મુખ કહેવું
પ્રપંચ પરહરી સમરવા શ્રીહરી, સાધુના સંગમાં સુદ્ધ રહેવું.
ટેક

સાસ ઉસાસે શ્રીહરીને સંભારવા વાયક જાલનો જે અંત આણો,
ક્ષણું ભંગુર દેહનો સંભવ જો નવકરો, સંસય સરવ તજો તો
મોજ માણો. ૧

આપમાં આવતે વીશ્વ વ્યાપીક છે, એક નીરંતર બ્રહ્મ ભાસે,
તાણોને વાણો તે સર્વ તંતુ લહયા, દ્વૈતનુ પાસું તે દુર નાસે. ૨

આદને અંતની મધ્યે હું તું નહી, વસ્તુ વાણીમાં ના આવે કહીએ,
દાસ નીરાંત શ્રીદેવ દ્રષ્ટી થઇ પુરણ બ્રહ્મ અપાર લહીએ. ૩

પદ ૪૭મું.

(રાગ ઉપરનો ડંડક)

આપ અવલા ફરે બીજાને બોધ કરે, અંધે અંધા અનુસરે
કાંહારે જાશે.

જાવું હેમત ભુલી ડાહ્યા ત્યાં ગયા ડુલી, કરમાયા કુલી કુલી
ભુલ ભાસે. ટેક

ભણે ને ભણાવતા સુણે ને સુણાવતા, ગુરૂ ને ચેલા થતાં
અંધ આસે,

દુખ દહણુ છે પરખ પાષાણુ છે, આપ અંજાણુ છે કર્મ પાસે. ૧

થઇ ભુલ ઘરથી થયાં જેમના તેમ જાતા વહ્યા, મને માર્યા,
ગયા માન ધારી.
જુઠ જુઠે મલી સાચ સાચે કલી, પ્રીત પખે પલીજીત હારી. ૨
ભણ્યા માટે શું થયું મુલ અક્ષરનું નવ લહ્યું, આપમાં,
આપ તે કયું કોણુ કહેશે.
નીરાંત નીરખ્યા વિના આપ પરખ્યા વિના, હામ હરખ્યા
વીના દુખ સહેશે. ૩

પદ ૪૮મું.

(રાગ ઉપરનો.)

ભારે થયા ભણી ભણી વિદ્યાઓ ઘણી ઘણી, નાગ શીરોમણી
નાગ જેવા,
મણી ઉદ્યોત કરે અંજાયા જીવ ચરે, એમ ઉદર ભરે નાગ હેવા. ટેક
આપ 'ના' ઓલખ્યું સારમાં સાર લખ્યું, વિત્ત રહ્યું વણા
ભખ્યું અંત આદે,
ભુલ્યા ભણ્યા ગણ્યા કયાં જશે અણુભણ્યા, તંતુ તણા વાણુ
નેક નાહે. ૧
વ્યાસનો વેશ ધરી સણુજણુ શી કરી, આશના પરહરી ઢોંગ ધારી,
માંન મોટા કરે એટલા અનુસરે, મનમાં ફુલ્યા ફરે ભુલ ભારી. ૨
આપ ઓલખ્યા નહીં અલખ લખાય નહીં, વાણીયે
કહેવાય નહીં શું કહેશે,
પુન્ય ભાગવત તણું પંડીતે એમ ભણ્યું, ભાર વહ્યા
ઘણું ભાર વહેશે. ૩

આપમાં આપ છે વીશ્વમાં વ્યાપ છે, અજપા જાપ છે
નામ નીરખો,
નીરાંત નામ છે આદીનો વીશ્રામ છે, ઠરવાનો ઠામ છે
પ્રેમે પરખો. ૪

પદ ૪૯મું.

(રાગ સામેરી).

હરીજશ ગાતારે નંદે તે તો નર નહીંરે,
જાણીયે શ્વાંન સમોવડ તેહ.
નીંદક જે નારીરે જાણો જેવી કુતરીરે, ભસવું તો જબ
લગી કુશળ છે દેહ. ટેક

કાગ શું જાણેરે કપુરના સ્વાદનેરે, જાણે જે ભુંડી જણુસનો ભોગ,
મુરખશું જાણેરે મહીમાં હરીતણોરે, મુખમાં તોલવવાણીનો રોગ. ૧

સુરજને ઉગ્યોરે ઘુહને નવ ગમેરે, અંધારૂ તો ભાવે આઠે પહોર,
અજ્ઞાનીને એમરે ગાવું કાંઈ નવ ગમેરે, ઉદય ઘણો
અવીદ્યાનો ઠોર. ૨

શીવને વીરંચીરે જેના જશ વરણુવેરે, તત્વ ત્રણ ભુવનમાં વીચાર,
નીરાંતના સ્વામીરે સમરથ શ્રીહરીરે, પલમાં તે ઉતારે ભવ પાર. ૩

પદ ૫૦મું.

(રાગ ઉપરનો સામેરી.)

સંતોની સંગતરે મરણે ના મુકીએરે, ચુકીએ ના ચાર
દીવસનો લાહાવ,
માટે મન રાખોરે સંતામાં મલ્યુંરે, વીલંબ ના કરશો
આવ્યો દાવ. ટેક

દીનતા ગ્રહીનેરે સેવા દાખીએરે, રાખીએ નીત નીત
નવલો સ્નેહ,
સતગુરૂ સાચારે સંતોની સાનમાંરે, નૌતમ સમજી લેજો તેહ. ૧

મન ઠરીઠોરરે તવ તાહરૂં થશેરે, ટલશે દુરમતીના ડાઘ
ખરાને ખોટાનુંરે થાશે તને પારખુંરે, ભલશે માંહે
સંતોનો ભાગ, ૨

જન્મો જન્મનાંરે જાશે તાહારા મોરચારે, ઉજ્વલતે
થશે તાહારૂ રૂપ,
કાટતે કાંઇરે ફરી લાગે નહીંરે, સીકલી સાચા સંત સ્વરૂપ. ૩

સંત સ્વરૂપીરે ભવમાં નાવ છેરે, વીરલા કોઇએક બેશીને જાય,
જે જન બેઠારે તે જન ભવ તરીયારે, નીરાંત બીજા
ગોથાં ખાય. ૪

પદ ૫૧મું.

(રાગ સામેરી)

સામેરો સોહાગીરે સખી સદગુરૂ મલ્યારે, મલતામાં
મુજપર કીધી મેહેર.
વચન પ્રકાશ્યુંરે કહયું કરૂણા કરીરે, કહયા પછી પ્રીછવી
સરવે પેર. ટેક
પ્રેમરશ પાયોરે તૃષ્ણા ટલી ગઈરે, આશા આનદેવની ના થાય,
આપ ઓલખાયુંરે ભુલ ભાંગી ગઈરે, સુખ ઉપજાવ્યું
સમજણમાંય. ૧
તેણે સમેરે મન માહારૂં સ્થીર થયુંરે, આવરણ ઉડી
ગયુંરે આકાશ,
નીશાણું નીરખાવ્યુંરે નામ નારાયણનુંરે, પલમાં કીધો
પોતાનો દાસ. ૨
આશીર્વાદ દીધોરે દીનને દયા કરીરે, મુકયો કાંઇ મસ્તક
ઉપર હાથ,
નલીકા નીરખ્યાનોરે આપ્યો આનંદનોરે, દરશ્યા માંય
વીશ્વવા વીશ્વનો નાથ. ૩
મનવાંછીતરે ફલ મુને મલ્યુંરે, કરવો કાંઈ નવ રહયોરે ઉપાય,
પારશને પાયોરે પ્રભુજીના નામનોરે, નીરાંત નામે નીરભે થાય. ૪

પદ પરમું.

(રાગ સામેરી.)

ભણીને શું કુલ્યોરે મીથ્યા ફુલ ફલ વીનારે.
ભણે ઘણું વેદશાસ્ત્ર ને પુરાણ.
દુઝણી ને ધેનુંરે પય પડદે રહ્યુંરે
ગઉના પાલક પયના અંજાણ. ટેક
આશાને બાંધણીયેરે પુસ્તક બાંધીયારે, વીશેષ વાંચીને ભરવા પેટ.
પેટ માટે વહેતારે પારકા પોટલાંરે, નાખી ના દેવાય મોટાની વેઠ. ૧
ભણીને ભણાવીરે સુણીને તે શું કર્યુંરે, ઓલખી ના જાણ્યું પોતાનું આપ.
વંચકના જોયેરે વાંચ્યામાં નથી આવતોરે, અતમાના દરશ્યો વીશ્વમાં વ્યાપ. ૨
વીત્ત વરાનુંરે કહે કેમ આવશેરે, જમ્યા વીના જુઠી જાણશે વાત.
વાણીના તો વરારે નીત કહી શું કરેરે, વસ્તુ વીના કોઈ ના તરપત થાત. ૩
ગુરૂ થયા ઉંચારે ટેકરૂ જલ વીનારે, નીર તે ખાબોચીયા માંહે ભરાય.
વેદાંતને વાંચીરે સીદ્ધાંતને સહી કરેરે, સરવનુ સીદ્ધાંત દેહ કહેવાય. ૪

દેહ રહીત દરસોરે દેહમા આત્મારે, આત્મા પરમાત્મા એક થાય.
સતગુરૂ સ્વામીરે આપ ઓલખાવશેરે, નીરાંત નામે નામ ઓળખાય. ૫

પદ પ૩મું.
(રાગ સામેરી.)

સખી મને વાહાલોરે સુંદર શ્યાંમલોરે; શી કહું વાહાલપણાની વાત,
વીવેક રૂપીરે વીસરતા નથીરે, ઘડી ઘડી પલ પલ દીનને રાત. ટેક
સાસ ઉસાસેરે સખી મુંને સાંભરેરે, ભુધર ઉપર ઘણો છે ભાવ,
ગોવીંદ વીનારે કંઇ ગમતું નથીરે. લેઉં એની સુંદરતાનો લાહાવ. ૧
મનડું રહ્યુંછેરે એને મોહનીરે, ચંચલ ચીતડું ચાલે નાય.
આંખને ઠરીછેરે એની ઉપરેરે, હેત હરી હૃદય કમલની માય. ૨
પ્રભુજી પધારોરે મંદીર માંહેરેરે, વાહલા તેવસીરે રહ્યા છે વાટ.
નીરાંતનો સ્વામીરે સમરથ શ્રીહરીરે, વાહાલો માહારે પુરી મનની આસ. ૩

પદ પ૪મું
(રાગ આશાવરી.)

સાર વીશ્વમાં શી છે વસ્તુ, સત સમ જાવા સ્વામીરે.
સેવકના સંશયને ટાલો, નોતમ છો બહુ નામીરે. ટેક

સાધન આદી કરે બહુ કરણી, અનેક પંથ પલાયારે,
અપાર પાર શકું કેમ પામી, મીથ્યા ટલે મોહ માયારે. ૧
સંસ્કૃત આદિ ભણે સહુ ભણતર, ભાવ ઘણો ભણવાનોરે,
ઘણું ભણ્યા તે કયાં જઇ મલશે, એ સંસય હણવાનોરે.
બાહેર બંધન બહુ બાંધ્યુંરે, શું નહી શું કરીએરે.
વલી વીમાસણ એ છે મનને, નીવૃતિ કેમ આદરીએરે. ૩
સુત વીત દારા કુલ કુટંબ સહુ, નાના વીધનનુ નાણુંરે.
ઇંદ્રિ આદે વૈભવની વસ્તુ, મોહ મીથ્યા કેમ જાણુંરે. ૪
સર્વનું મુલ શરીરનું સોધન, સોધન શી પેર કરીએરે,
આંદી અંત ઓલખ્યામાં આવે, તો ભવસાગર તરીએરે. ૫
સદગુરૂ સ્વામી કહે સેવકને, સાર કહું સમજાવીરે,
નૌતમ નામ વીશ્વમાં વસ્તુ, સેવકને મન ભાવીરે. ૬
નામ વીનાનું સરવે નાટક, આદી અંત લય પામેરે.
નીરાંત નામ નીરખ નીસંસય, જગત પડયું સહુ ભામેરે. ૭

પદ ૫૫મું

(રાગ આશાવરી)

ધન ધનરે તેના કુલને વંદુ, જે કુલમાં હરીદાસરે,
કોટીક તીરથ વ્રત તેની જનની, પવીત્ર છે પુત્ર પ્રકાશરે. ટેક
વેદ પુરાણ ભાગવત ભાંખે, ગીતા અગોચર ગાયરે,
ત્રીભુવન તારણ દાસ દાસનો, મહીમા કહ્યો નવ જાયરે. ૧

શીલવ્રત તપ દાન ભાવ ભજન વીણુ, ઉર અંકુર નહી ભીજેરે,
રામ નામ રૂદીયામાં રાખે, તદવત તે નહીં ત્રીજેરે. ૨
દાસ હરીના હરી સમોવડ, અરસ પરસ એક જાણુંરે,
નીરાંત નામ ગુરૂ શીર સોહાએ, વારંવાર વખાણુંરે. ૩

પદ ૫૬મું

(રાગ આસાવરી.)

ધન ગોકુલ ધન ધન વ્રંદાવન, આહીર કુલ અજવાલ્યુંરે,
ગોલોકથી ગોવીંદજી પધાર્યા, સર્વ ઇચ્છા પણ પાલ્યુંરે ટેક
પુરૂશોતમજી પ્રીતીવંત થઇને, પ્રેમ ભક્તીને પોખેરે,
વલભ કુલને વીશેષ કરીને, સજ્જન સહુ સંતોખેરે. ૧
ગોપીજનને ગોપ મંડલી, વ્રીજ લીલા વીસ્તારીરે,
કૃષ્ણ નામ કરૂણાનીધી કહાવે, અબલા અધમ ઓધારીરે. ૨
દુષ્ટ તે દમતા દામોદર, માનનીઓ નામે વારે,
સદા કાલ સેવકના સાહ્યક, જે જેવા ત્યાં તેવારે. ૩
અનંત રૂપ અલબેલાજી, રૂની સેજના લહીયેરે,
નીરાંત નામ કૃષ્ણજી કહેતા, જીવન મુક્તા થઇએરે. ૪

પદ ૫૭મું,

રાગ આસાવરી.

વ્રીજકુલમાં વસીયા વીઠલજી, વલભ કુલ અજવાળ્યુંરે,
ગોપીનાથ ગુણશા વર્ણંવીએ, ત્રીભુવન નામ તમારૂંરે. ટેક.

વર્ણાશ્રમથી વીશેષ વંદુ, જોગ જુગતસે ન્યારૂંરે,
વલ્લભ કુલમેં ના આવે, સત લોક પેંસારૂંરે. ૧
પુરૂશોતમજી પ્રગટ પેખું, અખીલ ભુવનમાં એવારે,
બ્રીજનાવાસી સત ઉપાસી, નીજ નામની કરે સેવારે. ૨
મંગલકારી મહા મનોહર, દેવના દેવ દાખુંરે,
અજ આદે લેઈ ઇચ્છક એના, રૂપ રૂદેમાં રાખુંરે. ૩
અંતરજામી ઉરમાં વસીયા છે, સદગુરૂ રૂપે સ્વામીરે,
નીરાંત નામ પુરણ પુરૂશોતમ, બ્રીજ વીનતા પદ પામીરે. ૪

પદ ૫૮મું
(રાગ આસાવરી.)

રામ નામ રૂદીયાંમાં રાખો, આ અવસર છે સારોરે,
વણ સોજાતાં વાર ન લાગે, અવર નથી ઉગારોરે. ટેક
સાકુટને શું કહી સમજાવું, ભાવ વીના ના ભાવેરે,
હરીનામ હારીને બેઠા, વૃથા જન્મ ગુમાવેરે. ૧
ભાવ ભક્તી વીના ભુત સરીખા, નુગરા તે જન જાણુંરે.
પામરને પરીવાર ઘણોરે, પશુવત તે પરમાણુ રે ૨
ધન પખે તો ધર્મ ના પેખું, શરીર પખે નહીં સેવારે
ભુવન પખે નહી સત પધાર્યા, ઠામ અશુભના એવારે. ૩
તેથી વીશેષ હું કોણ વખાણું, શ્વાન માસના આહારીરે,
જાતી હીણુ પણ હરી ભક્ત છે, રામ નામ અધીકારીરે. ૪

આ સૃષ્ટીમાં સર્વથી ઉંચા, નીરખ્યા નામ સનેહીરે,
નીરાંત વર્ણાશ્રમથી ન્યારા, હરી ભજે જન જેહીરે. ૫

પદ ૫૯મું.

(રાગ આસાવરીનો)

જાણો રામ નામનો મહીમાં, જુગમાં કહેવા સરખું નથી કાંઈ
બીજુ સાધન અનેક ભાસવું, ઉતમ નામ સમોવડ નાહીં.
ટેક.

અનેક ઓધારયા નામ ઓચરતા, અધમ કરતાં હીણા કર્મ,
તે જન પામ્યા પુરણ ધામને, એક પલમાં કેવલ બ્રહ્મ. ૧
સુરી નર બ્રહ્મા શીવને શારદ, રટે શેષ નીરંતર નામરે,
પાર પામે નહી વેદ પોકારે, રહ્યા સરવ હારીને હામરે. ૨
સુરની ધેનુંને ચીંતામણી, કલ્પતરૂને સેવ્યા સંત,
સાર સેવા નીજ નામની, તેતો ફલ આપેજ અનંત. ૩
શુરતા સમજી સ ટેક મેહેલ ને, જાણને નામનો આસરો એક,
વીવેક વાંણી પ્રકે નાણી, નામની તારણ ટેક. ૪
નામ છે સ્વામીને નામ છે સેવક, નામ અનામી આપ,
નીરાંત રામ તે નામને ચીનો, નામ છતી છે છાપ. ૫

પદ ૬૦મું

(રાગ આશાવરીનો)

સુગમ સુગમ શામલીયો વાહલો, શીર સદગુરૂ હોય તેનેરે,
દુરમતી કોઈ દેખત નાહીં, કહીરે બતાવું કેનેરે. ટેક

અરૂપ છે પણ રૂપ અનોપમ, દરસ્યું હોય તે દેખેરે,
પાસે છે પણ પ્રીછી શકે નહીં, એવા અગમ છેઅલેખેરે. ૧
પ્રભુ પ્રીછયાનો સરવને સાચો, આવાગમનની આંટી.
અવર પીડનો પાર ના પ્રીછું, મુઢમતી છે રાંટીરે. ૨
કોઇ એક જન કર્મ ઉપાસી, કોઇ કર્મના ત્યાગીરે,
અનેક ઉપાયે અર્થ ના સુજે, હોરી વસત પણ આઘીરે. ૩
રામ નામ રૂદીયામાં રાખો, સદગુરૂ જેનો સાખીરે,
નીરાંત નીરખો નામ નીસાની, પાર પરાની દાખીરે. ૪

પદ ૬૧મું

(રાગ આસાવરીનો)

સદા કાલ સેવકને શીક્ષા, સંત સંભવતી કહીયેરે,
દયા દીનતા સેવ સંતની, રામ ભજનમાં રહીયેરે. ટેક
મન અંતરાય મુકીને મલ્યો, ભાવ સંગ તેરે ભાઇ,
અભાવથી અલગા થઇ રહેવું, મીથ્યા તજ મીત્રાઇરે. ૧
સ્વારથનો તો સંભવ નાહી, પરમારથની પ્રીતીરે,
મન કર્મ વચને માની લેવું, તજવો ચાલ અનીતીરે. ૨
ઉંચ નીચને નર કોઉનારી, જનમ મરણ દુખ જાશેરે,
નારાયણનું નામ સુમરતાં, તદવત એકતા થાશેરે. ૩
અદ્વૈત પદ એક નામ હરીનું, બીજું તે માયા પસારોરે,
નીરાંતની વૃતી પદ છે ન્યારૂં, નીરગુણ નામ ઉચારોરે. ૪

પદ ૬૨મું.

(રાગ મંગળ)

પ્રીછો ભાઇ સંત સુજાણ, સ્વરૂપ શ્રી રામનો,
પાઈ પદારથ દેહ, મણી માંહે નામનો. ૧
નામ તણોરે પ્રવેશ, સ ચરાચર માંહે જુવો,
સંતો નામ અનાદીક કહોકંદ, વાધી વેલ જગ હુવો. ૨
વદો વચન વીચારી, સાચો કરી નામનો,
શબ્દમાં સુરતી મેલાવો, મુકામ સુન ગામનો. ૩
ત્રીવેણીકે ઘાટ, મીલ રહ્યો નાથ શું,
પુજા કરો પ્રેમ આચાર, અનુપમ ભાવશું. ૪
અવર તણી જે આશ, સમજ કર પરહરો,
આપમાં આપ દેદાર, નામ પ્રિશ્ચે કરો. ૫
સદ ગુરૂકે પ્રતાપ, પાઇ ગઈ પલકમાં,
નીરાંત નીરંતર જાઇ, સમાઇ રહો અલખમાં. ૬

પદ ૬૩મુ

(રાગ હંસનીચાલ.)

ભણીને તું થયોરે ભીખારી, કમાયો શું.
ભણીને તું થયોરે ભીખારી. ટેક
સીદ્ધાંતનોરે સાર સમજી શકયો નહિ, વાણી તે
બહુ વીસ્તારી,
પોતાનું પોત નવ શકયો પારખી, ઉદરની વૃતી વધારી. ૧

જાચવાની જુગત તને જો ન આવડી છે, પુજાની પેઢી પ્રસારી,
એમ નથી જાણુતો કર્તા હું કોણ છું, વીખવાણુ જાણું વેપારી. ૨
કેહેણીના કૃત વડે ગુરૂ થઇ એઠા, સેવકની અરજ નવ સારી,
મરતી વેળાએ તમો ક્યાં જઈ મળશો, એ અર્થની
વાત ના વીચારી. ૩
દાસના દાસની દીનતા ના આવી, મોટપમાં લીધો છે મારી,
નીરાંત નામને તેં નવ ઓળખ્યું, જીત્યો જન્મ ગયો હારી. ૪

પદ ૬૪મું.

(રાગ હંસની ચાલ)

કર્મ કરી શું રે કમાયો, વીચારને, કર્મ કરી શું રે કમાયો.
ટેક.
નાહી ધોઇને તું નીત્ય આદરે છે, પંથી જેમ પંથે પલાયો,
જાગીને જોને તુ પોત તાહરૂં પ્રીછીને, કોણ યોનીનો
તું જાયો ૧
પુર્વ જોતા તો તાહારે કર્મ કાંઇ નોહતા, કયાંથી કર્મ
લેઈ આવ્યો,
પાછો વલીને તું કેમ નથી પેખતો, પરખ વીના પુરો પીડાયો. ૨
શુભ અશુભ કેમ જાણુને તે જાલ છે, જીવતે જાલમાં બંધાયો,
જુગતે જાલમાંથી કોઈ નીકલી શકે નહી, બ્રહ્માથી હોય સવાયો. ૩
પાછો વલે તો તું તરત પાર પામે, ને છુટે તે કેમ બંધાયો,
નીરાંત સદગુરૂ નામને સંભારતા. ગરવો ભયો ને ઘર પાયો. ૪

પદ ૬૫ મું.

(રાગ હુંસની ચાલ.)

તન તાહારૂં જોને તપાસી તું કોણ છે, તન તાહારૂં જોને તપાસી. ટેક
પાંચ તત્વનું પુંતલું બનીયું છે, માંહે સગુણ તત્વ નીવાસી,
પાંચની આદ લેઈ ગણીએ અઠાવીશ, એટલામાં આપ ઓળખાસી. ૧
આતમા પરમાતમા સહુના શાક્ષી, નીરબંધ નીરંજ્યા નીવાસી,
તુ તાહરૂં આપજો અલગું કે માંય છે, ભુલ ભણ્યા ને શી ભાસી. ૨
મરવા અવતરવાની બીક તને બાપડા, ચાર ખાંણ લખચોરાસી,
નીરાંત નીત્ય નામ નીરખને તું તાહારૂં, ઓલખે તો થાય અવીનાશી. ૩

પદ ૬૬મું

(રાગ હુંશની ચાલ)

સુગરાનું સુખ શું વખાણું, આદી અંત, સુગરાનું સુખ શું વખાણું. ટેક
વૃતીના વેગ સહુ વેગલા થયા છે, ઠરવાનું મલ્યું છે ઠેકાણું
આઠે પહોર નેહ નામની સંગાથે, અવરને ઉરમાં ના આણું. ૧
મરવા અવતરવાનો સંશે મટે છે, મનથી મુકાએલા જાણું,
વીદેહપણું દેહ દીસવામાં તાહારે, આપમાં આપ સમાણું. ૨

જીવન મુક્ત તો જેને કેહેવાય છે, એવા પુરૂષ પરમાણું,
વાણી જુવો તો વીકાર નહિ જેમાં, ઉઘડયું હીરાની ખાણું. ૩
અજ્ઞાન આવરણ ઉડી ગયું છે, વાયું અખંડીત વાહાણું,
રહે તે સંસાર માંને ભીન્ન સંસારથી, સમજણમાં
સાર સમાણું. ૪
મરીને જીવે તેનો દેશ એવો જાણવો, નામ સમાન નહી નાણું,
નીરાંત સદગુરૂ કામધેનું કેરૂ, એ દાસને જોઇ તું દુજાણું. ૫

પદ ૬૭ મું.

(રાગ હંસની ચાલ.)

નુગરાને ના જડે આરો, ઉતરવાનો, નુગરાને ના જડે આરો. ટેક
ભવસાગર ભય જલનો ભર્યો છે, કામ ક્રોધનો છે ગારો,
કોટી કલ્પ લગી કોઈ તરે નહીં, એવો છે પાપ પસારો. ૧
કીટ પતંગ ને બ્રમાલું ભાલજો, ભાલો નહિ ભવનો તારો,
આઝું શું કહીએ જી હું નહી જાણુશો, એવો છે ભવનો ભુલારો ૨
નુગરાના દરશનથી દોષ ઘણો લાગે, બોલચો છે
આતમ હત્યારો,
હરીથી વીમુખ તેના હાથ કોણ ઝાલે, સાકુટનો સંગ નીવારો. ૩
આરે સંસારમાં ગુરૂ વીનાનો કોણ છે, સર્વને શીર ગુરૂ ધારો,
દેહના ગુરૂ તો સર્વેને જાણજો, મનનો ગુરૂ છે ન્યારો. ૪
મનના ગુરૂ વીના ભુલ નથી ભાંગતી, એ તો ભુલે ભમે જગ સારો,
નીરાંત સદગુરૂ મનના મલે તો, પલમેં કરે ભવ પારો. ૫

પદ ૬૮ મું.

(રાગ હંસની ચાલ.)

આવ્યા છે જી માહારે ઘેર આજ, અણુ તેડયા.
મેહેર કરી મહારાજ, અણુતેડયા. ટેક
જેને કાજે અતી દેહુ દમેરે, આવ્યારે વીટમણા એવાજ
તો એ જાઝુના જલ વેગલાંરે, ધોખો મટે નહી ધાજ. ૧
કોટી ઉપાય કરે કોઇ વલીરે, હરી મલવાનો કાજ,
દરશણુ પરશણુ દેખે નહીંરે, એવા છે ગરીબ નીવાજ. ૨
સુખના સાગર શ્રી હરીરે, દલની ટાલણુ દાઝ,
અનુભવમાં આવી મળ્યોરે, રાખી છે ગુરૂજીએ લાજ. ૩
પ્રાણુજીવન પ્રસન્ન થયારે, આપ્યો અવીચલ સાજ,
કો કાલે જે નામીટેરે, બોલે બોલ્યાથી બાજ. ૪
મન ક્રમ વચને એક વરયોરે, અન્ય થયું સહુ નાજ,
નીરાંત નીરખ્યા નીજ નામનેરે, મનનો મટયો છે અવાજ. ૫

(પદ) ૬૯મું

(રાગ હંસની ચાલ)

શીદને મરોછો તાંણી, વરેલા.
મહારૂંને તાહરૂં મન મીથ્યા કરો છો, મીથ્યાજ બોલવી વાણી, ટેક
આવ્યા ત્યારે તમે શુંરે લાવ્યાતા, ને લેઇ જવાનું લેજો જાણી,
આગળ ગયા તેનું સ્થલ જુવેની, તે શોધી ના જડેરે એંધાણી. ૧

કાયાનો પાયો જુવો છેક છે કાચો, તે ઉપર ઇમારત આંણી,
દેખત ભુલી તમો ડાહ્યા ખુડો છો, સમજ્યા નહી વૃદ્ધીની હાંણી. ૨
સુત વીત દારા તે અંતે રહેશે અલગાં, ને મીથ્યા થશે મોજમાંણી,
હરીના ભજન વીના હાણી ઘણી થશે, ને ભોગવશો ભવની ખાણી. ૩
શાનાત મોસુખીયાંને; હુતો દુખીયાં દેખુછું, છેલ્લું જુવોને એછાણી,
દેખીપેખીરે તમો ડાહ્યા ભુલોછો, કોણ લઇને ગયા છે કમાંણી. ૪
મનુષ્યારે દેહીનો લાહુયો લેવો, ને હરીને જુવોને હેત આણી,
નીરાંત નીકર જાશો વેહેવાયા, પસ્તાશો પલમાં પ્રાણી. ૫

પદ ૭૦ મું.

(રાગ હંસની ચાલ)

જોયુંરે જાગી મહારે મન ટેક

નીદ્રાવત અજ્ઞાન પલાયું, ભુલ ગઇ ભાંગી,
સાધન સર્વ સ્વપ્નવત નીરખું, તનરે થયું ત્યાગી. ૧
તોલ્યું તત્વ છે ત્રણ ભુવન મેં, નામ નીરખ આઘી,
મુલ જોતાં માયા થઇ અલગી, લખરે અલખ લાગી. ૨
પરસ પરસ થઇ મહા મંગલ પદ, ઓળખ્યા અનુરાગી,
નીરાંત નામે સ્નેહ મળ્યો છે, મોજ મળી માગી. ૩

(પદ) ૭૧ મું.

(રાગ હંસની ચાલ)

કંઇ ના લહ્યું સારૂ કૃત્ય મેં, કંઈ ના લહ્યું સારૂ. ટેક
પુન્ય કર્યાથી પાર ન આવે, દ્રવ્યનું ખોટારૂં,'
તીરથ વ્રતને જપ કરી થાકયા, મંનના ઠર્યું મહારૂં. ૧
સેવા પુજા સાધન કરીયા, વીધ વીધ કર વારૂ,
ભણ્યુ ભણાવ્યુ ગણ્યુ, સાંભલ્યું, નાટલ્યું અંધારૂ. ૨
જોગ જગનને શ્વાસ સમાધી, અંતર ઉજીયારૂ,
પંડ લગી એ પ્રપંચ જાણું, આપ રહ્યુ ન્યારૂં. ૩
સાધ સંગત ને ગુરૂની સેવા, સુમરણ ઉર ધારૂં,
નીશાંત નામ ચીન્યા વીના મીથ્યા, જુકતી સહું જારૂં ૪

(પદ) ૭૨મું

(રાગ હંસની ચાલ.)

પંથનો પાર ન આવે ભજન વીના, પંથનો પર ન આવે, ટેક
લખ ચોરાશીમો પંથ છે પુરો, ચાર ખાણુ ફરતો ફેરાવે,
જનમ મરણ જીવ જાલમાં બંધાયો, તે હરીવીના કોણ છોડાવે. ૧
અલ્પ આવરદા ને કાલને આધીન, દુઃખનો દેહ ધરાવે,
કીટ પતંગને શ્વાંન બીલાડ ખર, અગણીત કોણ ગણાવે. ૨
ધરતી ને આભ વચ્ચે કોઈ ના મલે, બાપડો કોણ બોલાવે,
દુખનોરે અંત કોઇ આણી શકે નહીં, મૃત્યુથી કોણ મુકાવે. ૩

મનુષ્યા દેહનોરે મહીમા છે મોટો, સર્વથી ઉંચ કહાવે, ૧
મનુષ્ય થયો ને હરિ નામ ના જાણ્યું, અંધ અહી
મણીને ગમાવે. ૪
હરીના ભજન વીના છેક થયો હીણો, ને શાણપદ કોઈ'ના'
સરવે.
નીરાંત સદગુરૂ'ના' મલ્યા જેને, તો નુગરાને કોણુ ન ભાવે. ૫

પદ ૭૩મુ.

(રાગ હેલારી.)

દરીયાનું મોતી, મરજી વા હોય સો લેશે. ટેક.
મુકો સાકર સાત અસમાન, કીડી જઇ ખાશે,
સાધુ અરસ પરસ મલીને, ગુણ ગાશે. ૧
હરીયલ કાઠી મોતને, ભાઇઓ સાસે,
તોય જુઓ કાષ્ટ, એનાથી ન તજાશે. ૨
એવું ધ્યાન હશે તો, ધણીને ભજાશે,
નહીં તો જાણો ખોટી, સહુ આશે. ૩
ભોલા ગુરૂથી, અબુધ ભરમાશે,
જો તરવું તો આવો, નીરાંતની પાસે. ૪

(પદ) ૭૪મુ

(રાગ ગોડી.)

પ્રથમ ગુરૂજીને પાયે લાગું, માગ્યું મુજને આપો,
કરૂણાનીધી કૃપા કરીને, ભવનું બંધન કાપો. ટેક

જન્મ મરણુ જમ ત્રાસને ટાલો, અભે કરો અવીનાસી,
પુરણુ પદ પુરૂશોતમ પામું, વામું લખ ચોરાશી. ૧
આદી અંત મુજને ઓળખાવો, સંસય સુલ સમાવો,
મરતી વેલાએ મન કયાં જઈ મળશે, સ્થીરતા ઠામ ઠરાવો. ૨
જીવત જઈ પોહોચું તે પદને, સદગુરૂ આશ તમારી,
ભીન્ન સમે માહારૂં ભાન ભુલાશે, મતી નહીં પોહોંચે માહારી. ૩
અંતર જામીને નથી અજાણ્યું, દાખે દેવ દયાળુ.
આદી અંત ને મધ્ય મળવાનું, નીરાંત નામ નીહાલું. ૪

પદ ૭૫મું.

(રાગ ગોડી.)

ગગનમેં રામ રટણુ ધુન લાગ, એસાહે કોઈ બેરાગી.
ગગનમેં ટેક
અગભે આસન ઉપર બેઠા, ઉલટા રહ્યા સમાઇ,
અનુભવ નેત્રસેં નીરખન લાગી, બોહોર ન આવે જાઇ. ૧
સાધન સબ ઘટ એક સમાસા, આપ બીના નહી દુજા,
આતમ રામ ઠોર મન થાકા, સબ ઘટ સાહેબ સુજા. ૨
નામ નીરંજન ગુરૂહી લખાવે, સાહેબ સકલ પસારા,
ઘટ ઘટ રૂપ રામકા સંતો, બોલતાહે સો ન્યારા. ૩
નાહી કહ્યુ સંશે શબ્દ કું ચીન્યા અરે કહે સો અદીઠા,
નીરાંત નામ નીરંતર ચીન્યા, બીન રસના રસ મીઠા. ૪

પદ ૭૬મું.

(રાગ ગોડી.)

મેં તબ જાણું પુરા ગુરૂ મીલી આયા, પુરે ગુરૂકી એહી નીશાની,
અપનાહી આપ લખાયા. ટેક.
આપ વ્યાપમાં વ્યાપ આપમાં, દુજા ભરમ મીટાયા,
ડોલત મનકું અડોલહી કીના, ફેર ના જાત ડોલાયા. ૧
પાંચ પચીશ બસે ઘટ ભીંતર, અપ અપને ઘર રાયા,
ભીન ભીન મત ઘેર ઘેર કે, સબકું એક ઘર લાયા. ૨
ગગન ગુફામેં સ્હેજે સુમરણુ, તંતે તંત મીલાયા,
નામ સનેહી નેહે ચલકીના, સેવક સદગુરૂ પાયા. ૩
લખે લખાવે દો દુનીયામાં, ઓર ઠગા ઠગ આયા,
નીસંત નામે કીયા નીવેસ, ઘટ મઠ પટ પરખાયા. ૪

પદ ૭૭મું.

(રાગ ગોડી.)

ગુરૂ સોહી મનકી આદ લખાવે, ધન ગુરૂ નામ ધરાવે. ટેક.
મનકા સાંસા મનકું પડીયા, તન છુટે કહાં જાવે,
આદ અંત મન મનકી જાને, તબ મ'ન મુક્ત કહાવે. ૧
મ'ન આદે સૃષ્ટી સબ મનકી, મન તન રૂપ બનાવે,
પીંડ બ્રહ્માંડ સબ મનકા કીના, મનમાંહી ખાસ બસાવે. ૨

મન માયા ને સબહી બનાયા, આદ અંત મધ માયા,
મુલ ડાલ સબ મનહીકું જાણો, બીજવત બ્રહ્મ સોહાવે. ૩
જપ તપ ક્રીયા પઢાવો ગણુવો, જોગ ધ્યાન નીર માવે.
મન અંધા સબ કૃતવ્ય ધંધા, ભુલે મરમ ના પાવે. ૪
મનકી આદ અનાદી કેસા, કીસ બીધ ઠામ ઠેરાવે,
નીરાંત નામે મંન વલંભે, નીરભે પદ સોઈ પાવે. ૫

પદ ૭૮મું

(રાગ ગોડી.)

તરો સબ અપના આપ બીચારો, આપ બીના કછુ ઓર ન દુજા,
સાહેબ આપ તીહારો. ટેક.
જન્મ મરણુ જમ સંશે મીટે, ઉતરો ભવ જલ પારો,
એહી ચીન પરે સોઈ તરહી, ઓર ડુબે જગ સારો. ૧
દુરમતીમેં સબહી ડુબે, વેદ પુરાણુ પુકારો,
જોગ જગત જપ તપ સબ કરહી, મીલ મીલ જગત ભુલારો. ૨
શીવ બ્રહ્માદીક નારદ આદે, ધ્યાન સમાધી ધારો,
જો કછુ કરહી સો વાકું ન પહુંચે, પુન્ય પાપથી ન્યારો. ૩
સદગુરૂ પાવે અલખ લખાવે, તન મન તાં પરન્યારો,
નીરાંત નામ સનેહી તરહી, નામે કરે નીસ્તારો. ૪

પદ ૭૯મું

(રાગ ગોડી)

જગત સબ આપ ચીન્યા બીન અંધા, પઢવે ગણુવે
વેદ આદ લેઉ, સબહી ઉરકા ધંધા. ટેક

મંત્ર જંત્ર ભેરવ ભવાની, વીર જોગણી જંદા,
ઉન સંનત કરી આપ ભુલાયો, પરેહેં કાલકે ફંદા. ૧

ખટ દરસન મલી ખેલ લગાયો, કહાવે સાહેબકા બંદા,
ઉન સબે આપ લખે નહીં આયો, ભેખ ધરણી ભીખંદા. ૨

પ્રંપચમેં સબ પચ પચરહારે, સંશેય શેસરે મંદા,
સાર અસારકી સુઝ ના પાઇ, ચઢે હેં ખોટકી ખંધા. ૩

સદગુરૂ પાવે અલખ લખાવે, છુટે સકલ કુલ બંધા,
નીરાંત નામ આપકો પાયો, એહી સાર કેરી સંધા. ૪

પદ ૮૦ મું.

(રાગ ગોડી)

નામ બીના, તું બહુત કૃત કમાવે. ટેક

જેસે નીર ઉસકો પીવે, બોહોત પીવે પણ પ્યાસ ન જાવે,
જપતપ નીમ વરત બહુ કરની, જ્યું બાલકપેં ખેલ ખેલાવે. ૧

કરત હેં એ છુટનકો ભાઇ, તેમ બાપડા બહુત બંધાવે,
મુરખ મન સમજત નહીં એસો, કોડી ગ્રહી હીરા ગમાવે. ૨

બીન કીમતકા એહ પસારા, ગાંધી વસ્તુ બહુત બસાવે,
નીરાંત નામ ગુરૂ નહી ચીન્યા, બહુત વસ્તુ વસ્તુ ન પાવે. ૩

પદ ૮૧મું.

(રાગ ગોડી)

હમ હેં વાહી દેશકે વૈરાગી. ટેક

બીના સતગુરૂ કોઇ જાઇ શકે નહી, સદગુરૂ આંદ અંતકે
હેં ત્યાગી.,

વાહી દેશ થેં સબ ચલી આયે, દુર પરે દુરમતી નાહી ભાંગી. ૧

અમર લોકસેં દુનીયા આઇ, મહા જલ મીન પરી હેં આઘી,

છીલ રમે સબ ખુશ રહે હેં, જલ ધરે જબ મરે તન ત્યાગી. ૨

જન્મ મરણ તા જંનકુ નાંહી, જાકું ચોટ શબ્દકી લાગી,

નીરાંત નામ લખ્યા વાહી દેશી, જાઇ મલે મનવા જે જાગી. ૩

પદ ૮૨મું.

(રાગ ગોડી)

વેશ ધરી કોણુ કરાવે જગ હાંસી. ટેક

પંડીત વેશ પુરાંણીરે કહાવે, ઓલખ નહી અવીનાશી,

શબ્દજાલમેં સંસય પર્યો હેં, આશામાં પડયોને નીરાશી. ૧

મુંડ મુંડાવે ભગવાં કહાવે, સાચા વેશ સન્યાસી,

આપ અડોલકી ઓલખ નાંહી, ડોલત મંનહી ડોલાસી. ૨

જટા વધારે ને ખાખશું ધારે, નાગા વેશ નીકાસી,

આપ અલખકર ઓલખ નહીં ભઈ, ભયે ન સ્વરૂપ ભાસી. ૩

તપસી કહાવે ને તન તપાવે, તન ના દેવે તપાસી,
હઠ જોગ સો હઠીયારે કહાવે, આપે આપ ગુમાસી. ૪
સ્હેજ બાતમેં સબ સુખ પાવે, ત્યાગી કાહા ઘર બાસી,
સદગુરૂ સાહેબ સનમુખ હોવે તો, ઘર ગંગા ઘર કાશી. ૫
આપ લખાવે ને સંસે મીટાવે, પાવે શબ્દ વીલાસી,
નીરાંત નામ નીરખ તરતારણ, તારણ સોઇ તરાસી. ૬

પદ ૮૩મું.

(રાગ ગોડી)

રે ભાઈ એ સદા નીરખી પરખી ગુરૂ કરવા ટેક
તનનો કે મનનો પરચો નવ દેખો, તો પગ જઇસેં ધરવા,
ઝાઝ મળ્યું પણ ઝાઝી નથી તો, કઈ વીધી પાર ઉતરવા. ૧
કાલ જાલમાં ગુરૂજી દાઝે, એનું ઉદર દેજો ભરવા,
જંજાલ જોઈને સાધુ કહેવા, દરશણે લાગે વરવા. ૨
તપ કેરી તો વાત ન જાણે, લાગે સાધસેં ડરવા,
રૈ રૈ નરકે જઈ પડવાનું, આખરમાં જાવું ચરવા. ૩
આઠ ધાતુઓ ભેગી કરીને, પેટી મુકી ધરવા,
એમાંથી કોઈ નીકલ્યા તે તો, જાણો ચાલ્યા મરવા. ૪
એવા બીચારા કંઇ મરે છે, જઈ કોના પગ ધરવા,
અપાર લીલા સદગુરૂ કેરી, જાણે જે સંસાર તરવા. ૫

અભુત બાપુ શીષ હુમારા, સુણો કાન કરી શરવા,
નીરાંત નીરંજન એ કદી આવે, સંસાર સાગર તરવા. ૬

પદ ૮૪મું.

(રાગ ગોડી)

રામ રસ પીવે સો જન પુરા, સતગેં કોઇ એક સુરા. ટેક
રામ રસ ને પ્રેમ પ્યાલા, પાકા પાત્ર ના ફુટે,
આપ પીવે ઓરનકું પીલાવે, તલભર તામેં ન ખુટે. ૧
રસ મતબાલા રૂપ બખાણું, મગન રહે મન માંહી.
ત્યાગી તનકી શુદ્ધ બીસારી, છાક ચઢી ભય નાહી. ૨
ગગન ગુફામેં ચોગાન ગ્યાનકા. આપ રહે અકેલા,
આન દેવ વાકે દીલ નાહી, નહી ગુરૂ નહી ચેલા. ૩
અનંત કલા વે તનકે માંહી, ઉલટ સમે સંસારા,
નીરાંત દાસ દેખ્યા તા માંહી, તીન લોકસેં ન્યારા. ૪

પદ ૮૫મું.

(રાગ ગોડી)

ન જાણુ પ્રીયા, કોન બાત પર રાજી. ટેક
મેરે અજાની કછુ મરમ ના પાઉં, બહોત બનાઈ તેરી બાજી,
બાજીસેં બાજી મીલ ખેલે, ભુલે હેં પંડીત કાજી. ૧

શીવ સનકાદીક નારદ આદે, ભારે પદ બ્રહ્માજી,
આન ઉપાસીકો કોન ગીનત હેં, બાવન મતમાં બીરાજી. ૨
બાજી કીમે જાઉ બલીહારી, બાજી ઉપર સબ રાજી,
બાજીગરકું કોઉ ના બુઝે, એસી અકલ મત છાજી. ૩
બાજીગરકું કોન બુઝાંવે, અન મીલે સબ સાજી,
કાલ જાલસેં તબહી બચે, સદગુરૂ પાવે અવાજી. ૪
બાજીકી તજ્યા બુજ્યા બાજીગર, સદગુરૂ બુઝયા નવાજી,
નીરાંત નામ બાજીગર બુઝે, રહયો હેં ગગન ધુન ગાજી. ૫

પદ ૮૬મું.

(રાગ ગોડી.)

દુનીયા, મરદ ઝુકીદો મંનકો, ફેરફાર નહી ફના હોઇ જાયગે,
નહી ભરોસો તનકો. ટેક
કહાંસે આયે કાંહા તુમ જાવોગે, ખોજ કરો ને ઉનકો,
દો દીનકી જીંદગાની સારૂ, કહા કરો તુમ છનકો. ૧
સંસાર સુખ સ્વપ્નાવત દેખો, કોઇ જગે નહી કીનકો,
સબ કોઈ દેખત જાના હોયગા, રહેણા નહી એક દીનકો. ૨
ફુલ ફુલ્યા સો કલ કરમાયેગા, જાતા નહી બેર જોબનકો,
નીરાંત નામ ગુરૂકા ગ્રહીલો, સહું સુધરે સો જનકો. ૩

પદ ૮૭મું.

(રાગ ગોડી.)

મન કોઈ મીથ્યા ના મરસો ભટકી, પુરા ગુરૂ વીના પાર ના પાવે,
ખોજ ખબર નહી ઘટકી. ટેક
સાધન કરમ ધરમ બહુ ધોખો, ખોટી કલ્પના ખટકી,
દેખા દેખી દો દશ ધાવે, લાલચમાં રહ્યા લટકી ૧
ખલક ખેલની ખટપટ ખોટી, કરમ કટે નહીં કટકી,
જુઠી વાતે જન્મ ગુમાવ્યોં, જા તન મુકે વટકી ૨
જોગી જતી ને તપી સન્યાસી, હાર ના મુકે હટકી,
આપની મતસેં જ્યાં ત્યાં અટકે, ભજવી ભેખ ઉલટકી. ૩
જો કછું ચાહે સો ઘટકી ભીતર, દુરમતો દો પટકી,
નીરાંત નામ નીરખો ગુરૂદેવ, રહો અંતરમાં અટકી. ૪

પદ ૮૮મું.

(રાગ ગોડી)

એ કર્તા પદ કોને કહીએ, ખીર નીર બે મળ્યાં એકઠાં,
હંસ કરે બે છાને. ટેક
બગસો વાંકુ બુઝ શકે નહી, હંસ ગતી ગુણ ન્યારા,
મેં સાહેબ મેં સાહેબ મેરાં, પરખે પરખન હારા. ૧
જીવ શીવ કહેવામાં કહેવા, માયા પદ કહો કેવું,
જીવ શીવ પર જે પદ છે, તે પદ સમજી લેવું. ૨

એક શબ્દ સબહીં સરખા, શબ્દહી સરજનહારો,
શબ્દાતીતકો કોન લખાવે, સો સબ લખતે ન્યારો. ૩
એસા એક અનંતમાં દેખો, અનંત એકમાં લહીએ,
નીરાંત નામ નૌતમ વાંકો, સમજ ગ્રહો કો કહીએ. ૪

પદ ૮૯મું.

(રાગ કાફી ધીરાનો)

અનુભવ એવોરે, અંતર જેને ઉદય થયો.
કૃત્ય ટળ્યા તેનાંરે, તેણે તેનો આતમા લહ્યો. ટેક
આત્મદરશી જેને કહીએ, આવરણ નાંહી લગાર,
સર્વાતીતને સર્વનો સાક્ષી, ખટવીશનો નીરધાર,
તેથી પર પોતેરે એકા એકી, આપ રહ્યો. અનુભવી ૧
એ વાત કોઇ વીરલાં જાણે, કોટીકમાં કોઈ એક,
નામ વીનાની વસ્તુ નીરખે, એ અનુભવનો વીવેક,
મુક્ત પદ માણેરે, દ્વૈત ભાવ તેનો ગયો. અનુભવ ૨
અદ્વૈતપદને ઇચ્છા નહી, ઋણઇચ્છાએ થાય,
યથારથપદ જેને કહીએ, જેમ ઉપને તેમ જાય,
પ્રૌઢ પ્રભાતે વેહેલોરે, સંસાર જાયે વહ્યો. અનુભવ ૩
જાગ્રત સ્વપન સુષુપ્તી તુરીઆ, તુરીઆ અતીત પદ તેહ,
સ્થુલ સુક્ષ્મને કારણ કહીએ, મહાકારણથી પર જેહ,
પરાપાર પરખોરે, જેને નેતી નેતી વેડ કહ્યો, અનુભવ. ૪

હું સહોતારથ જે જન કહીએ, જે જન સત્ય સ્વરૂપ,
તે જનની હું જાઉં બલીહારી, જે સદગુરૂનું રૂપ,
નીરાંત નામ નીત્યરે, નામી નામ ભયો, અનુભવ, ૫

પદ ૯૦મું

(રાગ કાફી ધીરાનો.)

મહા મંત્ર મોટોરે, નારાયણ નામ તણો,
પખે સરવ પુરોરે, ગમે તો મન ભાવે તે ભણો. ટેક
શીખો તો મંત્ર છે એ નામ નારાયણનો, સદગુરૂજીની પાસ,
સદગુરૂ શીખવે કૃપા કરીને, ટલશે અવરની આશ,
પીડ પીલાશેરે, થાશે તે ગુણ ઘણો, મહામંત્ર. ૧
જુગત કરીને જંત્ર લખાવો, પ્રેમપત્રી છે સાર,
મંન માંદલીયા માંહે મઢાવો, રાખો રૂદીયા મોઝાર,
બીજું સરવે જાણોરે, સાધન સૌ શમણો, મહા મંત્ર ૨
જન્મ મરણનું મહા દુખ મટે ને, કોટી કર્મની જાલ,
આવાગમનની આંટીરે છુટે, મટશે આલ પંપાલ,
મંત્રનો મહીમા એવોરે, ઓળખ્યો આપ આપણો. મહામંત્ર. ૩
એરે મંત્રની એ છે આહુતી ને, સત્ય મત રાખો સોઇ,
વીના આધારે આકાશે ચઢવું, ચઢી શકે નહી કોઇ,
આધારે રહેવું એનેરે, સાધી તે જન કોઇક જાણો. મહામંત્ર. ૪
મનુસ્યા દેહીનો એરે મંત્ર છે, અવરને નથી અધીકાર,

મનુષ્ય થયો ને મંત્રના સાધ્યો, ધીક ધીક તેનો અવતાર,
જીવત પશુ જાણેરે, અલ્પ જેની એકતાગણો. મહામંત્ર. ૫
મહામંત્ર કેમ વર્ણવીએ, નીર્વાણી વર્ણવ્યો ન જાય,
વીશ્નુ વીરંચી આદી લઇને, સહુકો એને ન્હાય,
નીરાંત મંત્ર સાચોરે, મલે ના સદગુરૂ વીના. મહામંત્ર. ૬

પદ ૯૧મું
(રાગ કાફી ધીરાનો.)

ધન્ય વંદુ તેનેરે, નારાયણ નામ લહ્યું,
જન્મ જીત્યો જાણુંરે, સંકટ તેનું સરવે ગયું. ટેક
આ અવસરમાં એ ન ઓળખવું, ને બીજું તે કાચું કામ
અનેક પતીત તો આગે ઓધાર્યા, એવું નારાયણનું નામ,
અદ્યાપી એનુંએ છેરે, કહેણીમાં સર્વ એજ કહ્યુ. ધન્ય. ૧
આલોક મુકી પરલોકમાંને, સાત લોકમાં વાસ,
જીવનમુક્ત તો તેનેરે જાણો, જેને નથી અવરની આશ,
એ વાત કોને કહીએરે, ગુરૂનું જેણે ગ્યાન, ગ્રહ્યું. ધન્ય. ૨
લહ્યું ના લહ્યું તે કેમ લેવાશે, ને કરણીના દીશે કાંઈ,
પોહોંચ્યાં જન ને એમ પારખવા, અવીધા આદરે નહીં,
વાણીનો વલ સુધારે, વેદકનુ વેંધે હઈયું. ધન્ય. ૩
ગુરૂ દયાનો પાર ના પ્રીછે ને, જેમ, તેમ બોલે લોક,
અંતર ગત ઓળખ્યામાં ના આવે, કુલ ફાલુનોરે ફોક,
સમજીને વેણ સહેવુંરે, કઠણ ના જાએ સહ્યું. ધન્ય. ૪

ભવસાગરમાં ફેર ભટકે તો, પામર ના પામે પાર,
લખ ચોરાશી યોની અવતરે, સુખ ના લહે લગાર,
દુખ દરીયા જેવું રે, થોડા સારૂ સબલ થયું. ધન્ય. ૫
અનેક વીધીના ધર્મ આદરે, નીત્ય નાહુના પ્રકાર,
આવાગવન તો એમ ટલશે નહી, નામ વીના નીરધાર,
નીરાંત નામ ગ્રહીનેરે, કર્તાપણું મેલ્ય વહ્યું. ધન્ય. ૬

પદ ૯૨મું

(રાગ કાફી. ધીરાનો.)

અનુભવીયાનો ઉપદેશ, એને કોઈ સમજે તો સમજાશે,
આવરણ નાંહી આવે લેશ, આત્મા ઓલખો તો ઓળખાશે, ટેક
એ દેહ રહીત દરસ્યામાં આવે, જેમ પ્રતીબીંબ પાણીમાં,
બીંબ બાહ્યજ પણ પરખ પાણીયે, એમ દરશાવે વાણીમાંરે. ૧
એસર્વની માંહે ને સર્વથી ન્યારો, સર્વનો પ્રેરક પોતે,
અળગો ને વળગ્યો સહુ સળગ્યો, દરસે આપ ઉધોતેરે. ૨
સ્થુલ સુક્ષમ મન કારણ કહીયે, મહા કારણ ને મેલી,
કૈવલ પદને કોઇ એક જાણે, વીશ્વ નામની વેલીરે. ૩
બોલે તે બોલ્યામાં નાંહી, દરશી નહી દરશ્યામાં,
ચાલે તે ચાલ્યામાં નહી, સ્પરશી નહીં સ્પરશ્યામાંરે. ૪
તન તેનું તેને તન નાહી, એ અનુભવીયાનો આશે,
નીરાંત નીરખો જીવન મુક્ત છે, બંધન સર્વે જાશે. ૫

પદ ૯૩મું

(રાગ કાફી.ધીરાનો)

મળે ગુરૂ સાચારે, સત્ય . સોઇ ઓળખાવે,
સત્ય એક કહીયેરે, અસત્ય બીજું ના ભાવે.
ઉતપન્ન થાય ને પ્રલય પામે, એટલું અસત્ય કહેવાય,
સત્ય સદોદીત જેમનું તેમ છે, ના આવે ના જાય,
પદ અવીનાશીરે, અલખ લખમાં આવે. મલે ગુરૂ ૧
નામ રૂપ ને ગુણ નહી તેને, સત્ય સર્વેમાં સાર,
એકા એકી એને કહીયે, એને સહુ વીસ્તાર,
નીત્ય પદ ન્યારૂંરે, સર્વેમાં :દરશાવે. મલે ગુરૂ. ૨
અવીનાશી છે સબ ઘટવાશી. અણુ મેરૂ સંતુલ,
કીટ પતંગને બ્રહ્મા આદે, વસ્તુ એક અમુલ,
અભે પદ એવુંરે, પોતાનું પોત પરખાવે. મલે ગુરૂ. ૩
ખીર નીર બે મળ્યાં એકઠાં, નોખું કરે તે હંસ,
જીવ શીવની પર જે પદ છે, નવ નીરખે બગ વંશ,
હંસની સરભરરે, બગ કહો કેમ આવે. મલે ગુરૂ ૪
ભેખ પખે તો ભણું બરાબર, ચારા પખે બગ હંસ,
નામ પખે કોઇ વીરલા જાણું, તે વીશ્વ નામનો વંશ,
સત્ય નામ સાચુંરે, નીરાંત નામ નીત્ય કહાવે. મલે ગુરૂ. ૫

પદ ૯૪મું.

(રાગ કાપી ધીરાનો)

કોણ લખાવેરે, અલખની એંધાણી,
એ કોણ કહાવેરે, કહી ના શકે વાણી. ટેક
નામ નહી તેને શું કહીએ, રૂપ રેખ નહી ભાસ,
ગુણ નહી ને સોગુણ દાખવોયે, અલગો આપ નીવાસ,
ભાવ ભરીસોરે, આરત અંજાણી. કોણ લખાવેરે. ૧
મન પવન સુરતા નવ ચાલે, ધ્યાને નવ ધરાય.
સાધન શ્વાસ ઉશ્વાસ ના પોહોંચે', જોગ સમાધી
ના સોહાય,
વેદ આદી વીધારે, ભણી મત ભુલાણી, કોણ લખાવેરે. ૨
સીવ બ્રહ્મા ને નારદ આદી, સર્વ અભાસી દેવ,
અંધા કાષ્ટ આધારે વહેતા, આપ રહ્યા અભેવ,
વીત્ત વીશ્વનુંરે, નીત્ય પદ નીરવાણી. કોણ લખાવેરે. ૩
ખટ દરસણ ખોલ્યે નવ લાધો, વર્ણાશ્રમથી દુર,
સ્થાવર જંગમ સભર ભરાભર, કેમ ભાસે ભરપુર,
કુત પડયાં કાચાંરે, બુજ'ના' બુજાણી- કોણ લખાવેરે. ૪
યથારથ પદ જેમનું તેમ છે, અકલ કલ્યું નવ જાય,
સદગુરૂ સ્વામી કરે કૃપા તો, આપે આપ ઓળખાય,
નીરાંત નામ નીરખોરે, સાક્ષીવત જાણી કોણ લખાવેરે. ૫

પદ ૯૫મું.

(રાગ કાલેરો)

આ અવસરની જાઉ બલીહારી, મન વાંછીત ફલ થાયેરે,
સંત સમાગમ સેવા બંદગી, ગુણ ગોવિંદના ગાયેરે. ટેક
હારદ જોતાં હરીરૂપ છે, વીરલા વંદે વારૂરે,
ત્રીભોવનમાં તુલના ન આવે, સત્ય પદારથ સારૂંરે. ૧
વેદ આદે લઇ વાણી વીસ્તારી, બ્રહ્મા આદે લઇ ભ.ખીરે,
નર નારાયણ નર દેહ નીરખો, આદ અંતનો સાખીરે. ૨
ખીર નીર નો કરે નીવેડો, જીવ શીવને જાણેરે,
અકર્તા ઓળખાય અનાદી, મનુષ્ય દેહને ટાણેરે. ૩
સંત સમોવડ શું કહી દાખું, સદગુરૂ રૂપે સોહાગીરે,
મનસા દેહીનો મર્મ ન જાણ્યો, એવા નર અભાગીરે. ૪
હરીને ભજતાં હરી સમોવડ, ભીન્ય ભાવના જાણુંરે,
નીરાંત નીશાવંત તન ન્યારો, મનુષ્યા દેહી તે વાહાણુંરે. ૫

પદ ૯૬મું

(રાગ કાલેરો.)

ગુરૂ મળ્યાથી સર્વે શુલભ, ના મળ્યાથી કાચુંરે,
કોટી ઉપાય કરો નર કોઇ, કોડી હીરો શું સાચુંરે. ટેક
કોટી કૃત્ય કરો જન કોઈ, હીરો નામ હરીનુંરે,
કયાં હીરો કયાં કોડી કહીયે, કોડી કર ત્રણ દીનુંરે. ૧

ઈંદ્રીય રહીત પદારથ પ્રીછો, તે ઈંદ્રીયને નવ આવેરે,
સહું મે' વરતે સહુથી ન્યારો, સાખી સાખ નવ કહાવેરે. ૨
એ સમજણ તે સુખીઆ કહીએ, ઓર દુખીયા સહુ દીસેરે,
પુરણ રસ પણ પ્રીછી શકે નહી, પરખ વીના કામ પ્રીછેરે. ૩
કોટી ઉપાય કરો નર કોઈ, મન મતાના ભાઈરે,
નીરાંત નામ નૌતમ ગ્રહીએ, છાંડી સહુ ચતુરાઈરે. ૪

પદ ૯૭મું

(રાગ કાલેરો)

ભલારે વાત મારે મન ભાવી, વાણી રહીત વિચારોરે,
અ'તર જામી અલગા નહી, હું હરદેથી હારોરે. ટેક
પાર બ્રહ્મ તો પ્રગટ પ્રીછે, રૂપ અનુપમ એનુ'રે,
નામ રૂપ ને ગુણુથી ન્યારૂ, ભુત પ'ચ મહા તેનુ'રે. ૧
અકર્તાના કૃત્ય ઘણેરા, કર્તા માયા માનેરે,
નીર ખીર ન્યારો ને ભીતર, સહુ મે' સોહી સમાનેરે. ૨
જેસે બીજ વૃક્ષ કે માંહી, અન્યો અન્ય નીવાસીરે,
બીજ વીના કોઈ બુજી શકે નહી, અમર રહયો અવીનાસીરે. ૩
એમ સલતનો મહીમા મોટો, શ્રુતી સ્મૃતી બે સાખીરે,
નીરાંત નામ નૌતમ નીરખો, પકડ પ્રેમની રાખીરે. ૪

પદ ૯૮મું.

(રાગ કાલેરો)

કબુદ્ધી કર્મ નીકાલ કલાગી, ડાઘ પડે દેહ દાખીરે,
એ કૃત્યમાં હરહેના આવે, નરસ થયો નર પાખીરે. ટેક
અભાવીક અંતર બ્રહ્મ ના ભાસ્યો, મલ મંજન નવ કીધુંરે,
અમૃત પાન ઢોલી અજ્ઞાને, પ્રેમે વીખ પય પીધુંરે. ૧
પ્રપંચ પ્રીત પાણુામાં પીલાયો, દુખ દરીયો નહી આરોરે,
ફોમ ના આવી બહુ ફેરા થયા, ના શકયો નીકલી બહારોરે. ૨
દ્વૈતપણામાંરે દશ્ટી ગમાવા, અદ્વૈત બ્રહ્મ વીસાર્યોરે,
ભણેરે નીરાંત હરીના ભજન વીના, ગયો અવસર હાર્યોરે. ૩

પદ ૯૯મું.

(રાગ કાલેરો.)

નામ સુધારસ સાર સરશમાં, જેણે પરખી પ્રેમ સું પીધોરે,
સુતલ પતી પદ ચેને ના ભાવે, લહાવો નૌતમ લીધોરે. ટેક
એ રસ મોંઘે મુલ મલે નહી, વૈકુંઠ નાથને વહાલોરે,
અજ ઉમીયાપતી ઇચ્છક એના, અદ્વૈત પદનો પ્યાલોરે. ૧
પુરણ બ્રહ્મ એ રસને પ્રીછો, નથી સમોવડ એવોરે,
જગતનું જીવન જેને કહિએ, મહા વીરલાનો મેવોરે. ૨
કોટી જગતને જપ તપ કરીયે, તોયે તુલ્ય ના આવેરે,
પૃથ્વી પાત્ર ને મુકતા ભરીયું, એથી અધીક નવ પાવેરે. ૩

નામ સમોવડ કાંઈ ના આવે, અમુલ્ય વસ્તુ એવીરે,
સદ ગુરૂ સ્વામી કૃપા કરે તો, તાંહાથી મળે તેવીરે. ૪
દુર્લભ દીઠો ને મહા રસ મીઠો, સ્વાદ કહ્યો નવ જાયેરે,
નીરાંત નામ સુધારસ પીતાં, અખીલ ભુવનપતી થાયેરે. ૫

પદ ૧૦૦મું.

(રાગ મારૂ)

એવા હરી મન માન્ય મળશે, વ્યાપીક વીશ્વમાં
વાત વલી છે, ટાંણે કામે ટલશે. ટેક
પ્રહલાદની પ્રતીજ્ઞા પાળી, કાપ્યુ કષ્ટ કલસે,
નરસંગ થઇને નાથ પધારયા, બલીયો હણ્યો બલસે. ૧
ગજ ગ્રહયો જે જુડ જોરાવર, વીંટાયો વલસે,
કાપી કટકા તેના કરીયાં છે, ગજ તારયો જલસે. ૨
દુષ્ટે સભામાં આણી દ્રૌપદી, તાણ્યા ચીર તલસે,
ચીર મર્યાદા સભામાં રાખી, દુર્યોધન મેં ગલસે. ૩
કંશ સભામાં કૃષ્ણ પધાર્યા, રૂમ પુલ્યા ફૂલસે,
કેશ ગ્રહીને કંશ પછાડયો. ડર ના ભયા દલસે. ૪
નીરખ્યા નામ સ્નેહી સાચા, પણ પ્રીતે પલસે,
દાસ દાસના દેવ દયાળુ, ખલ જેવા ખલસે. ૫
જ્યાં જેવાં ત્યાં તેવા કહીએ, સ્ફાટીકપે ભલસે.
નીરાંત નામી નથી વેગલાં, હરી નામે હલસે. ૬

પદ ૧૦૧મું.

(રાગ મારૂ)

જન્મ ગયો રામ રામ કરતાં, થયા નીર વીષપેં નરતારે. ટેક
મન મારીને મેંદો કરૂ છું, ડગ ડગલે ડરતાં,
કાયા કસીને કરી કાગદ વત, અન્ન આહાર ઉતરતાં. ૧
સેવા પુંજા અતી આરતી ધુપ દીપ ધરતાં,
લાખો લીટી નાકે નમતાં, પરીકૃમા કરતારે. ૨
દાન કર્યાં બહુ દયાવૃતીએ, શીલ વ્રત વરતાં,
ગદ ગદ કંઠે ગોવીદ ગુણ ગાંતા, નેયને નીર ઝરતાં. ૩
તોયે પ્રભુ સ્વપ્ને નવ નીરખ્યા, ઇચ્છા આતુરતાં,
મહા સંસય હુરદાંમાં ચાલે, કયાં જઈ સમરતાં. ૪
કૃત્ય કરે કર્તા નાચીને, મીથ્યા કરગરતાં,
આશા અંતર અન્ય દેવની, ફરી ફરી અવતરતાં. ૫
બીના ખેવટ કોઈ પાર ના પાવે, બીના નાવ બુડે તરતાં,
નીરાંત નામ નાવ ચઢ પાવે, સેહેજે ભવ સરતાં. ૬

પદ૧૦૨મું

(રાગ કેદારો)

નમો નમોરે ગુરૂજીને પાય પ્રથમ પ્રેમે કરી,
જે પહેલો થઇને પુજાય, એવા હેતુ હરી,

જેથી ગુણ ઘણેરો થાય, નીરખ્યા નજર કરી. ટેક
વલી વલી વંદુ ગુરૂ ગોવીંદને, મન માને એમ મ્હાલેરે,
આઠ પહોર દીવસ ને રજની, ચીત અલગું નવ ચાલે.
એવા હેતુ હરી. ૧
સુરતીતા સુમરણમાં સમરથ, બલ બુદ્ધી ના મુકેરે,
બાલપણામાં સર્વ ઓળંભા, ચેતવણી ના ચુકે. એવા હેતું હરી. ૨
ગુરૂ સમોવડ શું કહી દાખું, દેવ દેવના દરશેરે,
દાસની ઉપર દયા કરીને, વ્રષ્ટી અમીની વરશેરે. એવા હેતુ હરી. ૩
મન વાણીથી પર પરમેશ્વર, નીરવાણી પદ નીરખોરે,
સર્વાતીત ને સર્વની માહે છે, સચરાચરમાં સરખો.
એવા હેતુ હરી. ૪
સુમરણ કરતાં સુખ ઘણેરૂં ને, દરસનથી દુખ વામેરે,
સેવાનું ફલ શું કહી દાખું, પુરણ પદને પામે. એવા હેતુ હરી. ૫
ગુરૂનો મહીમાં શું રે વર્ણવીયે, વરણ્યામાં નવ આવેરે,
કહેવા માત્ર જો કૃપા કરે તો, પલમાં પાર કરાવે. એવા હેતુ હરી ૬
ગુરૂ ગોવીંદના ગુણરે વર્ણવતાં, પ્રેમે પાવન થઇએરે,
નીરાંત નામ ગુરૂને નીરખો, ગુરૂ સરખા તે કહીએ એવા હેતુ હરી. ૭

પદ ૧૦૩જું.

(રાગ કેદારો.)

જોને આપ વીચારી તું વારૂરે, ભોલા મંન કેમ ભુલે,
તહારે ઓથે હરી ઓલવા યારે, ફુલ વીણ શું ફૂલે. ટેક

કયાંથીરે આવ્યો ને કયાંરે જવાનું તહારે, બોલ્ય ખરૂં
છે કહીએરે,
દ્વૈતપણુંમાં મહાદુખ પામ્યો, હારદ વીચારી જોને
હઇયેરે, ભોલા. ૧
ભણ્યો ને ગણ્યોરે મનમાં થયો મોટો, વાણીમાં વેંધાયોરે,
વારતાનું વડ પણ નવ છુટે, આશાની પાશે બંધાયોરે. ભોલા. ૨
આજ ગઇને આવી કાલ કહેતાં, વરશ ગયાં સહુ વીતીરે,
સો વરસે સંતાપ ન છુટયો, હારી ગયો બાજી જીતીરે. ભોલા, ૩
એ વાર તને શું સમજાવું, જોને સંસારમાં શું છે તહારૂં રે,
ચાંદો તહા સુધી ચાંદરણું, અંતે છે અંધારૂં રે, ભોલા. ૪
મન કર્મ વચને માની લેજો, નર નારી ને કહીએરે,
નીરાત નીરભે નામ હરીનું, ગુરૂપ્રતાપે ગ્રહીયેરે, ભોલા. ૫

પદ ૧૦૪મું,

(રાગ કેદારો)

વલીવલી વંદુ ગુરૂ ગોવીંદને, લળીલળી પાયે લાગુરે,
મેહેર કરી મહારે મંદીર પધાર્યા, મન વાંછીત ફલ માંગુરે. ટેક
મનગમતાં છો મુજને સ્વામી, સંભવતું સુખ થાયેરે,
સદા કાલ રહું ચરણ તમારે, ભવનું દુખ પલાયેરે, લળીલળી. ૧
મનનારે મોટા તેમાં મેહેર ગણી છે, સુખના સાગર નરખ્યારે,
નામ પ્રતાપતો વર્ણવ્યો ના જાયે, સમરથ છો વેદ
સરખારે, લળી લળી. ૨

ગુરૂરે મળ્યા તેને ગોવીંદ મળ્યા, અરસપરસ એક જાણુંરે,
વીખ વીડારણ નામ ગુરૂનું, પુરણ પદ પરમાણુંરે, લળી લળી. ૩
આઠે પોહોર દીવસ ને રજની, વીસરશો નહી વહાલારે,
નીરાંત નામ ગુરૂનું નીરખો, તેના રહે ન મનોરથ
ઠાલાંરે, લળી લળી. ૪

પદ ૧૦૫મું.

(રાગ કેદારો.)

ગુણ ગાવા તો ગુરૂરે ગોવીંદના, બીજું સહુ પરહરવુંરે,
દરસણ કરવું તો ગુરૂરે દેવનું, ગુરૂથી સહુને તરવુંરે. ટેક
ભજન કરવુંતો ગુરૂને ભજવા, ગુરૂનો મહીમા મોટોરે.
વેદ પુરાણ ભાગવત વદે. નુગરાને કહે ખોટોરે, બીજુ સહુ ૧
સેવા કરોતો સદગુરૂની, જનમ મરણ દુખ ટળશેરે,
જમનું જોર જરા નહી ચાલે, મન વાંછીત ફલ મળશેરે,
બીજુ સહુ ૨
પુજન કરવુંતો ગુરૂને પુજવાં, ગુરૂની આણ સહુમાંનેરે,
ગુરૂથી મોટો કોઇ મળે નહી, સમજો ગુરૂની સાનેરે. બીજુ સહુ, ૩
તત્વ છે તે તમને કહું છું, સાંભલજો નર નારીરે,
નીરાંત નામ ગુરૂનું લેતાં, અંતે લેશે ઉગારીરે, બીજુ સહુ ૪

પદ ૧૦૬મું.

(રાગ પંજાબ)

વંગ વળગ્યું છે ભારી સંતો, વાહાલો નથી વીસરતારે. ટેક
આઠ પહોર દીવસ ને રજની, અરસ પરસ અટકી સુરતા,
અર્ધ ઘડી અવળું નવ ગોઠે, એવા હરી છે મન હરતા. ૧
લોક લાજ કુલની મરજાદા, સહુ ભુલીરે હરીહર વરતા.
કામકાજ મુને હાથ ના લાગે, હું ઘેલીને એ ઘેરકરતા. ૨
દરશનથી દુખ સર્વે ગયું છે, વીશ્વરૂપ લહું ધરતા,
નીરાંત નામ નીરખ થઈ નીરભે, થકીત થયું છે મન સ્થીરતા. ૩

પદ ૧૦૭મું

(રાગ પંજાબ)

મન માન્યું ગુરૂજીને મલતામાં, પ્રથમ પોત પોતાનું દેખાડયું,
અંતર ગયું છે અટકળતામાં. ટેક
અંતર જામીને ઓલખાવ્યા, આપોપુંને ગળતામાં,
મરવું ને અરતરવું મટયું છે, ત્રીગુણ બુદ્ધી ટળતામાં. ૧
ત્રીવીધી તાપ ટલ્યો તે ઘડીએ, ખળ વીદ્યાથી ખળતામાં,
આનંદ અતી ઘણો ઉરમાં વાધ્યો, ભાવ ભજન ભળતામાં. ૨
અવગુણ સર્વે અલગા થયા છે, ગુણ ગુરૂના સાંભળતામાં,
નીરાંત નામ પ્રતાપ ગુરૂના, અનભે થયો છે પણ પળતામાં. ૩

પદ ૧૦૮મું

(રાગ પંજાબ)

બડી આશકી તેરે નામકી, મન મેહેરમકું લાગીહે,
મન મેહેરમકું મહેરમ મલીયા, ભુલ ભરમકી ભાંગીહે. ટેક
ઉલટી સુરતા ચઢી ગગનમાં, તદવત થઇ તન ત્યાગીહે,
સત સ્વામી સત બની સોહાગન, જોબન ભરમાં જાગીહે. ૧
બી વસતી વાંહુ વસ્તીકીની, ઉન મુની ઘર અનુરાગીહેં,
નાતમ નારી પીયાકું પ્યારી, પાઇ મોજ બીન માંગીહે. ૨
સદા સોહાગન વાકું કહીએ, નીરખત નામ સોહાગીહે,
નીરાંત નામ અમુક પાયા, સોહી પુરૂષ બડભાગીહેં. ૩

પદ ૧૦૯મું.

(રાગ પંજાબ.)

મંન ફકીરી હાલ હજુરી, ધ્યાન ધણીસુ લાગાહે,
ફેલ ફકીરી તનકી કહાવે, ગલે ગોદડી ધાગાહે. ટેક
મરમ ન પાયે સ્વાંગ બનાયે, બાખ લગાવે નાગાહે
મંનકા મુંડા કોઉ ના મલીયા, શીર મુંડા સબ માંગાહે ૧
સત્ય સુકૃતકી ટોપી બનાઈ, સીલ સંતોષકા વાગાહે,
સેલસીંગી દયાકી કીની, અભે ખાખ અનુરાગાહે. ૨
તુહીં તનકા તીલક બનાયા, સદ ગુરૂ દીયા સોહાગાહે,
જાપ અજપા સબકુઈ દીના, જાન પરી જબ જાગાહે. ૩

નીશ્ચલ પદકા નેજા ગાડા, હદ બેહદસેં આઘાહે.
નીરાંત નામ અમર પદ પાયા, જરા મરન ભય ભાંગાહેં ૪

પદ ૧૧૦મું

(રાગ પંજાબ)

બ્રાહ્મન તુમે કાહા ચીનાહેં, કાંહાંસેં બહામન આયાહે,
બ્રાતન બાહામન માંહે બતાવો, જાહેર જુઠ બનાયાહેં. ટેક
ખટ કરમ તો તેને કીને, ગાવતરી ગુન ગાયાહેં,
ન્હાના ધોના પોથી પઢના, કરતે-રીતે ધાયાહેં. ૧
કુલ ગોર તો સબકા કહાવે, સબકુ રાહ લગાવતાહેં,
તેરા રાહકી તુંને ખબર નહી. અંત કાલ કાંહાં જાતાહેં. ૨
ગુરૂ તેહરા સંત હે સંન્યાસી, ગુરૂએ મંત્ર દીનાહેં,
ઓ મંત્ર પઢ કાંહાં જાવેગા, ઘર અપના નહી ચીનાહેં. ૩
આયા અવસર ઐંઇ ગમાયા, ફીર એસા કબ આવેગા,
નીરાંત નામે લહે લગાના, નામ ગ્રહે ઘર પાવેગા. ૪

પદ ૧૧૧ મું.

(રાગ પંજાબ)

કેસી ફકીરી બંદે તેરી, કોન ફકીરી કહાવેહે,
કોન ફકીરી હાલ હજુરી, કોન ઇસમકું ધાવેહે' ટેક

દેખ બીચાર કરો દીલ અંદર, કોન મુખનસે ખાવેહે,
બાતનસે જાહેર રહી બોલે, ફેર જાહેર કાંહાં જાવેહે. ૧
એ મીસલતકા કરો માયાના, અમીસલત મોહ ભાવેહે,
કોન કલમેંસે કલમા હોતા, કલમા કોન સુનાવેહે. ૨
બાહેર ભીતર કોન ભરાહે, ખાલી કોન ખેલાવેહે,
અસાની સબ કીનકું કીના, સાજા કોન ચલાવેહે. ૩
નાપાકીસો કીસકું કહીએ, પાકી કોન કહાવેહે,
એક બુંદમે સબી બનાયા, અદલી અદલ ચલાવેહે. ૪
સાહેબ અપના કેસા કહીએ, આપન કોન કેહેલાવેહે.
તેરી ખબર તું કરલે બંદે, ઓરનકું કયા કાહાવેહે. ૫
યુંસે આના યુંસે જાના, યુકે યું મીલાનાહે,
નીરાંત નામે લલા લખલે, પલભરમેં પલટાનાહે. ૬

પદ ૧૧૨મું

(રાગ પંજાબ)

સચા સાહેબ સદગુરૂ મીલીયા, મેહેરે કરી તબ મન માન્યા,
ઓર બડા કોન ઉનથે કહીએ, પીતા પુત્ર પેંસ મજાના, ટેક
મન ઉલટા કર અલખ લખાયા, આપ આપકું ઓલખાના,
દુખ દીનકા દુર કર ડારા, કીના રંકકું મહારાના. ૧
ચાહાવત દીના ગુરૂ મુખકીના, આપ આપકા ઉન માના,
દોઉ દીન પર બડા બનાયા, કાલ ધરત નહીં કુરમાના. ૨

નેકી બદીકા ન્યાય ચુકાવે, તખત કહાવે અરસાના,
દીન દુનીયાકા દાતા કહાવે, ખેલ ખલકકા ગઢ ભાના. ૩
સબ ઘટ બાસી બ્રહ્મ ભીલાસી, પદ પુરણુહે નીરખના,
નીરાંત નામ અમલ રસ માતા, સબ કોઇ ચહાવત નહીં છાના ૪

પદ ૧૧૩મું

(રાગ પંજાબ.)

નામ ધણીકો સબસે નીકો, અનુભવી જન અધીકારીહે,
સબ દેવનકો સદગુરૂ દાતા, મંગતા ભેખ ભીખારીહે. ટેક
મહા મર્મી જન મર્મ ન જાને, નામ લખી ગત ન્યારીહે,
સદગુરૂ સાહેબ દયા કરે તો, પલમે પાર ઉતારીહે. ૧
થાકે પંડીત થાહ ના પાવે, બુરી બુધ બીચારીહે,
જોગી જોગ જુગત બીના હારે, ખુશી પે સબ ખુવારીહે ૨
બાવન અક્ષર બુઝત નાહી, બેદ પુરાન બીચારીહે,
ખટ દરશન મત ખેલ તપસ્યા, કાહા બડે આચારીહે. ૩
મુલ્લા કાજી મર્મ ના પાવે, હક્ક બીના મત હારીહે,
દોઉ દીન પર સચ્ચા સાહેબ, નામ ધની પરવારીહે. ૪
નામ ના ચીને સો નર નુગરા, કહા સાધુ સંસારીહે,
નીરાંત નામ અભે અવીનાશી, પાયા પ્રેમ પસારીહે. ૫

(૫૬) ૧૧૪મું

(રાગ પંજાબ.)

બડે ગુરૂ વાંકી જાઉં બલીહારી, કહા સેવકકું સીખલાયાહેં,
પાસ અંધેકી અંધા આયા, અંધા રાહ ચલાવેહે. ટેક
બંદા કહાવે છુરી ચલાવે, એહી કુલ કુરમાયાહેં,
કીયા કરાયા દોઉં દોજક જાયેગે, હક્ક નામકું ના પાયાહેં. ૧
ભગવા કહાવે મુંડ મુંડાવે, દીલ અંદર નહી દરસાયાહેં,
ઑા શબ્દ મેં બહે જાતહેં, અલખ નામકું પાયાહે. ૨
સન્યાસી સો સબ કર નાસી, ના ગાયા પદ પરસાયાહેં,
ગાયત્રીમાં જન્મ ગુમાવે, મુલ મંત્ર કા ના પાયાહેં. ૩
જોગી કહાવે જોગ કઢાવે, ગગન મંડળ મઠ છાયાહેં,
જોત ઝાંખકે જનમ ગમાવે, આપ અલખકું ના પાયાહેં. ૪
જંગમ કહાવે કાન ફડાવે, દેવી દેવકું મીલ ધ્યાયાહે,
આસ અધુરી બહે જાતહેં, દેવી નામકું પાયાહેં. ૫
બ્રહ્મ કહાવે જનોઈ સોહાવે, ખટ કર્મ નીત્ય નીરમાયા,
એહી કરમ કર બહે જાતહેં, નેહ કરમકું ના પાયા. ૬
જતી કહાવે સ્વાંગ સોહાવે, શીલ ભાવ દાન ભાયા,
ધરમ વખાની બહે જાતહેં, નેહ ધરમકું ના પાયા. ૭
ભેખ કુલકા બડા બનાયા, કુલ ત્રુટ કો ના કહાયા,
કુલ ત્રુટ તો સદગુરૂ કાહાવે, સબ દેખો ઉનકી માયા. ૮

સમ ગુરૂવાકે શીર સતગુરૂહે', ઘટ મઠ પટ પરખાયા,
નીરાંત નામ ઈનુકાં કહીએ', બીમલ બીમલ બેહુ ગાયાહે'. ૯

પદ ૧૧૫ મું.

(રાગ ચોપાઇ)

બાપુ નાવ તપાસી બેસો, પથ્થર હોએ તો માંહી નવ પેસો,
બાપુ જમ જેવું તન જાણો, સાચું સમજીને સુખ માંણો ટેક ૧
બાપુ એ તો તુંબડું લીલું પહેલું, નવ જાંણે જેનું મન મેલુ,
બાપુ સુકાવ્યું પછે થયું પીલું, એને કાપી કર્યું કંઇક ઢીલું. ૨
બાપુ લાકડાની સાથે જોડયું, એને જેમ તુટે તેમ તોડયું.
બાપુ ખીલીઓ મારી ખાંતે, તાર બાંધ્યા બેશી નીરાંતે. ૩
બાપુ બજાવનારો બીજો, તેને ઓલખીને તમે રીઝો,
બાપુ મન ભમે તો લીલું જાણો, બજાવનાર જાણીને સુખ માણો. ૪
બાપુ તરો એવી ટેકે, સદગુરૂ કેરે વીવેકે,
નીરાંત નીશદીન એક જાણો, નામ કેરો નીશ્ચે પરમાણો. ૫

પદ ૧૧૬મું.

(રાગ ચોપાઇ)

બાપુ અવી ગતથી અમો આવ્યા, બાપુ કોઇએ નવ બોલાવ્યા,
બાપુ નવ જાણ્યા નવ માણ્યા, બાપુ બ્રહ્મ કોઇએ નવ નાણ્યા. ૧

બાપુ જન્મ્યા નહી નીરાંતા, બાપુ મરનેકી છોડી ભ્રાંતા,
બાપુ બાલક નહી નીરાંતા, બાપુ જુવાનીકી નહી જાતા. ૨
બાપુ તીર્થ વ્રત સબ છોડયા, બાપુ દેહ નામસેં જોડયા,
બાપુ લક્ષ્યા જગ સબ ખોટા, બાપુ નામના પરચા છે મોટા. ૩
બાપુ જોયા જયોતી રૂપા, બાપુ રૂપ અતી અનુપા,
બાપુ એજ નામ અમારા, બાપુ જાણો રૂપ તમારા. ૪
બાપુ અમે રોગ ના જાણ્યા, બાપુ અમે ભોગ ના માણ્યા,
બાપુ વાણી જે અમો બોલું, બાપુ ધર્મકી ધારણુ તોલું. ૫
બાપુ સત્ય શબ્દ અમારા, બાપુ જાયે સંશે તમારા,
બાપુ સો બાતકી એક બાતા, બાપુ સબ અજ્ઞાનકી રોતાં. ૬
બાપુ એ જુઠી કાયા જુઠી માયા, બાપુ જુઠા હે સગા ભાયાં,
બાપુ નીરાંતકા નામ સચ્ચા, બાપુ આપ બીના સબ કચ્ચા. ૭

પદ ૧૧૭મુ.

(રાગ ધનાશ્રી)

અબ તું રામ સમર મન મેરા, એક દીન અંતે ઉડ ચલેગો,
કોઈ નહીં સાથી તેરારે. ટેક
અવશર આવો બહોર નહીં આવે, સમજી સમજીને સવેરા,
પંડ પલકમાં પલટ જાયગો, જંગલ હોયગા ડેરારે. ૧
વેદ પુરાણુ સાખ સર્વ બોલે, હરીને ભજે તે ભલેરા,
બીજું કાંઇએ કામ ના આવે, સબ સાહેબી ગાય બસેરા. ૨

કોણ સુકૃત મનુષ્ય દેહ પાયો, ઓહોત ફર્યો તું ફેરા,
હજુ ચેન ભુલ મત ભાઈ, માથે મરણકા હેરારે. ૩
જન્મ મરણ કર્મ જાલ કટેગી, મીટેગા કાલકા ઘેરા,
નીરાંત નામ ગ્રહે સદગુરૂકા, નામ હોયગા નીવેરારે. ૪

પદ ૧૧૮મું.

(રાગ ગરબી)

ઠરવાનો ઠામ ગુરૂ સાચુ, બીજું સર્વ કરવાનું કાચું. ટેક
ગુરૂ વીના ગોથા બહુ ખાયે, કારણ માયામાં કુટાયે,
આત્મપદ એથી ન ઓળખાયે. ૧
ગુરૂગ્યાને આતમ ઓળખાશે, જેમ હીરે હીરો વીંધાશે,
નામીનામ એકતા થાશે. ૨
નારદ ગુરૂ વ્યાસ તણાં કહીએ, ઢીમર ગુરૂ નારદ ના લહીએ,
એવું જાણી ગુરૂ શરણે રહીએ. ૩
સુકદેવ ગર્ભતણા જોગી, તેણે ગુરૂ જનક કર્યા ભોગી,
માયા તજી થયાં અણુરોગી. ૪
અટકળે નામ સહુ લે છે, નીરાંત તો નીશ્ચે કરી કેહે છે,
અમન ગુરૂ નામે વ્યાપીક રહે છે. ૫

પદ ૧૧૯મું.

(રાગ ગરબી)

ધન ધનરે ગુરૂ ઘેર પધાર્યા છે, ગુરૂ ગોવીંદ બે બીજા ના જાણું,
એક જાણું મન ભાવ્યા છે. ૧ ધન ધન. ટેક
મન કર્મ વચને માંગ્યું મળ્યું છે, વીવેક પણે વધાવ્યા છે. ૨
ધન ધન ભાગ્ય આ ભુમી ભોવનનાં, પ્રભુજી પ્રેમે પધરાવ્યા છે. ૩
સેવા પુંજા શીલ દાખ-યું, રંકપણે રીઝાવ્યા છે. ૪
સુખ સંપત સેવકને દાતા, જેરે જોઈએ તે લાવ્યા છે. ૫
અંતર જામી અલગા રહે નહીં, ઉર વાસ વસાવ્યા છે. ૬
દાસ નીરાંત દયા કરી ગુરૂએ, મનના મનોરથ કહાવ્યા છે. ૭

પદ ૧૨૦મું.

(રાગ ગરબી)

આવો આવોરે મ્હારે ઘેર, પ્રભુજી પધારોને,
માહારે હૈડે મોટી હોંસ, વાહાલા પધારોને. ટેક
વાહાલપણું તો જ્યારે લેવાશે, તમો આવશો માહારે ઘેરરે,
ભાવ તણું હું ભોજન સુધારૂં, જીવન જમશો ત્યારે. ૧
જશ તો જુગતમાં ઝાઝો થયોછે, અમો વાહાલા તમારા કેહવાયારે,
હવે હરી હાથ નહીં ઝાલો તો, મીથ્યા વાહાલ દેખાડીને વાહ્યાંરે. ૨

વાહલા તણી હાવે વાત ના કરશો, કપટ હૈડાનું કાઢોરે,
અબળાને આધાર તમારો, ઘણો ના કરશો દઝાડોરે. ૩
મન તણી તમને છે માલમ, શું મુખે કહી દાખુંરે,
ક્ષણુવાર મુંને નથી વીસરતા, રૂદે કમલમાં રાખુંરે. ૪
વારંવાર ત્રીકમ શું કહીએ, એટલી અરજ અમારીરે,
નીશંતના સ્વામી સુખદાયક, અમને આશા તમારીરે. ૫

પદ ૧૨૧મું.

(રાગ ગરબી)

આવો આવોરે માહારે ઘેર, મોહન મનગમતા,
હવે થઈ છે લીલા લ્હેર, મનની થઇ સમતા. ટેક
મન સમતામાં સુખ ઘણું છે, દુખ દુર પલાયુંરે,
અંતરજામી ઉરમાં વસ્યા છે, તો બીજું મટ્યું છે માહારૂંરે. ૧
મનનો ધોખો શર્વે શમ્યો છે, ઠરવાનું મળ્યું છે ઠેકાણુંરે,
આનદેવની ભાંગી ભ્રમણાં, પ્રભુજીને પાસે જાણુંરે. ૨
ધનધન ભાગ્ય ગુરૂ મળ્યા, ભવનું ભટકણુ ભાંગ્યુંરે,
સંભવતું સુખ સરવે થયું છે, ગુરૂજીએ આપ્યું વણુમાંગ્યુંરે. ૩
ઉપાય કરવાનો એકુ રહ્યો નહિ, ગુરૂના વચનથી વારૂંરે,
અનુભવ રવીતો ઉદય થયો છે, અંતરનું ગયું અંધારૂંરે. ૪
મનવાંછીત ફલ થયું અતી આનંદ, ગુરૂ પ્રતાપે એવુંરે,
નીરાંત નામ ભજો મન ભાવે, સરવેને સંભવે તેવુંરે. ૫

પદ ૧૨૨ મું.

(રાગ ગરબી.)

અજ્ઞાની જીવ નીર ઉખ્ણું પીતાં પ્યાસન ભાંગે, મુંઢ મન વીચાર,
અમુલક અવશર વણુશે વાર ન લાગે. ટેક.
તું તો પરહારાસું પ્રીત કરો, તેમાં તત્વ તારો તોલ હરે,
તું તો અંજાણુ અંધો થઇને ફરે. ૧
તાહારૂં ડાહાપણુ સઘળુ કયાંરે ગયું, તાહારૂં છળ વીધામાં
ચીત રહ્યું,
તો લાભ વીનાનું લક્ષણુ ગ્રહ્યું. ૨
તું તો પુર્વે પુન્ય કમાયો છે, તેણે મનષ્યા પદવી પાયો છે,
જો જાગી શું ભરમાયો છે. ૩
આ તન પલકમાં પળટાશે, તાહારૂં વાહાલું સહું નીરબળ થાશે,
તે વેળા વાહારે કોણુ ધાશે. ૪
અવશર આવ્યો છે હરી ભજવા, હવે વીષય ભોગ મનથી તજવા,
જન નીરાંત કહે સત્ય મત સજવા. ૫

પદ ૧૨૩ મું.

(રાગ ગરબી.)

હાવો અવસર ફરી ફરી નહીં આવેરે, હરી ભજીએ, મુરખ
હીરો કોડી તુલ્ય ગમાવે. હેતે હરી ભજીએ. ટેક.

વેહતાં જળ તો વહી જશેરે શું કહીએ. હરી ભજીએ.
પીતુ પીતામહ સર્વ ગયા તો આપણ કયાંથી રહીએ.
હેતે હરી. ૧
સુત વીત્ત દારા કુળ કુટંબ સહુ તાહારારે. હરી ભજીએ.
અંત વેળાએ કોને કોણ ઉગારે. હેતે હરી ભજીએ. ૨
સરવે જાણજો સ્વારથનું છે સાથીરે, નથી જાણજે નેક સગું
ને ન્યાતી. ૩
મૃત્યું જાણજો માથા ઉપર ભમતું, જ્યારે ત્યારે કરશે તેનું
ગમતું. ૪
કાળ કબુધ્ધી કેડ ન મેલે કોનીરે, બહુ બીક છે મ્રત્યુ
મોટા ભોની. ૫
શે ભરોસે શા સુખમાં તું માહાલેરે, થોડા જળના જીવ
તાહારૂં નહી ચાલે. ૬
હરી ભજે તે હરી સરખાં જન જાણોરે, એવું ઇચ્છો તો
હરીનું નામ પરમાણો. ૭
મન માને તો તાહારા કાજનું કહીએરે, નીરાંત નામે જમને
હાથ ન જઇએ. ૮

પદ ૧૨૪મું
(રાગ ગરબી.)

મહા પ્રાણ તણા વિશ્રામ, વંકા વનમાળી. અબલાના
આતમરામ વંકાવનમાળી. ટેક

હરતાં ફરતાં ધંધો કરતાં, ચીત તમારે ચરણેજી,
અધ ઘડી અલગું નવ ગોઠે, આવો નરખું નયણેજી. ૧
સુરત સોહાગણ સનમુખ ઠાડી, રહીછે નીતદીન નીહાલીજી.
બીજું તો ભુધર ના ભાવે, તમ સાથે છે તાલીજી. ૨
વીલંબ ના કરશો વેહલા પધારો, અરસપરસ મન બાંધ્યુંજી,
એકાંતે ઉભી અલબેલા, અખંડ સાધન સાંધ્યુંજી. ૩
શું કહીયે વાહલા આવો, મોહન વર મને મલીયેજી,
તમો વીજોગે ત્રહે વન્હીમાં, વણુ બાળ્યાં બલીયેજી. ૪
વર વર્યા એક તમને ત્રીકમ, નીરગુણ નામ તમારૂંજી.
નીરાંતના સમી વશ કીધું, મન અટક્યું છે માહારૂંજી. ૫

પદ ૧૨૫મું

(રાગ ગરબી)

નર દેહ ધરી સુકૃત કાઇ નવ કીધુ રે, પ્રભુને નવ લવા,
તે જન જાણો નીશ્ચે નીરખ્યા, નીચી યોનીમાં ગયા. ટેક
અનીદંભ ગર્વ અભીમાન ઘણું, મન મોટમ ધણીને નહીં નમણું,
તે જન કુલ પામ્યા ગજાહી તણું. ૧
કરે કરમ પશુ જન જીવ હણે, જીવસ્વાદે દોષ કંઈ નવ જાણે,
તે જન કુલ પામ્યા કાગ તણો. ૨
અતીછલ વીધા લંપટ વાણી, પરધન પરદારા નજર ઠાણી,
તે જન કુલ સુવર થયા જાણી. ૩

હું પદને બુદ્ધીવાંન થયો, શીર કુલ કુટુંબનો ભાર વહયો,
તે જન કુલ ખર મરજાદ ભયો. ૪
એ કરમ ગતી કરણી કાચી, ગાફલ નર સમજી કર સાચી,
જન નીશાંત કહે જુગતે જાચી. ૫

પદ ૧૨૯મું.

(રાગ ગરબી.)

કહું વાહાલો મળ્યાની વધામણી, તમો સાંભળો નર ને નાર,
અવશર દુર્લભ દેહ છે, પ્રભુ પ્રીછો પરાની પાર. ટેક
જોતા જનમ મરણ મટી જાય છે. ત્યાં પોહોંચે તે તદવત થાય,
તુરીયા તીતને ઓળખો, પુન્ય હોય તો એને પમાય. ૧
બીજો ભીતર જાણવો બોલતો, આપુ સર્વેમાં વ્યાપ,
નામ રૂપ ગુણ તેને નહિ, ત્યાં પોહોંચે ના પુન્યને પાપ. ૨
ફલ ફુલ ને મુલ સર્વે ડાલીઓ, વૃક્ષ પેરે વાહાલાનો દેશ.
અનુભવી પંખીનો આસરો, ત્યાં ના થાય પવન પ્રવેશ. ૩
બ્રહ્મા આદી સરવની આરાધના, શીવ આદી સરવનું ધ્યાન,
એ પદ પ્રેમે પ્રીછવું, ગાંધર્વ આદી સરવનું ગાન. ૪
અદ્રશ્ય દરશ્યામાં આવશે, ગુરૂદેવ દરશાવન હાર,
રહ્યા નીશાંત નામને આશરે, નામ પ્રાણ તણો આધાર. ૫

પદ ૧૨૭મું.

(રાગ ગરબાનો)

સદગુરૂ તણો પ્રતાપ, કાંતે કોઇકજી. ટેક
કાયા રેંટુડાની જુક્તી જુવોને, જોવા સરખો કીધો,
કામ જુક્તીમાં નથી કાંઈ કાચુ, અમુલ્ય દામ બીન દીધો. ૧
પ્રથમ આસ પાંચ પચીશ, પાખડી છે વીસ્તારો,
આપ કાષ્ટકો આપે ઘડીઓ, ફરતાં છે બહુ સારો. ૨
એક ખુંટે સાંધા સબ જડીયા, એસા અજબ તમાસા,
કલ જડી સેહેજે કાંત્યાની, માણી માલ છે ખાસા. ૩
દાસે માધવની કરી દામણી, ઉલટી માલ ચઢાવી,
ત્રીવેણી સંગમ તોરાણીયા, તેમાં ત્રાક ભરાવી. ૪
તત્વત્રીકે તાર નીસરે, પ્રેમે પુણી કાંતું,
શબ્દ સુતરીયે સુતર વોહોર્યું, જીવ જન્મના સાંતુ. ૫
ઘર ધંધામાં ફરે રેંટીઓ, ત્રાકે તાર ના તુટે
અલખ માલ સો ઘરમાં કહીયે, ખરચ કરે નલ ખુટે. ૬
પતીવ્રતા સો–નારી કહીએ, અન્ય પુરૂષ નવ હેરે,
દાસ નીરાંત પીયુકે દીલ પ્યારી, ઘર રહી ચરખા ફેરે. ૭

પદ ૧૨૮મું.

(રાગ ગરબાનો)

સજની સાંભળ મારી વાત, કહું છું આજની જો,
ભુધર ભલા બીરાજ્યા, જોઈ છબી મહારાજની જો. ટે

થાવર જંગમ જોતા રૂપ, મનડું મોહી રહ્યું જો,
અલગ ઉર થકી નવ થાય, થીરતા ઘર થયું જો. ૧
ઘટમાં વાહાલાજીનો વાસ, વ્હાલે વસી રહ્યા જો.
એવો અખીલ ભુવનમાં એક ઇચ્છાવેર લહ્યા જો. ૨
જોતાં જડ મતીનું જોર, ભાગ્યું જ્યારથી જો,
ટલીયું અંધારૂ અજ્ઞાન પ્રગટયા તારથી જો. ૩
હવે હઈડે હરખ નવ માય, મંગલ માહારે જો,
ઉઘડયા અનુભવના લોચન ભીતર બાહાર જો. ૪
નીરખ્યા નીરંતર ભગવાન, ભેટી ભાવ શું જો,
ઇચ્છા ઉલટ સમી થઈ એક, લ્હેર દરીયાવશું જો ૫
સુરતા સાંભળ મોરી વાત, મુક્તી ધામ છે જો,
નીરાંત નીરખો પદ નીરવાણુ, આતમ રામ છે જો. ૬

પદ ૧૨૯મું.

(રાગ ગરબાનો)

કહેજો ધન્ય તમોને હરી ધન્ય છેરે લોલ. કેહેજો આવડાં કઠણ શામન છેરે લોલ. ટેક
મીન નીર વીના જીવે નહીંરે લોલ, એવી રીત પ્રીત અમને થઈરે લોલ. ૧
મોહન મળવાને મન અકળાય છેરે લોલ, તેણે તન અમારાં બળાય છે લોલ. ૨

સમ ખાઈને કહું છું સ્યામનેરે લોલ, મન વલગી રહ્યાં
એના નામનેરે લોલ. ૩
એના રૂપના રૂદેમાં બાણ છેરે લોલ, તેણે વેંધ્યા અમારા
પ્રાણ છેરે લોલ. ૪
ઉદ્ધવ શુધ ગઈ છે શરીરનીરે લોલ, લ્હે લાગી છે હલધર
વીરનીરે લોલ. ૫
ઉદ્ધવ આખું ગોકુળીયું ગામ છેરે લોલ, વન વાહાલા વીના
વીશ્રામ છેરે લોલ. ૬
કહેને સ્વામી નીરાંતના ને એટલુંરે લોલ, તરત આવે
ગોકુળમાં તેટલુંરે લોલ. ૭

પદ ૧૩૦મું.

(રાગ ગરબાનો.)

કહેજો કુબજા તે કંસની કીંકરીરે લોલ, રૂપ રૂડીને કુળવંતી
ખરીરે લોલ. ટેક
ઉંચ કરણી ઘણી શું વખાણીએરે લોલ, ઘશી ચંદન
આપતી તે જાણીએરે લોલ. ૧
તોલ વર્ણનો તે તાગો આવે નહીરે લોલ, ઉદ્ધવ કહેતાં
નથી એટલી કહીએરે લોલ. ૨
પુન્યવંતીના પુન્ય અપાર છેરે લોલ, તેનો સાખી સર્વ
સંસાર છેરે લોલ. ૩

તેને મોહ્યા છે તન વસુદેવનારે લોલ, પુંજા વીધી એક
રતી હશે સેવનારે લોલ. ૪
એના ભોજનનો સ્વાદ શું વખાણીયેરે લોલ, જીવણ જમતાં
હશે દુધ પાણીયેરે લોલ. ૫
જરા દુભતી ન હોય દલમાં વળીરે લોલ, જેવી શોભે તેવી,
સંગતી મળીરે લોલ. ૬
કૃષ્ણ કાળા ને કુબજા જોડી હળીરે લોલ, જેમ રમતાં જોગી
ને ધુણી મળીરે લોલ. ૭
તેને સેજડા પલંગનું શું કામ છેરે લોલ, તેનો જ્યારે
વસે ત્યાં વીશ્રામ છેરે લોલ. ૮
એ સ્વામી નીરાંતનાને જાણજોરે લોલ, ઉદ્ધવ અબલાની
અરજ પ્રમાણજોરે લોલ- ૯

પદ ૧૩૧મુ

(રાગ ગરબાનો)

શા સરખું ચોઘડયું સારરે, પ્રભુ પધાર્યા મંદીર માહારેરે. ટેક
અણ તેડયા અલબેલોજી આવ્યારે, ગુને ગમતા ગોવીંદ
ઘણું ભાવ્યારે. ૧
હું તો વીલા નહીં મુકું હાવેરે, ઘણે દહાડે આવ્યા છો
માહારે દાવેરે. ૨
અમો સરવે સખી ટોલે થઇશુંરે, જીવન જાશો ત્યારે
અમો કહીશુંરે. ૩

અમને આંટલાં દીવસ ઘણાં વાહ્યારે, અમો નીરલજ નાર
કહેવાયારે. ૪
અમો લોક કુળની લજ્જા લોપીરે, ઘેર ઘેર ગવાયાં ગોપીરે. ૫
માટે જીવણ નહીં દઉં જાવારે, શીર સાટે અમારા દાવારે. ૬
હું રોકીને રાખીશ ઘરમાંરે, ઉભી રહીશ અટકી ઉરમાંરે. ૭
ઉભા અબલા તો આનંદ પામીરે, ઘરો ઘરમાં નીરાતનો સ્વામીરે. ૮

પદ ૧૩૭મું
(રાગ ગરબાનો.)

છબીલાજી છલ વીધા છાંડોરે, થોથાં ઠાલા તે શીદને ખાંડોરે. ટેક
નથી અમને તે નાથ અજાણ્યારે, અમે ઓળખીને અંતરે
આણ્યારે. ૧
હવે વાહાલાની વાત ન કરશોરે, છલ કરીને નવ છેતરશોરે. ૨
અમને વારે વારે નવ વાહાશોરે, પાઇ અમૃત ને વીષના પાશોરે. ૩
અમો અબલા છું નીરબલ નારીરે, જો જાઓ તો મોહુન
મને મારીરે. ૪
નમો જાતાં અમો નથી રહેવાતુ રે, પ્રાણ સાટે છે
નેહનું નાતુંરે. ૫
મનની જાણે તેને શું કહીએરે, વાહાલા તુમ વીજોગ કેમ
સહીએરે. ૬
સદા મળવું સ્વામી સુખ માગુંરે, હોયે અંતર તે કરજો
આઘુંરે. ૭
ભલે મલીયાં નીરાંતના સ્વામીરે, સહુ અબળા તે આનંદ પામીરે. ૮

(રાગ છપ્પાનો.)

પંડ પડે તો પડવા દે, ઓષડને ન અડવા દે,
જીવ્યાની તો આશા ખરી, ઓષડમાંતો પાળવી ચરી,
ચરી પાલે ને ઓષડ ખાય, નીરાંત એ જીવ્યાનો ઉપાય. ૧
મરનાર હોય તે તો મરે, પણ જીવતા સુધી ઓષદ કરે.
માંદાને ઓષદ ખાવું સહી, કડવું મીઠું ગણવું નહિ,
અનેક ઓષદે જીવતા થયા, નીરાંત નામે જુગ રહ્યા. ૨
નામ તણો એવો પ્રતાપ, નામે પલાયે સર્વે પાપ,
પાપ પલાયે નીરમળ થશો, નીરમળમાં નારાયણ વસ્યો,
નારાયણ તે નીરભય કરે, નીરાંત નામે નીશ્ચે તરે. ૩
તરવાનો કાંઈએ છે તોલ, સમજી લેજો બોલે બોલ,
વચમાં પોલને હલવું સહી, એવું હોય તો બુડે નહી.
ભારે ને વીકારે ભર્યું, નીરાંત એવું તો નવ દીઠું તર્યું ૪
હલવું જેમાં નહી વીકાર, ભારે તો વીકારનો ભાર.
હલવું તે તો તરશે સહી, ભારે તે તરવાનું નહી,
તરવાની જો ઇચ્છા કરે, નીરાંતે વીકાર ભાર સે ના પરહરે. ૫
ભગત થયો ને વાદજ થયો, વાદે વીત્ત પોતાનું હરે,
બેમાં એકતો વધ ઘટ હશે, વાદે વસ્તુ કેમ આપશે,
વસ્તુ લેવાની ઇચ્છા કરે, નીરાંત વાદ શે ના પરહરે. ૬
અણજાણ્યો થઇ બેસી રહે, પુછે તેનો ઉત્તર દે.
આજ્ઞા પ્રમાણે કારજ કરે, દીન થઈને વચન ઓચરે,
બહુ પ્રશન્નતા મનમા થશે, નીરાંત માગે તે આપશે. ૭

માગે તે તો મળશે સહી, વણ માંગ્યું તો આપે નહી,
આપવા જેવું હોય તે અપાય, ના આપવાનું તે આપ્યું નવ જાય,
સેવક ગાદી માંગે સહી, નીરાંત રાજા આપે નહી. ૮
રાજાનો જે પુત્રજ હશે, ડાહાપણમાં જે ડાહ્યો થશે,
ઇદ્રિજીત ને મહીમાવાન, રાજા સુણે કાનો કાન,
એથી ગાદી શું અટકી થઈ, પણ પાલે પીતાનું શહી. ૯
એવા ગુરૂના સેવક સહી, બીજા જે કહેવાના કંઈ
શુભ લક્ષણ સેવકનું કહું, ગુરૂ ઉપર છે નીષ્ઠા બહુ,
નીષ્ટાના એવો પ્રતાપ, નીરાંત ગુરૂ થાપે પોતાને થાય. ૧૦
આપણથી થયું તે આપણું બાળ, તેના આપણ પ્રતીપાળ,
પાલણ પોષણ પીતા કરે વાહાલો લઈ ઓછંગે ધરે,
સરવે સંભવે પુત્ર પટે, પુત્રને પગે લાગવું પીતાને નવ ઘટે. ૧૧
બ્રહ્માની છે સૃષ્ટી બહુ, તે બ્રહ્માના બાળક સહુ,
પાલણ પોષણ બ્રહ્મા કરે, એક વસ્તુ બ્રહ્મા પરહરે,
પુત્રને પગે લાગે નહી, શા માટે જે પ્રજા પોતાની થઇ. ૧૨
પીતા પુત્રને લાગે પાય, એથી મોટો કોન અન્યાય,
થાપે આપ ઉથાપે આપ, એમાં મર્મ છે કે પાપ,
અમે તો પ્રગટ કર્તા નથી, નીરાંત જોજો પોતપોતાના મનમાં મથી. ૧૩
અણુ આદી બ્રહ્મા પરજંત, મોટા મોટા સાધુ સંત,
સર્વે જણ સમજણા થયા, આપ આપણે કોઇયે નવ લહ્યા,
આપ લહ્યું તે ગુરૂ પ્રતાપ, નીરાંત આપ સમજણનું શું રહ્યું માપ. ૧૪

સૃષ્ટી કરતાની જોજે વાત, શીવને શક્તીનો પ્રતાપ,
સંગતી થકી શીવને સમજણ થઇ, ત્યારે શીવને સમજણ સેની રહી,
બ્રહ્માની એ રીતે ભણું, નીરાંત આપ સમજણ તે કેને ગણું. ૧૫
સદગુરૂ છે સહુને માથે શીશ, સદગુરૂ ઉપર કોઇના મળે ઇશ,
સરવેને છે ગુરૂ પ્રતાપ, પ્રગટ થયા છે આપો આપ,
ગુરૂએ જગમાં જાહેર કર્યં, ગુણ સર્વે ગુરૂએ વીસ્તાર્યા.
પરમેશ્વર તે ગુરૂનું નામ, નીરાંત વીરલા દાસ તણો વીશ્રામ. ૧૬
ગુરૂથી સર્વે ઉતપતી થઈ, તે આપ લેનારે લઈ,
ઉત્પન વૃક્ષ તણો વીસ્તાર, વૃક્ષમાં બીજ સમજવો સાર.
પ્રેરક બાહારની ભીતર ભાનું, નીરાત નામે તે ગુરૂને ગણું. ૧૭
આજ ગઇને આવી કાલ, આજ કાલમાં સહુની ચાલ,
રૂપ નથી રહેવાનું રતી, મોટા મોટા જોગી જતી,
જાવાનું તે જાણો સહી, નીરાંત નામ વીના રહેવાનું નહી. ૧૮
મહા સશંય સેવકને થયો, તે સંશય સ્વામીને કહ્યો,
આદી અંતને મધ્યે કોણ, અનાદીનો હું અજાણ,
વસ્તુ રૂપ તે કેમ લેવાય, નીરાત એ સંશય તે કેમ જાય. ૧૯
સદગુરૂ કહે સેવકને સહી, એ વાતમાં સીદ્ધી કહી,
આદી અંતને મધ્યે નામ, નામ તે આદીતણો વીશ્રામ,
સત્ય નામ છે નીષ્ટા રાખ, નીરાંત નામ સર્વેની સાખ. ૨૦
આગળ જે જન મોટા થયા, જે થયા તે કહેતા ગયા,
જે વચનમાં વસ્તુ કહી, તે વસ્તુ તું રાખે સહી,
જે વસ્તુ સર્વેમા વ્યાપ, નીરાંત નીરખો આપોઆપ. ૨૧

આગળ એ મોટાની ચાલ, નવું કરે તો નકલનું વાહાલ,
નકલનો તજવો વેહેવાર, અસલ નકલનો સમજવો સાર,
અસલ તો સંભવતું સહી, નીરાંત નકલ તો યાદ રહેવાનું નહિ. ૨૨
અસલ તો એક હરીનું નામ, બીજું તો માયાનું ઠામ,
ત્રીજું તો માયાનું મંડાણ, ઈંડ પીંડ આદે સહુ જાણ,
ઉતપતી પ્રલય તે સરવે મટે, નીરાંત નીત્ય નામે સર્વ ઘટે. ૨૩
ભક્તી જાણું જ્યારે ખરી, વીશ્વાત્મા નીરખ્યા શ્રીહરી,
ભીન્ન ભાવજે અલગો કર્યો, ત્રશના ટાલી જીવતો મર્યો,
નીરાત નીશ્ચે લાગ્યો સહી, તે સમોવડ બીજો નહિ. ૨૪

(ચેતવણી)

હરતા ફરતાં ધંધો કરતાં, ધ્યાન હરીનું ધરવુંરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે. અધરમથી ઓસરવુંરે ૧
અધરમથી ઓસરવું પ્રાણી, ધર્મ ધરીને કરવુંરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે, આખર તહારે મરવુંરે. ૨
મરવું તેતો સર્વને ભાઈ, કોણ મોટા કોણ નાનારે,
નીરાંત કહે નીષ્ટાનું ફળ છે, માંનો કે ન માંનોરે. ૩
ના માનો તો વેદ પુરાણો, પુછી જોજો માણીરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે, બીજી સરવે કહાણીરે. ૪
કહાણી તેતો કહેવા માત્રે, કહ્યા વીના કોણ જાણે,
નીરાંત કહે નીષ્ટાનું ફળ છે, નીશદીન વેદ વખાંણે. ૫

વેદ વખાણે જુઓ વીચારી, આતમ દૃષ્ટે દરશેરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે, સ્વાંત સ્વંતર વરશેરે.
છીપે ગ્રહ્યું સો મોતી બનીયું, ખારા જળમાં ખારૂંરે,
નીરાંત કહે નીષ્ટાનું ફળ છે, જો સમજો તો સારૂંરે. ૮
અહીમુખ પડીયું વીખ નીપજીયું, કદલી કપુર નીપજે છેરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે. શાણા તે તો સમજે છેરે. ૮
ગંગા જળમાં ગંગા સરખું, પૃથ્વી કાદવ થાયરે,
નીરાંત કહે નીષ્ટાનું ફલ છે, દૃષ્ટાને ઓળખાયરે. ૯

(કુંડીલીયા રાગ) (આત્મબોધ)

કર લે આત્મ બોધ, બોધસેં બંધન છુટે, કાલ કરમ
કટ જાય નહી જમકીંકર લુંટે,
પરમારથ કેકાજ, કહુંમે બાત બખાંની, સમજે વાંકુશીખ,
નહીતો પીછી બાની,
સમજ સમજસે સાર, પ્રેમ પુરૂશોતમ પાવે, પકરો વાંકી
બાંહ્ય, અવરકો કામન આવે,
કવીકહે નીરાંત, ભરમકા લગરા તુટે કરલે આત્મ બોધ,
બોધસેં બંધન તુટે. ૧
કવીતા જુગમેં સોઈ, હરીકા નામ વખાંને, તનમંન
અરપેશીશ, અવરકી ઓટન આને,
મગ્ન રહે મસ્તાન, હરીસું હેતું લાવે, પલક પડે નહી
ચુક, નીરંતર ધ્યાન લગાવે,

બીન માગેકી મોજ, સોહીહેં હરીકા ચરણા,બ્રહ્મા ઇંદ્રકુ
નાહી, અત્રરકીસુ નહી કરનાં
કવી કહે નીરાત, ઉંચમત એસી ઠાને, કવીતા જુગમેં સોઇ,
હરીકા નામ વખાને. ૨
બીન કવીતાકો જન્મ, સુણો કહું કેસા ભાઈ, પથ્થર પડયા,
પેટ, જનની ભાર લદાઇ,
બીમુખ કરીકે રામ, ઉદરકા ઉધમ કરતાં, નીગમ નીશા
દીન સુઇ, પાપસેં પેટ ભરતાં
વાકે કોણ હવાલ, હોયગે સાહેબ મેરા, કઠણ કાલકીજાલ,
પડે ચોશશી ફેરા,
કવી કહે નીરાંત, મુઢ ચેત્યો નહિ જાઇ, બીન કવીતાકો
જન્મ સુણો કહું કેસા ભાઈ, ૩
ચેત ચોપમેં ચેત, કહતહું કરી પોકાર, પડે પંડ પછતાય,
પલક નહી લાગે વાર,
જુઠી બાજી જાંણુ, ખરાકું ખોજીલેના, બેરબેર કહાં કહું,
સમજ મંન મુંઢ દીવાના,
સાંઇ સમો નહી સાર, જુગમેં જાનો ભાઈ, બડી બીચારોબાત,
બડાકી એહી બડાઇ,
કવી કહે નીરાંત સાંઈકું ભજલે પ્યારા, ચેત ચોંપમેં ચેત,
કહતહું કરી પોકારા, ૪

મુસલમાન પરમાન સાંઈ સબઘટમેં દેખે, રહેમ નજરસેં
રહે, ઓર દુજા નહી પેખે,
છોટા જીવ, ગણેસબ સાંઇ સમાતા, એહી કતેબા માંહી,
લીખાહેં ભેદન છાંના,
દીલ પાકસેં દેખ એસા, સાંઈસાંઇહેં દુજા કેસા, મેહેજત
મક્કા ભીસ્ત હજુરા. ઘટ ઘટ સાંઈઆં દેખે પુરા,
ચીજ નીવાલા માટી ખાયે, કોન કતેબાં લખા બતાવે,
બેઇમાંન સોઈ કામા કરતે,
જીવ ઝબેકર રોજા ધરતે, પાંચ વખતપ્રી-નીવાજઠાંને,
હરદમ સાહેબ પાસ-નાજાને,
દેખ પેખકે છુરી ચલાવે, એહી કરમેસેં દોજક જાવે,
કવી કહે નીરાંત,
સાહેબકા સબહી ભેખા, મુશલમાન પરમાન, સાંઇસબ
ઘટ મેં દેખે, ૫

(ખટ રાગ)

ફોગટ ફંદ સંસારસમજી રહો, નાલહો નાથ મંનસાથ સોધી.
કોઇ દેવ દેહેરાં કરો તીરથ વ્રત યાગકરે, નાટલે કર્મનો
કીચકોથી, ટેક
કોઇમૌન વ્રત ગ્રહી રહે, અસત્ય નવ ઓચરે,ધર્મ રૂડા કરે વેદસાખે,
તોયે અલ્યાશું થયું, દ્વૈતનું દુખ નવ ગયું, હારદ અલગુ
રહ્યુ, પીંડ પાખે, ૧

કોઈ સ્વપ્નામાં નૃપ થયો, રાય નીધી પામી ગયો, એવુ
ભ્રમમાં મંન તુંય રાખે,
પણ જાગવાથી ગઈ રીદ્ધી, શીર ચમરજે ઢલતી, અલ્યા
ત્યારે મુખડું શુ દાખે ૨

કોઇ સોહું સાધે સદા, તેજાપ માંહે રહે મુદા, પ્રપંચની
પાર રહી પ્રીછ અલગી,
માયાનું હાટ વીરાટ પદ નાલહ્યું, મારૂં તહારૂ કરતાં સર્વે
ગયું, પછે ભુર બુદ્ધી થઈ ભરમે વલગી, ૩

કોઈ આપ મત ગ્રહી રહ્યા, વળી સમજી શીતળ થયા, મૃત-
વતદાસ થઈ દીન બોલે,
એમ અહંકારમાં જ્યારે બુદ્ધી ભઈ, ઉત્તમ નાથની પ્રીત
પડદે રહી, પાછે ભુતળ ભરમીયા ભુત તોલે. ૪

ત્રીગુણાતીત અદ્વૈત પદે, આવ્યા તેતો જાણો શુદ્ધ હરદે,
નામ નીશ્ચે થયું ભુલ ભાંગી,
એક ધ્યાને સોહંની લ્હે લાગી, સદગુરૂ સેનમાં મોજો માંગી,
જ્યારે અજ્ઞાન ઘેનેથી જોયું જાગી. ૫

(નીરાંતમહારાજની સાખી.)

કેદારો જબ કીજીયે, મુખે જપીયે રામ,
સબ રાગનકો દેવ હે, કેદારો મહા ધામ. ૧

કેદારો કીરતન કરે, ધન ધન હરીનું નામ,
અનેક અધમ ઓધારીયા, ગુરૂ નીરાંતનો વીશ્રામ. ૨

કેદારો મુજ ઘેર પરોણુલો, શાં શાં ભોજન કરેશ,
સેવ સુવાલી લાવશી, પછી આંબારશ ઘોલેશ. ૩

નામ બીના કોઈ નવ તરે, ભવસાગરકે માંય,
નીરાંત વંદુ નામનેરે, જ્યાં જ્યાં દેખું ત્યાંય. ૪

પરમેશ્વર પ્રસન્ન થઇ, તાહારી કરતો સ્હાય,
નીરાંત નામ સંભારતાં, મન વાંચ્છીત ફળ થાય. ૫

આદઅંત મધ્ય એક છે, વીશ્વ તણા વીશ્રામ,
નીરાંત નામ સમરણ કરે, એક રામ નામકો નામ. ૬

રામ નામકો નામ હે, નીરગુણ સીરગુણ સોઈ,
નીરાંત પામો નામકું, નામ બીના નહિ કોઈ ૭

નીરાંત નામ સંભારીયે, અલખ ઘણી શીર એક,
બોલે તે બીજો નહી, ભમે સેવે અનેક. ૮

જનમ મરણ સંશે નહી, આન ઉપાધી ઉઠાય,
રહ્યા તે આત્મરામ હે, નીરાંત ચીનો તાય. ૯

રહે નામકે આશરે, નહીં અવરકી આશ,
નીરાંત નમીયે તાકું, જો નઇ હૃદયે વીશ્વાસ. ૧૦

નામ નીરંજનસે અધીક, નામ એક નીજ નામ,
સબ ઘટમેં વ્યાપી રહે, મીથ્યા જાને દામ. ૧૧

અપાર લીલા નામકી, નામે પામે ધામ,
નીરાંત નામ જાણ્યો જેણે, મીલીયા સુંદર શ્યામ. ૧૨
નામલીલા કોઇ સંત ભણે, અપાર ગુણ હે નામ,
નીરાંત નામકો જાનકે, તરો નામ નીરવામ. ૧૩
ગુરૂ સ્તુતી જો ગાઇએ, નવ નામકો અંત,
નીરાંત નીર્મળ હો ગયો, બીગડયો હુવો ચંત. ૧૪

ગ્યાનીજી સાખી.

ગીરી ગીરીવર સબ ઢુંઢીયા, દેખા દેશ વીદેશ,
ગ્યાની રામ પાયા નહીં, બીના ગુરૂ ઉપદેશ. ૧
તેજ પુંજ સત ગુરૂ મીલે, જેસા સુરજ ભાવ,
સબ અંધીયારા મીટ ગયા, ગ્યાની દેખા ન્હાવ. ૨
તારા દીવા અગનકા, રેણી ઓત પ્રકાશ,
ગ્યાની પ્રગટયા ભાણુ જબ, ઉગત કાહેનાશ. ૪
નાશ કરાયા સબ રેણુકા, પ્રગટયા ભાન જબ ગ્યાન,
ગ્યાની સબ સુખ પાઇયા, મીલે અવીનાશી ભાણુ. ૫
ગ્યાની ગુરૂ ઉપદેશ કરી, ભેદ બતાયા એક,
રામ નામ નીજ સાર હેં, દુજા ભ્રર્મ અનેક. ૫
ગ્યાની ગુરૂ ઉપદેશ કરી, એક એકહેં રામ,
સો મનમેં નીત્ય સમરીયેં, સારેગા સબ કામ. ૬

સદગુરૂ કે પ્રસાદથી, પાયા રામ આધાર,
સો નીશ્ચયસે સમરીયે, એહી ખરા બીચાર. ૭
એક રામ સદગુરૂ કહે, તા આગે કછું નાહી,
ગ્યાની હરદે રાખીએ, સમરીયે મનમાંહી. ૮
રામ બરાબર કછું નહી, સબ જુગ દેખા જોઈ,
ગ્યાની સોઈ ગુરૂ દીયા, ભજના તાહી સોઈ. ૯
એક રામ સબકો કહે, સુરીનર મુનીજન શેષ,
ગ્યાની સો તત્વ સાર હે, સાહં હરદા ઉપદેશ. ૧૦
સાચા સદગુરૂ સેવીએ, ભ્રમ મીટાવે આન,
આપ સરીખા કરી લહે, દે આતમ નીજ ગ્યાન. ૧૧
ચંદનસે ચંદન ભયા, દીવે દીવા હોય,
ગ્યાની ગુરૂ થૈ ગુરૂ ભયા, ચીને વીરલા કોય. ૧૨
ચંદન મધ્યે એક વાસના, ગુરૂ મધ્યે ગુરૂ દેવ,
ગ્યાની તાકો સમજકે, કીજે તાકી શેવ. ૧૩
જયુ સોની સોના કસે, સબ મેલ કાઢે સોધ.
ગ્યાની ગુરૂ એસે કસે, સબ કરમ કાટે ઓધ. ૧૪
ગ્યાની ગુરૂ એસા કસે, જેસા લોહ લુહાર,
સબહી મીટાવે કલ્પના, દેખાવે આપ દેદાર. ૧૫

(પદ) ૧

કાફી ધુમાર

વસંત વીવા વરણુવું હો, હો મેરે પ્યારે વરણુવું તો ન વર્ણ્યા. ટેક

સદગુરૂજીએ સત્ય કહ્યું સંભવતું, વીવીધ વીવેક વીચાર,
ત્રીગુણા તીત નામ નૌતમ, સત્ય વર કન્યા સાર. ૧
દહે લગન તે ઘડીએ લીધા, શુભ મુહૂર્તમાં સાર,
આઠ પહોર દીવસને રજની, લાંછન નહી લગાર. ૩
મન ગમન મંડપ મહા રૂડો, છાબ પુષ્પ વત છાય,
ચીત ચોરી ચોપાસ ચીતરી, સંભવતી સર્વે સોભાય. ૩
જાન જગતની જોવા સરખી. પુરૂષોતમ નહી પાર,
કરૂણા નીધી કૃપા કરીને. તત્વને મેલ્યો તાર, ૪
ત્રીકમજી તોરણ સરે તેવા, પ્રેમે પાકા પુર,
મન ગમતા માહ્યારામાં માહાલે, હરખ ભરી કન્યા હજુર. ૫
વાહાલપણાની વરમાલા વારૂ, પ્રીત પાનેતર નાડું,
અરસ પરસ મળ્યો હસ્ત મેળાવો, છકને તંબોલે છાડુ. ૬
મંગલ ચાર વર્યા વર કન્યા, માનુની મંગળ ગાય.
અન્યો અન્ય કંસાર આરોગે, સ્થાપના વેદ ધુની થાય. ૭
અનહદ નાદ વાજીંત્ર વાજે, નીરભય ભયોરે નિશાન,
સમરણુ સાર સમોવડ નાંહી, સંભવતું ધીરજ ધ્યાન. ૮
પુરૂશોતમને પરણાવીયારે, સખી સદગુરૂ દેવ,
નીરાંત નામે નેહ મળ્યો છે, સત્ય સત્ય વર્તીની સેવ. ૯

પદ ૧

રાગ વસંત.

આયા અવીનાશી પદને ઓલખો, તેથીપર તે પુરણ પદને લખો.

દશ ઇંદ્રીમાં વરતે તે આતમા, તેથી પર રહ્યો પરમાતમા,
તેથી પર રહ્યું તેને પ્રીછવું, જાણી જોઇને અંતરમાં ઇચ્છવું. ૧
દશ દ્વાર થકી જે દુર છે, ન્યારો માંહે રહ્યો ભરપુર છે,
કાયા માયાનું કારણ રૂપ છે, તેથી અલગું તે આપ સ્વરૂપ છે. ૨
બાહારજા ભીતર ભીન્ન ન ભાલવો, મન લોહ અગનમાં ગાળવો,
એવું કામ કઠણ છે કોઈ કરે, હાંસી ખેલ નથી જે હરદે ધરે. ૩
નારૂપ તે નરખીને હરખીયે, સદગુરૂથી પુરણ પદ પરખીયે,
રહીએ નીરાંત નામ આશરે, નીજ નામ લઈ નીશ્ચે તરે. ૪

પદ ૨

(રાગ વસંત)

તન પાયો રત્ન ચીતામણી, ચીત ચીતવેતો આવે બણી. ટેક
રંખે કરતો ઉપાધી આટલી, સારી હીણી સહુ છે બાદલી,
જોને તન તપાશી તાહેરૂં, નથી થયું તેઉપાધી બહેરૂં. ૧
આન દેવ ઉપાધી મુલ વસ્તુ વીચારીના ચુકીએ,
એવી સમજણ રાખો હરદે વલી, બીજી હોય તેને મુકો
મીથ્યાકલી. ૨
ભણ્યો ગણ્યોરે ડાહ્યો થયો દેશમાં, આવ્યો વૃદ્ધ પણાના વેશમાં,
તોયે સમજી શક્યો નહી આપમાં, ગયો જન્મ પડયો બહુ
પાપમાં. ૩
કરી કર્મ કમાયો તેજો લાભને મીથ્યાશું વલગ્યો છે તું આભને,

એથીરે ઊંચો થઈ શું ફરે, મીથ્યા કર્મ મનોરથ શું કરે. ૪
અણસમજ્યો તે સાધન બહુ કરે, એમાં અર્થ એકું નવ સરે.
એવા કર્મ ઉપાસી દીઠા ઘણા, જેમ શેકાયા ઉની વેળુએ ચણા. ૫
એમ અનેક ઉપાયે અર્થ નવ સરે, તરી તારાનો કોઇ નવ તરે.
નમો નીરાંત નામ ગુરૂ દેવને, કરો મન કર્મ વચને સેવને. ૬

=

પદ ૭નું.

(રાગ વસંત)

પંછી કાંહાં પરચો ભુલમાં, બીન ફલરે એવા ફુલમાં. ટેક.
એક મુલ વીના વૃક્ષ ફુલી રહ્યો, તેને કો કાલે ફલ ના ભયો
તેને કાપીએ તો કપાય નહી, એવો નીષ્ફલ વૃક્ષ સુકાય નહી ૧
એવો સંસાર વૃક્ષ સમાન છે, તેને પુષ્પ રૂપી અજ્ઞાન છે.
મીથ્યા માટે મુલ નહી જાણવું, એવું જાણીને વર પરમાણવું. ૨
વૃક્ષ વધ્યાની હદ નવ કહી શકું, એવું સમજવું આપ અંતર થકું;
એ તો નીષ્ફલ એવું કહેવાય છે, મીથ્યા વૃક્ષ-કો વીરલે તજાય છે. ૩

અણુસમજ્યા તે તજીને વંન ગયા, દુખ પામ્યા પણ
ન્યારા ના થયા;
એને તજવાનો એક ઉપાય છે, ગયા ગુરૂ પાસે તેને
તજાય છે. ૪

એથી અલગાં રહ્યાનો ઠામ છે, તન માંહે ગુરૂનું ગામ છે;
દેહીમાં વસે તે ડાહેરા, તેને જાણવાં જુગથી બાહેરા. ૫

મુલ જોતાં તો વસ્તુ એક છે, તાણોવાણોવસન અનેક છે;
બીજા ભાવથી નીરાંત નીરખીયે, ગ્રહી નામ હરીનું હરખીયે. ૬

પદ ૪થું

(રાગ વસંત)

મૈં તો પ્યારી મેરા પીયુંકી, જાતા જાનહમેરાજીવકી. ટેક.
રહી અરસપરસ એકતા મલી, સુખ પીયાજીકો સુખ
કહી ન શકું કલી;
ધીક ધીક કહીએ એવી નારને, દીઓ પીયાજીકો સુખ
બીસારને. ૧

કીનો સણગાર ઉપર ના વકી, રહી અંતર ઓર સભાવકી;
ભઇ દુર મતી દોહો દશ ધાવતી, વ્યભીચારણી પીયાકું
ના ભાવતી. ૨

એસીનાર પીયાકી અનેક છે, તામેં કોઇ કોઈને કાંઇ ટેક છે;
પતીવૃતા સમોવઠ–કો–નહી, વૃતી વસી રહી પીયું
કે મહી. ૩
પ્રેમવંતીને પીચુકી ચાહુના, વ્રેહવંતીને વ્રેહની લાહ્યના;
આતુરવંતીને આતુરતા ઘણી, એવી વીજોગવંતી ઓહો ઘણી. ૪
પીયા કોણુ મીલીયા કીજીએ, વાકે આધીનતા હોઇ રીઝીયે;
કીજે તન મન અરપન તાહીકુ, મોહી પીયા મીલાવે વાહીકું. ૫
એસી જાની ગુરૂ આયે આપસું, જેસે સ્વાંતી છીપ
સભાવસુ;
નીરાંત દયા કરી દાસને, નામ પીયુ મીલાયો પુરી આશને. ૬

પદ ૭મું.

(રાગ વસંત)

મન કાંહા ભરોંસે તે રહ્યા, તે ગયા તો તેરા કછુ ના
રહ્યા ટેક.
મુલ વાઢવું તો વૃક્ષ ગયું વલી, બીજ હતું તે સરવે
નાંખ્યું દલી;
જોની કાંઇ ના રહ્યું રહ્યા પખે, ઓલાયન અંગીઠી
નીત્ય ધખે. ૧

દેખ દેખ બીચાર કહા કામકો, રહેતો રાખ ભરોસો નીજ નામકો;
બીજું જાશે તે સરવે જાણજો, નથી રહેતું નિશ્ચે પરમાણજો. ૨
ઘડી ઘડીરે પલક દીન જાય છે, છે છતું તેમાં ઓછું થાય છે;
કહા ભુલ રહયો તે ભુલણા, ગયે નજરા આગે ઘણે ઘણાં. ૩
આજ કાલ મેં ખલક સબ ખપી ગયા, દેખ દેખ દાગીના કછુ ના રહયા,
એક નામ સાહેબ બીના સબ ફના, નેક દીસે ન્યારા રહે ગાફલ મના. ૪
દેખ કાલ ખડા શીર ઉપરે, નાંહી કોઈ બીતાસેં ઉગરે;
નીરાંત પકડ ઓથ નામકી, ચેત ચેત કહી મતી કામકી. ૫

પદ ૬ ઠું.

(રાગ વસંત વધાવો)

ચાલો સખી શ્રી વસંત વધાવા, નંદ તણે ઘેર જઇએ.
નંદ કુંવરની પુજા કરીશું, પુજીને પાવન થઇએ. ટેક
વાહાલો વસંત સદા રત સુંદર, અષ્ટ કમલ દલ સારા;
મહા સુદ પાંચેમને ગુરૂવારે, પૂજો તો ભાગ્ય તમારા. ૧

વસંત વસ્ત્ર સજયાં સહુ સજની, આનંદ ઉર નસમાયે;
નખ શીખ શોભા વપુ બન્યું વારૂ, વરણવ્યું ના વરણાયે. ૨
અરસપરસ મલ્યાં અલબેલાને, ભુધરને મન ભાવ્યા;
ધન ધન વીનતા કહે એમ વહાલો, લખ સામગ્રી લાવ્યા. ૩
અનુભવી સઘલાં અધો ઉર્ધ્વમાં, તદ્રૂવત ત્રીકમ તોલે,
નીરાંત સખી સ્વામી સંગે રમતા, બીજું નાભાસે બોલે. ૪

પદ ૭મું

(રાગ વસંત વધાવો)

પ્રાણજીવન પાતલીયા વાહાલા, પ્રેમે મંદીરે પધાર્યારે.
સદગુરૂ રૂપ સદા સુખદાયક, અતી અવગુણ નીવાર્યારે. ટેક
મહા નીદ્રાંમાંથી મુજને જગાડી, જાગીને મેં જોયુંરે,
અરસપરસ એકતા વત કીધી, ઉરનું અંતર ખોલ્યુંરે. ૧
હું હરીમાં ને હરી મદીરમાં, અનુભવતો એક કહીએરે;
રત્ન મણીને રત્નની કાંન્તી એ જેમ તેમ લહીએરે. ૨
સાસરીયાનું થયું સંભવતુ, પીહેરની પક્ષ છુટીરે;
અન્યો અન્ય એકતા થઇને વરતે, આશા અવરની ઉઠીરે. ૩
અધો ઉર્ધ મધ્યે મોહન મહાલો, ત્રીકમ તેજ અપારરે;
નીરાંત નોતમ તેની કાંન્તી, વીશ્વ પદ વીસ્તારરે. ૪

પદ ૮ મું

(રાગ વસંત વધાવો)

વસંત રતની જાઉ વારણીએ, વીધ વીધના વૃક્ષ ફુલ્યારે.
અનુભવી પંખી વ્રહે વાસના, અવર તે પંખી ભુલ્યારે.
ટેક

સદા સુવાસી પુષ્પ અનોપમ, મોહયા સબ સંસારારે;
લક્ષ વેતા લ્હો લીન વાસના, પરખે પરખન હારારે. ૧
વૃક્ષ વડુંને પુષ્પ અનાદી, પંચ પાંખડી પરખોરે;
વન વીશ્વને પુષ્પ અપારા, નામ નૌતમ નરખોરે. ૨
જીવ જત કો નરને નારી, અનેક ઉપાયે ઇચ્છેરે;
ગુરૂ મીલે તો ગેડયો પાવે, પ્રેમીજન કોઈ પ્રીછેરે. ૩
એ ઉલટ ભેદ ને ગેડય ગ્યાનની, સદગુરૂ સોઈ લખાવેરે;
નીરાંત નામ પુષ્પ પુરૂસોતમ, ગુરૂવા હોએ તે પાવેરે. ૩

પદ ૯ મું

રાગ ચરચરીનો (હમેરે અલખ અનાદી. એ રાહ)

ભણી ભણીને શું ભણીએરે. ભાઇ ભણવાનો કંઇ પાર નથી.
મુલ વીદ્યાનું કોઇ ના જાણે, ઘણા ભણેલા મુવા મથી. ટેક
ચાર વેદ ખટશાસ્ત્ર ભણીએ, વ્યાકરણ વાણી કથા કથી;
સંસ્કૃત સહુ સમજયામાં આવ્યું, મુલ ના સમજયા વીદ્યા. ૧

વાલ્મીક વ્યાસ વૈશંપાયન રૂષી, સનક સુનંદન નારદથી;
આદ મુલ નવ ઓલખાયું, શુક શેષને શારથી. ૨
બ્રહ્મા ભાવે વેદ પ્રકાશી, હરી સાહારવા હારદથી;
તેથી ભારે કોણ ભણેલો, બ્રહ્મા દેવ ઉદારથી. ૩
પરા પંસ્યતી મધ્યમાં વૈખરી, વીદ્યા ભઇ વાણીથી;
વાણીના પ્રેરકને પ્રીછો, આદ કહો એંધાણીથી. ૪
ઓંકાર આદ ભઇ સહું ઉતપન, ઓંકાર ઉપન્યો માયાથી;
માયાના પ્રેરકને પ્રીછો, સુખ ઉપજે સમજીયાથી. ૫
સમજયા ના પ્રેરકને પ્રીછો, આદ ભઇ અનાદીથી;
નીરાત નામ અનાદી ઓલખો, સદગુરૂના એક નાદથી. ૬

પદ ૧૦ મું.

(રાગ ધોળ)

એક મોરલી મરમની વાગીરે, સુરત ધરીને સાંભલતાં તન
મનની ભ્રમણા ભાંગીરે,
આતુર થઈ ચરણે નમતાં. ટેક.

જાગીને જીવણ જોયારે, અકલ સરૂપી નહી જાયે કલીયા;
મ્હારા ભવના મ્હેંણા ભાંગ્યારે, કર્મ કાષ્ટ સ્હેજે બળીયા. ૧
ગુણ જોઇને ગુરવી થઈ છુંરે, દાસ દાસની થઇને ચાલું,
હુમો નીરવત નારી થઈછુંરે, નીશદીનસ્વામીસંગ મ્હાલું. ૨

શોકલડી છે ધુતારીરે, તેમાં મ્હારૂં નહીં ચાલે;
સાચાનું જુઠું થાપેરે, જઇ સ્વામી આગલ આલે. ૩
એ દુખડું હમારે મોટું રે, કો આગલ જઈને કહીએ.
કહે દાસ નીરાંત બ્રહ્મ આત્મારે, અરસપરસ નરખી લઇએ. ૪

પદ ૧૧મું
(રાગ ધોળ)

મને સતગુરૂ મળીઆ પુરારે, અગમ નીગમની ગમ લાધી;
મેં ગ્યાને શબ્દ વલોવ્યોરે, તત્વ રૂપની તર બાંધી. ટેક
તે તર લેવાને કાજેરે, વીવેક કરીને વીચારો;
મગ્ન કીધો મંન કયારોરે, સેજ સેજ કીધો સારો. ૧
મહીં રહેણી કહેણી બે રોપ્યારે, પ્રેમ મુલ શીચા પાણી;
બેહુ એક મલીને ઉગ્યારે, તે વધ વેલીની મંડાણી. ૨
તેને ખડ લાગ્યા બહુંખ્હાવારે, દુગ્ધા બહુ ભાંતી વ્યાપી;
ગુરૂ ગમ કોડાલે ગોડયારે, મુલ સહીત નાંખ્યા કાપી. ૩
ખડતરીયો બલમાં વેલોરે, તે અરધ ઉરધમા જઇ વાંધ્યો;
કહેધશ નીરાંત બ્રહ્મા આત્મારે, સતસરૂપી સાચો લાધ્યો. ૪

પદ ૧૨મું નીમાનંદ
રાગ (છંદ ચરચરીનો) (કૃષ્ણ સ્તુતી)

નંદન નંદન જગત વંદન, ચરણ રજકું બજાતરી;
ચાર જુગ પરીબ્રહ્મ કહીએ, કૃષ્ણ રાજતમ હુપરી. ટેક.

બંસી બટ તટ નીકટ યમુના, શામળે મોરલી ધરી,
મોરલી ધુની સુણી ત્રીલોક મોહે', કૃષ્ણ.
વંદ્રાવનમેં મદન મોહન, અષ્ટ સીદ્ધી નવ નીદ્ધી ખરી;
કાળી નાગ ઘનશ્યામ નાથ્યો. કૃષ્ણ.
મુગટ લટપટ પેચ રસ પટ, તીલક ચંદનનું કરી;
વનમાળી લાલ ગોપાળ કહીએ. કૃષ્ણ.
ગોપ ગોપી સંગ લઇને, કુંજ કુંજર રમ્યા હરી;
રાસ રચ્યો જદુનાથ નંદન. કૃષ્ણ.
ઈંદ્ર ચંદ્ર કુબેર બ્રહ્મા, લખે વીગત પ્રભુ ફરી ફરી;
અનંત મુનીજન કરત જય જય. કૃષ્ણ.
કંશ વંશ નીકંદ કીધો દનુજ સરવે ગયા ડરી;
સંત કારણ દેહ ધારણ. કૃષ્ણ.
કૃષ્ણાષ્ટક જે પઠત નીશદીન. સ્વર્ગ જાત તે સંચરી.
નીમાનંદ અવતાર અદભુત. કૃષ્ણ ૧
કૃષ્ણ કૃષ્ણોતી જગત પાવન, ભજતમન સૌ દુખ હરે;
ગોપીજનના પ્રાણ વલ્લભ, કૃષ્ણ ભજતાં સધતરે;
પ્રેમ કારણ ધારણ, અઘ નીવારણ સુખ ભરે;
ભગ્તજંનના દુખ હરતાં. કૃષ્ણ.
દેવ દાનવ માનવી નીત, કૃષ્ણ લીલા ચીત ધરે;
દાસજનની આસ પુરો. કૃષ્ણ.
પાંડવોના કોડ પુર્યા, પંચાળીના પટ પુરે;
દુષ્ટ સભામાં લજ્જા રાખી કૃષ્ણ.
સંત તંશ આનંદ વ્યાપે, ભગ્તજંનને સુખ ભરે;
દુષ્ટ દલ મર્દન કરતાં કૃષ્ણ

દેહુ નેહુ અતી ભગતજન પર, પાપી પ્રાણુ જન વઠરે;
શેષ બ્રહ્મા સ્તવે નીશદીન. કૃષ્ણુ
નેતી નેતી વેદ કહેતી, સુક નારદ સ્તવન કરે;
લંકવંશ નીર્વંશ કરતાં કૃષ્ણુ.
દેવકી આનંદ વર્ધન જશોદા ઘર ઉછરે. નીમાનંદ.
ઘટ ઘટ વ્યાપક. કૃષ્ણુ.



ॐ शीवो ह्मोहं.

શ્રી બાપુ ભગતના પદ.

પદ ૧લું.

(રાગ ચાબખા.)

ભાઇરે ટેક રાખે તેને તો પદ પહેલું, સ્હેજમેં સમજે
તો ભજન સ્હેલું; ટેક.

ન્હાવાનો નેમ છે ને માલારે ફેરવે, દરસણુનો ટેક નહી
મ્હેલું;

જેને વડે હાલે ચાલે તેને મારે ભુખે, એ કામ થાય કેમ
પહેલું. ૧

કાશી દ્વારકા ફરી ફરી આવ્યો, લોક કહે એ તો ઘેલું;
મેલું હતું લુગડું ને મેંશ ઘણી ચોંટી, બમણું કરી
આવ્યો મેલું. ૨

ઘેલી અંધી દુનીયા ઘેલી અંધી ગાય, તે ચાટે
વાછરડું મઢેલું;

તાંબા પીત્તલને પાષાણની મુરતી ભાન ભુલ્યો પોતાનું
ઘડેલું. ૩

મુલ ભેદ એક છે ને એક કરી જાણો, આત્માનું એ
ઘડેલું;

સત નામ સમજે બાપુ સુખ થાયે ઝાઝું, સત ગુરૂ
શાંનથી જડેલું. ૪

ચાબખા ૨જો

વીચારી જુવો ન જાણશો હમે મોટાં, સમજીને થાઓ
તમે છોટાં. ટેક.

કાચી કાયા તહારી ધુલ મલી જાશે, જેમ દારૂ તણા
ઉડે ગોટા;

ચાકેથી જેમ સર્વે ઉતારે, ઘડો ગાગર ને લોટાં. ૧

ઝીણાં મલમલ ધોતીયા પહેરી, ઝીણા ઓઢે શાલ જોટાં;

રૂપીએ ગજના મશરૂ પેહેરે, પણ અંતે ધુમાડાના ગોટાં. ૨

રાજા ને પ્રજા સૌ ભુમીમેં દાટશે, ઉપર ચણાવશે ઓટાં;

નીચ ને ઉંચ એ માયાનો ખેલ છે, જેમ પાણી તણા પરપોટાં. ૩

હરીની ભકતી વીના કાલની છે ફાંસી, જમડા મારે
છે ઘણાં સોટા;

સત નામ સમજે બાપુ સુખ થાયે ઝાઝું, હરીના ભજન
વીના ખોટાં. ૪

પદ ૩ જું

(રાગ ચાબખા)

ભાઇરે મારા સાચું કહેતાં તો લાગે કડવું, કાણાને કાણો
કહીએ તો થાયે વઢવું વઢવું. ટેક

મુલ મરમ તમે માટીના જાણજો, મુસલમાન બદનું
કહે છે હીંદુ કહે ચડવું;

માટીના ગણપતીને કામઠાનું તાબુત, એને કાગદેવ તે
તો જો મઢવું મઢવું. ૧

સેવા કરે છે ને જલમાં બોલે છે, બારે મહીને તો
એને ઘડવું;
ઢીંગલાની રમત એતો છોકરાને વ્હાલી, ભાંગી જાયે
તો તરત આવે રડવું રડવું. ૨
હરીનાં ભજન બીના ધીક એની મુછને, મુછ વીના
મોઢું લાગે અડવું;
મુશલમાનને આખર જમાની બીક છે, પછી હીંદુને
ચોરાશીમાં પડવું. ૩
જમણો હાથ એક છે ને ધણી જુઓ એક છે. એક
છે મરવુંને અવતરવું;
બાપુ સત નામની સમશેર ઝાલી પછે, છુટે પટે
તો જો લડવું લડવું. ૪

પદ ૪ થું.

(રાગ ચાબખા)

ભાઈરે જોર જુવાનીમાં ભુલી ગઇ માલા, સારી
નરશી કાયાના થઇ જશે લારા. ટેક.
ગોરી જેની ચામડી તે મોઢું મરોડે, પેલી કાલીના
પાડે ઘણાં ચાલાં;
હરીનું ભજન કરે તેને ગોરા કહીંએ, એ કાલી કુબજાને
વર્યા ગોપાલા. ૧

સાંત પાંચ મલી ત્યાં તો કરી ઉઠે, કંઈ કંઈ કરે
છે ઘણા ચાલા;
ભજન નથી કરતી એતો નીંદા કરે છે, ડોલા ફેરવે
લીલા પીલા ને કાલા. ૨
હાથી ઘોડે ચડીયાં તે અહંકાર ભર્યા, નહીં આવે
નીઘામાં પગે પાલા;
હાથી ઘોડા તો ત્હારા ધુલ ધાણી થાશે, ગયા મોટા
તે મોટપવાલા. ૩
શાના તમે સુખીયા હું તો દુખીયા દેખું છું, જેને
હરદે રૂદ્રની માલા;
બાપુ કહે સત નામ સમજ્યાથી, મને સતગુરૂ
મલ્યા છે રૂપાલા. ૪

પદ ૫ મું.

(રાગ ચાબખા)

ભાઈ તમારૂ મુલ તપાશીને જો જો, આતમારામ
સંઘાતે મન મોજો ટેક
મનના વસ્ત્ર તાહારાં મેલાં થયા છેને, બ્રહ્મ જલમાં
જઈ ધોજો;
બેગમપણું તો મેલ સર્વે જાણજો, પછી સમજીને
શાંશાને ખોજો. ૧

હીંદુ તે તીરથ વ્રત કરે છે, મુશલમાન કરે છે રોજો;
વાંઝણી તે ગાય કહોને દુધ કયાંથી આપશે અનુભવ
દુઝણી ગાય દોહજો. ૨
માટીના ઘાટશું મોહી રહ્યો છે, ઘાટ મોટો
કે મોટો ઓઝો,
તીરથ વ્રત સહુ તાહારાં કરેલાં, વણ સમજે દોડયો
તે ચડયો સોજો. ૩
પ્રગટ દેવ ભાઇ તુજને બતાવું, સદગુરૂ દેવને જઈ પુંજો,
બાપુ કહે છે સત નામ સમજયાથો, પછી મન
ગમતી માંડો મોજો. ૪

પદ ૬૬ું.
(રાગ ચાબખો)

આ જીવનો પંડીતે ખેલ બગાડયો, કોઇ સદગુરૂને દયા
આવી માટે એને ઉગાર્યો. ટેક.
ધર્મ અધર્મ બે મારગ કીધા, પાપ પુન્યનો નેજો
ગાલ્યો;
મરવા અવતરવાની દોરી ગલે બાંધી, મરકટને ઘેર
ઘેર નચાવ્યો. ૧
રાજ પામવાને તપ કરે છે, ને પંચાતે અગની તપાવ્યો;
સંશય રૂપી ગધેડે બેસાડયો, પછી ચોરાશી ઢોલ વગાડયો. ૨

આંધલાને લુટવાની બીકજ ઘાલી, મધરાતેરે જગાડયો;
જાગતો હોય તો કોઇ ન પુછે, જાણી જોઇને એને
કુવામાં ઘાલ્યો. ૩
સીધ્ધો છે રસ્તો રે આવવું ત્યાં જવું, ને પંથ ઘાલી છે
આડી વાંડો.
સૂર્યને પ્રતીબીંબ ભીન્ન કહો ક્યાં છે, બાપુ નામ
સમજ્યાથી ફંદ વાલ્યો. ૪

પદ ૭ મું.

(રાગ ચાબકો)

ભાઈરે હરીના નામની ટેક તમે ઝાલો, બીજું ભુખ્યાને
ભોજન આલો. ટેક
કોટી શાધન ના આવે નામના તો લે, બંનેને કાંટામાં ઘાલો;
નામ વધે તેને શાસ્રી શાખ દે છે જાણી જોઈ શીદ
થયો છે કાલો. ૧
આંબા ઉપર ચઢવું ને કેરી ઉતરાવી, શીદને ફાંસો પાલો;
બીજા સહું સાધન પાલા જેવા જાણુજો, નામ સમજે
તે મ્હારો વ્હાલો. ૨
આંખોને ખુંદોને દમને રૂંધો, કાનમાં પુંમડાં ઘાલો;
જયાં જાઓ ત્યાં પથ્થરને પાણી, લાખો ગાઉ ધરતી ચાલો. ૩
આત્મા ચીન્યો તેતો ટેક સાચી, હરી સભર ભર્યો
છે નથી ઠાલો;
સત નામ બાપુ સદગુરૂ એ ઓલખાવ્યું, તમો સત
સંગતમાં મ્હાલો. ૪

પદ ૮ મું

(રાગ ચાબખો.)

ભાઈરે માહરા સાંતી પમાડે તેને સંત કહીએ, તેના
દાસના દાસ થઈ રહીએ. ટેક.

વૈદ મળ્યો ને રોગ રહ્યો ઉભો, ત્યારે તેની ગોળી શીદ ખાઇએ;
રાણાની ચાકરીમાં ભુખ રહી ઉભી, ત્યારે તેના તે
પાડ શીદ સહીએ. ૧

વીદ્યાનું મુલ ભણે પુરો ન ભણાવે, ત્યારે પંડયાનો માર
શીદ ખાઇએ;
કલ્પવૃક્ષ સેવે જ્યારે દારીદ્ર ના જાય, ત્યારે તેના તે
ગુણ શીદ ગાઇએ. ૨

લીધો વળાવોને લુટવારે લાગ્યો, ત્યારે તેની સોબતે શીદ જઈએ;
આપી બાંહેધરીને પાછું માથું વઢાવે, એવી સંગત તે
શીદ કરીએ. ૩

બાપુ કહે મ્હારા ગુરૂએ બતાવ્યું, તે તો લાગ્યું છે
મ્હારે હૈયે;
બાપુ ભગત સવે રીદ્ધીસીદ્ધી તેને, એવા પુરૂષને લઇએ. ૪

પદ ૯ મું.

(રાગ ચાબખો)

ભાઇરે નામ સમજીને બેશી રહીએ, આત્મા ચીનીને
મનમાં મગન થઇએ. ટેક.

રામને રહેમાન તમે એક ભાઈ જાણજો. કૃષ્ણને કરીમ એક કહીએ;
વીશ્નુ બીસમુલ્લામાં ભેદ નથી ભાળ્યો, અલ્લા અલખ એક લહીએ. ૧
ગફુર ગોવીંદ રહીમ એક તમે જાણજો, મોલા માધવ ગુણ ગાઇએ;
હરી હક્ક નાલાનો ભેદ મેં તો જાણ્યો, હવે ચોરાશી માર નવ સહીએ. ૨
પરવર દીગારપર મહેશ્વર એક તમે જાણજો. નબી નારાયણ ચોંટયો હૈયે;
ચોખાને ચાવલ પણ ડાંગર એક છે, એવું સમજે તેના ચેલા થઇએ. ૩
બાપુ સાહેબ નામ પાક છે ને બીજું નાપાક છે, એવું સમજ્યા કહોને કયાં જઇએ;
જે સાધન કરે પરે તેમાં સાંસો, અમો બ્રહ્મ જળમાં તો નીત્ય ન્હાઇએ. ૪

પદ ૧૦ મું.

(રાગ ચાબખો)

ભાઇરે સાંઇકા મીલનેકા તો સબકુ ધગે પ્યારા, એ તો ભેદ રખ્યાહેંગા પ્યારે ન્યારા. ટેક

માલ જો હુતા સો ઘરકા ઘણી સબ લે ગયા, મુરખ
ખેત ઢુંઢ મુઆ સારા;
એમ હીંદુ મુસલમાન મકકે ઓર દ્વારકા, દોર દોરકે
પીછે હારા. ૧
વજજુ-તવજજુ કરકે જો નીવાજ પઢતા, હીંદુ નાહા,
ધોકે મંન મારા;
પણ મન નહીં મુઆ સંતાન સંસેહેગા, સચ્ચી બુટી
મીલે જબહીં મરે પારા. ૨
માયા નદીકું કોઈક પાર જાવે, એસી જબરી જો હેગી
ધારા;
બાપુ નામ નાવ બેઠા સોઈ પાર જાવે, આખર ડુબ
મુઆ હેગા જો તારા. ૩

પદ ૧૧મું

(રાગ ચાબખો)

ભાઈરે જગત જુઓ ભુલું પડયું છે તે દહાડે. ટેક
આંધલાની પુંઠે દશવીશ દોડયા, જોને પડયા તે તો
મોટા ખાડે;
અહંકાર આંધલો સાનમાં ના સમજે, જે પાણી બગડયું
પેલે પાડે. ૧

હરી સચરાચરમાં કહે છે, જુઠું કહે છે લબાડે;
સ્વામી સંઘેરે દ્વૈત ભાવ ભારે, હા કહીને ના કહે તે
ગુરૂ પાડે. ૨
તાન ટપ્પા તાલબંધ ગાય છે, ચડીને બેઠા મોટા તાડે;
આપ તો છપન વોઢા (ચોરાશી) માં મ્હાલે, સામાનો
સંશય શું કાઢે. ૩
વણુશે નામી ના વણુશે સ્વામી, એમ સાનમાં સદગુરૂજી
દેખાડે;
સતનામ બાપુ એમ કરી કહે છે, કોણુ વઢે જુઠી રાડે. ૪

પદ ૧૨ મું.

(રાગ ચાબખો)

ભાઇરે નીમાજ પઢતા તો બોલે બીસમલા. ટેક
તીસ રોજ રખતાં ઓર મચ્છીઓકું ચખતાં, ઓર બકરેકા
કાટતા હે ગલ્લા;
સાહેબકા જીવ બંદે માર કર્યાં તે ડારા, એબ દીખાવે
દોજખમેં ટલ્લા. ૧
ખડેકું ન આવે ને પડેકું ન દેખે, નેકી કીરી હસેં ચલ્લા;
ભીસ્તકે ઝરૂખે મેં ઓહી મર્દ બેઠા, જીને નામસેં
પીછાના અલ્લા. ૨

દગાકરકે તુને બહોત જીવ મારે, ઈમાન ચોરકે બનાયા
તુને ડલ્લા;
બેટે ઓર બકરેકું બરાબર જાને, તો સાંઈ કરેગા
તેરા ભલ્લા. ૩
આ ખરી જવાનીકા બ્હોત ડર હેગા, ઓર સાહેબકો
સંગ કરો સલ્લા.
બાપુ કહે નામ એક અલ્લાકા સ્રચ્ચ હે, ઓર રફેદફે
હોયગી બલ્લા. ૪

પદ ૧૩ મું.

(રાગ ચાબખો)

ભાઇરે કથા સાંભલોને મન રહ્યું ધરમેં. ટેક
તે મનસુબા કરે છે ને મણુકા ગણે છે, જુઓ માલા
ફેરવે છે એના કરમેં;
એ મન રહ્યું મેંલુ ને તનને ધુએ છે, રાફડે કુટી
નાંખ્યો ને સાપ દરમેં. ૧
આત્મ તત્વ ચેત્યા વીના કામ થયું ખોટું, એ ચુક
પડી છે નારી નરમેં;
મણી નામ મ્હેલીને કુશકાને બાઝે, મુરખ સમજ્યા
વીના નીશોતરમેં ૨

ઝાડ ઉપર પક્ષી બેઠો એવો તારો આત્મા, તારૂં મન
પેશી ગયું જરમેં,
એ કુટુંબ કબીલો તારે કામ નહી આવે, તેં તો માર
ખાધો છે ઉંધા કરમેં. ૩

પદ ૧૪મું

(રાગ ચાબખો)

કાળે કાજી મુલ્લા ખાધા કરડી. ટેક
જતી સન્યાસી સેવડાને બ્રહ્મચારી, મોટા પરમહંસ
નાંખ્યા ભચરડી;
પીર પેગંબર દેવતા ને દરવેશ, સાધુ મલંગ મોટા
નાંખ્યા મરડી. ૧
કાન ફટા નાથને તો જોતામાં ઝાલ્યા, જોશી પુરાણી
રહ્યા છે ઘણા અરડી,
જાદુ દાનસ્તા કાળે કોઇને ન છોડયા, નાનક ઉદાસીને
નાંખ્યા છે ખરડી. ૨
કબીર કમાલને કોણ ગણે છે, મોટા ગોસાંઇજી
નાંખ્યા ઘસરડી;
રાણાને રંક કાલે કોઇને ન છોડયા, ઘેલા મેલાને
નાંખ્યા ઉતરડી. ૩

મોટા કાળે કોઇ ન છોડયા, નામ લ્યો ભાઇઓ પકરડી,
ગ્યાની અગ્યાની બાપુ બોલતા બથાગ્યા, વેદ વીવેકોને
નાંખ્યા છે કચરડી. ૪

પદ ૧૫મું

(રાગ ચાબખો)

ભાઇ અમે બગડયા અમે બગડયા લેજો જાણી, આ જડ
જીવને તો ગમે નહી, રૂડી વાણી. ટેક
કલેડાના સંગ થકી જાર જોને બગડી. પડી ધુલમાં અને
અને તે થઇ ધાણી,
ઉગ્યા તણો અભ્યાસ મટી ગયો, એવી મટી
કરમની કાહાણી. ૧
લુવારના સંગ થકી લોઢુ જોને બગડયું, થઈ તરવાર
અમુલ્ય ચઢયું પાણી,
અગ્ની ના સંગ થકી કાટ જોને બગડયું, એના નામની
તે ના રહી એંધાણી. ૨
પારસના સંગ થકી પથ્થર જોને બગડયો, થયો પારસ
તે જાણે કોક ગ્યાની;
તમે બગડો તો ભાઈ એવા બગડજો, ત્યારે તો મટે
ચોરાશીની જે ઘાણી. ૩

સદ્દગુરૂના સંગથકી સેવક જુવો બગડયા, જેણે સત
નામ લીધું છે છાણી;
નીરાંતના સંગ થકી બાપુ જુઓ બગડયા, જેણે આત્મા
લીધો છે માણી. ૪

પદ ૧૬મું.

(રાગ ચાબખો)

ભાઈરે જુઓ સમજયા વીના સાહેબને ખોશો. ટેક
કરવાના કર્મ તમે મન નથી ધારતા; ન કરવાનાં બીજ
તમે બોશો;
ગુમાન રૂપી ગધેડે ચડીને, ભેંસ મુકી પાડાને દોહોશો. ૧
બળ કરીને બાપજી બાંધીને આણશે, ત્યાં નીરભે
જવાબ શો દેશો;
ખાતાંની ખોટ જુઓ ખપ કરીને ખોલશો, ત્યારે
નયણા ભરીને રોશો. ૨
રહેણી કહેણી સત સાહેબને સાધશો, જુઠો જનમ ના જોશો;
સદ્દગુરૂના સંગ થકી બાપુ એમ કહે છે, ત્યારે ભવના
ભવને ધોશો. ૩

પદ ૧૭મું.

(રાગ ચાબખો)

વીરા મારા સમજણની વાત છે ન્યારી. ટેક.

સાકરને મીઠાની પુતળી બનાવી, એ તો બંને રૂપાળી
છે નારી;
સમજુ અણસમજુમાં ફેર ઘણો છે, એક ગળી લાગે ને
એક ખારી. ૧
રોગી માણસને પથ્ય ઘણી પાળવી, વણ રોગી તો વસ્તુ
ખાય સારી;
કર્મ કાંડવાળા એ તો રોગી સર્વે જાણવા, અનુભવી
વૈદથી તો રોગ રહ્યા હારી. ૨
ગ્યાની સંઘાતે ઘણો કરીએ, અગ્યાનીથી બેસીએ હારી,
ચૈતન્ય મુકીને જડને શું પુજો, ભેદ ભુલ્યા તે તો શાનો
ભેખ ધારી. ૩
સત નામ એક છે ને બીજુ અવીવેક છે, સદગુરૂ પર
જાઉં હું વારી;
નામ નીરાંત બાપુ દ્રઢ કરીને ધારજો, દે પલમાં તો
પાર ઉતારી. ૪

પદ ૧૮મું.

(રાગ ચાબખો)

ભાઇરે વેપાર નામનો કરે તે સાચું બાનું, ટીલું કરો ન
કરો રહે ન છાનું. ટેક.

અઠ્ઠ જગમાં જેણે સ્નાન ઘણું કીધું, ધર્મ ખોળી ના
શકે તેનું પાનું;
અલખની માંહે લખ રાખે સત નામની, એવા સાધુને
અમો માનું. ૧
કંઠ માંહે કંઠી હરી નામ નવ વીસરે, એ નામ છે
ગુરૂજીના ત્યાંનું,
ભેખ મેં લાધો તે બીક કાઢી નાંખી છે, રાત મટી ગઇને
રંગમાં ઉગ્યો ભાનું. ૨
ચોકશી હોય તે કીમત જાણે, જેમ કસોટીમાં કસી લે છે સોનું;
સુતર ચાર શેર એક પાંચ રૂપીએ શેર છે, એ તો મુલ
કાંતનારીનું કે રૂનું. ૩
મોટો ધર્મ એજ જીવની દયા પાળવી, હરી વીના આણું
માત્ર નથી સુનું;
પણ નાનાને મોટાનું કામ નથી બાપુ, ભેદ હરીનો
બતાવે એજ જુનું. ૪

પદ ૧૯મું.

(રાગ ચાબખો)

જેની સુરતા તેમાં જઇ જન્મ ધરતો, એ તો અગ્યાને
હીંડે આથડતો. ટેક
દારૂ પીએ તે તો અવગતી પામે, ભુત પ્રેતમાં જઇને ભળતો;
માંસ માટી ખાય એ તો વાઘશે-ન-સરજે, પછી જીવને
મારીને ઉદર ભરતો. ૧

અફીણુ ખાય તે તો નીશ્ચય સર્પ અવતરે, તે તો
દેડકાની પુંઠે હીંડે ફરતો;
ભાંગ માઝમ ખાય તે તો ઓકડોશે- ન- -સરજે, પછે
આંકડાં ધંતુરા હીંડે ચરતો. ૨
પર નારી ભોગવે તે નીશ્ચે નારી અવતરે, તે રાંડોનાં
દલાલા હીંડે કરતો;
ચોરી ચાડી એને કંઠે બાંધી છે, પછે લખચોરાશીમા ફરતો. ૩
બાપુ કહે સત નામને ભજી લે, સીધુ સમજ્યો તે તો
ભજન કરતો;
કદી ભજનમાં ભુલ પડે તો, જેમ તારો ગગનમાંથી ખરતો. ૪

પદ ૨૦મુ.

(રાગ ચાબખા)

જુઓની ભાઇઓ રાંડે કર્યો છે જીવ ગાંડો. ટેક.
કૌરવ પાંડવની ફોજો ચાલી, રામ રાવણુ વઢયા તે બે રાંડો;
હાજી હુશેનનાં માથા કપાયા ચંદ્રમાં થયો અંગ ખાંડો. ૧
નારીને કાજ કૃષ્ણુ નારી થયા છે. થયો રૂકમૈયો મુછે બાંડો;
નારીને કાજ શીવ નગ્ન થઇને નાચ્યા, એવી વાતો સરવે છાંડો ૨
નારદે નામ મુકીને નારી માગી છે, પહેલે હતો એ તો વાંઢો;
નારદે નારી એ તો ખાસી બની છે, પછે છોકરાં જણ્યાં
એક હાંડો. ૩

નારીને કાજે ઈંદ્ર બીલાડો થયો છે, ગોતમ રૂશીને ઘેર
પગલાં માંડો;
અલખ નામ ભજે બાપુ નાર તેની ભુંડી, પછે નારનો
થયો છે નર લોંડો. ૪

પદ ૨૧ મું.

(રાગ ચાબખો)

ભાઈ ભેદ નામનો તો ગુરૂ દેવ જાણે, મુરખ સમજ્યા
વીના મત તાણે. ટેક
મનશા દેહ અમુલ તારે હાથ આવી છે. તું તો સમજી
લેને આ ટાંણું;
આંધળા લુલાને ગુરૂ પાર ઉતારે, તે તો બેસાડે
નામને વાહાંણે. ૧
તીરથ વ્રતમાં સાંસા પડે છે, તું તો મરી ગયો
વૃધ્ધીને હાણે;
ખટ કરમમાં ઝાઝો ઘુંચવાયો, ફરી વીંછી ચઢાવ્યો
છે છાણે. ૨
સીધુ સમજે તો ભાઈ વન શીદ શેવે; રાજ મુકી દીધાં
મોટે મોટે રાણે;
નામીને નામનો ભેદ જેણે જાણ્યો, તે તો બેઠા
હીરાની ખાણે. ૩

સચરાચરમાં એક દીઠો આતમા, બીજો દ્રષ્ટે એતો
નવ આણે;
હુંતો ગુરૂ કૃપાથી સીધું સમજાવું, બાપુ કૈવલ્ય પદને માંણે. ૪

પદ ૨૨ મું.

(રાગ ચાબખો)

નામ સાહેબનું છે સાચું, બીજું જે જે કરે તે કાચું. ટેક.
મુસલમાન રોજા કરે ને તસબ્બા, હીંદુ છે વ્રત
માલાના કસબી;
મુસલમાન સરોદ્દા કરે છે પાંણે, હીંદુ તોનાકલીટી તાંણે. ૧
મુસલમાન મકકે મદીને ફરતા, હીંદુ પણ ચારે
ધામ આથડતા;
મુસલમાન સુબરાતનું ભરે પાણી, હીંદુ તો કાગ વાસ
નાંખે તાણી. ૨
મુસલમાન બકરી મારે ઈદ એવી, હીંદુને દશરા
આવી છે તેવી;
મુસલમાન માંથું મુંડી નાંખે, હીંદુ તોમુછોચોટલી રાખે. ૩
મુસલમાન તાબુત કરવા ચાલે, હીંદુ હોળીની ધુંળ
માથે ઘાલે;
મુસલમાન બ્રાહ્મણ મુઆ મત તાણી, બંનેના ઘરમાં
છે મુલ્લાણી. ૪

જનોઇને સુનતા બની છે ન્યારી, ચતુર તમે મનમાં
જુઓને વીચારી;
મરણ અને જન્મ નહીં તે સહી, એવું તમે સમજો
મનડા મહીં. ૫
દશ અવતાર તો ગયા જે ઘરમાં, સમજે તેની વાંચ્છા
તે નરમાં;
નામને ગુણ રૂપથી છે ન્યારો, બાપુ કહે તે છે
હમારો પ્યારો. ૬

પદ ૨૩ મું.

(રાગ ચાબખો)

ભાઇરે જુઓ વીચારીને શબ્દ તમે બોલો, તે સમજે
તેને વાગે ગોળો. ટેક
મનસા દેહ હીરો તારે હાથ આવ્યો છે, તેને શીદ
ધુળમાં રોળો;
આત્મા પરમાત્માનો ભેદ નથી જાણ્યો, પ્રાણી તું તો
રહ્યો છેક ઢોલો. ૧
દેખા દેખી કરે તેને તો કહીએ આંધળો, મેલી શેરડી
શરોડાં શીદ છોલો;
પોતે ન સમજે કોઇનું કહ્યું નવમાને, કુંક પાર પડી
ગઈ અને વાંસ પોલો. ૨

એક સોનું તો દશ બારે વેચાય છે, કુંદન તો
બાવીશનો તોલો;
એમ સરસ નરસની કીમત ન કીધી, એતો ભાવની
નહીં નીશ્ચે ગોલો. ૩
તેજી તો એક ચાબખા કેમ વેઠે, ગ્યાનીતો શબ્દમા ડોલ્યો;
બાપુ સતનામ સમજ્યા તેને તો શું કહીએ, પણ ટટુ
ને વાગ્યો છે ટોલો. ૪

પદ ૨૪મું.

(રાગ ચાબખો)

ભાઈરે કાચા દુધનું જે કરો તે થાશે, વચરમાઈ ગયું
તેને તો કોણ ખાશે. ટેક.
કાન ફુકાવાને કાજી થયો છે, એ તો સંવાદ કરવાને ધાશે;
દાશ પાગું રાખે તો ગુરૂ થાય રાજી. સંવાદ કર્યે તો
અવળું તારૂં જાશે. ૧
પીતલની ગાયને તું ચોરીને લાવ્યો, એ પીતલની ગાય
કયાંથી વાશે;
પથ્થરની હોડી પર ચઢીને તું બેઠો, એ તો બમણાં
ગોથાં ભાઈ ખાશે. ૨

માટે કાશી દ્વારીકા ક્યાં સુધી જાવું જ્યાં સુધી હરી
નથી ઓળખ્યા પાસે;
આત્મા ચીન્યો તેને સર્વે સમાન છે, તે બાપુનીજ
નામના ગુણ ગાશે. ૩

પદ ૨૫મુ.

(રાગ ચાબખો)

જુવો ભાઈ નકટાંની વાત છે ન્યારી, કર્તા પરમેશ્વર તેને
નથી માનતો. ટેક.
માતા છેરે મ્હારી માડી, હરી વર મ્હેલીને એ તો
માયાને મોહ્યો.
એનું નાક નાંખોની વાઢી. ૧
સાધુને મારે ને સગાં જીવાડે, મારે પાડો ને ઉછરે પાડી;
સ્વારથમાં એણે આત્મા ન ચીન્યો, એણે ભવની ભેલાડી વાડી. ૨
માત પીતાની શેવ નથી કરતો, મોહ પામ્યો આણેલી લાડી;
મંત્ર શીખ્યો ને એતો મુઠો મારે છે, નથી જાણતો
મૂરખ સાહેબની વાડી. ૩
નકટા હોય તેને નકટા કહીએ, એણે પાપની ધજા ગાડી;
બાપુ કહેરે હરી નામનું પારખું, એની બળી મુછોને
ધીક દાઢી. ૪

પદ ૨૬મું

(રાગ ચાબખો)

ભાઈરે ગુરૂ મળીયા તે તો હરી ગુણ ગાતો, મુરખ
સમજણ વીના ફરે છે ઘાતો;
દુધ [illegible] પૈસાનું શેર મલે છે તેને મુરખ નથી ખાતો,
દારૂ પીવા થકી બટો લાગે છે, પડે મોરીઓમાં નીત્ય
ઉઠી ઘાતો. ૧

સાકર રૂપીઆની ચાર શેર મલે છે, તે ખાધે મરદ
થાયે માતો.
અફીણ રૂપીયાનું ચાર ભાર વેચાય છે, એ કસુંબો
પીએ ને બીજાને પાતો. ૨

ભાંડ ભવાઈઆ નાચે ત્યાં બહુ કરીને જાગે, એને જુઠી
ભાવે છે ઘણી વાતો;
હરી નામ લેતાં ભાઈઓ ઉંઘમાં આવે છે, પછી જમની
ખાશે ઘણી લાતો. ૩

સદગુરૂ મળશે ત્યારે મેલ તારો જાશે, નીત ઉઠી શું ન્હાતો;
બાપુ કહે હરી નામને ભજી લ્યો સાંધે સાંધો મલી
જાશે તાતે તાતો. ૪

પદ ૨૭ મું.

(રાગ ચાબખો)

ચળેલી નારી તે નવ રહે ઢાંકી, તેની ચાલ બોલી, ને
આંખ પાંકી. ટેક.
ચળેલા પુરૂષનો ભેદ બતાવું, ભાઇઓ અકડો ચાલે ને
બોલી વાંકી,
અહંકાર રૂપી એને વૈદ મલ્યા જુઠા, એને કદીએ ન
લાગે ટાંકી. ૧
દારૂ પીધેલો કદી નવ રહે ઢાંકયો, જો મારે એલાયચીની ફાંકી,
લથડીયાં ખાય છે ને બોલે ગલ્લાં તલ્લાં, ઝાઝો પીએ
તો મરે ઓકી. ૨
કસ્તુરીનો અલ્યા વીવેક બતાવું, વીશરૂ પીયાની તોલો આંકી,
પેટીમાં ઘાલીને તાળું મારે કદી, તોય ચૌદશ રહે છે મ્હેકી. ૩
બાપુ હરી નામ જાણે તેતો સત્યવેણ બોલે, કદીએ-
ન-જાય બેહેકી,
ઓછી જેની બુદ્ધી તેતો ઓછુ વેણ બોલે, દાન આપે
તો વાવે શેકી. ૪

પદ ૨૮ મું.

(રાગ ચાબખો.)

ભાઇરે ના સમજે તે બરાબર કરે છે. ટેક.
છાસ ને દુધ બંને છે ધોળાં. તે દુધને તો સહુ જગત લેછે,
દહીં વલોવી માખણ ઘરમાં મલે છે, પછી છાસને તે વેચી દેછે ૧

કસર ને હલધર બંને છે પીલાં, હળદર કેશર બરાબર કહે છે,
કુળદર રૂપીયાની આઠશેર મલે છે, કેસર તોલાના બે વસુ લેછે. ૨
નીરગુણ ને સગુણ એ બંનેથી ન્યારો, જ્યાં મુક્તીજી
પાણી ભરે છે,
મુરખને તો ગુંચવણ ઘણી પણ, ગ્યાની મંન મગ્ન થઈ રહે છે. ૩
સાચું એ મોતી જુઠું એ મોતી, જુઓ દરીયામાં છીપ રહે છે.
ને સાચું મોતી તો બાપુ નામ આવ્યું હાથમાં, સદગુરૂની
સાન વીના મીણીયાં તે છે. ૪

પદ ૨૯મું

(રાગ ગોડી)

સંતો રામનામ લેહ લાગી, ભાખે ભેદ ભ્રમણા ભાંગી. ટેક.
અજપા નીશદીન જાપ થાય છે, ઘટ ઘુંઘટ જોઇ જાગી,
વૃંદાવનમાં રાસ રચ્યો છે, શરણાઇઓ ભુંગળ વાગી. ૧
ઉન્મુની મંદીરસેં જંન નીધી, પ્રવૃતી નારી ભાગી,
ભ્રમર ગુફામેં પોતે બીરાજે, દીઠા શ્યામ સોહાગી. ૨
દાસનાદાસ બાપુ ભક્ત ધીરા, સુધારસ લીધો માગી,
સચરાચરમાં મેં જોયા વીશ્વંભર, લખચોરાશી ત્યાગી. ૩

પદ ૩૦ મું.

(રાગ રાજીઓ (પરજીઓ)

સરજનહાર હાય સાધવી, લાલચ મેલી મેલીને ચાલો
વાજવી, અહો રંગીલા રૂડા રાજવી. ટેક.

એક નારી અસત્ય ભાખતી, રાજવી તમને મરણ ના હોયરે,
સર્વે નારી સત્ય ભાખીયું, મરણ હોય હોય હોયરે. ૧
જેનું મુંવું તે ઘરમાં રહે, બીજું બીજી કરે વાતરે,
એક કુટે છે મહા ક્રોધમાં, બીજી ઠાલાં નાંખે હાથરે. ૨
એક ગયો મસાણુમાં, બીજાનું ઓખડ થાય છેરે,
ત્રીજાની ઘડીઓ ગણુાયે છે, ચોથાની ઠાઠડી બંધાયરે. ૩
દાસ બાપુને ધીરો મળ્યા, થયું ધીરે ધીરે કામરે,
જરણુ મરણુ મટી ગયું, મને મળ્યા આત્મારામરે. ૪

પદ ૩૧મું

(રાગ રાજીઓ) (પરજીઓ)

જગતને મરણુની બીક છે, આનંદ મ્હારે મનરે,
સાંધેસાંધો મળી ગયો, માટે ગુરૂજીને ધનરે. ૧
સમાતે જોગ આવી મલ્યોરે, બીંદુ પડયાનો આ જોગરે,
તાશીર આવી મળી આ દેહની, ઉદય થયો છે આરોગરે. ૨
બીંદુ પડે ને બીજ સુધરેરે, દેહ રહે ત્રણુ દનરે,
મુળમાંથી પાયો ખસી પડયા, ક્ષણુભંગુ આ તનરે. ૩
એકવીશ હજાર છસેં કાળ છેરે, રાતદીન કહીએ કાળરે,
એમને રૂંધીને રાખશે, માથે મરણુ તણી ફાળરે. ૪
અંતઃકરણુ હોય ઉજળાં, ઇંદ્રી બ્રહ્મા કહેવાયરે,
પાંચ તત્વને તન્માત્ર, તમોગુણુમાં સમાયરે. ૫

ત્રણુ તે ગુણુ અંહકારમાં, અંહકાર માયા લીનરે,
પુરૂષ પ્રકૃતી મળી આતમાં, ભેદ કહ્યા ભીન ભીનરે. ૬
મન હતું તે મટી ગયું, આત્મા પરમાત્મા એકરે,
આપુ સમાયા સત ધામમાં, કોય સમજે વીવેકરે. ૭

પદ ૩૨ મું.

(રાગ રાજીઓ] (પરાજીઓ)

બાપુ પધાર્યા સત ધાતમાં, સૌને કહેજો શ્રીરામરે,
નામ નીરાંત તારી સાનમાં, મારે જાવું ગોવીંદ ગામરે. ૧
ફુલ ખીલીને ખરી પડે, એવું કાયાનું કામરે.
માટે ચેતીને ચુપ ચાલવું, મુકી મમતા તમામરે. ૨
આજ આનંદ મહારા અંગમાં, પરબ્રહ્મ ભેળાં થઇએરે,
ગ્યાન રાખીને ગર્વ ટાળજો, સંત માનો સાચું કહીએરે. ૩
સ્વપનું હતું તે સમાઈ ગયું, સુરત થઈ છે એકતાર,
સરીતા સીંધુમાં ભજી ગઇ, પલમાં પામી ભરતારરે. ૪
સંવત અઢાર નવાણુવો, ઉતમકારી આસો માસ,
સુદ એકાદશીને બુધ રાત્રીએ, ગયા ધામ બાપુ દાશરે. ૫

પદ ૩૭ મું

(રાગ ભેરવ)

કરો વંશ મનડું તમારૂં પહેલું ભોગી, તોતો તમે
કહેવાવ ખરા સંતજોગી. ટેક.

એતો જોને મારગ સારો ભુલાવે, એતો જોને દેહડી
સુદ્ધા તે ડુભાવે. ૧

એણે તો અલ્યા ગ્યાની મુનીને મોટા રાગી, પાડયા ભુ-
મીતળમાં ને હાક જેની વાગી. ૨

એણે તો અલ્યા દેવદાનવને લઢાડયા, એણે તો અલ્યા
શૃંગીરૂશીને પાડયા. ૩

એને તો મોટો દેવ સંતો તમે માંનો, એનાથી નથી કોઇ
કોઠો ભાઇ છાનો. ૪

એનો તો અલ્યા મહીમાં કહે કોણ મોટો, ટાળી દે એતો
ગ્યાંન તણો ધર્યો સોટો. ૫

એતો જઇ આકાશમાં ઘર બાંધે, એતો જઇ દ્રવ્યનો ધંધો માંધે. ૬

એતો જઈ નરકમાં ભમી આવે, એતો જઈ પુષ્પની
વાસના લાવે. ૭

એતો અલ્યા ઘોડાં કરતા ઘણું ચાલે, એતો ગ્યાનની
ગુંજોને જાલે. ૮

આપુ નાગ ની સંતનું મુકાવે, ભાઇ એતો ધીર ધણીને ચુકાવે. ૯

પદ ૩૪મું.
(રાગ ભેરવ.)

મનડું નાંખે અટપટી આંટી અપારી, કરે એતો
વાયુના વેગપર સ્વારી. ટેક.

લલચાવે એતો સંત ને મોટા મહંત, એના વડે
જોગી અતી અતી દુખ સહંત. ૧

એતો જઈ આંબાનું ફળ કદી ખાયે, એતો જઈ
નરકના કુંડમાં ન્હાયે. ૨

એતો કદી પંચ પકવાનનું ભુખ્યું, એતો કહેશે
પેટમા ઘણું મને દુખ્યું. ૩

અલ્યા દેહ દોડવાનું ધારે તો દોડે, એતો ભાઇ
ચોરી કરી નવ છોડે. ૪

એતો કરે પુન્યદાનના કામો, એતો મેળવે શુદ્ધ
સ્વરૂપનો શ્યામો. ૫

યોગીરાજની કુંચી છે એની પાસે, એનાથી મોટા
સંત મહંત સહુ ત્રાસે. ૬

એને કદી લાગે જો કુલમાં રાડ, જુવે નહી તડકો
વરસાદ કે ટાઢ. ૭

એને કદી લાગે અતી ઘણી ભુખ, બાપુ લાગે ટાઢ
વરસાદ ને લુખ. ૮

નીરાંતનું નામ એતો વીસરાવે, બાપુ મ્રંઢ હોય તે
આવે એને ધાવે. ૯

પદ ૭૫ મું.

(રાગ ભેરવ.)

મનની તો ગતી મુનીવર જેવા વખાણે, એતો અલ્પા
અણુસમજુનું સુખ માણે. ટેક.
એતો થાયે જોગી જતી કોઈવારે, એતો કદી
ષટરીપુને સંહારે. ૧
એતો કદી ષટરીપુનું થાય સ્વામી, એતો કદી બનતું
મહા ધીંગ ધામી. ૨
એની કળા મુનીવરથી ન કળાયે, એનાથી ભાઇ સંત
મહંત લજાયે. ૩
એને તો કોઇ વશ કરે મોટા જોગી, થઇ જાય તે તો
ભવ દુઃખના પાર ભોગી. ૪
કદી મરતું નથી ને મરે મનડું, તો તો જાણે બ્રહ્મને
તમારૂં એક તનડું. ૫
એ તો પડે સંત સમાગમ કેડે, એની ગતી મહંત
મોટા થઇ છેડે. ૬
એને તો અલ્પા સંતો રૂદેમાં રૂંધે, પછી એને લટકાવે
માથે ઉંધે. ૭
પણ એવી શીક્ષા કરે કોઈ મોટા, બીજા તો રામ
ગલોલાશા જમી જાણે રોટા. ૮
બાપુ ધીર મીરાંતની કરે મંન સેવ, મુકયો એણે એવા
સંત થકી અહમેવ. ૯

પદ ૩૬ મું.

(રાગ ભેરવ.)

વચન પાળે તે તો સંત મોટા, બીજાએ જાણો વાળ્યા
તે ખોટા લંગોટા. ટેક.
વચન સાચું તેની ખરી માનો સેવા, વચન સાચું તેને
ગુરૂરાજ કહેવા. ૧
વચનમાં રૂપ રંગ અને વસે શોભા, વચન જતા ગુરૂ-
રાજની જાણો ઓભા. ૨
ધીક જેણે ગુરૂ થઈ વચન ન પાળ્યા, તેના જાણો કાલે
તે મુખ નીરચે બાળ્યા. ૩
વચન એતો સદગુરૂ કેરી જોડી, ભુલ્યો જેણે વચનની
સાંકળ તોડી. ૪
વચન ચુકયા તે તો જાણો વચલેલા, તેને ગણો કસાઈ
કે કસાઈના ભેળા. ૫
વચન કાજ હરીચંદ્ર શું શું કીધું, વચન કાજ પાણી
રાણીએ શીર લીધું. ૬
વચન કાજ વસીષ્ટ વીશ્વામીત્ર લઢીયા, વચન કાજ એવા
એવા ઘાટ ઘડીયા. ૭
વચન એ તો સદગુરૂ કેરી શોભા, વચનપર બાપુ જેવા
કંઇક થોભ્યા. ૮

એવા બાપુએ વચનના સાચા, એક ધીર નીરાંત વીના
સહુ કાચા. ૯

પદ ૩૭ મું.

(રાગ કાફી)

મઢી જુઓ તેનીરે, જોશો નહિ માંહી બીજું;
એક આપને પુસ્તક પડીયુંરે, ટોળું સંતનું ત્રીજું. ટેક.
વસ્તીમાં વાસ કરે નવ વીઠલ, જે જેના નવ શબ્દ;
પુજા કરાવે નહી પરમેશ્વર, કશામાં મન નહીં લુબ્ધ
ગુરૂ એવા કોઇ રે. જોઇ હરદે ભીજું. ૧
તમે પાત્ર ન ભાળો ગુરૂજી પાસે, એક પાત્ર ધરે ગુરૂદેવ;
પેટ પાત્ર તો રચ્યું પેહેલેથી, તેની જેવી તેવી કરે શેવ,
ધન્ય ગુરૂ દેવારે, તન મનથી રીઝુ. ૨
પુસ્તક સંત વસે ગુરૂ નીકટ, તેમાં નહીં સંતાપ,
આવી મળ્યું તો પુસ્તક વાંચે, શીષ્ય પુછે તો કે્ડે તાપ.
જપું જાપ તંનોરે, બીજાપર હું ખીજું. ૩
ધન જોઇએ નહીં સેવા કાજે, મન જોઇએ નીશ્ચીંત;
પ્રશ્ન પુછે તેની કથા ચલાવે, નીર્મલ થાય જેમ સંત;
બાપુ સંત એવારે, ઢાંગીને જોઈ સીજું. ૪

પદ ૩૮ મું.

(રાગ કાફી)

સમજ્યાથી સાધનરે, તેની નવ થાય ગતી;
હરીનામ વીનારે, જે નર રહ્યા મુંઢ મતી. ટેક.
હરીનામ વીના જે જે કરવું તે, ભાત ભાતના કર્મ;
સદગુરૂ મલે તો સંશય ટાળે, ભાગી જાય સહું ભર્મ,
કર્મ ગયા સરે નાશીરે, પાયે પડે ગતી મુક્તી. ૧
જાગ જગન કરૂં તો દોષ ઘણો બેસે, લક્ષ લક્ષ જીવ મરી જાય;
એક કુણ ગુરૂ તો આત્મા દુખે, ત્યાં સુધી કર્મ કહેવાય,
નામ ઘણું મોટુંરે, આવરણુ ના આવે રતી. ૨
દમ-ના-ઘુંટું ને મુખના-રટું, સુરતા એક રૂપ;
નામી અનામી પોતે બન્યો છે, કોટી બ્રહ્માંડનો ભુપ,
જાપ ક્યાંથી જપીએરે, પોતે તો બન્યો જગતપતી. ૩
સદગુરૂ મહીમાનો પાર ના આવે, અંતર કેરૂં છે મહંશુલ;
ભુલ હતી તે સતગુરૂએ ભાગી, વસ્તુ આપી છે અમુલ,
ગુરૂ નીરાંત બાપુ કહેછેરે, પ્રગટ કરી ગુપ્ત હતી. ૪

પદ ૩૯ મું.

(રાગ કાફી)

ગુરૂ સેવા સાચીરે, બીજી તો સહુ ખોટી વાતો,
જેના વડે જઇએ રાચીરે, ભુલ્યો તેતો માર ખાતો. ટેક.

સાધન ભક્તી સહુને સુવાડો, જગાડો ગુરૂ ગમ એક;
પહેલું ધ્યાન ધરો તમે ગુરૂજીનું ઘટમાં. મુકી બીજો સઉ ટેક,
વીવેક રાખો એવે રે, અંધારાની ટળે રાતો. ૧

દેવ મુકો તમે દેવી મુકો ભાઈ, વળી અઠડાવું ઠામોઠામ;
કથા સાંભળી કાંઇ કામ ન આવે, તેમ રાતો પીળો સુંદર શ્યામ,
કામ થાય એકેરે, ભેટે ગુરૂ જ્યારે માતો. ૨

ગંગાજળ પીધે શુદ્ધી નવ થાયે, ન થાયે રટે રામ રામ;
અનેક જન્મ અફળાવું પડે પણ, સીદ્ધ ન થાયે કાંઈ કામ,
નામ જડે વહેલુંરે, મુકો જદા જાત ભાતો. ૩

યોગ કળામાં ઇશ્વર નથી બેઠો. નથી બેઠો સીદ્ધી કેરી માંય,
સીધ્ધી જડે ને તેથી ઉલટો એ ભાગે, ગર્વ વધે ઘણો ત્યાંય;
બાપુ ભુલે સર્વેરે, વાંહોલીયાં વ્યર્થ વ્હાતો. ૪

પદ ૪૦મું

(રાગ કાફી)

જુઓ ઝાડ એક ઉગ્યુંરે, ફુલ તેનાં લેજો ફોલી,
જાળવજો જુગતેરે, ત્રાજવામાં લેજો તોળી. ટેક.

બ્રહ્મ રૂપ એક વૃક્ષ બની ગયો, તેના મુળ પ્રકૃતી પુરૂષ;
પ્રકૃતીએ બે બાલક જન્મ્યા, જેને વલગ્યા તે થયા મુખં,
એવા બે બેટારે, જન્મી જાણો ભોંય કોહોળી. ૧

એકનું નામ તો તત્વ મોટું, બીજાનું ભાઈ અહંકાર;
એ અહંકાર ને ત્રણ છોકરા હુઆં, તેનાનામ કહું નીરધાર,
કાન દઇને સુણજોરે, ઝટ ઝટ નાંખું બોલી. ૨

સત્વ રજ અને તમ નામ તેનાં, કહું તેનો પરીવાર;
તમે મોટા ભુત નીપાયા, વીષયાદી *વીધાર,
રજો દશ ઇંદ્રિરે, બનાવી છાલી છોલી ૩

સત્વમાંથી મંન આદીક જાણે, તેના દેવ તણે વીસ્તાર;
અભ્રમ જળ છે મૃગજળ જેવું, શુદ્ધ બ્રહ્મ વૃક્ષને કરીએ ખુવાર,
ખાવા જોઇએ તે ઉછેરેરે, બાપુ વૃક્ષ મનરેતી. ૪

પદ ૪૧ મું.

(રાગ કાફી)

ગુરૂજી તમે કહોછોરે, બ્રહ્મ તારી પાસે વશ્યો,
મને નવ દીશેરે, કયા રસે એતો રશ્યો. ટેક.

માથુ બ્રહ્મ કે બ્રહ્મમાં માથું, બ્રહ્મ આંખમાં કે આંખ બ્રહ્મ,
નાકમાં એ વશ્યો કે મુખમાં, એ વીષે થાય મુને ભ્રમ;
સશે નીવારોરે, ભ્રમમાંથી જાઉ ખશ્યો. ૧

હાથમાં કે પગમાં ગુરૂ, હૃદય કે છાતી માંય;
પગમા હોય તો પણું નહિ વહેલો, બ્રહ્મ બેઠો છે કયાંય,
ત્રદો ગુરૂ મોટારે, શીષ્ય જયારે કસણી કશ્યો. ૨

ગુરૂજી કહે તમે શીષ્ય સાંભળો, આંમળો કાઢી આજ;
એક અવયવે નવ વ્હાલો ખીરાંજે, પાણી પહેલી બાંધુ પાંજ,
દ્રઢ હોય ધ્યાનેરે, નથી એતો જશ્યો તશ્યો. ૩

જેટલા ધ્યાને ધરીને જાઓ, તેટલો પાસે એહ;
રૂપરંગ વીનાનો તદ્રુપ થાશે, જ્યારે ધ્યાનનો ચઢશે મેહ,
બાપુ સહુ રૂપેરે, જોશો જગદીશ જશો. ૪

પદ ૪૨મું.

(રાગ કાફી)

ભેદ બતાવું રે, પહેલો હું જીવ તણો,
સમજીને લેજેરે, તેથી પાર શીવ તણો. ટેક.

શીવપ્રતીબીંબથી અજ્ઞાન અંશ શોભે, તેતો જીવ કહેવાય;
તે જીવ બંધાયો દેહ પીંજરમાં, અજ્ઞાન જેની સેવાય,
ધારે પ્રાણ તેથીરે, જીવ મોટો એજ બન્યો. ૧

અહંકારની એ ધારણ ધારે, ત્યારે કહેવાય હું;
નીશ્ચય કરે તો બુદ્ધી કહેવાયે, હું પદમાં હુંતું.
સંકલ્પે મનડું રે, તારો જીવ અમે ગણ્યો. ૨

કલ્પનાથી અજીવ નીપાવે, પ્રકૃતી પડીયું નામ;
મોહ વડે બંધાયો માટે, દેહરૂ પીયું એ ગામ,
અજ્ઞાને જડ જાંણુંરે, ચૈતન્યે ચેતન શણ્યો. ૩

એ રીતે અજ્ઞાન—ને—ચૈતન્ય કાંતી, મલે કહેવાયે જીવ;
મ'ન મતીનાં નામ એજ ગણાવે, ત્યારે છે ભાઇ શીવ,
બાપુ વાત ઉંડીરે, જાણે ગુરૂ પાસે ભણ્યો. ૪

પદ ૪૩મું.

(રાગ કાફી)

સાધુને ઓળખાવેરે, તો મારી વાંચો કાફી,
તન મ'ન થશે નીરમળરે, સર્વાંગે થશે સાફી, ટેક.
પુ'લકાને તમે દાબો જ્યારે, ત્યારે તે બેશી જાય;
ફુલાયો ત્યારે તેહ ફુલે, રીશ દુભણુ ના થાય,
જોગી જાણો એવાંરે, સારે ખોટે દે માફી. ૧
સોનાને તમે તાવી જોજો, બમણો ચઢશે ર'ગ;
પુષ્પે વધાવો કે પાહાણે મારો, બદલાયે નવ અ'ગ,
ક્રોધ ન કુટેરે, વદે ન આફી લાફી. ૨
ધાન્ય ચઢાવો ચુલે કદી તો, પાણીથી જાય ર'ધાઇ;
સાંધો લગાડો લાકડાને તો, જાણે ગયુ' સ'ધાઈ,
તેવો સાંધો ના લાગેરે, ગાંગડુ' મરો બાફી. ૩
નીંદા કરનારા હારીને બેશે. લાજી પેસે ઘરમાંહ્ય;
સારૂ' માઠું' નવ સ'ત ને ક'ઇ, સાંઈ મલ્યો જાણે ત્યાંય,
બાપુ સત બોલોરે, સુખ દુખ રેહેશે હાંફી. ૪

પદ ૪૪મું.

(રાગ કાફી)

સંશય રૂપી સ્વપ્નુરે, સતગુરૂ વીખવાળે,
વગળ કાહાડી નાંખેરે, સોની જેમ સોનું ગાળે. ટેક

એક હસ્તીએ બકરી જન્મી, બીજું જન્મ્યું ઊંટ;
ઊંટની ગરદન એવી લાંબી, તે પોંહોચી ચારે ખુટ,
ખુંટે બાંધ્યું રેહેશેરે, છુટે તો એ ઊંધુ વાળે. ૧

ઊંટબકરીને સંજોગ થયો, તેના બચ્ચા થયા વાંશને સાત;
અનુભવીજન તો મગ્ન થયા છે, બીજા શું જાણે એ વાત,
બકરીએ મારગ પાડયોરે, રણારી વીના સહુને ખાળે. ૨

બકરીનું જોર વાંધ્યુ ત્રણુ લોકમાં. ઉંટની કરી નાખી બકરી;
રાજા રંક કોઈનું નવ ચાલ્યું, બકરી તો એવી વકરી,
ભણ્યા બેહુ ભુલેરે, બળી મુઆ એની લારે. ૩

ઉંટ બકરીને એક ચારનારો, જેને હાથ પાંઉ નહી શીશ
જ્ઞાની જન તો મગ્ન થયા છે, ચડે અગ્યાંનીને રીશ.
બાપુ નામ સાચુંરે, મરે ના કોઈ કાળે. ૪

પદ ૪૫ મું.

(રાગ કાફી)

નામ જેણે જાણ્યુંરે, તે તો વેદ ચારે ભણ્યો;
ભેદ જેણે જાણ્યોરે, તે તો ખરો તરત બન્યો. ટેક.
બત્રીસ આભ્રણ અંગે ધરે નારી, નાક વીના શો શણગાર;
કવીએ જો આપનું આપ નવ જાણ્યું, તે કેમ કરી ઉતરે પાર.
સાર કયાંથી મળશેરે, ભણ્યો ખરો પણ નવ ગણ્યો. ૧
વાંઝણી નારીને સ્વપ્નું આવ્યું છે, પુત્ર નથીરે એની પાસ;
એમ ભજન દેખાદેખી કરે છે, તેની કેમ પુરી થશે આસ;
કોને બાપ કહેશેરે, વેશ્યાએ પુત્ર જણ્યો. ૨
નામરૂપને ગુણનો નાશ, વળી ચોથું પદ અવીનાશ;
એ ચોથા પદનો ભેદ જાણ્યો, તેને કહીએ હરિતણો દાશ;
નાસ કરી કર્મનોરે, સંસય એક પલમાં હણ્યો. ૩
ગરીબી રાખી તમે ગુરૂજીને ચાહો, કરો શબ્દનો તોલ;
આપણ થકી જો અદકો મલે જો, તેનો ધારણ કરજો બોલ;
ગુરૂને સંગ બાપુરે, અનામી નામ પોતે બન્યો. ૪

પદ ૪૬મું,

(રાગ કાફી)

કેવલ પદ સાચુંરે, પંડીત તમે ઉરમાં આણો;
જેના વડે બોલેરે, તેને તો તમે નવ જાણો. ટેક.

ખત વાંચે તો પાર ના આવે ને વસુલ કરે વસુલ થાય;
કુરાન પુરાણ સૌ વાંચીને થાકયાં, આત્મા સમજે તેનું
દુઃખ જાય;
સુખ થાય ઝાઝુંરે, મત તમે શીદ તાણો. ૧
પીયુ પરદેશે ગયા, ને મુકી ગયા પોતાનો ઘાટનો રંગ;
મન મનોરથ ત્યારે રે થાય જ્યારે, સ્વામ મલે અભંગ;
આપ નવ શોધ્યુંરે, તો ગ્યાન દીવો કીધો રાણો. ૨
લાજ મુકીને માથેરે છેડારે નાંખ્યો, તેને સ્વામીનો નહીપાર;
પતીવૃતાં સ્વામીની વાતો કરે છે, ત્યારે વચલીને આવે ખાર;
એક આંખવાળોરે, દુખીયો થાય કહેતાં કાણો. ૩
તાંબાનો રૂપીઓ કહી ના ચાલે, ગમે તેવી પાડે છાપ;
જડને જાચે કર જોડીને, તોય નવ મટે ત્રીવીધી તાપ;
આપુ નામ સાચુરે, સંત તમે સત્ય માણો. ૪

પદ ૪૭ મું.

(રાગ કાફી)

પુનમીઆ તેને કહીએરે, પુરાણ નીમ જેણે રાખ્યો.
હરી સાથે પ્રીતીરે, અદ્વૈત પ્યાલો તેણે ચાખ્યો. ટેક.
રણ મુકાવે તેને રણછોડજી કહીએ, સદગુરૂ તેનું નામ,
મરણ જન્મનો સંશય મટાડે, તો વીશ વશાએ થયું કામ,
આત્મારામ જાણોરે, દ્વૈતભાવ કાઢી નાંખ્યો. ૧

ગુરૂ મતી જળ સ્નાન કીધું, સાકર માંખણુ પ્રેમ,
સુરતા તુલશી વ્હાલાને ચઢાવી, એમ રાખ્યો છે નેમ,
ધન મલ્યું જીુનુરે, ગુણુ ગાગેર દ્રવ્ય દાખ્યો. ૨
દેહુ દ્વારકામાં દીનોનાથ બીરાજે, હુરી નામની છે છાપ,
સદગુરૂ દેવે કૃપા કરી ત્યારે, ટાળ્યા ત્રીવીધીના તાપ,
પાપ ગયું નાશીરે, ગુરૂ આપી ગ્યાન આંખો. ૩
સચરાચરમાં હુરી દેખાડયા, જેમ જળમાં સુર,
વ્હાલા વીના કોઈ ઠામ ન ઠાલો, જ્યાં જોઉં ત્યાં ભરપુર,
બાપુ નામ સાચુંરે, ગુરૂ કૃપાથી હુરી ઝાંખ્યો. ૪

પદ ૪૮ મું

(રાગ ઉપરનો)

પાણીનો ખેલ બનાવ્યોરે, એની તો કહીએ અકલ ઘણી,
સહુથી રમનારો ન્યારોરે, શોભા તો એના નામ તણી. ટેક
ખરૂ એ પાણી ને ખાટું એ પાણી, પાણી અફીણુ ને ખાંડ,
એ પાણીથી થયા નરનારી, ને એ પાણીથી બ્રહ્માંડ,
પાણીનું બન્યું મોતીરે, પાણીની બની હીરાકણી. ૧
પાણીની અમુલ્ય કાયા બનાવી, હાડ ચામ લોહી માંસ,
પાણીનારે પશુ પક્ષી બનાવ્યા, પહાડ પથ્થર ને ઘાસ,
પાણીના હાથી ઘોડારે, પાણીની શાલ પામરી બની. ૨

સર્વે વાત તો પાણીની બની છે, પાણી તણા પંચરંગ,
સહુથી ન્યારો મારો ⋅ ઇ બીરાજે, તેને દેખીને થયો છું દંગ,
સંગ કીધો તેનોરે, સત્તા તો આત્માની ઘણી. ૩
અક્ષરાતીતે અક્ષર બ્રહ્મ નીપજાવ્યા, ને અક્ષરથી નરનાર,
ૐકારથી ત્રણ ગુણ નીપજાવ્યા, એ અઠાવીશ નીરધાર,
ઓગણત્રીશમાં વીષ્ણુંરે, ત્રીશમાં બાપુ ગાય ભણી. ૪

પદ ૪૯ મું.

(રાગ કાફી)

નથી સગા જાણજોરે, આત્માને કોઇએ,
સુખ દુખ દ્વંદ એતોરે, ઉપરથી જોઇએ. ટેક.
ગાડી કરી તમે બેસવા માટે, રાખ્યા ચોધરી ચાર,
દોડાવતાં ગાડી ગઈ ભાંગી, કકડા થઈ ગયા બાર,
ચોધરીને શેનુંરે, રડવું આવે કે રોઇએ. ૧
મન મસ્તાનું થઈ જાય ભાઈ, વસ્તુને શો સંબંધ,
ઘોડે ચડશે ને પડશે પાછું, અફળાશે ભીંતે અંધ,
વસ્તુ એતો ન્યારીરે, ખોટ તેની ખોઇએ. ૨
ઘોડે ચઢેને ઘુંઘવે પાણી, સાગરને શું હોય,
તેવા ઉપર તો થાય તરંગો, સાગરને મન નહી સોય,
પુર્ણ એતો પુરોરે, તાલ મેલના ટોઇએ. ૩

લાકડું માકડુ ને પંખીડું, માણસનું સગું થાય;
તેમ વીષીયાદીક તો જાણો તમે જીવના કંઈ ન લેવાય,
અલગ મહારો વ્હાલોરે, બીરાજે ખરી સોઇએ. ૪

પદ ૫૦મું.

(રાગ કાફી)

સગપણ બતાંવુંરે, દેહને આત્મા તણું,
વીચારો મનથીરે, સમજી તમે ઘણું ઘણું. ટેક.
સરોવર માંહે કમળ ઉગે, ખીલે હજાર પાંખડી માંહી;
રંગ બેરંગની ભાત દેખાડે, જોનારાને જ્યાંહી,
રીઝે જોઈ લોકોરે, સગપણ સારૂ બન્યું. ૧
ઉદર માંહુથી ઉપજાવ્યું, નાનુ મોટું કર્યું સાર;
સુવાડયું ઉઠાવ્યું જોશે, સાચવ્યું વારંવાર,
તોડયું આવી હાથીરે, સગપણ ગણ્યું ના ગણ્યું, ૨
જોવા માત્રથી સગપણ દીશે, જોનારાની આંખ;
ઉના પાણીમાં ઝંપલાઈ જાણી, મરે કોણ રડે માંખ,
તેવું આવે રડવુંરે, કમલ સર સગપણું. ૩
તેવું જીવ શરીર ધરે છે, વળી તે સાથે સગાઈ;
ભ્રમથી ભાસે જુદાઇ છે નહીં, જાણો જુદો જદુરાઈ,
અલગ વસે દેહથીરે, વાણી એ કેમ વણું. ૪

પદ ૫૧મું.

(રાગ કાફી)

ભાખો તમે જોઇરે, સત કે અસત હશે,
બતાવો સોઇરે, જ્ઞાન કંઇક હૃદે વશે. ટેક.
ચાટલું લઇ તમે પ્રતીબીંબ જુઓ, ખરૂં કે ખોટું એહ;
તરંગમાં અલ્યા તેહ દેખાશે, પાણી તેલ ઘીમાં જેહ,
ખરૂં કે ખોટુંરે, કવીઓ કહો નવ રસે. ૧
જો ન સમજાય તો હું સમજાવું, ન લાગે કંઈ વાર;
અનીર્વચનીય જાણી રહેવું, કશો કરવો ન ઉચ્ચાર,
સાચું છે અમારૂંરે, સોનું જાણે કસણી કસે. ૨
તેમ પરમાત્માના જાણો, શરીરનોજ સંબંધ;
સાચો નથી જુઠો નથી, જેમ બેલને બેલનો કંધ,
એતો વાત એવીરે, જાણો જેહ આધો ખસે. ૩
સાચું નથી જુઠુ નથી, એ માનવાની મરજાદ;
હદ બેહદની વાતો જાણે, તો તો છુટી જાય વાદ,
નહી તો દહે ઉભોરે, શ્વાન જેમ પડદે ભસે. ૪

પદ પરમું.

(રાગ કાફી)

જળમાં અથ્યા જોજેરે, શું શું તણાઇ આવે,
પથ્થર લાવે તાણીરે, કાઠ નવ કુડો કહાવે. ટેક.

વહાણમાં બેશીને આવે જાવે, લોક તો અપરંપાર;
બુડી જાયે તો જાય જાનમમાં, જળને સ્નાન સુતક છે સાર;
નથી એને કાંઇરે, આવો જાવો જો ફાવે. ૧
જાણો તેમ પંચભુતનું પુતળુ, આવ્યું આત્મા સાથ;
બુડે કે તરે એને શું લાગે, અલગો બીરાજે નાથ;
બાથે ન ઝાલેરે, દેહ મુકી જોરાવે. ૨
એને દુખ નહિં ને સુખ નહિં, અવીચળ આપે એક;
અખંડીત મારો વ્હાલો બીરાજે, ખરી રાખી જેણે ટેક;
વીવેક વીચારોરે, તજી ગોપી જો માહાલે. ૩
એવી જુદાઇ છે આત્માની સંગે, સમજે તો થાય સગાઇ;
મીથ્યા છે ખરૂં એહ ભાઇ પણ, જાણે બેશો તમે ન્હાઇ;
સુખ તેથી થાશેરે, મળશે બ્રહ્મ લ્હાવે. ૪

પદ ૫૩મું.

(રાગ કાફી)

જુદુ નથી કોઇરે, સત્તા એક બ્રહ્મની ભલી;
ખરૂં કરૂં તેનેરે, સુણજો સહુ વળી વળી. ટેક.
તરંગો તળે ઉપર થાય પણ, એનું તપાશો મુલ;
જળની સત્તા એતો ઝઝુમે, જેમ સુઝે અનુકુળ,
સત્તા એક જળનીરે, જોરમાં ઝાઝી મળી. ૧

તેમ આત્માની સગાઇથી કાંઈ નથી અળગું, ચીત
આદી કચાર;
પદાર્થ સર્વ માહે છે સત્તા, આત્માની અવીધાર;
સાર એ સમજોરે, બ્રહ્મમાં જાશો ભલી. ૨
જેમ સાહેરનું જળ તરંગમાં તે, ખાડમાં તેનું તેજ;
ચલનવલનની એજ ચપલતા, સાચું નહીં કાંઈ હેજ;
તેવું કહું બીજુંરે, શંશય જાશે ટળી. ૩
મનુષ્યાદીકમાં ચપળતા જોઈ, આત્મા દરશે તેવે રૂપ;
પથ્થરમાં ચપળતાં નહીં ત્યાં તેવો દરશ્યો અનુપ;
પથ્થરમાં જે વસ્યોરે, ખાપુ તુંજમાં તેહ બળી. ૪

પદ ૫૪મું.

(રાગ કાફી)

જુદું નથી કેહેનીરે, જીવ તે તો સભર ભર્યો;
નીશ્ચે થયો મનનોરે ત્યારે તું તો આપે તર્યો. ટેક.
પહાડમાંહી જીવ છે ને ઝાડમાંહી જીવ છે, લાકડે વસ્યો
ભગવાન;
જે રૂપે એ તુજમાં બીરાજે, તે રૂપે ભીને વાન;
રૂપ નહીં બીજુંરે, સમજયો તેનો અર્થ સર્યો. ૧

સ્થાવર જોજે તું તો તપાશી, દરશે તને દીનોનાથ;
જંગમમાં પણ જેવડો તેવડો, તદ્રુપે આવે એતો હાથ;
આત્માવત સર્વેરે, કેવો એણે ખેલ કર્યો. ૨
એટલું સમજે જે જોગીજન, ભોગી સમજે થાય ભુપ;
એ સીદ્ધાંતથી સમાન દ્રષ્ટી, થતાં બને તદ્રુપ;
અલૌકીક ભાસેરે, રખે તું જાયે ડર્યો. ૩
અગ્યાન છે આત્માનું કલપ્યું, મોટો છે આત્મારૂપ;
એમ સહું જોતાં આત્મારૂપે, જેમ ઉદબત્તીને ધુપ,
ચુપ થઈ રહેવુંરે, બાપુ એ તો આત્મા હર્યો. ૪

પદ ૫૫ મું.

(રાગ કાફી.)

હૃદય સમજાવુંરે, સુણજો તમારૂં,
ભેદ બતાવુંરે, જાણે સારૂ સારૂં. ટેક.
તારા દેહને તુજ ભરી જો, થાશે વેંત્યો સાત,
હૃદય તેમાં ક્યાંહી વસે તે, તુજને કહું સાક્ષાત,
વાત માન સાચીરે, ખુરૂ નથી એ બારૂં. ૧
હૃદયના બે ભેદ ભણે છે, તેનો સુણ વીચાર,
માનવા જેવું ને નહીં માનવાનું, એવા બેજ પ્રકાર,
તે સંભળાવુંરે, લાગે તને નહી ખારૂં. ૨

છાતી વચ્ચે જે હૃદય છે તે, નહીં માનવાનું માન,
અખંડઅનુભવનામછે જેનું, માનવાનું તેતો માન,
સાન ધર એવીરે, ચીત રૂચે ચારૂ. ૩
એ હૃદયની વાત અજાયબ, સંભળાવીશ હું આજ,
સુણુવાને એકે કાને થાજો, અમો સુણ્યું એમ રાજ,
બાપુ બોલેરે સાચુંરે, સમજે તેને તો ખરૂં. ૪

પદ ૫૯ મું.

(રાગ કાપી.)

બેડી એક મોટીરે, તોડી નવ જે તુટે,
લોઢાની ન ધારોરે, લાકડાની અગ્ની લુંટે. ટેક.
ગજવેલની એતો નથી ભાઈ, નથી એ માહી પાષાણુ,
ચર્મની બેડી અતી કઠણુ છે, જાણો કો જાણુ સુજાણુ,
વાત સહેલી માનોરે, છોડે તેને ઝટ છુટે. ૧
એ બેડીથી ગજરાજ બંધાયે, કપોત જેવા તજે જીવ,
પશુ પંખીઠાની એ દશા છે, નર રૂપે ભુલે શીવ,
વાત એતો મોટીરે, કોટડીમાં માયા કુટે. ૨
બીલ્લી કુત્તા એ બેડીમાં, રૂતુ આવે કરે રાજ,
માણુસ બે બેડીમા ફસાયો, કથળ્યું તેથી તેનું કાજ,
વાજ આવ્યો વ્હેલોરે, વળુંધ્યો નવ છુટે. ૩

રાત દહાડો બેડીમાં રહેવું, નીકળવાની નવ જાગ,
રૂતુ બતુ-તો-વર્ષને સોંપી, એતો તપાસે લાગ,
બાપુ નામ ભુલાવેરે, આશા પાશ નવ છુટે. ૪

પદ ૫૭ મું.

(રાગ કાફી.)

ગ્યાનીઓ બતાવુંરે, બંધ મુકતી આત્મા કેવો,
આંખ મીચી ઉઘાડોરે, દ્રઢતા ધરો તો સેવો. ટેક.
સુક્ષમ બુદ્ધી હોય તો સમજાશે, નહીંતો કરશો ન માથાકુટ,
સ્હેલુંસટ તો અમો બતાવું, પીઓ અમૃતનો છે ઘુંટ,
ખુંટ મારી ખોલુંરે, કહું બ્રહ્મ જેવો તેવો. ૧
ચૈતન્યમાં દ્રશ્ય કલ્પવું જાણો, બંધ તણું એ મુળ;
ચૈતન્યમાંથી કલ્પના છુટવી, મુક્તી જાણો સમુળ,
દ્રશ્ય વગરનું ચૈતન્યરે, આત્મારામ રૂપ એવો. ૨
ત્રણ લીટીમાં ત્રીભુવન સમાંવ્યું બ્રહ્મ વીદ્યાનો ભોર;
આહા ઓહો કરી અફાળો, એવો નથી એ સોર,
ખરી છે એ વીદ્યારે, ચીત્તમાં રૂડી ચેવો. ૩
મહાશ્રમ વડે અમો સમજ્યા છું, તે દેખાડયું પળમાંય;
ન સમજાય તો પુછો આવિને, આંતરો નથી કાંઈ આંહાય,
ચોખુંચટ કેવુંરે, બાપુ બ્રહ્મ એક દેવો. ૪

પદ ૫૮મું.

(રાગ કાફી)

ઘડે ભર્યું પાણીરે, સુરજ માંહી આવી પડયો;
ઘટાકાશ ભાસ્યુંરે, ભાંગ્યો તેની સાથે લડયો. ટેક.
ઘડામાં મારો સુરજ હતો જે, ભાંગી નાંખ્યો અલ્યા ભુર;
ઘડો ગયો તેની ચીંતા નથી ભાઇ, પણ નાશી ગયો મારો સુર,
એને કયાંહી દેખુંરે, જુક્તીએ શેમાં જડયો. ૧
એવે એક આવી કહે રામોજી મુઆ, તેનો જીવ કેમે નવ જાય;
અતી ઘણાં દુખીયાં થયા, કોઇએ કરી નહી સ્હાય,
દ્રવ્ય કાજે બાળ્યારે, જીવતા ચીતા માંહી પડયો. ૨
ઢોંગી ગુરૂ કહે એનો આત્મા બળ્યો ભાઈ, જીવતાં મુઓ અજાણ;
ગ્યાનીને સુણી હૃદે બીચ લાગ્યું, અગ્યાનીનું કુડુ બાણ,
ઘટમાં ભાખ્યો સુરજરે, બીજો તેવો ઘટે તડયો. ૩
ગ્યાંની કહે સુર્ય ન આવે જાવે, લાગ્યો એતો ભ્રમફોક;
મરે ન અવતરે આત્મા અલ્યા શીદ હસાવે છે લોક,
રોક માનો મારૂંરે, બાપુ બીજો પાલો સડયો. ૪

પદ ૫૯મું.

(રાગ કાફી)

કઠણુ કામ કહેતાંરે, તુને સાવચેત કરીએ.
સંશે જાશે ભાંગીરે, પડશે નહી જરીએ,

ચકલી સમુદ્ર તરવા ધારે, એતે બને કંઈ પેર;
એવા પક્ષીથી તરાય એતો, તરે ધણીની મ્હેર,
સાગર તરવો સાચોરે, નામ શુણી મન ડરીએ. ૧
ચકલીને તો ડર લાગે, અમે સમુદ્ર કંઈ પેર તરીયે;
પણ ગુરૂડને અલ્યા ભય છે તેનો, તન મન માંહી જરીયે,
નથી તેનું કારણુરે, વધાર્યું બળ હુરીએ. ૨
તેમ સંસાર સાગર મુંઢને મોટો, ગ્યાનીને મંન ખાડ;
ગુરૂ કૃપા નવ હોય તો જાણજો,સાગરમાં ખડક રૂપી-યા-પહાડ,
આડ બીજી મોટીરે, તરીયે ગુરૂને વરીએ. ૩
એસાયર જે કોઇક તરેલા, તેના કહું એધાણ;
ચીત્ત રાખીને સુણશો તમે તો, જાણો પદ નીરવાણ;
બાપુ સત્ત બોલેરે, સરાવ્યા નવ સરીએ. ૪

પદ ૬૦મું.

(રાગ કાપી)

રૂંધો પ્રાણ દાખુંરે, પગથીએ પહેલે ચઢો;
કામ થાય ભાખુરે, ખટ રીપુ સાથે લઢો. ટેક.
બોલવું તો ભાઇ લાગે સ્હેલું, કરવું કઠણ છે કામ;
અનુભવેલું અમો બતાવું, રીઝશે આત્મારામ;
કામ થશે તારૂંરે જદુનાથ જાયે જડયો. ૧

નજરથી લઇ બાર આગળ લગી. નીચું જે આકાશ;
જે નીર્મળ અતીશે સારૂં, રોક ચક્ષુની દ્રષ્ટી ખાસ;
મનમાંહી રોકોરે, જોઈ એને કાંઈ જડયો. ૨
એમ આંખ અને મન રોકી જોજે. ઘડીભર તું નીરધાર;
ચલન વલન એ ભુલશે ત્યારે પ્રાણ તારો અવીધાર;
સત્તનો સાખીરે, સામો આવી અડયો. ૩
એ રીતે તો પ્રાણ રૂંધાયે, દેખાડયું દ્રષ્ટાંત;
કરી જોશો ત્યારે તો સમજશો, ખરૂં જે સીદ્ધાંત;
બાપુ નામ સાચુંરે, બીજો સહું જુઠો સડો. ૪

પદ ૬૧મું.

(રાગ કાફી)

નરસઈજી જઈએરે, અમે દરશન કરવા
પુજા જઈ કરીએરે, પ્રભુ દરશન કરવા. ટેક.
સ્વકલ્પેલું રૂપ ત્યાં જોઈએ, કરીએ તેને પ્રસન,
નદસઇજી અમો બહાર બેસાડયો, કરીએ તેનું દરશન;
પ્રાણ વાયું રેલ્યોરે, બાહેર તો ભરવા. ૧
આ વાહનને પુંજા અમારી, જોઈ રીઝયા નરસીંહ;
ત્યારે ત્યાંહિ તો કાપવા લાગ્યો, રસ્યો રંગ્યો જે સીંહ;
અમે પુંજા માંડીરે, લાગ્યો દેવ તો ડરવા. ૨

અમારે અમારો પુંજવો, ડરાવાનું નહીં કામ;
ગાંડા ઘેલા લોક જે જે બોલે, માહારાજ આપજો દામ;
લેશે દામ એતોરે, કારજ એ ધન હરવા. ૩
અમે અમારી પુંજા આરંભી, તે તો કરીએ હાલ;
નરહરી આત્મા પ્રસન્ન થશે તો, છુટશે સહુ જંજાલ;
બાપુ . કરે પુંજારે, અરથ ગરથ સરવા. ૪

પદ ૬૨મું.

(રાગ કાફી)

ખટ રીપું ઉપરરે, બીરાંજો નરસીંહ તમે;
ઉર્મીઓ આડીરે, દબાવો નરસીંહ તમે. ટેક.
મનશાફુલ તો છે મારી પાસે, નહીં મોગરો ગુલામ;
મતી કેરી અમો ભરીને ઝાલી, નરસઈજી આ-છાબ;
રીઝો તમે દેવરે, આજ કેમ બાહેર ગમે. ૧
ત્રણુની તુલશી અમે બનાવી, ત્રણ્ણા કરી જડજાંણુ;
જડ-તો-ભાઈ જડને ચદાવી, મારા નરસીંહને સોંપ્યા પ્રાણુ,
પુંજા કરૂં એવીરે, જાણુ દેવ જેવો સમે. ૨
અક્ષત તો અકળામણુ મારી, રૂપ જાંણો નીરવાણુ;
અકળાવે તેને એહજ અરપું, મારા નાથને મનોહર વાણુ,
પુંજા થશે પુરીરે, સાચું એતો અહીં દમે. ૩

દક્ષણા અમાડોલજ માનો, દીલ મારૂં જેહવાર;
મારા વ્હાલાને તો બુદ્ધી નીરમળ, દક્ષણમાં આપી બાર,
પાર બાપુ પામ્યોરે, મીત્ર કહે રીઝયા અમે. ૪

પદ ૬૩મું.
(રાગ કાફી)

સંસાર નથી સાચોરે, બુશડે બેગમથી,
વર્તે તે વહે નહીંરે, તોડે રંગે રંગથી. ટેક.
અલ્યા શમણા માંહી તું રાજા થયો, તે રાજા શું રહેશ;
જાગીશ ત્યારે ગરીબ થઇશ તું, સારૂં માહું કોને કહેશ,
ચેત ચેતાવુંરે, ડરતું ખરા ખગથી. ૧
એ સ્વપ્નું તેવું સમજજે, નાનું મોટું એહુ ભેદ;
ખોટાને ભાઇ ખરૂં માંને તું, ન માંને કહ્યું જે વેદ,
ભેદ જાય ભાંગીરે, ગ્યાન તણી શગથી. ૨
ગર્ભ વાસમાં તું કેવું કહેતો હતો, જો કહે તારા પુરાંણ;
કાટેલા હોતો તમે વીચારો, શું કહે છે કુરાંન,
સંભારો સાચુંરે, છુટયા શેણું ભગથી. ૩
મારૂં માને તો જાંણુ તું એ તું, નાના મોટા શમણા માંન;
બંને મીથ્યા જાંણુજે તુંતો, સમજી સારી સાન,
ભાન ન ભુલીરે, બાપુ વદે વગથી. ૪

પદ ૬૪મું
(રાગ કાફી)

કૃષ્ણજી કાળારે, મુકો તમે સહુ ચાળા,
મોરલીવાળારે, પ્રગટો તમે ગોવાળા. ટેક.
ગોવર્ધન ધરીને ગઉઆં રાખી, મારી નાંખ્યા રીપુ વાઘ,
ગોપીની સાથે રાસજ રમીઆં, રૂચા માટે નવ ડાઘ,
સાધ તમે સાચારે, નચવી હરી બાળા. ૧
કામ કેશીને ઠીક વીડાર્યો, ક્રોધ કંસનો કર્યો ઘાત;
લોભ બગાસુર ઠીક સુવાડયો, મોહ અજગરને મારી લાત,
મદ નાગને નાથ્યોરે, ખરી મોરલીવાળા. ૨
મચ્છર તૃષ્ણા વર્ત હરજી તોડયો, ગાજ્યું ગોકુળ ગામ;
ઉર્મી પુતના મારી નાખી તેણે, જુગમા ગવાયું નામ,
બ્રહ્મ ભેદ જાણ્યોરે, હરજી હતાં બાળા. ૩
એવા કૃષ્ણનું વર્ણન કરતાં, તરી ગયા વેદ વ્યાસ;
બ્રહ્માનંદ ભલોરે ભજાવ્યો, ગાય શું બાપુદાસ,
નમું બ્રહ્મ રૂપેરે, કરૂં રસ્તે ટાળા. ૪

પદ ૬૫મું
(રાગ કાફી)

ગ્યાનીના લક્ષણ.

પરોપકાર દેખેરે, જઇએ તો ત્યાંજ મળો,
નહીં તો નવ ભમજોરે, દેહડી નવ દમજો. ટેક.

ઝાડને જોઈ ગુરૂને જોજો, ઝાડને સ્વારથ સોય;
ફળ ખવરાવે વાયરો આપે, કાપે તો દુખ ન હોય,
જોજો તમે એવું'રે, વશી મનમાં ગમજો. ૧
બીજા તો તમે પાહાડજ જોજો, કરજો કંઈક વીચાર;
પરોપકાર જુઓ તમે એનો, લેજો માંહીથી સાર,
પછી ગુરૂ કહેજોરે. રીઝી કને રમજો. ૨
જગત તરશ્યું તેમાં શું એને, પાણીના મોકલે ભોર;
કાળમાં તારૂં રક્ષણ કરે છે, કરતો નથી વળી સોર,
ઉપકારી એવોરે, જોઈ પુંઠે ભમજો. ૩
મેઘના ગુણ તો એવા જાણજો, ગુરૂમાં ધરજો ધ્યાન;
અગ્યાનની જો આણી કાઢે તો, દેજો તેને જઇ માન,
બાપુ એવા જોઇરે, શાંત પણે સમજો. ૪

પદ ૬૬મું.

(રાગ કાફી)

જોજો તમે પેલું'રે, રૂપ કેવું સંત તણું,
પગલું પછે માંડોરે, તોતો પામો તમે ઘણું. ટેક.
પરાધીન નહીં પણ પરાધીનતા, જોજો તમે સંત માંય;
કોઈ બોલાવે ત્યાં જઇને બેસે, ના-નવ કહેતા ત્યાંય,
જોઇને એવું'રે, ગુરૂ પણું જાણો ગણું. ૧

ગાડીમાં બેસો તો તેમાં બેસે, પગે ચાલો તો કહેશે ચાલ;
બાલક વૃદ્ધ બરાબર જાણે, તેવાને જઇ ભાળ,
રૂપ એવું રૂડું રે, રીઝો જ્યારે જુઓ બણ્યું. ૨
મારે તો નવ ઉચાટ ધારે, પુંજે તો નવ ખુશી થાય;
સાય કરે કોઇ તોયે ઠીક છે, સારૂ માઠું આવ્યું ખાય,
ગુરૂ રાય કહેજોરે, વાન જુઓ તેનું વણ્યું. ૩
આપે તેનો નહી આનંદ અંગે, લઈ જાય તેનું ન દુખ;
ખવરાપે તો ખાયે સાધુ, નહીં તો જણાવે નહીં ભુખ,
એવો જોઇ ગુરૂરે, બાપુએ ગ્યાની શણ્યું. ૪

પદ ૬૭ મું.

(રાગ કાફી)

બોલે ગ્યાન વાણીરે, સારો માઠો નવ જુએ,
બાઇને ભાઇરે, પુછે તેનો સંશય ખુવે. ટેક.
આ સ્થલ સારૂંને પેલું બોવારૂં એવી મુકે માથાફોડ;
દુખીઓ કે સુખીઓ આવે પાસે, તેના પહોચાંડે કોડ,
ધ્યાન એક ધણીનુંરે, સુખ દુખ નવ રૂવે. ૧
જાણે આત્મા દેહનો સંબંધ, દેહવીકારમાં આત્મારામ,
જન્મ મરણમાં સંશય નહીં, રીઝાવે સુંદર શ્યામ,
એક નીમ એવોરે, મેલું દેખી તરત ધુવે. ૨

વાયરા જેવી ટેકજ પાળે, મન ધરે એવું ધ્યાન,
સર્વ જગ્યાએ વાવું સ્વતંતર, કુલ નરકનું તજી માન,
એવો સંત જોઇરે, ડુબો તેને ગ્યાન કુવે. ૩
કલીયુગમાં એવો કોક લાધવો, સતયુગમાં જેની છાંટ,
જ્યાં ત્યાં જોઇએ ત્યાં મનડું તપે છે, નરકની મોટી ઘાંટ,
સાચો જુઓ જ્યારેરે, સો-મણુની-સેજે સુવે. ૪

પદ ૯૮મું.

(રાગ કાફી)

જોજો વળી બીજુંરે, ઓળખાણ આપું અમો,
વીચારજો તમેરે, શાન્ત સારો સમો. ટેક.
સર્વમાં વ્યાપક ગુરૂજી જણાએ, ને અલગ આઠે જામ,
સંગ રંગમાં નીશદીન રમે પણ, ત્યારે જાણે આત્મારામ,
કામ થશે તેવેરે, બીજાથી-ન-દેહ દમો. ૧
ભળી ગયેલો તે દેખાયે, પણ ભેદ એક મોટો,
છે સમજવો ખરો એ ભાઈ, નવ જાણીશ તું ખોટો,
જોટો નવ લાધેરે, એવા ગુરૂ તને ગમો. ૨
પરોવાયે છે સહુમાં પણ, તેહ મોતીની પેઠે નહી,
જાણે જેહ જુદો છું સુત્રથી, જ્યાં ત્યાં જાણે એવું સહી,
કહી વાત સાચીરે, નમો જોઇ તેવો તમો. ૩

પાણીએ-ન-પલળેને રજે ન લેપાયે, સ્વચ્છ જેનું શરીર,
દ્રઢતા જોઇને શુરો હારે, એવો જોજો તમે વીર,
ભીડ ભાંગે એતોરે, બાપુ કહે નમો નમો. ૪

પદ ૬૯ મું.

(રાગ કાફી)

ખાય મળે જેવુંરે, અલમસ્ત મતબાલો,
જોગી તેને જાણોરે, લાગે મને મન વ્હાલો. ટેક.
સારૂં નરસું પ્રાણુ ને નહી જેમ, મન બુદ્ધી ઘડે ઘાટ,
તેમ સારૂં નરસું ભોજન નવ જાણે, પીરસનારો પુરે ટાટ,
ઉદર તો ભરવારે, એવાને જોઈ માલો. ૧
આહાર કરવો તે એટલા માટે, મન ભમતું નવ થાય,
એટલું કારજ હોય નહીં તો, બલા સંતની ખાય,
એવા ગુરૂ મોટારે; જોઇ પંથ રૂડે ચાલો. ૨
સ્વાદ કરે તો જાણે ગુરૂજી, વીક્ષેપ થાય અપાર,
સુક્ષ્મ આહારી રહે સાધુજી તેમાં, જોજો વીચારી સાર,
પાર પામો તેવેરે, જોઈ એવો છેડો ઝાલો. ૩
ધીર ધણીની ધારણુ એવી, નીરાંતની એહ નીરાંત;
સુરતી જોઈ મનડું રીઝે, દેખાડે આત્મા કાન્ત,
શાંત તો સાચારે, બાપુ જોઇ દુખ ટાળો. ૪

પદ ૭૦મું.

(રાગ કાફી)

ગુરૂ જુઓ ઘેલારે, દાગીનાથી નહી શોભે,
શોભા બીજી દરશેરે, દીપે બેઠા જો મોભે. ટેક.
ગ્યાનના ઘરેણાથી શોભા બની રહે, જાણે ઉગ્યો છે ભાણ;
બોલવું એટલું બોલી બતાવે, વ્યર્થ ન બોલવાણ,
એવા ગુરૂ દુર્લભરે, ચીત માહરૂં ત્યાંહી થોભે. ૧
તપથી દીવ્ય રૂપ થયું છે, કૃશ છે અંગ અપાર;
વસ્ત્રભુષણ ગ્યાનના પહેરી, બેઠા જે અવીધાર,
સોનું શોભે તેણેરે, મારૂં મન તો ત્યાં લોભે. ૨
અકળામણ તે જાણે નહી, સહે પડે દુખ જેહ;
દેહનાં દુખ તે દેહ ભોગવે, જોગવે જુક્તી એહ,
તેહ ગમે અમનેરે, ખાંતેથી જે નવ ક્ષોભે. ૩
રાજા આવી રંજાડવા ઉભો, તેને દીયે જણાપ;
આડી તેડી કંઇ વાત ન બોલે, દેતા ન તેને શ્રાપ,
ધીર બાપુ એવારે, ચોભાવ્યા નવ ચોભે. ૪

પદ ૭૧ મું

(રાગ કાફી)

ગતી કેવી ગુરૂનીરે, સુણો તમે શ્રીમંતો,
લક્ષણ [illegible] આવારે, ઓળખી લેજો સંતો. ટેક.

કોઇ ઠામ નહીં-ના-યોગ્ય નહીં ત્યાં છાના વસતા આપ;
આડંબર તો હોય નહીં એમાં, પણ છુપાવે થાય ન તાપ,
સંતાપ ન બીજોરે, એવો એ ગુણવંતો. ૧
સંતસમાગમ થાવાનો જ્યાંહી, પ્રગટ થાય પરમેશ;
ચર્ચા ચલાવે ગુરૂજી ગરવા, સંભારે પીયારો દેશ,
એવો જોઇરે, માનું હું તો ભગવંતો. ૨
કોઇ મુક્ત થવાનો મારગ ખોળે, તેનું કરે કલ્યાણ;
ખાવા પીવાની વાત ન બોલે, કલ્યાણની એક વાણ,
ચીત ચોખું તેનુંરે, ગ્યાંન જેહ વંહેવંતો, ૩
ભુખે ભટકતાં ખાવા-કો-આપે, તેના બાળે સહુ પાપ,
દેવ દાનવે દીધેલા ટાળે, ઘણા ગુન્હાનો શ્રાપ,
ધીર વીર એવોરે, બાપુ ગ્યાન વહેતો. ૪

પદ ૭૨ મું.

(રાગ કાફી)

વીચાર એક રાખેરે, ગુરૂજી જેહ ગરવો,
સુણે કોઇ સારોરે, શ્રોતનો—જે—સરવો. ટેક.
એક વીચારમાં ધ્યાન નીરંતર, જેથી જાગે વૈરાગ,
તારી મારી કંઇ વાત ન તેને, સારા માઠામાં નહીં અનુરાગ,
એવો ગુરૂ જોઇરે, ભાઇ તારે પગ ધરવો. ૧

કાળનું કામ તો જોયા કરશે, ડર નહીં મન લગાર,
નીશદીન અજંપા જપ જપે, તુલના સાર અસાર,
ધન ગુરૂ એવારે, સંગ જોઇને કરવો. ૨
એક મરે અને અનેક અવતરે, તે સમજે મતીમાન,
પુછે તેને એહુ સીધી બતાવે, સમજની રૂડી સાન,
માન તેવા ગુરૂનેરે, તારે મનમાં ધરવો. ૩
કાળનું ચવાણું સંતને સાધુ, જાણે તેને નહીં તાપ,
ઉપદેશ એવો કરેજ નીરંતર, સગું નહીં માને બાપ,
બાપુ ધીર એવોરે, નીરાંતનો નેહ ધરવો. ૪

પદ ૭૩મું.

(રાગ કાફી.)

જાણે એક સાચુંરે, પુછે તેને કહે પોતે,
તર્યા આપ તેથીરે, તારે પેઢી શીષ્ય સોતે. ટેક.
વૃદ્ધી કેરૂં ગુરૂ રૂપ જાણે, વખાણે વખોડે સાર,
બધે કહીને નીર્ણય બતાવે, પહોંચાડે પરીયાં પાર,
એવા ગુરૂ સાચારે, સુણો તમો જે કહો તે. ૧
હાની જાણે જે આમાંહી રહી છે, બતાવે તેનો વીવેક,
માને નહી તે મારજ–ખાયે, એકવાર કહેવાનો ટેક,
એવા ગુરૂ કોઇરે, મળશે જોત જોતે. ૨

ઘટ વધને એક કરીને, સમજાવે તેની સાન,
જગતમાં જશ વાધ્યો જેનો, વખણાએ છે વાણુ,
નમું અમો તેનેરે, હુનારૂં હુશે હોતે. ૩
ગર્ભની ઉત્પતી કયાં થકી, એને કયાં વસવાનું ઠામ,
અંતર બ્હારનું જાણે સહુએ, નીશદીન અજંપા કામ,
બાપુ નામ નીશ્ચેરે, કરે નહીં જે-મોતે. ૪

પદ ૭૪ મું.

(રાગ કાફી)

ઉદાર એ કેવારે, વળી મનમાં મોટા;
ગ્રહે એતો કેવુંરે, પરચાના નહીં ખોટા. ટેક.
ઇંદ્રીઓ જાળવવા જેટલું, ગ્રહ કરી આપે કોઈ;
અન ધન પણ તેટલું લેશે, સાચવ્યાની તજે સોઇ;
લલુતા-ન-બીજીરે, આ મારા લોટી લોટા. ૧
જોઈતું લીધું એ પણ જાણો, માગે આવી કોઈ પાસ;
તુર્ત આપતાં વાર ન કરતાં, લુબ્ધાએ નહીં આશ;
ફીકર નહીં બીજીરે, જેના જુગ નહીં જોટા. ૨
કાલે ખાવાની કાલ પડી છે, આજની કરશે વાત;
પળવીપળનીરે આશ ન ધારે, જુઓ નીહાળી જાત;
તેને નવ રહેતારે, કશી વાતના ટોટા. ૩

અબુધ ભુલે જેમ આત્માને, દેહનો જોય સંબંધ;
તેહતણો એતો વીવેક કરતાં, સાંધે સાંધો ખરી સંધ;
અંધ ટાળી આશારે બાપુ, કહેતા સહુથી છોટા.

પદ ૭૫ મું.

(રાગ કાફી)

આસકતીન એકેરે, ખરા સંત તો ધરતા;
જાણે એક આત્મારે, જેહ કરતા હરતા. ટેક.
સુવું નીરાંતે ને બેસવું વાતે, ફરવું હરવું એ ફોક;
ઉભાં ઉભાં રહી કીર્તન કરવું, રાજી થાય જેથી લોક.
આસકતીન એવીરે, ધીરજ મન ભરતા. ૧
નીશંક નહી તેમ શંક ન આણે નીશંક શંકનો જાણે ભેદ;
પ્રમાણમાં એકમાંને કહું તે, તત્વ કહ્યું ચારે વેદ;
બીજું ન મનમાંરે, પરદુખમાં મરતા. ૨
છોકરાં હોય કદી સંતને ભાઇ, તેના ઉપર નવ પ્રીત;
હાહા ભાઈ તમે બેઠા છો, એમ રમાડવાની ન રીત;
નીત રૂડી પાળેરે, ભજન ભલું કરતાં, ૩
આસકતી આત્મામાં રાખે, તે પણ એક ઓળખાણ;
અવડી ચવડી સુણે ન કદાપી, તેના તે મુખની વાણ;
માન કહ્યું મારૂંરે. બાપુ બુરૂ પરહરતાં. ૪

પદ ૭૬ મું

(રાગ કાફી.)

રમતા રામ જોગીરે, વસ્તા કેવી રીતે,
તેનો ભેદ બતાવું રે, અમો આજતો-મીતે. ટેક.
એક ઘરમાં એક વનમાં-ન-વસ્તા, એક ગભનનગર નીવાસ,
બંધ થાય કે બેડી તોડીને, ચાલતા જે અવીનાશ,
ખરા સંત એતોરે, બંધાય નહીં પ્રીતે. ૧
શાસ્ત્ર પુરાણ ખોટાં નવ ભાખે, લે-તેમાંથી જે સાર,
બગડયું હોય ત્યાંથી સુધારે, રાખેજ ભારે ભાર,
બ્રહ્મ વીદ્યા ભોગીરે, જેને નવ કોઈ જીતે. ૨
કોઠાર એક કોઠીનો રાખ્યો, બીજું તજે તમામ,
તસ્કાર જો મઢી માંહે આવે, તો દેખે સુંદર શ્યામ,
એવા ગુરૂ ચોખ્ખારે, બોલે બ્હીતે બ્હીતે. ૩
એ લક્ષણ વીનાનો લહો જોગીતો, ધકકા મારે જો બાર,
ગુણ કહ્યા હોય તેવા રહે, તો દંડવત કરજો સાર,
બાપુ શું બોલેરે, કાળ કેટલા વીતે. ૪

પદ ૭૭ મું

(રાગ કાફી.)

સંગ ન કોનોરે, તું તે ભાઇ નહીં જોશે,
તે કહે બાપુરે, સંશય સહુ ખોશે. ટેક.

સ્ત્રીનો સંગ નહીં ગુરૂ દેવા, મનસા વાચા નહીં નામ,
કાષ્ટની સ્ત્રીનો સ્પર્શ નહી, જાયે ને એણે બામ,
કામ થાય તેનુંરે, બીજા ગુરૂથી રોશે. ૧
દયાળુ દેવ ગુરૂજી તેથી, બાળપણ પરણ્યા અંજાણ,
જનક વીદેહી જેવા ક્રમે, તો તો જાણો સુજાણ,
ગુરૂ એવા જોઇએરે, ભેટો હોય જો—કોશે. ૨
પાંચ પ્રાણી પાંચ વીષયે બંધાયા, આ પ્રાણીને વીષય પાંચ,
યોગી હશે તે અલગ બીરાજે, જેને અડશે-ન- ઉની આંચ,
કહેજો ગુરૂ તેનેરે, અતી ઘણી સંતોષે. ૩
ભરમ ભારી ને ખીશા ખાલી, ગુરૂ નહીં એ કામ,
ઠાલા માલા અને સભર ભરીયાં, જપજો આત્મારામ,
બાપુ ધીર એવોરે, નીરાંત નીહાળ્યા—ન—રોશે. ૪

પદ ૭૮ મું.

(રાગ કાફી)

ભજન સુણે તેનુંરે, ખરા જેહ છે જોગી,
મન જેનું નીર્મળરે, નહીં તનનાં રોગી. ટેક.
ઉપાધી રહીત હે ઈશ્વર મોટા સ્વયં પ્રકાશ અનુપ;
આત્મારામ અખંડ સુહાગી, બ્રહ્મ ગ્યાની કે ભુપ,
સચરાચર સાચારે, અભોગી અને ભોગી. ૧

અનુભવાત્મકા આનંદ રૂપા, અજર અમર અવીનાશ;
મોક્ષ રૂપ છો સર્વમાં વ્યાપક, આદી પુરૂષ પ્રકાશ,
અમર અજદેવારે, છેલ તણા છોગી. ૨
આવા નામ જપે નીશદીનતો, આનંદમાં રંગરોળ;
દ્વૈત ભાવ ન મુખથી દરશે, અદ્વૈતનો એક બોલ,
જ્ઞાની એહ પુરારે, સાંખ્ય યોગ કેરા યોગી. ૩
સર્વનો સાર લઇ કર્યો નીશ્ચે, આત્મારામ છે પાસ;
માલા તુલસી મનની કરી છે, ફુલ પાન સુવાસ,
બાપુ સંત એવારે, ભજો મુક્તી તો હોગી. ૪

પદ ૭૯ મું.

(રાગ કાફી)

સંત સમજાવ્યારે, તેવાને ભજો તમે,
બીજા નામ બોલુંરે, કહું તે માનો અમે. ટેક.
જે લક્ષણ અમો દાખવીયાં, તે ચારે વેદ ગાય;
પુરાણ કુરાંનમાં એમ કહ્યું છે, માંને નહી તો અત્તા ખાય,
સાચી વાત માનોરે, કદી ભાઇ મને ગમે. ૧
ખટ શાસ્ત્ર તું તપાસી જોજે, સાધુ તણું એજ સ્વરૂપ;
બીજું દરશે તે જાણે બુડેલું કેનેથી થયા તદ્રુપ,
શોધી શોધી ભાખ્યુંરે, દુખ મોટું અમને દમે. ૨

જો તું જમાં ગુરૂમાં અંતર નહીં તો, શેનો માને ગુરૂરાય;
ઉપદેશથી કદી વડો થયો તો, ગુરૂની માનવી સ્હાય,
એમ ન હોયેરે, તો તો ગુર ખેનસે. ૩
કીર્તિ સાંભલી-જા-ગુરૂ પાસે, સુણે તેવું ત્યાં દેખ;
નજર ઠરે નહીં તારી કદાપી, મોવાઇશ નહી નીમેષ,
બાપુ ઘર પ્રીતીરે, નીતી તો જોઇ સમે. ૪

પદ ૮૦ મું.

(રાગ કાફી)

તારે કાજે કહુંરે, મારે હવે શાની પડી,
ગુરૂ ગમ લાધીરે, મને તો પડી જડી. ટેક.
તેમ અલ્યા તને કેમ મળશે, વીચારી જોને મન,
તન વીધીયી છે તારૂ અલ્યા, વ્હાલું લાગે ઘણું ધન,
અસે એ રાહુ મુકયુંરે, દાલ ભાત જમવી કઢી. ૧
હું અથડાયો ને દુખ તારૂં જાણી, વદુ અમૃત જેવા બોલ,
વણીક હોતો કાંટે ચઢાવો, કરી જુઓ કોહેનું ઘણું તોલ,
નમે જેહ બાજુરે, તેમ તમે જો જો અડી. ૨
બ્રાહ્મણ હોતો પુસ્તક જો જો, મારૂં કેવું છે અસત્ય,
તુલનાએ જો લાગે ખરૂં તો, માનજો મારી મત્ય,
ખરી વાત કહેવીરે, જાણું નહીં માયા મઢી. ૩

દ્રને તો આ સીધી છે વાતો, નહિ મુંચવણનું નામ,
ચકવાડ જો નામનો બાપુ, તો ક્ષત્રીનું થઇ ગયું કામ,
રમધામ પામ્યારે, ગ્યાન ગદ્દી દીઠી વડી ૪

—

પદ ૮૧મું

(રાગ ગોડી)

(ધર્મ વેશ અંગ)

સંતો જુઓ ધરમના ઢોંગીનું તરવું,
ધ્યાને ધારે પરાયું ધન હરવુંર.
ફેંટો ભાઇ બાંધે એને નબાંણુ સાંધે,
જાણે લાગે-ન-વાન મારૂં વરવુંરે. ૧
ભેટ આપી મોટી ભક્ત ધારે મુકતી ખોટી મેંતો,
ધીંગા ધણીને ધ્યાને ધરી ધરવું. ૨
સંતો સમજોરે, તમે શીખામણ મારી,
આવે તાજીયામાં કાચડાને મરવું. ૩
ગુરૂ ધારી ભોળાંરે ગોથા તો ખાય છે,
પણ હુંતો નફટને ફટ ફટ ફરવું. ૪
તન મન ધન અલ્યા તજીશ ત્યારે,
લાગે તને નામનું તેં નુરડું નરવું. ૫
બાઈ આવી બેસોને ભાઈ માંહી પેસો,
એતો જોઈ કાળ તમે કરવું. ૬

ધ્યાન અલ્યા ચુકયો ને મમતા–ના–મુકયો,
લાગ્યું ગોથું ખાવાનું તને ગરવું. ૭
ગાડીમાં ગુરૂ બેઠા લાડીમાં લ્હેર લાગી,
ખાંતે ભુલ્યા તે એક દીન ખરવું. ૮
સતનામ બાપુ લે છે દાણી બની દાપુ એતો,
રહ્યું ચોરાશીના ચાંરડામાં ચરવું. ૯

પદ ૮૨ મું.

(રાગ ગોડી)

અલ્યા તું તો વીસવાસે નવ રહેશ, એવા ઢોંગીને ગુરૂ
શીદ કહેશ. ટેક.
અલ્યા કેશર લગાડે ને છાપા લગાડે, વલી લગાડે
પીયારી મેશ. ૧
તેલ લગાડે અંગ કુબેલ લગાડે એતો, હોળે જુલફાને
હોળે કેશ. ૨
કેમ કરી હું તો સારો દેખાઉં, બણી ઠણી બેશાબેશ. ૩
ભાઇ મુક્ત થાવા મારગ ખોળે, એતો ભાગવત સુંણે ભેંશ. ૪
સુખડીઓ સદગુરૂ શોધો તમે ભાઇ, ના કરો રાંધી
રાંધીને તમે ઘેંશ. ૫
નામ નીરંતર રટો મનમાંહી, જો પારો વરતીને
જાવું પેશ. ૬

ઉપણો-ન-તારે અલ્યા પટકો તો મારે ભાઈ, ખુસામત
મુકો ઉપાડવા ખેશ. ૭
ઢોંગી ગુરૂ જોઈ ચરાચર બળે ચીત મારૂં, તમે વધેરો
ભુરૂએ નેશ. ૮
સત નામ આપુ હું તો સમાધીને શાપુ અલ્યા, એતો
ભૂલવે પીયારો દેશ. ૯

પદ ૮૩મું.

(રાગ ગોડી)

દેહેરૂં દેખી દેખીને ભાઇ નમવું,
દેવી પુજ્યાંથી નવ ભાઇ ભમવું. ટેક.
દારૂ પીવો દાવમાં-ને બેસવું-ન-નાવમાં,
માંસને માટી ખાતા નવ શમવું. ૧
લાલ પુલ લેવાં ને દેવી દેવી કહેવાં,
રક્તાંબરીમાં મંન ગમવું. ૨
મંત્ર શાસ્ત્રી થાવુને ચંડી પાઠ ગાવું,
એક દેવી દરબારમાં રમવું. ૩
પવાઇને પુંજવાને ભવાઈ તો કરવી,
એવાં એવાનું ખુંદણું ખમવું. ૪
રાગી ઘણા થાવું-ન-વેરાગી માંહી જાવું,
વાઘ મુકીને બકરૂં ધમવું. ૫

વધાર-તો-દારૂના ને દારૂની પુરીઓ,
તેતો, છાનામાંના રહી જમવું. ૬
એવા એવા ભાઈ-એ-ઉપદેશ દેશે,
કોરૂંકટ માટલું તે જાણે ઝમવું. ૭
મુક્તીનથી એમાં ભાઇ જાંણો તમે જુક્તીએ તો,
બીચારા બકરાને મુકો તમે દમવું. ૮
સતગુરૂ સાચઓ બાપુ નામ પાયગો,
નથી ધમણુમાં કાંઈ ધમવું. ૯

પદ ૮૪ મું.

(રાગ ગોડી)

તમે જુઓ જુઓની ધરમ સારા,
ઢોંગીડા ગુરૂજીતણા ધારારે. ટેક.
હનુમાન મ્હારા ને મ્હાદેવ મ્હારા,
સહુ બીજા બ્હારના દેવ અકારા. ૧
સીદ્ધી જડી તેણે શાણા થઇ બેઠા,
પછી ભર્યા પાપ તણાં ઘણાં ભારા. ૨
પોતે તો ભણેલા શુન્ય સુધી છે,
મેળવ્યા પંડીત ભણીયા બહારા. ૩
લોભ મમતાને ગુરૂ સેજમાં રમાડે છે,
ભમાડે હરી જનને એતો ન્યારા. ૪

ટીલાં કરે તો ભાઇ ત્રેપન તરશે,
શુન્ય ટપાલે ઘટશે કારા. ૫
ગીતાજી ખોટી ને એકાદશ ખોટો,
એમાંથી લીયો સીદ્ધાંત હોય જે મારા. ૬
એ લ્યો પંથ ખોટો અને પેલો નથી મોટો,
આથી બીજા તો છે સહુ ખારા. ૭
એમ અલ્યા કહે છે મુંઢ બુડાડીને રહે છે ગુઢ,
એવા તારા ગુરૂ ગુંદરના ગારા. ૮
આપુ નામ ભુલ્યા તેથી દેહ સુધાં દુલ્યા એ તો,
ગુરૂ શીષ્ય થયા નરકના કયારા. ૯

પદ ૮૫મું.

(રાગ ગોડી)

અલ્યા તું તો રામ રામ રામ રામ કહેની,
ગણો પરણી પત્ની વીનાની સહુ બેહેની. ટેક.
હાથે જોઇ કામઠું ને ચીત્ત જોડ સામટું તુ,
એક ખરી નીતીમાં અહોનીશ રહેની. ૧
જાનકીનાથ જે છે લક્ષ્મણનો સાથ તે તો,
એવું જોઇને કરો પુંજા એની. ૨
ધોળું ટીલું ધારીને લાલ માંહે લીંટડી,
એક દૈવતએ બીજું છેની. ૩

માળા લેવી હાથમાં કહે લાળા હૃદે ગુરૂ લાગ્યુ,
રમ રમ કાળ લેશે આણુ દેશ શેની. ૪
ભાખે તેવું ચાલી દાખે એવા નવ ગુરૂ મુંઢ,
નહી તો ઠીક મારગ છે નીતી સુણી તેની. ૫
રામ ગલોલા શા રામજીના ભાયા,
તેની ભડવાઇ તે કોણુ કોણુ વહેની. ૬
એવા ગુરૂએ તો ઘર ઘાલ્યા ભાઈ,
નામ નીરાંતનું મુળગું લેની. ૭
ખરૂં મુકયું ખાંતે ને લોટ વળગ્યો હાંતે,
હવે તો શુધ્ધી પાંણી વીના નહી જેની. ૮
ખાધુ નથી આઘો એને લાગ્યો નથી ડાઘો,
ઓળખે મુકતી મળેજ મૃગાની. ૯

પદ ૮૬મું.

(રાગ ગોડી)

અલ્યા જુઓ જુઓ જતીને સન્યાસી,
જેની ટળી નથી હજી તો ઉદાસી. ટેક
અલ્યા નાગૈડા ને જોઇને મને મોટી બીક લાગે,
જાય છે છોકરાં તો નાશી નાશી. ૧
ફકીર તો ફરે છે ઘેર ઘેર ફરતાં,
અલ્લા અલ્લાની ખાસીયત ખાસી. ૨

મુસલ્લો બીછાવી એતો નીમાજ પઢે છે,
પણ ખરૂં નાણું એનું ગયું નાશી. ૩
ઉજણી નાંખેને એતો જંદને નીકાલે,
ફકીર ઓલીયાની લે-શાબાશી. ૪
સેવડા જુઓની તમે સાધુજી જુઓ,
ગોરજી જુઓ જેને વર્ષ થયાં છે છાશી. ૫
વોહોરવાંતો જાય એ તો બીજી વાર ખાય નહીં,
શાસી માંના શસી એહુ પાપ કેરા પાશી. ૬
સાધુ તણી જાત એવી છોડ દેવ અને દેવી,
રામકી જોઈ જોઇને કરે એતો દાસી. ૭
એવાં જોયો અંઠવાડો ત્યારે પડયો મુકયો વાડો મેં તો,
થયો નીરાંત કેરો હું તો વાસી. ૮
બાપુ ધીર પહેલો જઇ ગુરૂ કર્યો,
વેહેલો મેં તો નામ ગાયકવાડતો રાખ્યું તપાસી. ૯

પદ ૮૭ મું.

(રાગ ગોડી)

ભાઇ સેવો સેવોરે તમે તો દેવ,
ઢોંગી ગુરૂ બતાવે રૂડા ભેવ. ટેક
છાણના દેવ અને કાપુસની આંખો,
તેની કરો જઈ તમો સેવ. ૧

પથ્થર છે પહાડનો ને કકડો છે ઝાડનો,
થયો પ્રતીષ્ઠાએ એતો મેવ. ૨
આરસને ઓપીને મુરતીમાં શેપીને,
ઢોંગી ગુરૂ કહે તમે સેવે તરે તતખેવ. ૩
પાણી છે પહાડનું ને કંઇ વરસાદનું,
ગુરૂ કહે જાત્રા જઇને તરો તમે નેવ. ૪
સંધ્યારે સાધો ને ખટકર્મ બાંધો,
એવી રાખો ત્રીકાળની ટેવ. ૫
માળા તો ફેરવો ને ચાળી કરી-હેલવો,
તો તો તરો ચીંતાજ રૂપી યો સેવ ૬
બાપુ એ છે ભામા એવા ગુરૂ છોડો નામા તમે,
થાય સીધ્ધ કામા એવું અમો કહું ખેવ. ૭
નીરાંતનો નાતો કરો બ્રહ્મ ભાવ હૃદે ભરો,
એક તુંહી ભણી ભણો મોટો દેવ. ૮

પદ ૮૮ મું

(રાગ ગોડી)

(બ્રાહ્મણ શુદ્ર ભેદ અંગ.)

સંતો સુણો બ્રાહ્મણની તમે ભાટાઈ,
એ તો બીજી વરણુ શું કરે છે ખાટાઈ. ટેક.
દેવ અમે અને ભુદેવ તો અમે,
સહુનાથી ધારીએ અમે સરસાઇ. ૧

રાજા તો રાજ કરે ખાઈ પીને રહે ખુશી,
અલ્યા અમે ધારીએ તે ધર્મની ભલાઈ.
પુંજા અમારી ને પાતરી અમારી અલ્યા,
બીજી જુઠી તે જીવને સગાઈ.
મરણમાં અમે અલ્યા પરણે નહીં વીપ્ર વીના,
લાડુ ખાઇને કરીએ વડી સાઇ.
આડું આવે ત્યાંહી જુઓ ચાલે ગાડું નવ કદી,
ભુલે નહીં બ્રાહ્મણને ભાઇ ને બાઇ.
વાણીયા વેચી વેચી ગદીબ રંજાડે અલ્યા,
તેવા તેવાનું જઇએ અમે ખાઈ.
તાપ અલ્યા સહે છે અને કણબી નામ કહે છે ભલું,
લઈ પાપ કરી સાફ ભાઇ અમે મકલાઈ.
અલ્યા જાણે નહી મુંઢ એતો કાળ ખાશે પલ માંહી,
ચાલે ન મોટાઇ ભાઇ મરો ધાઈ ધાઈ.
બાપુ નામ ભુલ્યા એ તો કરે છે ફજેતો મેતો,
મીથ્યા એ તો ઢોંગી બ્રાહ્મણની નાગાઇ.

પદ ૮૯ મું
(રાગ ગોડી)

બ્રહ્મા પાપ કાઢનાર આવો મારી પાસે,
પુછું તમને તમારી હું તો આશે. ટે

કામને જીત્યો છે અલ્યા દામને મુકયો છે તેંતો,
નામને જાંણ્યું છે ભાઇ પાપ સહુંનું નાશે. ૧

લોભને ભુલ્યો છું બ્રહ્મ મત્સર મુલ્યો છું અલ્યા,
ક્રોધ કરી કરી મરે શરણુ કોણુ સ્હાશે. ૨

મોહ તો રહ્યો છે તને મદ તો નડયો છે મુંઢ,
સ્વાદ તો જડયો છે અલ્યા જડ તારી જાશે. ૩

ગર્વ માંહી ભુલી બેઠો વરણુ તણું માંનધારી,
અભીમાની આજ ઉઘાડું તો થાશે. ૪

હું તો છું અલ્યા બ્રહ્મ અને શુદ્ર નામ ધારી તું તો,
એ શું અહં મમતાની ખાંડ તુજ ખાશે. ૫

અમે તે વીપ્ર મોટા તમે તો શુદ્ર જાત.
ભણો તેથી કીર્તી તે કોણુ કોણુ ગાશે. ૬

આ તો છે મારૂં અને પેલું છે તારૂં અલ્યા,
એવા ભ્રમમાં બ્રહ્મા ભરમાશે. ૭

હું તું અને મારૂં તારૂં જાશે અલ્યા જ્યારે મુંઢ,
ત્યારે તો તને મોટાઇનો વાયરો વાશે. ૮

બાપુ બોલે સત્ય તજો કુડી તમે મત્ય તો તો;
વર્ણુ ધર્ણાનું કંઇક જળવાશે. ૯

પદ ૯૦મું.

(રાગ ગોડી)

વીપ્ર જઇ જોની તું તો કબીરની કેવી જાત,
પુછ પુછ એને જઈ કંઇ તારી ન્યાત. ટેક.
નાનકનું નામ તેં તો સાંભળ્યું નાદાન કંઇ,
દાદુતણી સુણી કદી સુન્ય કાને વાત. ૧
ગોરખને ગમાર તું પુછી આવી પાર લેજે,
વ્યાસની તો સુણી કદી કાને તારે ખ્યાત. ૨
નારદનું મુળ તને મુંઢ નથી જાણવામાં,
શૃંગી જાત તણી થઇ તારે આડી રાત. ૩
જ્ઞાનેશ્વરતણું અલ્યા મુળ તો તપાશી જોજે.
અખાતણું ઘોજે અલ્યા બેઠો બેઠો પાત ૪
વશીષ્ટને જઇ પુછ તમારી તો જાત કેઈ,
બ્રાહ્મણ તો ભણી ભણી મુખે કહે તાત. ૫
સંસ્કારથી થાય છે બ્રાહ્મણ તો જગત સહુ,
શુદ્ર હોય સર્વ અલ્યા જણે જયારે માત. ૬
એતો અલ્યા ભુલી ગયો મોટાઇમાં ડુબી ગયો,
ગર્વથી ગમાર તારાં ભાંગશે આ ગાત. ૭
અલ્યા જોને બ્રહ્મ ભાટ ગુરૂ મારો મ્હાં ગ્યાની,
ધીંગો ધીર વીર ધણી ધારી જેની ધાત. ૮
નીરાંતનું નામ અલ્યા જુગો જુગ વાગી ગયું,
બાપુ તેની નાત જાત ખોળ જઈ ભાત. ૯

પદ ૯૧મું
(રાગ ગોડી)

બ્રાહ્મણ તારો ભાંગ્યો ભાંગ્યો વરણનો ભેદ.
હવે હુંતો ટાળું તારા હૃદયનો છેદ. ટેક.
અલ્યા ઉંચ નથી કોઇ નથી નીચ મને બ્રહ્મતણે.
રીઝે એતો કરી જેણે ઇંદ્રી સર્વ કેદ. ૧
અલ્યા ગોરો નવ જોઇએ અને કાળો નવ જોઇએ કદી,
સુક્કો-નક્કર ન જોઇએ કદી ભર્યું ઝાઝું મેદ. ૨
ગાંથીન રીઝે એ તો ડાહ્યાથી ન વશ થાય.
ખુશી વાળો ખુશી લહેએદ વાળો ખેદ. ૩
બળેલો-ન જોઇએ એને ગુંગો તે તો મુંગો થાય,
છેદેલાના જુગો જુગ ભાગ્ય માંહી છેદ. ૪
જુગતી ન જોઈ કદી મુકતી કદાપી આપે.
એ તો નવ જુએ રેશ્યો સારો સારો ભેદ. ૫
અરાઢ પુરાંણ ભણ્યો પુરાણી તો ખાસો બન્યો;
એતો જુવે નહીં ભણ્યો ચારે ઉપવેદ. ૬
જમવાંને તાંણે અલ્યા ગાજી ગાજી ગાયે જેહ;
તરે નહી કદી તેહ ભણ્યો ચારે વેદ. ૭
મીથ્યા જગત જાણે જયારે મમતને માંણે નહીં;
ભેદ ભાંગી બ્રમણાંનો થાયે જો અભેદ. ૮
બાપુ નામ સાચું ઝાલે નીરાંત ને દાપું આલે;
તો તો ભાળે બ્રહ્મ રૂપ જેહ છે અભેદ. ૯

પદ ૯૨મું,

(રાગ ગોડી)

અમો નથી થયાં નથી થયાં કર્યાં તો માહારાજ;
સોંપ્યા નથી વેદ વીધીએ તો આજ. ટેક.
બાયા બાળે તે તો કહો કરીએ શું ભાઈ અમે,
અમે બ્રહ્મ તમે શુદ્ર કરો સોંપ્યા કાજ. ૧
અમો બોલું કહો તમો વેદ મંત્ર શુદ્ર આગે,
વળી છોડું મથી મથી મેલાવ્યો જે સાજ. ૨
ઉપદેશ કરો તમો સુણું બેશી તેહ અમોરા,
આવે નહીં તન મન વીષે કદી દાઝ. ૩
જુઓ અલ્યા તમે બ્રહ્મ જેહ કહે છે કેવું કેવું,
બ્રાહ્મણ છે મણીરૂપ શીર કેરા તાજ. ૪
મુખ એતો બ્રાહ્મણ છે શાસ્ત્ર સહુ એમ ગાય.
તેની નથી આવતી શું જરા તરા લાજ. ૫
બાહુ થકી ક્ષત્રી સહુ પ્રકટ કર્યાં છે પ્રોતે,
ઉતરતી પંક્તી જોઈ બાંધી પાણી પહેલી પાજ. ૬
હૃદયથી વણીક છે પંક્તી ત્રીજી એજ એહ.
કહો કહો ગ્યાની તમે વેદ વચ-નાજ. ૭
પગથી જો પ્રગટયા છે અધમો અધમજ શુદ્ર,
ગ્યાંની બન્યા તો તો કહો હવે ઝટ હાજ. ૮

બાપુ ભુલ્યા ગર્વમાં એ સાચું નવ જાણ્યું નામ,
મુખ રૂપ મુખ્ય અમે આવ્યાં એમાં વાજ. ૯

પદ ૯૩ મું.

(રાગ ગોડી)

અલ્યા જોની બ્રાહ્મણુ ઘરી આતો ખાપ
તારા સંશય તો ઝટ પટ આજ આવી કાપ. ટેક
વેદ અલ્યા સોંપ્યા તને વીધીએ તું મુંઢ થયો
તારા લઈ આપે એતો સારી જેની છાપ. ૧
અલ્યા સોંપેલું જો ધણી ભુલે ચોર તેહુ ચોરી જાય,
ત્યારે ભાઈ માંગે તું તો કોની પાસથી લઇશ જવાબ. ૨
ઘરમાં તો વેદ ભણ્યો સુત છે સંસ્કાર હીન.
શુદ્ર જેવો તેહ અલ્યા શાસ્ત્ર કહે સાફ. ૩
અલ્યા માંછણના છોકરાએ વેદ દોહી સર્વ નાંખ્યા,
શીખી શાણા થાવ તેણે નથી થતો તાપ. ૪
અલ્યા મુખ હાથ હ્રુદયનું પુતળું જો બ્રહ્મ છે તો,
પાગ શુદ્ર ખરા એમાં નથી કંઇ પાપ. ૫
પણ પગ વીના પુતળું તે ઉઠી અલ્યા કેમ શકે.
શુદ્ર જો કરે છે ઉભું તોતો મોટું તેનું માપ, ૬
એમ જોતાં મોટા શુદ્ર જેથી તારો બ્રહ્મ ભમે,
શુદ્ર નવ હોય અલ્યા પંગુ તારો બાપ. ૭

એમ થાય ઉત્તરને પ્રસ્ન તો અનેક ભાઈ,
પણ નામ નીજ જાણે તેને લાગે શા સંતાપ ૮
તે તો નીરાંતને નેજો કરે રીતી તણો રેજો કરે,
ફડફડ ઉડાવે બાપુ સત્ય ધરી ચાપ ૯

પદ ૯૪ મું
(રાગ ગોડી)

ભાઈ ભલે તમે બ્રાહ્મણ હો-કે ભાટ
ભલે હો-સુખસજા કે તુટો ખાટ. ટેક.
એક નીરંતરનું નામ નીશદીન જપવું,
એને મંન નથી ભાટ બ્રાહ્મણના ઘાટ. ૧
શુદ્ધ બ્રહ્મ જે સદગુરૂને દીખાયા,
તેને નથી નથી ભાઈ લાગ્યો કાટ. ૨
જો જો તમે સુથાર બોલાવી સભી કરાવશો.
પશુ પંખીડાંને ખાવાની ચાટ. ૩
પ્રતીષ્ટા કરી વીપ્ર પર બ્રહ્મ ભણશે,
પાથરશે વીધ વીધનાં ત્યાંહી પાટ. ૪
આતો ભાઇ બ્રાહ્મણીયા ખેતરમાંથી નીકળ્યા,
જેણે દાનવને વાળ્યો તો દાટ. ૫
લાકડું નહીં તો કંઇ માંકડું મેલવશે,
તે નહીં તો પથ્થર કે પથ્થરીયા છાટ. ૬

જ્યાં ત્યાં કરીને એ તો પેટ પાળી લેશે,
બેઠો બેઠો આરોગશે ટાટ. ૭
બ્રહ્મગ્યાંનીને એતો જહીં તહીં નીંદશે,
ભુલાવે એનું માને તેની ખરી વાટ. ૮
સત્યનામ બાપુ હુંતો ધીર ઘણી જાચું જઈ,
ગાયકવાડ નામ ધરી ભજુ એવાં હાટ. ૯

પદ ૯૫ મું.

(રાગ ગોડી)

સુણો સુણો તમે બ્રહ્માણુ લુખા બાખ.
રખડી રખડી લુવાશું કાખ ટેક
સીધ્ધાંત મ્હારો જો ગમજો બંધવા,
તો તો આવે ગયેલી તમારી શાખ. ૧
મનુષ્ય દેહ મળ્યો સારો કે માઠો.
પણ તે તો સમજે છે ગ્યાનની પાંખ. ૨
ગ્યાંનીઓ દેહ એતો મોટો માને છે,
કરે જેની કીમત કરોડ લાખ. ૩
એ દેહમાં પણ નર પણું આતી મોટું,
જે જાણે સમજે છે ધર્મની ધાખા. ૪
તે નર દેહમાં કદી બ્રહ્મ ગ્યાન ભાવતું,
આવી મળ્યું ચખાયે ચાખ. ૫

એ સર્વમાં ઉત્તમ છે એક વળી,
વેદ ધર્મની ઝાંખીની ઝાંખ. ૬
કદી મલી જાય એ સહુ સંજોગ બળથી,
પણ જીવ શીવની દેખાય નહીં માંખ. ૭
કદી અલ્યા હાડીયાનું બેસવું ને તાડીયાનું પડવું
એતો સહું થઇ ગયું દાનાની દાખ. ૮
બાપુ નીરાંત કહે છે ને શંકર કહે છે અનુભવ,
મલવો એતો ભાગ્યની ભાખ. ૯

પદ ૭૬મું
(રાગ ગોડી.)

સુણો સુણો તમે પુરાણી ના કરો કામ.
અલ્યા તમે સમજાવો સોતાને આમ ટેક
અલ્યા રસીલે શબ્દે ને મંન જેમ લબ્ધે,
તેમ તમે પુછો તેની નીત્યનાં કામ. ૧
ભેશના આગળ નવ ભાગવત વાંચશો,
સારા શ્રોતાને કહેજો અનીત્યના નામ. ૨
પછી તમે નીત્ય અનીત્યને ભેળાંરે કહેજો.
એ પછી તેના વીવેકનું દાખો ધામ. ૩
પછી અલ્યા કહેવું તે તો કહી દાખું તને હુંય,
કહેજે વસુ જેહ લોક જાણીને તમામ. ૪

પરલોક ભાઇ દાખવજે મનમાંહી મગ્ન થઇ
આ લોકને પરલોક તણું જેહ ગામ. ૫
પછી એહ લોકમાં તું તો વૈરાગ્ય લગાડજે,
કહેજે વૃથા આ છે હાડ અને ચામ. ૬
એટલું કહ્યા પછી તો રહેશે હજી કહેવાનું તે,
દંભી અલ્યા જાન નારી તોય દાખું ઠામ. ૭
પછી શમના ગુણ તો સમજી ગણાવજે,
જો અલ્યા જાલ નાંખીશ તો થઇશ ડામ. ૮
બાપુ છે કથા નિરાંતની ને ધીરતણી ધારણાએ
તારણ છે ત્રણ લોક જાણે આત્મારામ. ૯

પદ ૯૭મું.

(રાગ ગોડી)

ખરી ખાંતે તુતો ચારે વેદ ત્યારે ભણ્યો,
જ્યારે ગુરૂ ગમ લાધી અને શીષ્ય તું તો સહુનો બણ્યો. ટેક
ઘટાકાશ તણો રૂડો અલ્યા કર્યો તે વીવેક જ્યારે,
માંહી જળ તણી ચાનકમાં ચોટી ચણ્યો. ૧
પછી તન મન મેલી તું તે નીશ્ચે કરી ગાજી ઉઠયો,
પ્રતિબીંબ કેરો લાવો લાવી ત્રણને લણ્યો. ૨
ઘટાકાશનો વીવેક થયો મોહ સહું નાશી ગયો,
ભાસ્યો જ્યારે સુર્ય તું ને ચાર વેદવાળો વણ્યો. ૩

તેમ અલ્યા વળી તારી શુન્ય દેહ ગેહ જેહ,
તેનો કર્યો જો વીવેક તો તો ચારે વેદ સાચા શણ્યો. ૪
બુદ્ધી અલ્યા દેહ માંહી તેહ હશે શું રે ભાઈ,
એને તેની માંહી વસે તેણે પુત કયો જણ્યો. ૫
જાણીયે ચૈતન્યનો ભેદ તેનો કરી નાખ્યો છેદ પછી,
દ્રષ્ટ અખંડને છુપી છુપી જોઈશે છણ્યો. ૬
અલ્યા કરે જે તું બોધ સહુને માટે કહ્યો બોધ રૂપે,
વેદીયો કહું જ ત્યારે જીભે હું તો બણ્યો ઠણ્યો. ૭
વેદીયો સર્વને ઉજળુ કરે કાર્ય કારણથી જુદો રહે,
તેહ જાય જ્યારે ખાંતે તુંથી ખણ્યો. ૮
અલ્યા નીરાંત જો વેદીયોને મારો ધીર ઘણી ભેદીયો છે,
આપુ મમતા મારી ગર્વ જડા મુળે હણ્યો. ૯

પદ ૯૮મું.

(રાગ ગોડી.)

શાસ્ત્રી બુઆ તમે શાસ્ત્ર ધ્યાન ત્યારે ધર્યો.
ખટ શાસ્ત્ર કુથો શાને સમજી કર્યો ટેક.
જાણ્યો બ્રહ્મને તમે તો નીત્ય વાદમાં સમજાવ્યો જઈ,
મારૂં તારૂં મુકી વાદ ખાંતે ખર્યો. ૧
બ્રહ્મ રહયો સર્વમાં જે સભર સજડ તેહ,
ઝીણા માંહી ઝીણો એતો નથી ઘોષ મોચે ત્ર્યો

નથી બારણું કે બ્હારવાને અંદર ઉતારવાને;
નથી વસ્તુ કોઈ બીજી એક બ્રહ્મ નર્યો. ૩
ભાસે સ્વરૂપ તદ્રુપ જયારે ખટ શાસ્ત્ર ખોજયા ત્યારે,
નહી તો મોટો શાસ્ત્રી બાવો ભુતિ ડર્યો. ૪
અમે મહા વીદ્યાન ભાઈ ખટ શાસ્ત્ર મુખ પાઠ,
થાવ તમે પાપ વીના તો તો દોષ સર્વે હર્યો. ૫
અલ્યા શોકનું ન નામ લાગે ફોક સહુ સીધું ભાસે,
તાર્યો તારા શીષ્યને તે પહેલો જયારે જાતે મર્યો, ૬
ભાઇ રજશું ને તમશું તે મુકયું સમુદ્ર માંહી,
ત્યારે તરો શાસ્ત્ર વાળા સ્વાર્થ જાય જેથી સર્યો. ૭
પછી આનંદના ઘન ઉઠે; તેહુમાં રહે છે મગ્ન,
ફરે નહિ તેહ કદી ધ્યાન માંન જયારે વર્યો. ૮
બાપુ નીરાંત છે શાસ્ત્રી એવો ધીર ધણી તેહ તેવો,
મુંઢનો નથી એ મેવો જેહ ભાઈ અભરે ભર્યો. ૯

પદ ૯૯મું

(રાગ ગોડી)

અલ્યા ગોર તમે ગામોટાને જાણો સળો,
તો તો ગોરપદુ જાણો તમે ઘૃતમાં તળો. ટેક
ભાઇ જજમાન થકી બીહો શુંય રોટલાને રડો શુંય,
કર્મના કાટ કાઢી નાંખી ગોર નામને કળો. ૧

અલ્યા બ્રહ્મ થાય બ્રાહ્મણ જો ટલે આધી વ્યાધી સર્વે,
ગ્યાંન માંહી સારી વીધી બંને ગળો. ૨
જોજે મરણ જશે ને તારો જન્મ મટી જશેજ,
આતો મારૂં તારૂં કહી તમે ચીત્તથી ચળો. ૩
જાણો તમે જીવ શીવ એહુ એક જયારે,
ગોર અને જજમાન એ મુળે જળો. ૪
પણ એતો જાણવુંજ જોઈએ અલ્યા સારી રીતે,
નહીંતો બળશો તમને બીજો જાણે બળ્યો. ૫
એક છે જગતમાંહી બીજો નથી કોઇ ભાઇ,
માંણો એવું જયારે તમે બ્રહ્મ આવી પોતે મળ્યો. ૬
આ સંસારથી છુટવું જોઇએ તો તો માનો મારૂ કહ્યું,
નહિ તો તમે કાળ ઘંટ માંહી દળો. ૭
તમે ગોર શું માનો અમારૂં બ્રહ્મ ગ્યાંન નીંદો ભાઈ,
જજમાનને તોડી ફોડી તમે ટાળ્યો. ૮
એતો મરજીવો નીરાંત અલ્યા ધીર ધણી જાણે સહુ,
તમે ગોર કરો એવો જઇ લાગે ગાયો. ૯

પદ ૧૦૦

(રાગ ગોડી)

અલ્યા જોશી કહો જોષ તમે શાનો જુઓ,
જેહુ ભવીષ્યની વાત કહે તેહુ જાતે ભુવો. ટેક

જોષી હું છું સર્વ વ્યાપ્ત માંન એક રૂપે અતી ઘણો,
તો તમે મારૂ દુઃખ કહો ભાઈ શું'રે ખુઓ. ૧

જોને આકાશમાં બેઠા ગ્રહ તે તો મને આવી નડે,
આકાશ ઘટમાં આણ્યું તમારો ધંધો ગયો રૂઓ. ૨

એક આશરો છે હું છું તણો તન મંન બીચ જેને,
તેને જ્યોતીષનો સમુદ્ર તે ભાસે કુવો. ૩

જોને ત્રણે અવસ્થાનો ધણી સાક્ષી પુરે એતો એવી,
વસા ફસા કુસ થઇ લાવ્યો ટીપણે ચુવો. ૪

અખંડ અનાદી અને સત્ય રૂપ બ્રહ્મ ચીનો,
જ્યોતીષનો ધા–ન લાગે આવી કોને ટુઓ. ૫

જોને જુદો જેહ પંચ કોશ થકી મારો વાલમો છે.
ચીન્યો મેં તો તેને મારા પાપ ધુઓ. ૬

જેને નીરૂપાઇ શકતો નથી ચારે વાણીમાં સમાતો નથી.
અધ દેખે પહેલી કોઈ પછે દેખે ધુઓ. ૭.

અલ્યા જોને એવા જીવને જાણું છું અમે,
તમે જાણો નહિં ઢોર નીકાસુઓ. ૮

નીરાંત છે જોષી ધીરે ગ્યાન ખોળી ખોશી હૃદે,
બાપુ એવો જોષી તમે જોઈ જોઇ છુઓ. ૯

—

પદ ૧૦૧મું.

(રાગ ગોડી)

સુણો તમે બ્રાહ્મણો કહું ગાજી ગાજી,
ધર્મના ઢોંગ કરતા તમે સુણજો સહુ કાજી. ટેક
જાણો તમે પ્રકૃતીથી પર એક આત્મા,
તો તો તમે મરો નવ લાજી લાજી. ૧
વીકારથી વેગળો એ જાણો તમે ગુરૂ તો તો,
બચો તમે પડતાં તે ઝાલી હાથે છાજી. ૨
શુદ્ધ સ્વરૂપે મારો વાલમો બીરાજે,
તમે ખોજો ખોજો જાય તક તાજી. ૩
હું છુ બ્રાહ્મણ ને પેલોજ શુદ્ર છે,
એથી તમે મરશો અહંકારે દાઝી. ૪
જાણો તમે જીવને જગતનો જો કર્તા તો,
મુકો તમે રામ કૃષ્ણ મહાદેવ માજી. ૫
સુષુપ્તીમાં જાણો એ છે જાગ્રતમાં જાણો એને,
ઘોર નીંદ્રામાં હું હું કહો હાજી. ૬
વેદના ભણેલા તમે શાસ્ત્રના ગણેલા સવું,
સારી બુધ્ધીએ સાજ જુઓ સાજી. ૭
હું પદને મુકો તમે કહું અમે વારંવાર,
તો તો થાય તન મંન અમારૂં ભાઇ રાજી. ૮

નીરાંતનો સંગ કરો ધીર ઘણી ધ્યાને ધરો,
તો તો બાપુ હારેલી ઝીતો બાજી. ૯

પદ ૧૦૨

(રાગ ધનાશ્રી છકરી)

કુલ ભકતીનું સુદ્ધ સહુંથી મોટું,
તેમાં સમાન સહું સારૂં ખોટું ટેક
ચાર વેદ ભણે ગતીના થાય, કરે અડસઠ તીરથ ગંગા ન્હાય,
તજે અંન સદા દુગ્ધાય,
તોએ તેનાં મન તણો સંદેહ નવ જાય.
ઓળખે આત્મા અખંડ, થાય વાસનાનો ભંગ,
ત્યારે ચઢે અખંડ રંગ જયારે મંન થયું અપંગ,
ત્યારે ગુરૂચરણમાં ચીત્ત ચોટયું, કે કુળ મોટું. ૧
મંન સુદ્ધ એક વરતે વરતે,
ઘણા મરી ગયા સેવા પુંજા કરતે.
આત્મ જડે નહીં સેવા સાધન ધરતે.
ઘણા મરી ગયા એવા કર્મ કરતે
ભગમાં આવે તેને કાળ, ભગથી ન્યારો તે ગોપાળ,
તેને એકુ નહિં જંજાળ, તેને એકું નહીં કાળ,
જાણું એમને પછી ગુરૂચરણમાં લોટું, લોટું કે કુલ મોટું. ૨

શ્રીપાત્ર ભક્ત થયો શુધ એક બ્રહ્મ લાધે,
ઝેર ચઢે નહિ સાચી બુટી ખાધે,
દેવ વશ થયા ક્રીયા મંત્ર સાધે,
આત્મા ચીન્યા થકી ગ્યાન ઘણું વાધે.
મુળ માટીનો આ ઘાટ, તેના બન્યા સહુ ઠાઠ,
તેણે જુજવા માંડયા હાટ, તેથી થયો છે ઉચાટ,
તેને ચઢી ગયો છે કાટ, તેથી ફરે ચારે વાટ.
તેથી ગુરૂ પ્રતાપે સંસેથી હું છુટું. 3
ઘઉની બને શીરો પુરીને શેવો,
ખાંડ એક ભળે તો થાય ઘણો મેવો,
અગ્ની એક મસાલ કંડીલ દીવો,
રંગરૂપ નહીં તેને ઓલખી લેવો,
જાત જાત મળી જાય, તેની વાત નવ થાય,
પોતે પોતાનું જે ગાય, તેને ઘણું સુખ થાય,
તે તો કંઇએ નવ જાય,
બાપુ કહે સત્ત નામ દ્રવ્ય મળ્યું તેને લુટું. ૪

પદ ૧૦૩

(રાગ ધનાશ્રી છકરી)

સમજે સતનામ તેને તો કહીએ ગ્યાની,
તેની મટી ગઇ વૃદ્ધીને હાની હાંની કે તેજ ગ્યાની. ટેક.

પ્રથમ સદગુરૂનો સતસંગ સાચો,
બીજો જે કરો જાણો કાચો,
હરી નામ ભુલ્યા એજ પડયો ખાંચો,
માલે તમો સદગુરૂને નીશદીન જાચો.
એવું સમજે આવે પાર, મળે સાર એક તાર,
મટે ખાર આધાર નેતી પાર વીશ્વાધાર,
નામ રહીત લેજો માની, માની કે તેજ ગ્યાંની. ૧
સમજે સત્ત નામ પ્રથમ સદગુરૂ દેવતણા દેવા,
તેની પ્રેમ કરીને કરો સેવા,
મળ મન ગમતા તે મીઠા મેવા.
રૂપ રંગ નહી તેને ઓલખી લેવા, નહી જાત નહી ભાત,
નહી માત નહી તાત, નહી દીન નહી રાત,
વાણી રહીત લેવા જાણી. ૨
ગુરૂએ ગ્યાન બતાવ્યું શ્રી મુખ,
મારૂ મટી ગયું જનમ મરણનું દુખ,
હવે ફરી આવવું નથી માતાની કુખ,
મારી ભાંગી મન કેરી ભુખ,
ઓળખ્યું આપ, મીટયા તાપ,
નહીં પુન્ય પાપ , અધાપ જડયો બાપ.
મહા પ્રલયમાં રહે તેની નીશાની. ૩

ગુરૂકૃપાથી ગઇ માયાની ફાંશી મારી મટી ગઇ લક્ષ ચોરાશી.
ઘેર બેઠા આવી જમુનાને કાશી. એતો છે સત લોકના રહેવાશી.
અનાદી વસ્તુ આપું. પાપ કાપું છાપ છાપુ,
કહે બાપું મટયું દાપું.
નામ સમજે તે તો અભીમાની. ૪

પદ ૧૦૪

રાગ ધનાશ્રી છકરી.

હરી ગુણ ગાય તેને હરી જેવા જાંણો,
સમજયા વીના તે મત શીદ તાણો.
જે કરે લાગા તેથી વ્હાલો ગયા આઘા,
સુધું સમજયા નહીં તો બળ્યા એના વાગા.
આત્મા ચીને નહીં તો મુઆ ઢાંકયાને નાગા.
એના મંનના સંશય નથી ભાંગા.
દ્રષ્ટીમાં આવે તેમ રીજાય. તે હરીના. કહેવાય,
તેને સરવે વેદ ગાય. તેને જે જંન ધાય, તે મુરખ કહેવાય.
હરીનું નામ મુકીને જાંણે પાંણો.
પાંણો કે તેને જાણો. ૧
હરીને પાશાણ કહે તેજ ગાંડો,
એ તો સદાછે અખંડને-ના. થાય ખાંડો.

સમજ્યા વીના ગાય તે તો રાંડીરાંડો;
તમે સમજીને પગલા માંડો.
હરીને જડ કહે તે જડ. ત્યાં તો થઈ છે વઢાવઢ.
ત્યાંતો થઈ છે ભડાભડ. જેણે શોધ્યું નહીં થડ.
તેનો ખર્ચો કાયા ગડ, સમજણ દીવો કર્યો રાણો ૨.

હરી કે હુકમ બીન પત્ર નહી હાલે,
પારો ચલાવે તે રીતે ચાલે,
રૂડો ખેલ બનાવ્યો મ્હારે વ્હાલે,
હરી જંન તો મગ્ન થઇ મ્હાલે.
એને એકું નહી વરણા એને આવે નહી મરણ,
હરી વસ્તુ તારણ તરણ સાચી વાત કહું છું તેને છાણો ૩

એતો સમજયાનું કામને સાધન કરતો,
એતો સમજયાનું કામને ધ્યાને ધરતો,
એતો સમજયાનું કામને ભોંય ભરતો,
એતો સમજયાનું કામને ભુખે મરતો,
સમજે સદગુરૂની શાંન તેને ભાવે આત્મ ગ્યાંન,
તેનું વજ્યું વાણીનુ વાન તેતો તોડે નહી તાન,
તેનું અખંડ થાય ધ્યાન,
બાપુ સત નામ સમજે તે તો શાણો. ૪

પદ ૧૦૫

રાગ ધનાશ્રી છકરી.

અલખને ખોળી કાઢે, તેને તો કહીએ જોગી.
ગમે તો બાવા થાઓ કે રહો ભોગી, ભોગી કે તે જોગી, ટેક

પ્રથમ તન ખોજી મન વશ રાખો,
ખોટી ખોટી વસ્તુ માંહીથી કાઢી નાંખો.
સારા સારા શબ્દ સદગુરૂના ચાખો,
ત્યારે તું ભાંગું નહીં સદા રહું આખો.
એ સંત ગાવે જે જન ધાવે, હાથ આવે તેને ફાવે,
નામ સમજ્યા તે તો થયા છે અણુરોગી. ૧
ગુરૂ કૃપાથી અખંડ વર પામી,
સહુથી ન્યારો રમે તેજ મારો સ્વામી.
કોઈ આવી નાંશકે રે તેની દામી,
કોઈ કાઢી ના શકે રે તેમાં ખામી.
તે છે છેલ નથી મેલ. નથી ફેલ, રંગ રેલ જડે સ્હેલ.
નામ જોતાં તે વસ્તુ બહુ મોંઘી. ૨
હવે સુરતા રાખી સ્વામી સંગે ચાલી,
વ્હાલે મારે પ્રેમ કરીને બાંહ્ય ઝાલી.
હવે મુને વસ્તુ અમુલક આલી,
ત્યારે ચઢી ગઈ ગાલ તણી લાલી.

એક ગામ એક ધામ, એક નામ, સધ્યું કામ
ગુરૂએ વસ્તુ આપી તે તો ઉગી. ૩
જન્મ મરણ મટે નહી એજ સંગ ખોટો,
દમ બંધ કરો એજ વાળ્યો ગોટો.
હેઠે ઉતરે તો જનમી ખાય ચોટો,
આત્મદર્શીનો અવર નવ ભેટો.
આત્મ દર્શીનો એનું રાજ, તે મહારાજ કરે કાજ.
રાખે લાજ. ચલાવે ઝાઝ, બાપુ નામ બાંણુ વાગ્યું. ૪

પદ ૧૦૬હું.

(રાગ ધનાશ્રી છકરી.)

ભેદ બ્રહ્મનો બતાવે તેજ ગુરૂ દાતા.
બીજા સમજ્યા વીના સહુ ધાતા. ધાતા કે ગુરૂ દાતા. ટેક
પ્રથમ અક્ષરાતી તે જાણો,
આત્મા ચોન્યો તેનો મત નવ તાણો.
પછી પુરૂષ પ્રકૃતીને પ્રમાણો,
મહુતત્વ એજ સાર, અહંકાર સ્વ અહંકાર.
ત્રણે ગુણુ એકતાર, તેના ચોવીશ થયા પરીવાર.
નામ સમજ્યા તે બ્રહ્મ જળ ન્હાતા. ૧
તમોગુણથી થયું છે આકાસ, આકાશ માંહી પવન કેરો વાશ.
પવનથી તે તેજ પ્રકાશ, જળ પૃથ્વી તે તેજ તણા દાશ.

શબ્દસ્પર્શ રૂપરશ. અને ગંધ, તેની જુદી જુદી વસ્ત.
એવું સમજ્યા તેના જશ થયાં માતા. ૨
રજોગુણથી દશ ઇંદ્રિ લહીએ,
તેનો જુજવો વીચાર ભઈ કહીએ.
એવું સમજીને મંનમાં મગ્ન થઈએ,
ખટો લાગે ત્યાં તો કળુએ ના જઈએ.
શબ્દથી શ્રવણ ને વાંણી ને વસ્ત, વાયુથી ત્વચાને હુસ્ત.
તેજથી ચક્ષુને ચરણ વસ્ત, જળથી જીભ્યાને ઉપસ્થે.
ધરાથી નાશીકાને ગુદાએ દસ્ત.
એવા દશે ઇંદ્રિના દેવ તાતા. ૩
સતોગુણથી અંતઃકરણ ચાર, મન બુદ્ધી ચીતને અહંકાર,
તેનો જુજવો કરોને વિચાર, એવું સમજે તો તરત આવે પાર,
અઠાવીશ તત્વનું આ સ્થુલ, એવું સમજ્યા વીના સહુ ધુલ,
તેનું સીધું થયું કુલ, વળી મટયું સંશય સુલ.
બાપુ સત નામ સમજ્યા તે નથી ધાતા. ૪

પદ ૧૦૭

(રાગ થાલ)

સદ ગુરૂ સ્વામી વાલમજી સમજાવી ઘેર આણ્યા છે,
મોહનવરને મહીયારીમાં સેં બેરખ માંણ્યા છે. ટેક.

પુરી કીધી સદગુરૂ સ્વામી દુધપાક બન્યો છે અંતર જામી,
પ્રેમના પેંડા બહુ નામી. ૧
લેહુ લાડુ સાકર શબ્દતણી, મન મેંદાની પુરી વણી,
ગ્યાંન ઘીમાં ઝબકોરી ઘણી. ૨
શીરો શાણપણુ છે તલ ધારી, આ રતના અથાણા પરવારી
ભાજી રાજી થઇ વધારી. ૩
સતને સેવો તો વાલાને ભાવો, સુરણુ કાપ્યું તો કાહવો,
દીલ ડહાપણને રાખો હાવો. ૪
નવ તત્વ જલેબી તરતા તાવી, સતસંગ સાકર સારી આવી,
તે તો વાલમજીને મન ભાવી. ૫
ગુરૂમતી જળ કેરો ભર્યો લોટો, સમજણનો થાળ ભર્યો મોટો.
એવું પીરશે તો કોણ કહે ખોટો. ૬
ભાવનો ભુખ્યો છે આત્મા મારો, તોતો શુકન રહે મ્હારો ત્હારો,
તુલશી સુરતાની માંહી ધારો. ૭
બાપુ બીડું આપ્યું ખટ ઉર્મીતણુ, સેવકને આનંદ થયું છે ઘણું.
સૌ મ્હારે સમતુલ્ય મેરૂ આણું. ૮

પદ ૧૦૮.

(રાગ આરતી.)

આરતી કીજે અંતર માંહી, મેતો ઘટ ઘટ દેખા સાહી. ટેક.
પાંચ તત્વકી બનીહે આરતી, કપટ કુંડ રુબહેં માંઢી,

ગર્વ ક્રોધી ભ્રમકો અગ્ની, ચેતાવ્યો તુરતહી દેખો સાહી. ૧
અપને બ્રહ્મ વીશ્નુ શીવ આરતી ઉતારે, જલમલ જ્યોત સવાઈ,
સમજે વાકો તો સબ હોવે, ના સમજે વાકો નવાઈ. ૨
પાંચ પચીશ સખી નાચન-લાગી, શુન્ય શીખર કે માંહિ,
આપમાં આપ સાહું સમાએ, ગુરૂજીએ સાન બતાઈ. ૩
દાસના દાસ બાપુ ભગત ધીરા, જાગ જગત હરી નાહી,
જો-શોધી તો મીલત નાહી, પણ ખેલે સંતો માંહી. ૪

પદ ૧૦૯ મું

(રાગ ધોળ)

વ્હાલો મારે ઘેર આવ્યા છે હેલીરે,
સખી મેં તો કુલ મરજાદા હેલીરે,
જગત તણાં વેણુ તે ઝેરના પ્યાલાંરે,
ગુરૂજીના શબ્દ લાગે વાલારે. ૧
સગાંને લેવું દેવું તે પડે છેટુંરે,
ગુરૂજીને પ્રેમ કરીને ભેટુંરે. ૨
વાલો મને લાડતે બહુ લડાવેરે,
બંગલાનો બેઠો બેઠો ઘાટ ઘડાવે. ૩
બંગલાની કુંચી વાલાને હાથે તાળુંરે,
બાપુ કહે સત નામ લાગે મને વ્હાલું. ૪

પદ ૧૧૦ મું

(રાગ મારૂ)

માયા ભગ્તીને :આદનું વેર,
ભકત ઉપર ધણીની મ્હેર ટેક.
પરણી નારી વાતો કરે છે,
ભગ્ત થયાને ગતા ફરે છે,
તમે હાથમાં ઝાલી છે માળા,
ત્યારના જાણું છું હું ચાળા. ૧
તમે સાધુ સંગત કીધી ખાસી,
છૈયા મેલીને જાશો નાશી,
એમ બળતી બોલે છે રીશે,
આકાશી માળાલ્યો જગ દીશે. ૨
સાસું 'કહે છે ખોટું કરો છો,
વેરાગીની સંગે ફરો છો,
દુઃખ પામે એનીરે બેટી,
પાસ—ના—મલે વાલની વીંટી. ૩
ભગ્ત જગ્તને આદનું વેર,
સાલોજી કરે ઘણું કેર,
માયા ભગ્તને દુઃખ ઘણું છે,
ભગ્તતો સુખ દુઃખ એક ગણે છે. ૪

દુઃખ સહે છે સુખને સારૂ,
ઘડી એકના ધણીને વીસારૂ,
પ્રેમ થકી હરી ગુણ ગાશ,
માયા થઈ રહેશે દાશ. ૫
ધણી મંનમાં ગમે ત્યાંથી આલે,
તેમાં માયાનું નવ ચાલે,
ભગ્ત ઉપર ધણીની છે માયા,
જગ્ત બધે શીશ નમાયા. ૬
જે ધણીની માનીતી છે રાણી,
વેદ ત્યાં ભરતો પાણી,
મંન બુધ્ધી માયાને તોડી,
સુબુધ્ધી સ્વામી સંગ જોડી, ૭
ધીર ગુરૂજી ના ઘર ભણી દોડી,
દાસ બાપુ કહે કરજોડી;
માયા ભગ્તીને આદનું વેર,
ભકત ઉપર ધણીની મ્હેર. ૮

પદ ૧૧૧મું.

(રાગ મારૂ)

માળાનો મર્મ નવ જાણ્યો, આંખો મીચી મણુકા તાંણો. ટેક.
માળા ફેરવે મન માંહી ઠેકાણો, રામ કહે કો સમજ ટાણો,
દેહમાં દેવ તેને નહીં જાણો, જઇ કાષ્ટ પાશાણને માણો. ૧

છાપ તીલકને માળા રાખે, કુડ કપટને અસત્ય ઘણું ભાખે,
હાથમાં માળા ક્રોધ ભર્યા કાળા, એતો નીશ્ચે કુબાડયાનાં ચાળા. ૨
માળા ફેરવી પુત્ર દ્રવ્ય માંગે, જઇ શીવના દેવલમાં લાંઘે,
જગત સુવેને સદગુરૂ જાગે, સમજે તેને એ શબ્દ વાગે. ૩
સતગુરૂ મલીઆમા મુઝાણું, છસે એકવીશ હુજાર દમ માણું,
એતો થાય છે રાતને વ્હાણું, ઉન્મુની ઘરમાં મળે ટાણું. ૪
માળા જાણે જનક શુક જોગી, માળાના વ્યાસ શીવ ભોગી,
બ્રહ્મમાં ભલ્યા ચોરાશીના રોગી, માળા તો ઘણી છે મોંઘી. ૫
ધીર ગુરૂની માળા સંગે તાલી, ઉન્મુની ઘરમાં વનમાલી,
દાસ બાપુને માળા તે આલી, મહા પ્રેમ કરીને ઝાલી. ૬

પદ ૧૧૨ મું.

(રાગ માસનો)

અખાડ માસમારે અંતરજામી આવ્યા ઘેર,
સુરતા રાજી થઇરે વ્હાલે મારે મુજપર કીધી મ્હેર;
બંને ભેળાં થયાંરે આજ મારે થઈ છે લીલા લ્હેર,
ગુરૂ કૃપા કરીરે કાઢી નાંખ્યું મનનું ઝેર;
અખંડ પરમાત્મારે કોઇની સાથે ના રાખ્યું વેર,
બાપુ કહે ભજ નામતેરે કોઇને ના કહેવું તે મ્હેર. ૧

શ્રાવણ માસમાંરે શોધી કાઢયું નીજ ભુવન,
જ્યાં દેખું ત્યાં હરી હરીરે જોઇને મગન થયું છે મન;
નમું ગુરૂ દેવનેરે હાવે ફરી નથી ધરવું તન,
મરણ બે ભાંગીયોરે કૃપા કીધી સાધુ જન;
બાપુ કહે ભજ નામનેરે જીવને વ્હાલું છે જીવન. ૨

ભાદરવા માસમારે ભગતી આવી છે નીરધાર,
ફેરા હું તો નહી ફરૂંરે ઘરમાં બેઠા આવ્યો પાર;
અખંડ ધન લાધ્યુંરે મનનો ગમતો મલ્યો માલ,
ભજન ભુલું નહીંરે સુરતા થઇ રહી છે એકતાર;
બાપુ કહે ભજ નામનેરે મ્હારે નામ તણો આધાર. ૩

આસો માસમારે ચઢયો છે અવીનાશીનો રંગ,
બીજુ ગમતું નથીરે ઝાલ્યો મેંતો સદગુરૂનો સંગ;
વાલમને જોઇનેરે મ્હારૂ મન થયું છે ડંગ,
અખંડ પરમાત્માનેરે બીજુ સરવે છે આ ભંગ;
બાપુ કહે ભજ નામનેરે મટાડયું ચોરાશીનું વંગ. ૪

કારતક માસમારે કારજના કર્તા નથી દુર,
ગુરૂ કૃપા કરીરે વાલો મારો દીઠો છે ભરપુર;
અગ્યાંન રાત્રી મટી ગઇરે જ્ઞાનનો ઉગ્યો ત્યાં સુર,
જ્યાં દેખું ત્યાં હરીહરીરે ચૌદશ ઝલકી રહ્યું છે નુર;
બાપુ કહે ભજ નામનેરે હરીનું નામ એક અમુલ્ય. ૫

માગસર માસમારે મારો વાલા સાથે વ્હાલ,
લાગે મીઠડારે પ્યારા નામ સ્નેહી લાલ;
ગુરૂ કૃપા કરીરે મટાડયું સંસયરૂપી સાલ,
આણ્યું અણુમોલ છેરે મારે વાલે તો એક લાલ;
બાપુ કહે ભજ નામનેરે તેને કદી ન આવે આળ ૬
પોસ માસમારે પુરી પ્રાણ સાથે પ્રીત,
ભજન ભુલું નહીરે એતો પતીવૃતાની રીત;
ગુરૂ કૃપા કરીનેરે ભાંગી નાંખી ભ્રમની ભીત,
અલખવર ઓલખ્યારે રાજી થઈ છું ગાવા ગીત;
બાપુ કહે ભજ નામનેરે તેને નહીં તાપને નહીં શીત. ૭
માહા માસમારે મારા મનનો કાઢો મેલ,
ગુરૂ કૃપા કરીરે મુકી દીધાં સઘળાં ફેલ;
ખુબ ખુબી બનીરે આજ મારે થઈ છે રંગની રેલ,
તત્વ કાઢયું તારવીરે જેમ તલમાંથી કાઢે તેલ;
બાપુ કહે ભજ નામનેરે નામનો ખરેખરો છે ખેલ. ૮
ફાગણ માસમારે મારા મનની કાઢી શુળ,
ફુલ કરમાય છેરે કાચી કાયા મળશે ધુળ;
ભજન કરશે નહીંરે તેનું બે કોડી છે મુલ,
અખંડ એક આત્મારે બીજું બાકી સરવે ધુળ;
બાપુ કહે ભજ નામનેરે કાચી કાયા આંકડાનું તુર. ૯

ચૈત્ર માસમારે ચંતને દેખાડયું છે આપ,
ગુરૂ કૃપા કરીરે મટાડે ત્રીવીધીના તાપ;
અલખવર ઓળખ્યારે હવે કોના જપીએ જાપ,
મન મેલાવો નહીંરે તેનાં તનમાં માહા સંતાપ;
બાપુ કહે ભજ નામનેરે નામની ખરે ખરી છે છાપ. ૧૦
વૈશાખ માસમાંરે જાણી વીશ્વંભરની વાત,
અખંડ પરમાત્મારે તેને નહીં નાતને જાત;
મરણ જરણ નહિંરે તેને નહિ દીનને રાત,
ગુરૂ ચેલા નહીંરે તેને નહિં માતને તાત;
બાપુ કહે ભજ નામનેરે એતો શોભે છે સાક્ષાત. ૧૧
જેઠ માસમાંરે જાણે જગજીવનનો મરમ,
મેવાશી માંહેલારે તે તો સરવે થયા છે નરમ;
લેવાનું હરી નામ છેરે આલવાનું અંનદાનનું ધરમ,
વળી ભસ્મ થયારે કુડા હતા જેના કરમ;
બાપુ કહે ભજ નામનેરે જેણે દ્રષ્ટી ચીની મરમ. ૧૨.
સંવત અઢારમાંરે નેવુંની સાલે મહિના બાર,
હુંને તું નહિંરે સખી મે ત્યાં દીઠા કીરતાર;
હરી ભજી લીધારે મારો સફલ થયો અવતાર,
ગુરૂ કૃપા કરીરે રાજી થઈ છે સુરતા નાર;
બાપુ કહે ભજ નામનેરે સમજે આવ્યો પાર. ૧૩

પદ ૧૧૩

(રાગ એક તારાનો)

એક તારે એક તાર મેલાવો, અલખ સંગાથે મારૂ મન રાચ્યું. ટેક.
પોલો વાંસ જેને મુરખ કહીએ, ગાઇ ગાઇને દુખ્યું ડાચું,
તુમડું મન અડશું જ્યારે પાસે, ત્યારે ભજન પડશે સાચું. ૧
ખુંટી માંહી નામ હરીનું, તેના પ્રતાપે હું જાચું,
સુરતા ઘોડી તાર મેલવે, કાયા ચામડું છે કાચું. ૨
રેખ કરમની નાંખી ઠોકી, સતગુરૂ આગળ જઇ જાચું,
કીરતારે કીરતાર મેલવો, એવી કથા નીતનીત વાંચુ. ૩
અખંડ જ્યોત ખોલી નવ જાણી, ઘીમાંહી પાણી શું સીચું,
કહે બાપુ નકલંક નામ છે, જાણીજોઇને આંખો શું મીચું. ૪

પદ ૧૧૪

(રાગ ગરબી)

હુકકો પીધો ગુરૂ દયા થકી ગ્યાંનજો, દમ ખેંચ્યો ધણી
તારા નામનોજો.
તન હુકકો ઘટઘટ સ્વામી બોલતોજો, પ્રેમ જળમાં હુકકાને
ઝકોલતોજો,
પ્રથમ ચલમ ચતુરાઇ ખાસી કરીજો, કુડ કપટ તમાકું
તેના માંહી ભરીજો. ૨

મેલ મેર ગુરૂની પ્રીતે કર્યેજો, ચીત ચીપીઓ તો બ્રહ્મ
અગ્ની ધર્યેજો. ૩
નેહ નરભે નારાયણુ કેરા નામનીજો, શોભે દામણી તે
અચલ અંખે ધામનીજો. ૪
ગુરૂ ધીરાને હુકકો ભરી આપીઓજો, દાસ બાપુ પોતાનો
કરી થાપીઓજો. ૫

પદ ૧૧૫

ભજો તમે સદગુરૂ સાહેબને મનથીરે લોલ,
તો તો તમે તરી તે જાવ ભાઈ તેથીરે લોલ. ટેક.
આનંદનો વરસાવીઓ જેણે વરષારે લોલ,
જેણે કરીને આત્મારામ દરસારે લોલ. ૧
જેણે દયા કરી ધરી દીલ અતી સાચુંરે લોલ,
તેને મુંઢ તુંતો કઈ વીધ જાચુંરે લોલ. ૨
અલ્યા તને શબ્દના શીખરપર મુકીરે લોલ,
કાઢી તારી વાસના તે વીષયમાં ઢુંકીરે લોલ. ૩
બ્રહ્મ શબ્દ સુણાવ્યો તને સાચોરે લોલ,
તારો કાટ કાઢી નાંખ્યો સહુ કાચોરે લોલ. ૪
ગયા કાશી ગોમતી ને ગંગા મુકાવીરે લોલ,
ત્રીવેણી તારા તનડા તે માંહી ફુકાવીરે લોલ. ૫
રામ કૃષ્ણુ મચ્છ કચ્છને છોગાળોરે લોલ,
તારા દેહમાં દેખાડયો ગોપાળોરે લોલ. ૬

અલ્યા અંધારૂ અંધારૂ તે તો દીઠું રે લોલ,
તને અજવાળું અજવાળું કર્યું મીઠું રે લોલ. ૭
અલ્યા તારે અંધારી પડતી રાતોરે લોલ,
તે તો સુર્ય રૂપે મટાડી સહુ ભ્રાંતોરે લોલ. ૮
અલ્યા તું તો ભ્રમની તે જાળમાં ભુલ્યો હતોરે લોલ,
ભાઇ તું તો દેહડી સુદ્ધાંતે ડુલ્યો હતોરે લોલ. ૯
બાપુ તેમાંથી તને મુકાવ્યો લોલ,
ધીર ધણી ખોટાને રસ્તો ચુકાવ્યોરે લોલ. ૧૦

પદ ૧૧૯મું

હું તો ભવ જલ માંહી પડયો હતો રે લોલ,
તરતા નવ આવડે માંહી ખડયો હતો રે લોલ. ટેક.
એવા બુડતાને કાઢયો ગુરૂ મોટે રે લોલ,
નવ જાણ્યું બુડતો વલગશે કોટે રે લોલ. ૧
મરજીવાને ભય નવ હોય રે લોલ,
એ તો બુડેલા તારે છે સહુ જોયે રે લોલ. ૨
કાઢયો એમાં તે કહીએ અમે કોને રે લોલ,
પણ મ્હારો કહીને મટાડયો સહુ ભોને રે લોલ. ૩
બુડયો કહીને મુકે જેમ તારો રે લોલ,
તેમ સાચો ગુરૂ નહી કરે અલ્યા તારો રે લોલ. ૪
એતો બુડતો તારીને કંઇક દેશે રે લોલ,
તને ભાઈ ચઢાવી દેશે સારે દેશે રે લોલ.

નાસાકર્ણુ બંધ કરો એમ કહેશે રે લોલ,
જોઉ ભવજળ ડુબો તમે કેસે રે લોલ. ૬
જો તું માનીશ ગુરૂ કેરૂં સાચું રે લોલ,
તોતો ડુબવાનું બળી જશે ડાચું રે લોલ. ૭
શીખીશ ડુબકી મારતાં સારી રે લોલ,
પથ પાણી નવ પેસે શીખ મ્હારી રે લોલ. ૮
બાપુ તરે એમ ભવજળ ભારી રે લોલ,
ધીર નીરાંતે દેખાડી મને બારી રે લોલ. ૯

પદ ૧૧૭.

(રાગ ગરબી.)

ભાઈ તને ગુરૂની કુંચી દેખાડુંરે, લક્ષણ રૂડે પ્રકારે લેખાડુંરે. ટેક.
પડે અજ્ઞાંન તરવારના ઝટકારે, તોય ખરા ગુરૂ ન જાય કદી ફટકારે. ૧
હીંમત શુરાની માંને સહુ સાચીરે, ગુરૂની દ્રઢતા આગળ લોગ કાચીરે. ૨
બેઠા ધ્યાને તે દ્રઢ મંન ધારીરે, ચળે નવ વરસે તે બાર મેઘવારીરે. ૩
કદી અગ્ની ઝગે રૂપ ચાર આઠેરે, પડે શીતડી તે ઘણે ઘણે ઠાઠેરે. ૪

એઠો તેહ બોલકું તે જળ થાય ખાખરે, તોય ધીરજનિ
દાખે એક દાખરે. ૫

એવી ઇંદ્રિ તે સહુ જેની કેદરે, જેની કાઢી નાખેલી
સહુ પેદરે. ૬

જેનું અડગ અચળ મંન સાચુંરે, એવા ગુરૂ નહીં તેનું
બળો કહું કાચુંરે. ૭

જેણે ગુરૂ પરંપરાથી તે લીધું ગ્યાંનરે, તે ભાઇ પામ્યાં તે
ગ્યાંનીઓમાં માનરે. ૮

જેની બુદ્ધી નીર્મળ જેવી આરશીરે બાપુ તજેલી જેણે
સહુ પારશીરે. ૯

પદ ૧૧૮ મું

(રાગ ગરબી)

જોને ગુરૂ ઢાકયા ઢબુર્યા નવ રહેતારે લોલ,
એતો સમાધીમાં પ્રખ્યાતી કહેતારે લોલ. ટેક.
તારા સત્વનું કાડી તે નાંખે સત્વેરે,
તારા રજતમનું તપાસે એ તો તત્વરે. ૧
પછે તારા ત્રણે તે તાપ મટાડેરે,
બીજા અવગુણને વીધ વીધ ઘટાડેરે. ૨
મીથ્યા તને તે સહુ છે જણાવેરે,
એક ઉપદેશ સાચો ભણાવેરે. ૩

અલ્યા જેના સ્વભાવે જાય હીમત હારીરે,
ભાઇ જેની સમતાની જઇએ બલીહારીરે. ૪
નીત્ય તને તે કહે એક વાતરે,
તું તો તપાસજે ત્હારી અલ્યા જાતરે, ૫
સર્વ જગ્તમાં તું અને તુમાં જગ્તરે,
નમજે એક જુએ જ્યાં સાચો ભકતરે. ૬
એ-એતો બોબડા બકરાની વાણીરે,
એક એ તો સંત મ્હારાને માણીરે. ૭
એવી અદ્વૈત ભાવના ભેરવશેરે,
દ્વૈત થકી તે મનડું ફેરવશેરે. ૮
બાપુ એવા ગુરૂને નમો નીત્યેરે,
ધીર નીરાંત ધણીને અતી પ્રીતીરે. ૯

પદ ૧૧૯મું.

(રાગ ગરબી)

(વૈરાગ્ય અંગ વીષે)

મારૂ મારૂ કરીને મુંઢ શું ફરે છે, તું તો દોરડીને સાપે શું ડરે છે. ટેક.
એને ભાઇ મંદીર વસવા એક ત્હારૂં છે, લાગે અગ્ની તો તે હતો જનારૂં છે. ૧

હાથી ઘોડાને ગજ કેરૂં લારૂં, મુંઢ શું બકી બકી કહે
છે મ્હારૂં. ૨
નથી અલ્યા કાંઇએ જો મોટું એક બારૂં, સુખ સંસારનું
સર્વે ખારૂં. ૩
ત્હારૂં તનડું તે જો ટળનારૂં, પછે કયું તે સુખ સારૂ. ૪
નથી માતા પીતા સહુ ખોટુ, એતો તને માયાનું ગુંદરીયું
ચોટયું. ૫
ભાઈ મારૂં મુકાવે સાર જેહુજ, જાણુ નકામો એ સહુ છેહુજ. ૬
ધનધામ નથી સત્ય એકજ, મીથ્યા ધણીયાણી ધણી અને લોકજ. ૭
નામ નીરાંતનું એક કામનું, બીજું તારણુ તે ધીર
ધણી ધામનું. ૮
બાપુ સાચું તે નામ સત્ય રામનું, ખોટું આવી મળેલું સહુ દામનું. ૯

પદ ૧૨૦મું
(રાગ ગરબી)

કરી કાગળની હાથણી તે કાચી છે,
એક સ્યાંમની સગાઇ એતો સાચી છે. ટેક.
જાણુ સંસાર જુગારની બાજી,
એને ભોગવે તે જાણો તમે પાજી. ૧
જેણે છોડયું તે અતી અતી રાજી,
તેની દેહડી તે રોગ વીણુ સાજી. ૨

સુણી સત નામ માયા ભાઈ લાજી,
ઓળખ્યા ગુરૂ તેને કોહીલી ભાજી. ૩
વ્યર્થ દીકરો દીકરી દાદી દાજી,
વ્યર્થ હાથી ઘોડા ને મળ્યા વાજી. ૪
ખોટું મારૂં ને તારૂં એતો જાણે,
તોય ભુરાયો થઈ ભલું માંણે. ૫
ખરૂં ખાંતે તરવું તો ગુરૂના નામે,
ધીર ધારણ ખરી તે એને ધામે. ૬
મારૂં મારૂં કહે છે એ તો જુઠું,
નથી ભુત બાવળીયાનું ઠુંઠું. ૭
તોય ભુત કહે એહ ભ્રમણા,
નાચ કાળના-તે-જાણો તમે નમણા. ૮
સત્ય નીરાંતનું નામ એકલું,
બાપુ ભાંગ્યું ટુટયું બીજી રેકળું. ૯

પદ ૧૨૧મું

(રાગ ગરબી)

જોને અલ્યા ચાર દીવસ સાજી કાયા છે,
બીજી વળગેલી જુઠી તને માયા છે. ટેક.
સગા સર્વે મુઆ પછી ન્હાયા, તારી બેન બાઈ મોટા ભાયા. ૧

તારા લાડુની પાઈ તેણે ખાયા, તારા રાજીયા તે રાજવી
કહી ગાયા. ૨
એવી જાંણો તે તમે મળી નારી, એથી દુખડા તે તમને ભારી. ૩
તારી તારી કહે નવ તારી, એતો મુકીને જનારી. ૪
અલ્યા તારૂં તે તલ ભર ભારી, શીદ મરે તે કહિ
ભુમિ મારી. ૫
એતો કળા કર્તાની કંઈ ન્યારી, તારી ખોટી સર્વે ખુમારી. ૬
એક ખરી ભક્તી તો જાંણુ ભાઈ તારી, તેને રીઝો તે
કહી મારી મારી. ૭
જો તાહારો બાપ ગયો તે રસ્તો, નથી મોંઘો એતો
અલ્યા સસ્તો. ૮
બાપુ નામ તે જાણવું મોંઘુ, બાકી બ્રમણાનું ઘર તે તો સોઘું. ૯

પદ ૧૨૨

(રાગ ગરબી)

તું તો ધારે છે તે સહુ ખોટું છે,
તું તો જાણે છે સુખ મેં બોટયું છે. ટેક.
કોટી ઉપાય ધન કાજ કીધા,
ખોટા રસ્તા તમે તો ભાઈ લીધા. ૧
જુઓ કોના મનોરથ સીદ્ધા,
રાવણુ જેવા તો રામથી બીધા. ૨

કાળે હીરણ્યકશીપુ લીધા,
એણે કાર્ત વીર્યને દંડ જુઓ દીધા. ૩
એણે કંશ જેવા તો અલ્યા વીંધ્યા,
જરાસંઘ જોર જેણે છીધ્યા. ૪
તંહી તારૂં ગજું તે અલ્યા કેટલું,
હાથી પાસે મગત્રા જેટલું. ૫
તોય હું હું કરીને મસ્તાનો,
એતે ખરો કે ખોટો તને તાનો. ૬
ઉંધે માથે લટકયો તે અલ્યા ભુલ્યો,
આજ હુંપદમાંહો તું ડુલ્યો. ૭
કાળ ન મુકે એ તો જાણે સાચું,
રૂડું કે ભુડું ગાહો કે બાળો ડાચું. ૮
બાપુ નામ નીરાંત એક મોટું,
બીજું જાણો તે ધીર વીના ખોટું. ૯

પદ ૧૨૩

(રાગ ગરબી)

(વીશ્વાસ અંગ વીષે.)

રાખો વીશ્વાસ તમે એક ટેકરે,
કામ થાય ભાઈ વાંસાના લેકરે. ટેક.

પથ્થર પુંજી પુંજીને માંહી માનો,
કોઈ તમને દેખાય છે પ્રભુ છાનો. ૧

છાણના દેવ કરીને તમે પુંજો,
માટી નળીયું ને ઇંટ ભેળો પુંજો. ૨

તેથી તરી જઈએ એમ તમે માનો,
અલ્યા આપનું આપ શેણે નથી છાનો. ૩

અલ્યા બાપના બાપનું તમે જાણો,
તેના ખરા ખોટા માંહી માણો. ૪

પુરાણ લખે વરસ થયા ટાંડો,
રાખે વીશ્વાસ તેનાપર ગાંડો. ૫

નવ વીશ્વાસ આંખ ઘડી મીચી,
નથી છાણ માટોડી કે કરડે માંહી વીછી. ૬

પહેલાં લીલા તે પીળાં માંહી દેખો,
પછી અવનવું અજાયબ પેખો. ૭

એમ કરો તમે વાર વાર ભાઈ,
તો તો આવી મળે પરબ્રહ્મ રાઈ. ૮

બાપુ એક વીશ્વાસ જોઈએ મન મોટો,
તો તો ધીર નીરાંત ઘણી નથી ખોટો. ૯

પદ ૧૨૪

(રાગ ગરબી)

વીશ્વાસે અલ્યા પાડાની થાય છે પાડી,
વીશ્વાસે અલ્યા ખાડાની થાય છે ખાડી. ટેક.
વીશ્વાસે અલ્યા ગાંડાના થાય છે ડાહયા,
અવીશ્વાસે ભાઇ સુતાં મુકે છે જાયાં. ૧
વીશ્વાસે જોને ચાતક તરસ્યું ન રહેતું,
વીશ્વાસે જોને આપમાંથી આપ એમ કહેતું. ૨
લાગે તને માળામાં જો વીશ્વાસ,
તો કેમ તન માળો તે પુરે નવ આશ. ૩
લાગે મુરતીમાં મન અલ્યા તારૂં,
તો કેમ ઇશ્વર નીર્મિત લાગે ખારૂં. ૪
પુરશે પથ્થર જો આશા તમારી,
તો તો માનો થોડી શીખામણ મારી. ૫
જેવું મનડું પથ્થરમાં પરોવો,
તેવું ધ્યાન મુકતી મણીમાં પરોવો. ૬
પછી જુઓ પથ્થરાએ પુરેલી આશા,
પછે જો જો આંખ મીચીને તમે નાસા. ૭
એમાંથી આનંદ થાય તે સહેજો,
ખરૂં ખોટું આવીને મને કહેજો. ૮

બાપુ જુઓ નાસા તે એક પહોર,
ધીર નીરાંત મળે જન્મો જન્મનો પોર. ૯

પદ ૧૨૫

(રાગ ગરબી)

વીશ્વાસે જોને અલ્યા માતાના ઉદર માંહિરે,
તારૂં નાળદ્વાર પોષણુ કરે ત્યાંહીરે. ટેક.
વીશ્વાસે જોને રક્ષણુ કેવું કરે છે,
વીશ્વાસે જોને ઉદર બંનેનું ભરે છે. ૧
ભરોસો રાખે તો રાખજે એક,
જન્મ તાપ હેલા જો જે પયનો વીવેક. ૨
કદી કહીશ એ તો થાય નીરમ્યું,
તો જળચર આદીથી મન કર શરમ્યું. ૩
અગાધ જળમાં માંછલાને કર્યું સુવા,
તારે કાજે કાંઇ નથી દીધું એણે ચુવા. ૪
ખાન પાન વસ્ત્ર અને મીઠા મેવા,
ગુરૂ દ્વારે સમજાવે તને રૂડી સેવા. ૫
કર વીચાર એક થોડું કહું છું,
મન રખે ફેરવતો દુવાઇ તને દઉં છું. ૬
નરનારીથી તે નાનેરૂં બાળ,
પશુ પક્ષી પતંગ કીટ બાળ. ૭

એમાં કોઇ કદીએ સુવે અલ્યા ભુખ્યું,
જો જે વીશ્વંભરનેતે દુખ સહુનું દુખ્યું. ૮
બાપુ પછે વીશ્વાસ કેમ નથી ધરતો,
ધીર નીરાંતનું કહ્યું કેમ નથી કરતો. ૯

પદ ૧૨૬
(રાગ ગરબી)

અલ્યા જેમ ભટકે શ્વાન તેમ તમે ભટકોરે,
કદી લઇ પથ્થરો ને માથું માંહી પટકોરે. ટેક
કરી દોડો દશે દીશામાં ધાઈ ધાઇ,
તો પણ તુંને મળતી નથી એક પાઈ. ૧
કેટલાક વગર શ્રમે ઘણું પામે,
તું તો ટગર ટગર જોઇ રહે છે તેની સામે. ૨
મળ્યાને કહે છે તું તો એનું ભાગ્ય મોટું,
ધર વીશ્વાસ પછી તારૂં કહેજે ખોટું. ૩
પણ નહી વીશ્વાસ અલ્યા તને મુંઢ,
અવીશ્વાસ આગે સાંભરે–ન–ગરૂડારૂઢ. ૪
જો સદગુરૂનો સમાગમ થાય તને,
તો તો ભાસે વીશ્વાસનું ઘર કને. ૫
પણ એ તો માયાદેવીની મોટી ઘાંટી,
શા ભોગે છુટે તારાથી એ આંટી. ૬

એક દીવશ વીશ્વાસે ભુખ્યો તું સુઈ રહેજે,
ભુખ્યો રહે તો આવી મને કહેજે. ૭
એક દહાડો તો માન કહ્યું મારૂં,
જ્યાં સુધરે જનમો જનમનું તારૂં. ૮
બાપુ રાખ ધીર ધણીનો ભરોસો,
નીરાંતના નામમાં પડવાનો નથી સાંસો. ૯

પદ ૧૨૭

રાગ (રાજીઓ)

(કામદેવ વિષે)

પાધર પરોણા હોય પાટવી, તમે તમારૂં મુકયું એ તાજવી,
અહો રંગીલા રૂડા રાજવી. ટેક
કામનીઓ કુટતી કારમી, પાટવી–આ–પાધર ન હોયરે.
બીજી બાઇઓ તે કહેતી નથી કારમું, રાજવી મરણુ હોયહોયરે
પાધર પરોણા હોય પાટવી. ૧
સ્વામી તમે તે મોજો ઘણી માંણુતા, આતો થયો કાળોકેરરે,
ત્યારે બીજી બોલી એમ થાય છે, નથી લીધાં દેવે તે વેરરે. ૨
સ્વામી સેજ તળાઇ એ સુની પડી, મુને ગમશે કેમ ઘેરરે,
બીજી તે બાઇઓ એમ બોલતી, માંનો તમે મ્હાવજીની મ્હેરરે. ૩
કુંથ ગાલ મશુરીયા મેલાં થયાં, તેનો હવે કાઢે કોણુ મેલરે,
કુટનારી કહે થશે ને થયું, મળશે એમને વીમાનની વ્હેલરે. ૪

ચાદરો સ્વામી ફાટી ગઈ, હવે તે તો લાવેજી કોણરે,
સનમુખ ઉભા એમ બોલતાં, પળ્યું બાઈ તારૂં પોણરે. ૫
સ્વામી પલંગ તો હાલી ગયો હવે એને કરે કોણ ઠીકરે,
બીજી બાઇઓ એમ બોલતી, લાગે નહીં જમડાંની બીકરે. ૬
પાટી ટુટી ને છતરી પડી, મારૂં નવ માને હવે કોઇરે,
કુટનારી કહેતી ઝમ્મર થયો, તમે રહો હવે રોઇરે. ૭
ભર્તાર પાન–શે–ભોગીઓ, નથી મળતો એનો સાજરે,
સામી ઉભી એમ ઉચ્ચરી, ગયાં બાઇ રામજીના રાજરે. ૮
મને બીડી કરી–કો–ખવાડશે, ખાવ ખાવ કહેશે કોણરે,
ત્યારે બીજી તો બોલી એમ થાય છે, તોય પડયું નહીં જાણરે. ૯
આતો ચીર ચતુરા નથી ઓપતું, તમે બીજું બદલો બાળરે,
કુટનારી કહેતી–ન ખોદીયા, જાંણ્યો નહીં કુડો કાળરે. ૧૦
હવે અંગે તેલ કોણ લાવશે, મને જોઈ ખુશી કોણ થાયરે,
ત્યારે સામી તે હારની ઉચ્ચારી, થયું નહીં કોઇ સ્હાયરે. ૧૧
આવો બેસો હવે કોણ કહે, સ્વામી હવે કરશે કોણ લાડરે,
કુટનારી કહેતી કુડું થયું, માન્યો કહીં પ્રભુજીનો પાડરે. ૧૨
સ્વામી મેશ કોણ અંજાવશે, હવે મારે કંકુની શી–આશરે,
બીજી તે બાઇઓ એમ બોલતી, બેની નવ જાંણ્યો એણે પાશરે. ૧૩
હીંચોળા ખાટ સુની પડી, હવે એમાં મઝા માણે કોણરે,
ત્યારે સામી તે હારની ઉચ્ચરે, જાણ્યું નહીં મરવું છે ઓણરે. ૧૪
આ તકતાને કોણ સ્વામી ભાળશે, એમાં ચીતર્યાં સારા ચીત્રરે,

કુટનારી કહેતી કમોતથી, મુઆ રહ્યાં નહી જો વીત્રરે. ૧૫
પરોણાને પરો હવે-કો-કરે, આવી કોણ સુશે મારી સાથરે,
કુટનારી કહેતી કર્મમાં નહીં, નવ જાણ્યા જદુનાથરે. ૧૬
સ્વામી મદીરા તે હવે કોણ લાવશે, કોણ કહેશે પીયો પીયો નારરે,
કુટનારી કહેતી ગજબ કર્યો, જાણ્યો નહીં કુડો આ સંસારરે. ૧૭
સ્વામી રીસામણા હવે-કો-કરે, કોણ જાળવશે માનરે,
વચમાં ફરતી બાઈભાખતી, જવાનીમાં જાણ્યો નહી જાનરે. ૧૮
સ્વામી હાવને ભાવ હવે ગયાં, ગઈ શ્યામી શરમની વાતરે,
કુટનારી કહેતી ખરૂં ખરૂં, પેહેલી એણે જાણી નહીં જાતરે. ૧૯
સ્વામી ફુલડાં હવે કોણ લાવશે, મને હવે પહેરાવે-કો-હારરે,
સામી તે ઉભી એમ બોલતી, સમે જાણ્યા નહી સમચારરે. ૨૦
ગજરાતે તે ગુંથી કોણ લાવશે, કહેશે કોણ પહેરો વધો પ્યારરે,
વચ્ચે ફરતી જેહ કુદડી, તેતો કહેતી માંણ્યો છે સંસારરે. ૨૧
સ્વામી અમે મોઢું કયાં મચકોડીએ, મનમા ગમે તોય કહીએ કઇ નાયરે,
કુટનારી કહેતી સારૂં થયું, જીભે નવ કહી કહી હાયરે. ૨૨
સ્વામી અંતરને કોણ લાવશે, ફાયો મને આપશે-કો ભાયોરે,
ફરનારી કહેતી ફરીફરી, બાઇ ગુણો ગોવીંદના ગાયોરે. ૨૩
સ્વાંમી મને શણગાર કોણ સજાવશે, હવે મને કહેશે સારીરે,
ફરનારી કહેતી ફરીફરી, બાઈ એતો ઘર અવિચારીરે. ૨૪

કંથ મારો કર સાઇ-કો-જશે, બોલો બેશો કહેશે કોણ સ્યામરે,
કુટનારી કહે ઝમ્મર થયો, નથી લીધું રામ નામરે. ૨૫
મારે કાજે તે સગા કોણ છોડશે, હવે કોણ ઉઠાડશે સંતરે,
સામી ઉભી એમ બોલતી, જોઈ ભજન દાખવતો-એ-દંતરે. ૨૬
મને ગાડીઓમાં સ્વામી કોણ લઈ જશે, ચાંદાતણું તે ચાંદરણું
કયાંરરે.
ફરતી ફરતી એમ બોલતી, મળશે સુખ જમપુરી માંયરે. ૨૭
સ્વામી આલીંગશું હવે કંઇ રીતે, અમે હવે ખાઈશું કયાંહી
વાયરે,
કુટનારી કહેતી ન જાણ્યું, લાખો જીવ આવે અને જાયરે. ૨૮
એમ બાપુ તે રડતી બાપડી, નવ સમજ્યો મુંઢ કંથરે;
ફરતાં ફરતાં તે ધીર નવ સાંપડયો, નવ નીહાળ્યો
નીરાંતનો પંથરે. ૨૯

પદ ૧૨૮મું.

(દેહ અંગ વીષે ગરબી)

અલ્યા તું તો કહે છે ને તને તો અમારૂં,
ત્યારે તુંને એકજ વાત હું તો વીચારૂં. ટેક.
તારૂં તન તે અલ્યાં જ્યાંહી સુધી સાજું,
પછી તું તો જાણજે ટુટેલું એ તો વાજું. ૧
જ્યાં સુધી વાજે છે શબ્દો સારા સારા,
ત્યાં સુધી જાણજે મારા અને તારા. ૨

એક અલ્યા છ મહીના તો ખાટલે રહેની,
પછી તું તો મારૂં મારૂં મને કહેની. ૩
કહેશે આનું તનડું તે ક્યારે જાય તુટી,
કહેશે તારા આવરદાની દોરી જુઓ છુટી. ૪
રોગ રાઈ લેશે તે તો તારી દેહ લુંટી,
તારી રગ રગ રહી જશે ઘુંટી. ૫
ત્યારે અલ્યા તારો તે દેહ કોણુ કહેશે,
જ્યારે બાઇઓ આવીને બધે બેસે. ૬
તારે મુખે કહીશ મરાય તો સારૂં,
તોય તને છુટશે નહીં મારૂં તારૂં. ૭
તને અલ્યા ધીગ ધીગતી પોટલીઓ ચાંપે,
જેથી તારૂં તારૂં તન કહે તેહ કાંપે. ૮
બાપુ તારૂં તારૂં કહે તેને તરીઆં ચાંપે.
જે તું એક દીવસે ખેત ખાંપે. ૯

પદ ૧૨૯

(રાગ ગરબી)

ભાઇ તમે ભજો ભજોને ભગવાન, છોડો તમે તમારૂં
સમજ્યું ગુમાંન,
જુઓ કેવું કર્યું તમારે કાજે દેવે, તેને મુઢ કર્યો
હોય તે-ન-સેવે. ૧

જો જો તમે પાવકને તપાસી તપાસી,
પાણી રેડે જશે એ તો ભાઇ નાશી. ૨
તેને તમે અજબ તમાસો અલ્પ જોજો,
જઠરાગ્ની થાય જાજવલ-સંશે ખોજો. ૩
મરને કરો કારીગરીઓ અનેક,
તોય વળે હરીની કારીગરીએ છેક. ૪
ભાળ આંખ નાસા અને જુઓ મુખ,
છુપાવ્યું ગુહ્ય જોતાં લાગે તને દુઃખ. ૫
જો તારે કાજે કર્યું એટલું આજ,
તું તો મારો દેહ દેહ કરી આવ્યો વાજ. ૬
મરવા પડે ત્યારે લેતો રામ નામ,
નહીં તો મારો મારો કહી ઘુમતો તું આમ. ૭
જેવો તું તો ઠગે અલ્યા દેવને જાણ,
તેવો તારો કાઢે કદી દેવ જો ઘાણ. ૮
બાપુ તે તો કરો શું તમે નાદાન,
ધીર ધીંગદાની નવ થાયે અદાંન. ૯

પદ ૧૩૦ મું.

(રાગ ગરબી)

તું તો કહે છે મન મારૂં એક મારૂં, અમો પણ ભાઇ
ભેગું કહીએ સારૂં. ટેક

વારૂં એક વાતનો છે સંશય અમારે, તેનો ખુલાસો
કરવો પડશે તમારે. ૧
પુછીએ અમે તે સુણો તમે ધ્યાંને, જો કંઈક આપ્યું
હોય ભગવાને. ૨
વારૂં તું તો કહે છે કપાળ મારૂં, તેવાં આંખ કાનને
અમો પણ ધારૂં. ૩
નાક મુખ અને ગોરા ગાલો, દાઢી અને મુછોએ-કર
તમે ઘાલો. ૪
ગ્રીવા હૃદયને હાથપગ મોટા, ઉદર નખને કેશ નથી છેટા. ૫
એ સહુ તારૂં તેમાં નથી વાંધો, પણ મુઆ પછી કરે
સહુ લાંધો. ૬
તારૂં મુખ જોતાં તે પંડીત કાંપે, તને તારાં કોઈ
સરસ્યો ન ચાંપે. ૭
તારૂં મુખ તારૂં નાક અને દાઢી, તે તો ડાઘું રાતકાકે
અલ્યા વાઢી. ૮
આપુ ત્યારે તું તો બોલ્યા વીના સુતો, કેમ નવ છતો
થયો હું હું જ્યારે હું તો. ૯

પદ ૧૩૧મું

(રાગ ગરબી)

તારી માત કહેતી મારો એતો મારો,
લોક કહેતાં ખરો બાઈ તારો તારો. ટેક

સંત કહેતા નથી એહુ અલી તારો,
એને આવશે તે કોઇ દીન વારો. ૧
બાપ કહે તો એ છે મારો બેટો કહેતાં સંત કરો એને છેટો. ૨
બેની કહેતી તે વીરો અમારો સંત કહેતાં કે કાઠ જોયે ભારો. ૩
બાઇડી કહેતી કે માંટી એ તો મોટો, સંત કહેતાં કે
કાળનો રોટો. ૪
છોકરાં કહેતાં કે મારો બાપો, સાધુ કહેતાં કે સુતળીનો
પડશે કાપો. ૫
એમ સંત અસંતની વઢવાડો, તેમાં આવીને કાળ થયો આડો. ૬
મરતાં મારો કહેતા સહુ અટકયું મડદું જોઇને ફરે સગું ફટકયું ૭
ત્યારે સંતે તે આવી દાખવીયું, ગ્યાનાંમૃત તે કંઈ ચાખવીયું. ૮
બાપુ તોય રડવું તે નવ કોઇએ મુકયું, મરનારની પાસે
તે કોઇ નથી ઢુકયું. ૯

પદ ૧૩૨મું
સ્રી અંગ વીષે.
(રાગ ગરબી.)

આવો આવો સુણાવું ગ્યાનની વાતો, જેથી મટે તમારી
અગ્યાન રાતો. ટેક
તમે તરીયાનો-તોર-તનથી તોડો, તોતો પરબ્રહ્મ થઈ
તમે ચીત જોડો. ૧

એતો કરશે આંધળો તને સહુ પહેલો. એને કાજે મુંઢ
થઇશ મેલો ઘેલો. ૨

એને કાજે તો ઘર વસવા જોઇશું, સ્રીને કાજે તો સુખડાં
સહુ ખોઈશું. ૩

એતો ગુરૂને ઘેર કહેશે નવ જાશો, ભાઈ બાઇડીના ધક્કા
મુકકીઓ ખાશો. ૪

એતો જણુશે છોકરાં ભાઈ એક ટાંડો, કહેશે ખાવાનું
લાવો એમ દમોરાંડો. ૫

એતો મોંઢું ચઢાવી કરશે મટકો, એતો ગરજ વખત
કરશે લટકો. ૬

એતો છોકરાંને મારશે તારી રીસે, એતો અલ્યા પ્રાણીને
ભાંડશે તારે મીસે. ૭

એતો સાલ્લો લાવીશ ત્યારે ચોળી માંગે, એને સાળું
આપીશ ત્યારે કબજાનું જાગે. ૮

બાપુ એવી નાર છે ભાઈ બાંતે ખાડી, છોડવશે જ્ઞાનની
વાત ભાઇ માગી સાડી. ૯

પદ ૧૩૩

(રાગ ગરબી.)

માનો માનો અમારૂં ગ્યાંન વસે હૃદે,
નારી તણો બુંદાળ્યો તું તો કેમ બુંદે. ટેક.

નથી મુક્તી કે નથી સંતની મુર્તી,
એતો તને ભુકી નાખીને ભાઇ ભલી ભુર્તી. ૧

તોયે ચેતે ન મુઢ તું ય મન થકી,
દ્રવ્ય વીના રહેવા દે ઘડી એક ટકી. ૨

અલ્યા નવ પૈસો લઇને તું ઘેર આવે,
ત્યારે ભાઈ બોલશે બાઈ જેમ મંન ભાવે. ૩

હું તો રાંધુ શેણે તારા ઘરમાં આવી,
અલ્યા ભીખારીની રાંડ અમો. કાહાવી. ૪

આ છોકરાંને નથી આંગલાં ટોપી,
એમ કહી મર્યાદા જાણુજે એણે લોપી. ૫

કદી નાંતરાનો ચાલ અલ્યા તારી ન્યાતે,
તોતો બાબા ઘડજો તમે બેઠા હાથે. ૬

અલ્યા કદી વાણીયા કે બ્રાહ્મણની જાત તારી,
તોતો જાણજે તને તેહ નાંખે મારી. ૭

કદી ઉગરે મરવામાંથી એક વેળા,
કરશે—સો—પચાશ—દાવ નારી ભેળા. ૮

બાપુ તારી દશા એવી તો થશે રાત દહાડો,
એટલું છતાં નવ માને તોતો તુંજ પાડો. ૯

પદ ૧૩૪મું.

(રાગ ગરબી)

સુણો સુણો તમારા શરવા કાને, માનો માનો અમારૂં
મનડું માને. ટેક.

કદી ધીંગો તો થયો અલ્યા ધન થકી, તો તો જાણજે
ગઈ તારી નાર છકી. ૧

તારી માતાને ગાળો મોટી મોટી દેશે, તારા બાપને તો
નખોદીયો કહેશે.

તારા છોકરાને ભુમી માંહી આફટશે, અલ્યા તારી તે
સાથ એ તો નીત્ય લઢશે ૩

તારી બેનીને કહેશે તમે મરો ક્યારે, તારી દાદીને તારી
પુઠે મારે. ૪

હુઇશ ધીંગો તો નારી અલ્યા એમ કરશે, તારા મીત્રને
વીધ વીધ્ર આવી નડશે. ૫

કદી મારવા જઇશ તો ધાંટો દેશે, કસઈવાડાનો બોલ
તને પહેલો કહેશે. ૬

તારી આબરૂમાં મોટું મીંડુ ફેરવશે, એ તો લઢવાને
કાંઈ કાંઈ ટેરવશે. ૭

એમ જાણીને છોડ જેહ મોટી બલા, મારૂં માનીને
ગ્યાની થાવ ભાઈ ભલા. ૮

બાપુ સાચું તે કહું છું અમે અનુભવી, છોડો નારી તો
દરશે કોક નવો રવી. ૯

પદ ૧૩૫ મું

(રાગ ગરબી)

જાણો જાણો તમે તો ભાઇ જુવતી કેવી, માણો માણો
વીચારીને માયા દેવી. ટેક
નમો નમો નીરાંતનું નામ લઇ, ભમો ભમો ભામા તમે
શાના ભઈ. ૧
માનો માનો અમારૂં તો તો નારી છોડો, તાનો તાનો
લાગેતો તમે તનડું તોડો. ૨
શાણો શાણો થઈશ તો તું જગમાં ત્યારે, છાનો છાનો
કહું છું નારી ડાટે છારે. ૩
વ્હલા વ્હાલા તે અમો ભાઈ લાગુ કયારે, કાલા કાલા
તે બોલ તમે ગાળો જ્યારે. ૪
સારી સારી તે શીખ અમો દેઉ સાચી, મારી મારી તે
મમતાને જાઓ રાચી. ૫
તરો તરો તરછોડો તમે મન માંની, વરો વરો ધીરાની
તમે જાણી બાની. ૬
છરો છરો છુંદવાતો અલ્યા છે કામી, ભરો ભરો ન
ભારે પાપ પાપણી પામી. ૭
સતી સતી નથી અલ્યા કોઈ એકે, મતી મતી સીતાની
જુઓ કેવે ટેકે. ૮
આપુ આપુ કહે છે મારૂં માનો ભાઇ. દાપુ દાપુ દાપુ
ચુકાવો તમે બ્રહ્મરાઇ. ૯

પદ ૧૩૬ મું.

(વચન અંગ વીષે ગરબી.)

તમે જુઓ જુઓ વચનની શોભા, જેણે વેણે દેવ દાનવ
જેવા લોભા. ટેક.
એક વાણી હાડ તારા ભંજાવે, એક વાણી તારા
અરીને રંજાવે. ૧
મુકો ભાઇ સંતની વાતો હમણાં, થઇએ સંસારી તમથી બમણા ૨
સંસારીમાં જો વચનનો સાચો, તો તો તારો પડશે
વેપારે માઝો. ૩
કદી ધની હોઈ ભાઈ તુંજ જુઠો, તો તો જાણજે રામજી
તને રૂઠયો. ૪
જુઠાને જણ્યા સુધા નવ માને, જુઠાને પાસે કોઇ નવ આણે. ૫
જો સંસારીમાં એટલું મોટું તો તો અલ્યા ગ્યાનીની
ગલીમાં કેવું ખોટું. ૬
ત્યાં તો જોઇએ સચાઈની એક સાડી, બીજી નભે નહીં
વાત જેહ લબાડી. ૭
ફરી જોને અનુભવ સાચ કેરો, એક બે દીનમાં છુટશે
ચોરાશીનો ફેરો. ૮
બાપુ ધીર ધણીએ તો એક સાચો, બીજો નીરાંતને જોઇ
બાપુ રાચ્યો. ૯

પદ ૧૩૭મું

(રાગ ગરબી)

અલ્યાં સત્ય વચનની મોહની જુદી, જુઠો જુએ તેને
નાખે સહુ છુંદી. ટેક

જોને અલ્યા સાચાનો કેવો વીશ્વાસ, જોને પુરી પડે
કેવાની આશ. ૧

તને લલચાવવાને કહું એક, તું તો ધર સાચાતણો વીવેક. ૨

પછી કદી જુઠુ બોલીશ કદી ઢોંગી, તો તો તારી સાચાની
સવાસે સોંગી. ૩

અલ્યા તારા ગુરૂ જેહ થઇ ગયા પહેલાં, તે તો બોલ્યા
સત્યા થયાં તેણે સહુ ઘેલાં. ૪

તેનું રચ્યું કે કર્યું તમે ખાવો, ટીલાં તાણી તાણી
સાચાને તાવો. ૫

થાવ સાચા તો મળે ઘણાં લોકો, થઇ સાચા પછે ધન
હરો રોકો. ૬

તો તો મનડું અમારૂં કંઈ માને, એટલું કરો આપી
સાન ભગવાને. ૭

ભાઇ તમે ભકતો જોજો એટલું જ્યારે, ગુરૂ ગુરૂ કહી
ગોદા ખાજો ત્યારે. ૮

નવ જુઓ સાચું સમજણ માંહી, બાપુ તમે નવ જાશો
કદી ત્યાંહી. ૯

પદ ૧૩૮ મું.

(રાગ ગરબી.)

બાપુ અમે જ્ઞાનની કરી કઇ વાતો,
તે વાંચી કરી શુદ્ધ તમારી ભાઈ જાતો. ટેક.
ધારો તમે સાચી તે–ટેકની–સગાઇ,
તો તો તરો અને તમે ભાઇ. ૧
માનો મિથ્યા તમે સહુ જ્યારે,
હરી હર કરે સ્હાય તમને ત્યારે. ૨
મારૂં તારૂં નથી મુકયું જ્યાં સુધી,
બાપુ કહે નવ તરો તમે બુંધી. ૩
ખરા ટેકની તરવારે ભાઈ રહેશો,
ત્યારે તમે કંઇ લીધું એમ કહેશો. ૪
અનુભવ કરી કરી અમે કહીએ,
અમો જેવે રૂપે થઈ રહીએ. ૫
તમો સમજો તો અમે સમજાવું,
ભક્ત થવું એમાં રખે ધારો ખાવું. ૬
કવી રવી થકી ભક્ત રાજ મોટા,
ધની–કણી–જાણો એહ થકી ખોટા. ૭

પણ હોય ભક્તરાજ જ્યારે સાચા,
નહીંતો જાણો સર્વને તેમ તેને કાચા. ૮
બાપુ નામ નીરાંતનું અમે લઈએ,
ગુરૂ ગુરૂ ધીરાને તો કહીએ. ૯

પદ ૧૩૯મું.

(તૃષ્ણા અંગ વીષે ગરબી.)

હું તો આજ ભજું હરી કાલ ભજું રે,
હાલ મારૂં હરી ભજવાનું નથી ગજું. ટેક.
આજ ઉમર છે અતી નાની,
મોટાપણે ભકતી કરીશું છાની. ૧
ગઈ બાળવય ને આવી જવાની,
ત્યારે તો થઇ ગઈ વૃતી તે દીવાની. ૨
કર્યાં ઈશકને ખેલ બહુ ખેલ્યા,
બાઇ ઘણાં રંગ રાગમાં છકેલાં. ૩
સુણ્યા ગાન તાન આવ્યું નહીં ભાન,
કોઇક સંતે આવી શિખાવી છે સાન. ૪
ત્યારે વાયદો કર્યો તે વૃદ્ધપણ કેરો,
સર્વ છોડી કરૂં સફળ તો ફેરો. ૫

એમ કરતાં કરતાં આવ્યો છે બુઢાપો,
ત્યારે લાગ્યા તનને તે અતિ સંતાપો. ૬
છોકરાં સાચ્યું સંચ્યું લઇ ચાલ્યા,
ડોસે ટગર ટગર દુખ ભાળ્યાં. ૭
ત્યારે સાંભર્યા રામજી રઢીયાળા,
દાદો કહે અમે થાઉં મઢીયાળાં ૮
બાપુ છોકરાં કહે મુકો તમે ટકટક,
નીરાંતની મુકો તમે બક બક. ૯

પદ ૧૪૦ મું.

(રાગ ગરબી.)

ત્યારે વળી પલનો તે વાયદો કરતારે,
પલ વીતે ત્યારે ઘડીએ ઘુંટ ભરતારે. ટેક
ઘડી જાય ત્યારે પહોરના પરાણા,
પહોર વીતે ત્યારે દીવસના શાણા. ૧
દિવસ જાય ત્યારે રાતો રાખે,
એમ તૃષ્ણાના ચુંથણાં ચાખે. ૨
આખર વખત એવે લાવી લાગે,
દાદાજીનાં તે ઢીચણીયાં ભાંગે. ૩

સુતાં સુતાં જપે કદી નામ,
ત્યારે છોકરાં તે કહે છે દઇએ ડામ. ૪

થયો સનેપાત તેથી કરે લવરી,
ત્યારે રાખે દાદાજી જીભ નવરી. ૫

એમ આખર સુધી તૃષ્ણા તાંણે,
પણ મુંઢ આત્મારામને નવ માંણે. ૬

તૃષ્ણા તુટતાં દુખ !સુખ તુટે,
પણ એ તો કયા પુન્યથી ભાઇ છુટે. ૭

નવ સદગુરૂનું નામ લેવું,
સાજા થાય ત્યારે તો કહે તૃષ્ણા સેવું. ૮

બાપુ થાય તૃષ્ણાની એવી ફજેતી,
ધીર નીરાંતને જાણ્યા છે ચેતી. ૯

પદ ૧૪૧મું

(રાગ ગરબી)

ભાઇ તમને તલભર મળે કંઇક અંનરે,
તંહી તમે દોડાવો તમારૂં મનરે. ટેક

જો કદિ કોઈ આપવા પાશેર ધારે,
તો તમો જુઓ પુરા શેરની પારે. ૧

કોઈ શેર આપવાનું વીચારે,
તો તો તમે દશેરને મરો મારે. ૨
એકસો મલે તો માંગે બસેં,
આપે હજાર તો તેનું સહુ જશે. ૩
તમને મળે કદિ એક હજાર,
તો તો તમે ઇચ્છો સોનેયાની પાર. ૪
સોનું મળે તમે હીરા માંગો,
આપે હિરા તો મોતીથી રાગો. ૫
એમ તૃષ્ણા તો તમારી ન તુંટે,
એના ઉભરા તે કોઈથી ન ખુટે. ૬
અંન વસ્ત્ર મળે તો માગો પૈસા,
મલે જૈસા તૈસા તો માંગો વૈસા. ૭
કોઇ અવતર્યો નથી એવો દાતા,
તૃષ્ણાખોરને ખવરાવી ખાતા. ૮
બાપુ એક તૃષ્ણાને જીતે ગુરૂ દેવા,
ધીર ગાયકવાડ નામ ધરે કરે સેવા. ૯

પદ ૧૪૨

(રાગ ગરબી)

તને કોઈ કહે તું નઠર તૃષ્ણારે,
તારૂં સહુ પુરૂં કરશે હરી કૃષ્ણારે. ટેક

ત્યારે તું તો તેને દેતો જવાપ,
ઘરમાં બેઠે આવી આપે મારો બાપ. ૧
સુતા રહો તમે તૃષ્ણાના ત્યાગી,
તમારી ભુખ જશે સર્વે ભાંગી. ૨
તેને સંત કહે સુણ શ્વાન,
કંઇક અમારૂં કહ્યું તું માન. ૩
અલ્પ અજગરે ઉદ્યમ ભાખો,
જેને ખાવા જોઇએ ખાંડી લાખો. ૪
તેનું ઉદર ભરવા તમે જાવો,
તમે ચુવા ઉદ્યોગી સર્પને ભાવો. ૫
સીંહ શું અલ્યા તારી પેઠ ભટકે,
એને ભક્ષ તો ગુફામાં આવી અટકે. ૬
ત્યારે તૃષ્ણાલ બોલે છકી,
તમારે કેમ ભીખારીની ટેક ટકી. ૭
ત્યારે સંત બોલ્યા સુણ મુંઢ,
કોક શંકર જેવો ધની મળ્યો ગુઢ. ૮
બાપુ તેથી કુબેરને સોંપ્યું કાજ,
ગાયકવાડ નામ ધરી કરીએ રાજ. ૯

પદ ૧૪૩મું.

(ધન અંગ વીષે ગરબી)

ધન ક્યાંથી લાવું ક્યાંથી લાવું ક્યાંથી લાવું જો,
ખાડો ખોદું આડો પડું કૃપણ કહાવું જો. ટેક.

કુવા ખોદું માંહી મરૂં ટાંકા ધોઉં,
ચગદઈ મરૂં તોય માંહી બેઠો રોઉં ૧

અલ્યા ખોદું હાથ એકસો ને આઠ સુધી,
તોય ધન ન જડયું પાણી પીધું બુંધી. ૨

હાટ માંડી મરચું વેચું હીંગ વેચું,
એમ પેર પેરનું ધરે છે તું તો મંન પેચું. ૩

ખાતો નથી પીતો નથી ધન કાજે,
ધન કાજ રાત દહાડો આવે વાજે. ૪

વહાણમાં બેશીને પીએ ખારૂં પાણી,
સુખ દુઃખ વેઠે નાણું એક મંન આણી. ૫

સુવે નહીં સેજડીમાં રૂવે બેશી,
ભલે તને વર્ષ તો થયાં અલ્યા ખસં એંશી. ૬

ઝાડે ચઢે પહાડે ચઢે તાડે ચઢે રોજે,
હાથી ધરે વાઘ ધરે જ્યાં ત્યાં ધન ખોજે. ૭

ગાંડો થાય ડાહ્યો થાય મુંગો બને,
જ્યાં ત્યાં કરી તું તો ધન કુરે તારી કને. ૮

બાપુ કરી શું ઘણું મેલ્યું ધન અલ્યા,
વ્યર્થ જાશે નવ નીરાંતને પીર મળ્યા. ૯

પદ ૧૪૪ મું.

(રાગ ગરબી)

અલ્યા ધન કાજે મુંઢ તું તો મારે સગો જો,
કરી મીત્રતાને કરે માંહો માંહી દગો જો. ટેક.
ધન કાજે પરણી નારી થકી નીત્ય લઢે,
રાંડ વાપરી દે છે કહી કહી કઢે. ૧
અમે મરીએ ધન કાજે નવ ધ્યાંને ધરે,
રાંડ રાંડ બેઠી બેઠી ચોખું ચટ મેલ્યું સહુ કરે. ૨
રાંડ કોઠાં જોઇએ બોરાં જોઇએ ત્હારે ખાવા,
હવે એવું કરશો તો થઈ જઈશું અમે બાવા. ૩
મરી મરી જો કમાઇએ અમે ધન ઘણું,
હાય હાય કરતાં નારેથી ન ત્હારે બન્યું. ૪
એમ ખરચાએ કદી પૈસો એક તારો,
ડરાવે બાઈડીને ઝાલું અમો એકતારો. ૫
રાંડને સમજણ નહીં કે ધન કેમ મળે,
ધણી થઇને કહે રાંડ તારો બાપ રળે. ૬

ટળવળે છોડરૂં તો તેને નવ આપે પાઈ,
છાનો છપનો તું તો છોકરાંથી જાય ખાઈ. ૭

મરો છોકરાં કે અલ્યા મરો તારી પરણી,
તોય તું તો કાઢે નવ ધન ધર્યું જેહ ધરણી. ૮

બાપુ એવું કરી કરી તું તો ભરે દલ્લો,
ધીર નીરાંત વીના ન પંથ સુજે ભલ્લો. ૯

પદ ૧૪૫ મું.

(રાગ ગરબી)

સંત સમાગમ મુકે તું તો ધન કાજે,
ચોરી કરે ધન કાજે માર ઘણા વાજે જો. ટેક.

વૃદ્ધ માતાને દુખ દ્યો છો પૈસા માટે,
વ્હાલી પુત્રીને જઈ વેચો પૈસા સાટે. ૧

આજ મરે કાલ મરે એવો વર જુઓ,
પૈસા લઈ તાપ ત્રીવીધીના ખુઓ. ૨

પરણી થાય ધનવાન તરત હેતુથી જુઓ,
તમે બાહારનું ભાઇ તો ત્યારે ઘણા રૂઓ. ૩

એમ થાવ ડાહ્યા ગાંડા તમે ધન સારૂં,
ધન કાજ તમે પડાવો શરીરે ધારૂં. ૪

મારા ધન આગે અલ્યા તારૂં કશા લેખે,
એમ આંખડી ચઢશે ને ભાવ નવ દેખે. ૫

હું છું શ્રીમંત અને અલ્યા મોટો ધની,
એમ ધન મળ્યા પછી વાત જાશે તારી બની. ૬

નહીં મળે તો કહીશ ગરીબ છું અમો ઘણાં,
પેટ કાજ હવે દાસ થઊં કોણુ તણા. ૮

મળે ધન તોય સાચવ્યાની બીક રહે,
ન મલે તો દીનતાતણું દુઃખ વહે. ૮

બાપુ માને જો મ્હારૂં તો તો કહું સીધું,
ધન ધીર નીરાંતના નામે તારૂં જોયે દીધું. ૯

પદ ૧૪૬ મું.

(રાગ ગરબી)

સુણુ અલ્યા ધનના મેળવનાર વાત મારી જો,
તારી મતી અવળી કરૂં સુધી સારી જો. ટેક.

હાય વરાળ કરીને તું તો ધન રળ્યો,
એક ચોરી જનારો અલ્યા તને મળ્યો. ૧

ધન રળી રળી આપ્યું તેં તો બચજે સહુને,
ઓઢી ચાદર ને રડાવ્યા ધની બહુને. ૨

કર્યો વેપાર ને માંહી લાગી ખોટ ઘણી,
તો તો થઇ પડયો પાછો અલ્યા તું જ રૂણી. ૩

ચઢયા દરીયામાં માલ લેવા જાવે જાવા,
મલ્યું નહી દશ વીશ દીન ત્યાંહી ખાવા. ૪

એમ ફરી ફરી લાવ્યો ધન તીર સુધી,
વહાણુ ખડકે અફળાયું કશુ કરો બુધી. ૫

કદી જાવે જઇને લાવે તારા પરીયા ચાવે,
તોય બોજે અલ્યા કહું નહીં ફાવે. ૬

ચોરી નવ થાવા તેં તો બાંધી પલની પાળી,
પણ પેશી લાલબાઇને દેશે અલ્યા સહુ જાળી. ૭

ત્યારે કરશો તમે કશું મને આવી કહો,
સત્ય નામ સમજો તો મને મગ્ન રહો. ૮

બાપુ ધન એક ધારો તમે ધીર મોટો,
નામ નીરાંત વીનાનો ખેલ સહુ ખોટો. ૯

પદ ૧૪૭

(પુત્ર અંગ વીષે રાગ ગરબી)

છોકરાં વગર કહેશે શ્રાધ કો સારેજી,
નથી ભાઈ આગળ પાછળ કો મ્હારેજી. ટેક

લોક લોક તે મુકે કશી પોક,
હોય છોકરો તો પુણ્ય પામું રોક. ૧
કરે લઘવી તે ઉભો ઉભો આડી,
તોય પામું પીંડ કહે એની માડી. ૨
છોકરા વીનાનું જીવવું તે શેનું,
વાંઝીયું કહી મુખ નવ જુવે તેનું. ૩
કેમ કરીએ ત્યારે મુઆ થાએ છોરૂં,
જાશે જીવીત બાઇ અમારૂં કોરૂં. ૪
અમે વહેતી નીકે દિધા હશે પાગ,
અટકાવ્યા હશે રૂષીશ્વર કરતા જાગ. ૫
ધાવણાં બાલકને દિધા હશે છેહ,
તેથી પડયા આ વાંઝીયાના વેહ. ૬
એમ ટળવળે પુત્રને લાગે.
ન મળ્યાથી એક દીકરી માંગે. ૭
જન્મી દીકરી તો કહેશે ઘર ઘાલ્યાં,
મેલવેલાં ધન લઇ દીકરી તો ચાલ્યા. ૮
એમ બાપુ છોકરાંની આશાએ બાંધ્યા,
ચીને આત્મા તો ટળે સહુના વાંધા. ૯

પદ ૧૪૮મું

(રાગ ગરબી)

મહા મહા મહેનતે થયો એક પુતજી,
તેના જો જો તમે હુવે ભાઇ તુતજી. ટેક.
થયો જન્મ કે ઊંઆઊં આ જાગ્યું,
એથી બાપનું દુખડું કયું ભાંગ્યું. ૧
અલ્યા જોષીને કર્યા જન્માક્ષર,
જે જોષી તો જડસા નિરક્ષર. ૨
મેળવી રાખેલું જવા માંડયું ધન,
વાંઝણુ સુત જણે ફુલે ઘણી મન. ૩
તારે ખાવા પીવા વળ્યું મીંડું,
ભર્યા ખેતરમાં પડયું મોટું છીંડું. ૪
ન્હાવાનું પાણી લેજો જઈ હાથે,
જો કંઇ બોલ્યા તો દુખડાં આવ્યા માથે. ૫
રડી પડી તારૂં કામ મુકાવે,
ચોંટયું હેવે સેવામાં ચીત્ત ચુકાવે. ૬
હઈશ વૈષ્ણુવ છુતો નવ કોઇને,
કરે પુંજા કરતાં મલમુત્ર રહેશો રોઇને. ૭
ખમા ખમા ભાઇ રહો તમે છાના,
એમ કરતા નવ આવડયું તો તમે શાના. ૮

બાપુ છોકરો થયાથી શ્રાધ ત્હારૂં સારે,
પણ લુંડાપણું પહેલું કરવું પડશે ત્હારે. ૯

પદ ૧૪૯ મું

(રાગ ગરબી)

અલ્યા કદિ ફળવાળી ફળ ઘણાં આપે,
તો પણ જાણજે તને સંતાપેજી. ટેક.

પાંચ છોકરાંને એક મારે છોકરી,
જણતાં જણતાં થઇ ગઈ હું તો ડોકરી. ૧

હજી તાબીયા તમારા અમો સાંખું,
કહે તો તારા જણ્યાને કુળે જઈ નાંખું. ૨

રડે કકળે મળી એકઠાં જો છોયે,
તારી દશા ફરી ત્યારે તું જોયે. ૩

એમ તને છોકરામાં સુખ નહિં લાગે,
તોય કહીશ વાંઝીયામેહેણું ક્યારે ભાગે. ૪

એતો ઉભય પાશ રજ્જુ છે મોટો,
થાયે સ્હેજમાં એ સહું ખોટો. ૫

ભલે છોકરાં હોય એક ખાંડી,
પણ જો જે સદગુરૂની હાટ માંડી. ૬

તે તો કેહેવે રસ્તે ચાલે ભાઇ,
તેની જઈને લેજે તું તો સાઇ. ૭

તો તો છુટશે તારા સહુ દોષ,
તજશે જાણુતી અણુજાણુતી રોષ. ૮

આપુ છે શુદ્ધ શીખામણ મારી.
જોને નીરમળ મતી કરી તારી. ૯

સત્ય નામ.



દયાળદાશ સુરતીનો વેવાહ.

પદ ૧ લું

ધોળ.

કાયા કંચન નગર સોહામણું, માંહી મનસુખો સરદાર;
અવશર હાવો નહી મળે. ટેક.
તેની સુરતી પુત્રી માહા પરવીણછે, તેના વેવાનો કરવો વીચાર. ૧
મને કહ્યુંરે વીચારને પ્રણુવી, સારૂં ઘરવર સોધી કાહાડ. ૨
ઉચા કુળનો અમર વર સોધજો, હું તો માનું તમારો પાડ. ૩
સારા સગપણુથીરે સુખ પામીયે, લેવો મનષા જન્મનો લ્હાવ. ૪
કહ્યું માનો તો કોટી કલ્યાણુ છે વીચારતાં વહી જાય દાવ. ૫
વાત વેવાની સોંપી વિચારને, મન બેઠું ઠરીનેરે ઠામ. ૬
દયાળદાસને આશારે એટલી, માહારે વરવું વીસંભર નામ. ૭

પદ ૨ જું.

(ધોળ ફેર.)

વિચાર વિવેકને બેસાડીરે, પછી વાત વેવાની કાહાડીરે ૧
મનસુખાની પુત્રી કુંવારીરે, વર વરવા છે વીશ્વવીહારીરે. ૨
વીરા સમજુ તમો સહુ વાતેરે, માટે ચાલોની મારી સાથેરે. ૩

આપણ બેઉ જણ સાથે નીશરીએરે, સુરતી કન્યાનો વેવા કરીએરે. ૪
બંન્યો વીર સાથે સંચરીયારે, સાસ્ત્રી શેહેરમાં આવી ઉતરીયારે. ૫
સાસ્ત્ર શેહેરના લોક ઠગારારે, શબ્દ બોલે છે ન્યારા ન્યારારે. ૬
કોઈ કહે અડસેટ તીરથ ફરશેરે, ત્યારે સુરતીને હરી વરશેરે. ૭
કોઈ કહે હાડ હીમાલે ગલશેરે, ત્યારે સુરતીને હરીવર મળશેરે. ૮
કોઈ કહે દેવ દેહેરાંને નમશેરે, ત્યારે સુરતા હરીવરને ગમશેરે. ૯
વીવેક વીચારને કહેછેરે, એમ કુંવરી કુંવારી રહે છેરે. ૧૦
કોઈ કહે જાવ સતગુરૂને સરણેરે, ત્યારે સુરતીને હરીવર પરણેરે. ૧૧
ચાલો જઈએ સતગુરૂજીની પાસેરે, એવું વચન માન્યું દયાળદાશેરે. ૧૨

પદ ૩ જું

(ધોળ ધનાશ્રી)

પ્રથમ નમુ ગુરૂદેવને, જેણે ટાલ્યા કર્મ કલેશરે;
સુરતી પરણે આત્મારામનેરે, સુભ કન્યાછે બાળે વેશ.
અનુભવ વેવા આદર્યો. ટેક
પ્રથમ પત્રી સતસંગ કીધો, હરડે હરખ અપારરે,
અવનાશીવર આદરારે, ત્યારે ઉપન્યો છે મનમાં વીચાર.
અનુભવ. ૧

ઉરમી ટલી આનદેવની, થઈ ઉતમ વરની આશરે,
શબ્દે સંદેશો આવીએમ કહ્યોરે, ભલા અલખપતી
વરની આશરે. ૨
એવું સાંભળતામાં સહી કર્યું, મારે વરવું નટવર નામરે,
આ રત થઈ ઉતાવળીરે, તજી સીથલ સંસારનું કામ. ૩
લક્ષ લગન નીરધારીયા, મલી માનુની મંગલ ગાએરે,
ગમતું મળ્યું ઘર ગેબનુંરે, ત્યાંતો દયાલદાસ બલજાએ. ૪

પદ ૪ થું

(ધોલ ફેર)

સસે સાડી સોધી ભરાવો નીધાણુરે,
નીરસંસેવત નેહ થયો પરીમાણુરે. ૧
ગણેશ હું તો પરમેશ્વરને કાહાવુંરે,
રૂદિયાપુરમાં પ્રેમ સહીત પધરાવુંરે. ૨
મમતા સીલ મંડપ રચીયા સારરે,
ચેતન કીધી ચોરી અવસ્થા ચારરે. ૩
વીચાર વન્હી ચોંપ કરીને ચેતાવ્યોરે,
કરણી અત હું તું સહિત હોમાવ્યોરે. ૪
સત વરતાવી સાંતીક બેઠાં સ્હારરે,
તમો ગુણ ત્યાગી રાજ સહિત અહંકારરે. ૫

નેહ ધરીને બેઠાં નીરવંતી નારીરે,
શ્રીફલ સુક્ષમ લીંગવાસના બારીરે. ૬
સુક્ષમ વેદ બ્રહ્માનંદ વખાણેરે,
એ અનુભવને બ્રહ્મવેતા જન જાણેરે. ૭
અર્થ વીચારી નેહ ધરો નીજ નામેરે,
દયાળદાસ કહે અવીચલ પદને પામેરે. ૮

પદ ૫ મું.

(ધોલ ફેર)

સખી અવશર આવ્યોરે આનંદનો,
મારે હઇડે તે હરખ ન માય. સખી. ટેક
વેવા સરખો અવસર સરવે જાણજો,
જયારે રામનું નામ ઓળખાય. સખી. ૧
સુભ સમો જાણીને સાજન આદરા,
સરવે કરજો હમારી સ્હાય. ૨
હું તો વીવેક વીરાજીને વીનવી,
સુરતી બાઈનો સોવડાવો વેવાય. ૩
સૈયર સરવે મળીને થાવ સાંતરા,
ભગ્તી વરધો ભરાવી ઘેર લાવો. ૪
ગમગોત્ર ભરાવો ગુરૂ ગ્યાનનો,
નીરવંતી નારીને માથે સોવડાવો. ૫

રહેણી કહેણી રોપાવો બંને ટોડલા,
તોરણુ નીશ્ચેનું બાંધો નીરધાર. ૬
વરધો ભરી લાવો ચીત ચોકમાં,
કુંભ ક્રોધ ઉતારો અહંકાર. ૭
સુરતીબાઇને બેસાડો પ્રેમ પાટલે,
વાના વસ્તુનો કરવો વીચાર. ૮
કર્મ કાલક સર્વેરે ઉતરી,
અનુભવ ઉજવળતા પ્રગટી અપાર. ૯
હુંતો હરખે ભુલીરે માહારૂં હુંપણું,
આન દેવની મુકી સરવે આશ. ૧૦
માહ્રી ભુલ ભાંગીને ભવનો ભય ગયો,
નીરભય નામ વીચાર્યું દયાળદાશ. ૧૧

પદ ૬ં.

(ધોળ. રાજા જનકને માંડવેનો રાહ.)

ગુરૂગમ નગરનો રાજીઓ, ગુણવંત ગુણનો ભંડાર;
નીરગુણ શીરગુણમાં શોભીતા, શેષ ના પામેરે પાર. ટેક
ઈશ્વિર સર્વાંગી સાહીબો, તન મન વાણીથી બાજ,
સુરત સોહાગણનો નાવલો, નામ નવેશી મહારાજ. ૧
ગુરૂગમ ઘોડે પીઉજી ચડયા, સતમત સજીયા સણગાર,
નેહક્રમ નાંખો શીર શેહરો, નીરખે નીરવંતી નાર. ૨

ચૈતન ચોદશ ચમર ઢલે, નીરભય વાગે નીશાન,
અનુભવ ઉતારે આરતી, ઉત્તમ અવસર પરીમાણ. ૩
જુગતી મુગતીનીરે વાટડી મત તક્ષણ ત્યાગી તે વાર,
ઓઘટ ઘાટે પીઉ આવીઆ, ગુરૂ મુખ બંદર ને દ્વાર. ૪
પ્રીતી પુર્વેની જાણીને, આપો ઊતરવા ઠામ,
ખોલ્યુ ગુરૂગમનું બારણું, વ્હાલે કીધો વીશ્રામ. ૫
શબ્દે સુરતારે નારીને, તેડી પોતાની પાસ,
દયાલ દુરમતને દુર કરી, આપો અવીચલ વાસ ૬

પદ ૭ મું.

(ધોળ ફેર.)

આરે અવસરની હું તો જાઊરે બલીહારી,
અચલ અનાદિ ઘરનું મહા સુખ પામી, માહારી વેલા
વસી છે. ટેક.
પુન્યવર પામી નામે નેહ બંધાયો, જ્યારે જોઊં ત્યાં
પોતે પુરણનંદ સ્વામી. ૧
પુર્વેની પ્રીતે હુંતો ; થઇરે પનોંતી, પુર્વેના સગપણ
મેંતો સોધીને લીધાં. ૨
હવે ના મેહેલું હરીનો સાથ સાહેલી, ;દુરમતિ ટાલી
દીલમાં દરશણ દીધાં. ૩

હરીવરને જોઈને માહારૂં હઈડું ઠર્યું છે, વસ્તુ વીચારી
વાલેમ વાલેરા લાગો. ૪
અસત હેવાતણી મારી નજરે ન આવે, મનડું મોહ્યું છે
મારૂં સતને સોહાગો. ૫
નીરમલ થઈ છું હું તો નામ વરીને, ઠીક ઠરી છું ત્યાંથી
સુરતા નવ હાલે. ૬
મુગત મોહોલામાં હું તો વાશો વશી છું, ભવનો ભય
ભાંગ્યો જમનું જોર ના ચાલે. ૭
અવિનાશી વરની હું તો થઈરે પટરાણી, સુન્ય શીખરની
સેહેજે માહા સુની માણી. ૮
દયાળદાસે ગાયો સુરતીનો વેવા, અનુભવી હોય તો
લેજો અનુભવમાં જાણી. ૯

પદ ૮ મું.

(રાગ ધોળ ફેર) ધરમગીરનું.

એની ઉપમા કહી નવ જાય, સુરતારે ચાલ્યા સાસરે. ટેક.
દયાળદાસે સુરતીનો વેવા કહ્યો, તેનું સાવરીઉ કહું સાર. ૧
મન પીતા સુરતાનેરે પ્રણુવે, જાવ સાવરીએ પેહેરી
સણુગાર. ૨
સત્ ચીદાનંદે સણુગાર પહેરીયા, ક્ષણું એકના લાગી વાર. ૩
મંછા માડીતેરે ચરણે નમ્યા, મન પીતાને કર્યોરે જુહાર. ૪

વલાવો વીવેક વીચાર કાકા આવીઆ, સબુદ્ધી સાનતી
કાકીનો ઉપગાર. ૫
વીશ્વાસ વીરાજી સાથેરે આવીઓ, ભાભી ભગ્તી ની'દે
નરનાર. ૬
ભાવ મામો તે પણ આવીયા, પ્રીતી મામી સાથેરે અપાર. ૭
રહેણી રથમાંહી પ્રેમની ગાદીઓ, સુરતા બેઠાં છોડી
લોકાચાર. ૮
